# નવતત્વ ચિંતન ભાગ-૨

## (પુણ્યતત્વ ચિંતન ભાગ-૧)

• લેખક-સંપાદક •

પરમપૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ

પદાર્થ દર્શન ગ્રંથમાળા પુસ્તક-૭૪

# નવતત્વ ચિંતન ભાગ-૨

## (પુણ્યતત્વ ચિંતન ભાગ-૧)

**પ્રવચનકાર**

પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

**સંકલનકાર**

કર્મ સાહિત્ય નિષ્ણાત સિધ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક, પરમતારક, સૂરિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટ પ્રભાવક કર્મ સાહિત્યના જ્ઞાતા પરમ પૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ મહારાજ.

**સહાયક**

પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનશીલ વિજયજી

**પ્રકાશક**

પદાર્થ દર્શન ટ્રસ્ટ
૧૧૮૮, લક્ષ્મીનારાયણની પોળ,
રાજામહેતાની પોળમાં,
કાળુપુર-અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં- ૯૩૭૬૧૬૭૮૮૮

પુસ્તક-૭૪મું

# નવતત્વ ચિંતન ભાગ-૨
## (પુણ્યતત્વ ચિંતન ભાગ-૧)

વીર સં-૨૫૩૫
સને-૨૦૦૮

સંવત-૨૦૬૫
માગશર સુદ-૫

કિંમત
**રૂા ૮૦.૦૦**

સર્વહક્ક પ્રકાશકને સ્વાધિન

ટાઈપ સેટીંગ
**દિવ્યેશ શાહ**

મુદ્રક
**નવપ્રભાત**
**પ્રીન્ટીંગ પ્રેસ**
ઘીકાંટા રોડ
અમદાવાદ-૩૮૦૦૦૧.
ટે.ન.-૨૫૫૦૮૬૩૧

## પ્રાપ્તિ સ્થાનો

**ભરતભાઇ બી.શાહ**

૪૦૧/૪૦૨, સરિતા કોમ્પલેક્ષ, પ્રવિણ એપાર્ટમેન્ટની સામે,
સેંટ ઝેવીયર્સ કોલેજ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન નં-૨૬૫૬૩૪૩૧-૨૬૫૬૩૪૩૨- મોબાઇલ નં. ૯૩૭૬ ૧૨૧૮૧૧

:----:

**નૌતમભાઇ આર. વકીલ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)**

૧૬, ન્યુ આશિષ ફ્લેટસ, શેફાલી સેન્ટરની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં : ૨૬૫૭૫૮૨૩ મોબાઇલ નં- ૨૧૯૫૨૨૬, ૯૮૨૫૧૫૯૬૧૭.
ઇ મેઇલ - **nautam@nautam vakil.Com.**
વેબસાઇટ - **www.nautam vakil.Com.**

:----:

**અશ્વિનભાઇ એસ.શાહ**

C/o નગીનદાસ છગનલાલ ઠે. પાંચકુવા દરવાજા બહાર અમદાવાદ-૩૮૦૦૦૨.
ફોન: ૨૨૧૪૪૧૨૧

:----:

**ચંદ્રેશભાઇ રસીકલાલ દોશી**

૫/૧૨, દામુભાઇ કોલોની, જવાહરનગર, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૦૭.
ફોન: ૨૬૬૩૨૯૬૦

:----:

**હિંમતભાઇ બી. શાહ**

૨, ચેતન સોસાયટી, અકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦.
ફોન: ૨૩૧૦૩૪૩, ૨૩૨૨૮૬૨

:----:

**ડૉ હસમુખભાઇ આર. શાહ**

બી-૭, વિનીત, મજીઠીયાનગર, એસ.વી.રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૭.
ફોન નં-૨૮૦૭૩૦૪૬, ૨૮૦૫૨૩૭૫, ૨૮૬૨૨૪૬૭

:----:

**પન્નાબેન ચંદ્રકાંતભાઇ કાપડીયા**

C/O ચંદ્રકાંતભાઇ કાપડીયા ૩૦૧, બીલેશ્વ ટાવર, મહાત્માગાંધી રોડ,
પાંચ રસ્તા, મુલુંડ (વેસ્ટ) મુંબઇ નં-૪૦૦૦૮૦.
ફોન નં-૯૨-૨૫૬૯૪૭૬૬, ૨૫૬૧૩૬૭૪.
મોબાઇલ - ૯૮૨૧૧૬૦૯૪૨ (ચંદ્રકાંતભાઇ) ● ડૉ. જોલી - ૯૮૯૨૧૩૨૨૧૦

:----:

**આશીતભાઇ વી. ચોક્સી**

૧/૨૦૬, રામનગર-પાટકર કોલેજ સામે, એસ.વી.રોડ,
ગોરેગાંવ (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૨.
ફોન નં-૨૮૭૨૩૪૭૨ મોબાઇલ નં-૯૮૨૧૧-૧૭૬૪૯

સંવત-૨૦૬૫, માગશર સુદ-૫
તા. ૩/૧૨/૨૦૦૮ને બુધવારના રોજ પુરા થતાં
**પૂ. મુનિ શ્રી દર્શનશીલ વિજયજી મહારાજના**
૩૦ વર્ષના સંયમપર્યાયની અનુમોદનાર્થે
આ પુસ્તક નીચે જણાવેલ
શ્રી સંઘના આર્થિક સહયોગથી
પ્રકાશિત કરવામાં આવેલ છે.

## આર્થિક સહયોગ

**શ્રી મુનિસુવ્રતસ્વામિ**

**શ્વે.મૂ.પુ.જૈન સંઘ**

**વેલાણી એસ્ટેટ એ-૧૦૩, રાજેશપાર્ક,**
**પહેલે માળે, કેદારમલ રોડ,**
**મલાડ (ઇ), મુંબઇ-૪૦૦૦૯૭.**

# પુણ્યતત્વ

મનથી સારા વિચારો કરવા, વચનથી સારા વચનો બોલવા અને કાયાથી સારી પ્રવૃત્તિ કરવી એટલે કે બીજા કોઇપણ જીવનું કામ કરી છૂટવું, પોતાનું જે થવું હોય તે થાય પણ બીજાનું કામ કરવાનું મળતું હોય તો પોતાનું કામ છોડીને પણ બીજાનું કામ કરવાની વૃત્તિ એટલે કે પરિણામ એનાથી જીવ સારી પ્રકૃતિઓનો બંધ કરે છે. એ સારી પ્રકૃતિઓના બંધને જ્ઞાની ભગવંતો પુણ્ય પ્રકૃતિઓ કહે છે. જગતમાં રહેલા જીવો સ્વાર્થવૃત્તિથી કે પરમાર્થવૃત્તિથી એટલે કે નિઃસ્વાર્થ ભાવે કોઇપણ જીવનું કાર્ય કરવાની વિચારણા કરે એવા વચનો બોલે કાયાથી એવી પ્રવૃત્તિ કરે એના અંતરમાં જેવા પરિણામ રહેલા હોય એ પ્રમાણે એને સારી પ્રકૃતિઓ તેવા તેવા રસવાળી

બંધાતી જાય છે. એટલે કે કેટલીકવાર મંદરસવાળી પણ બંધાય છે, કેટલીક વાર તીવ્રરસ વાળી પણ બંધાય છે અને કેટલીક વાર તીવ્રતર રસવાળી પણ પુણ્ય પ્રકૃતિઓનો જીવ બંધ કરી શકે છે. મિથ્યાત્વ ગુણસ્થાનકમાં રહેલા જીવોને સંસારની પ્રવૃત્તિ કરતાં અથવા ધર્મની કોઇપણ પ્રવૃત્તિ કરતાં અંતરમાં સારા વિચારોના પરિણામ રહેલા હોવાથી શુભ પ્રકૃતિઓનો બંધ થયા કરે છે પણ ધર્મપ્રવૃત્તિ કરતાં કરતાં સારા પરિણામની સાથે આ લોકના સુખની ઇચ્છાઓ, પરલોકના સુખની ઇચ્છાઓ અથવા આલોકમાં આવેલા દુઃખોને નાશ કરવાની ઇચ્છાઓ અંતરમાં જેટલે અંશે પેદા થતી જાય છે અને એની જેટલી તીવ્રતા અંતરમાં રહેલી હોય છે. એજ તીવ્રતા મુજબ શુભ પ્રકૃતિઓ બંધાતી હોય એની સાથે પાપ પ્રકૃતિઓ અનુબંધ રૂપે બંધાતી જાય છે એટલે કે તે વખતે જે પાપ પ્રકૃતિઓ બંધાતી હોય તે શુભ પ્રકૃતિઓનો જેવો રસ બંધાય એના કરતાં તીવ્રરસે અને અનુબંધ રૂપે બંધાતી જાય છે. આનેજ જ્ઞાની ભગવંતો પાપાનુબંધી પુણ્ય કહે છે.

જૈનશાસનમાં જ્ઞાની ભગવંતોએ આઠ કર્મો કહેલા છે. એમાં જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, મોહનીય કર્મ અને અંતરાય કર્મ આ ચાર કર્મોને ઘાતી કર્મો કહેલા છે. ઘાતી કર્મો એટલે આત્મામાં રહેલા સંપૂર્ણ ગુણોનો નાશ કરે એટલે કે ક્ષાયિક ભાવે રહેલા ગુણોને પ્રાપ્ત થવા ન દે અને પ્રાપ્ત થયેલા ક્ષયોપશમ ભાવે ગુણોને નાશ કરે એટલે કે ક્ષયોપશમ ભાવે જે ગુણોની પ્રાપ્તિ થયેલી હોય એમાં ઘાતી કર્મનો ઉદય જીવને પેદા થાય કે તરતજ ક્ષયોપશમ ભાવ આત્મામાંથી નાશ પામતો જાય છે માટે આ ચારે કર્મોને ઘાતી કર્મો કહેલા છે અને આ ચારે ઘાતીકર્મોમાંથી કોઇપણ કર્મનો ઉદય જીવને ચાલુ હોય ત્યાં સુધી જીવને ક્ષાયિક ભાવે પોતાના આત્મામાં રહેલા ગુણોને પેદા થવા દેતા નથી. જેમ કે મોહનીય કર્મનો ઉદય જીવને ચાલુ હોય છે ત્યાં સુધી આત્મામાં રહેલો ક્ષાયિક ચારિત્ર ગુણ જીવને પ્રાપ્ત થતો નથી. એવી જ રીતે ઉપશમ ચારિત્ર ગુણ પણ પ્રાપ્ત થવા દેતો નથી. જ્યારે મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારેજ જીવને ઉપશમ ચારિત્ર અથવા ક્ષાયિક ચારિત્રની પ્રાપ્તિ થઇ શકે છે. એવીજ રીતે જ્ઞાનાવરણીય

કર્મનો ઉદય જ્યાં સુધી રહેલો હોય છે ત્યાં સુધી જીવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતીજ નથી. એટલે કે પોતાના આત્મામાં રહેલા સંપૂર્ણ જ્ઞાનને જીવ પેદા કરી શકતો જ નથી. જ્યારે જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારેજ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એવીજ રીતે દર્શનાવરણીય કર્મનો ઉદય જ્યાં સુધી જીવને રહેલો હોય છે ત્યાંસુધી કેવળદર્શનની પ્રાપ્તિ થતી નથી. જ્યારે દર્શનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે કેવલદર્શનની પ્રાપ્તિ થાય છે એવીજ રીતે અંતરાય કર્મનો ઉદય જ્યાં સુધી રહેલો હોય છે ત્યાંસુધી આત્મામાં રહેલું અનંત વીર્ય એ પ્રાપ્ત થઇ શકતું નથી. જ્યારે અંતરાય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારપછીજ અનંત વીર્ય, અનંત દાનાદી લબ્ધિ, અનંત લાભાદિ લબ્ધિ ઇત્યાદિ આત્માના ક્ષાયિક ભાવે રહેલા ગુણોને જીવ પ્રાપ્ત કરી શકે છે. આ કારણથી જ્ઞાની ભગવંતોએ જ્ઞાનાવરણીયાદિ આદિ ચાર ઘાતી કર્મોને પાપ કર્મો કહેલા છે. માટે આ ચારે કર્મોમાંથી કોઇપણ કર્મ અને એના ઉત્તર ભેદ રૂપે જેટલા ભેદ થાય તે બધા ભેદો પુણ્ય પ્રકૃતિ રૂપે એકે ગણાતા નથી અને જ્યાંસુધી જીવોને ઘાતીકર્મનો ઉદય રહેલો હોય છે ત્યાંસુધી જન્મ મરણની પરંપરા પણ રહેલી હોય છે અને એ ઘાતીકર્મના ઉદયના પ્રતાપે જીવ જન્મ મરણની પરંપરા અનુબંધ રૂપે બાંધ્યા કરે છે. જેવા રસે ઘાતી કર્મને ઉદય થઇને જીવ મન, વચન અને કાયાથી જે કાંઇ પ્રવૃત્તિ કરે એવા રસ પૂર્વક અનુબંધ રૂપે દુઃખ ભોગવવા લાયક, જન્મ મરણની પરંપરા બંધાતી જાય છે. અને જીવ જ્યારે અહિંથી મરીને બીજા જન્મને પ્રાપ્ત કરે ત્યારથી બંધાયેલા અનુબંધ રૂપે જન્મ મરણ ઉદયમાં આવતા સંખ્યાતા કાળ સુધી અસંખ્યાતા કાળ સુધી અથવા અનંતા કાળ સુધી જન્મ મરણ કર્યા કરે છે. આ ચાર ઘાતી કર્મોને વિષે મોહનીય કર્મ વિશેષ રીતે જ્યાં સુધી તીવ્રરસે ઉદયમાં હોય છે ત્યાંસુધી જીવો પોતાના આત્માનું ભાન ભૂલીને એ મોહનીય કર્મને પરવશ થઇ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી જેટલું જ્ઞાન પ્રાપ્ત થયેલું હોય એ મોહનીય કર્મને પુષ્ટ કરવામાં સહાયભૂત કરતો કરતો એવીજ રીતે દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી પાંચ ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થયેલો હોય એ પાંચે ઇન્દ્રિયોના ૨૩

વિષયોને વિષે અને ૨૫૨ વિકારોને વિષે આધીન થઇને મોહનીય કર્મને પુષ્ટ કરતો જાય છે. એવીજ રીતે અંતરાય કર્મના ક્ષયોપશમ ભાવને જે રીતે પોતાને લાભનો પ્રાપ્ત થયેલો હોય, ભોગનો પ્રાપ્ત થયેલો હોય, ઉપભોગનો પ્રાપ્ત થયેલો હોય અને પોતાના મન, વચન, કાયાના વીર્યનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થયેલો હોય એ મુજબ મોહનીય કર્મોને પુષ્ટ કરવા માટે એનો ઉપયોગ કરતો કરતો એમાં આનંદ કરતો કરતો પોતાના હાથેજ પોતાના આત્માની જન્મ મરણની પરંપરા વધારતો જાય છે અને જ્યારે ઘાતી કર્મનો નાશ થાય ત્યારે જન્મ મરણની પરંપરાનો નાશ થાય છે. એટલે જ્ઞાની ભગવંતો કહે છે કે કેવળી ભગવંતો પોતાનું સંપૂર્ણ આયુષ્ય પૂર્ણ કરીને નિર્વાણ પામે એટલે સંસારમાં પરિભ્રમણ કરવાનું કોઇ કારણ રહેલું ન હોવાથી સંપૂર્ણ જન્મ મરણની પરંપરાનો નાશ થયેલો હોવાથી આ છેલ્લું મરણ પ્રાપ્ત કરીને સિધ્ધિ ગતિને વિષે ઉત્પન્ન થાય છે ત્યાં સાદી અનંતકાળ સુધી સદા માટે ત્યાં રહેશે.

અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવોને મરણનો ડર જેટલો રહેલો છે એ જ્યાં સુધી અંતરમાં રહેલો હશે ત્યાંસુધી જન્મની પરંપરા વધ્યાજ કરવાની છે. દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરનારા જીવોને અને જે જીવોને આરાધક ભાવ પેદા કરવાની ઇચ્છા હોય એ જીવોને મરણનો ડર પેદા થવાને બદલે જન્મમરા વધી ન જાય અને જન્મમરા કેમ ઓછા બંધાય એવી વિચારણા પેદા કરતો કરતો મરણને બદલે જન્મનો ડર વિશેષ રીતે પેદા થવો જોઇએ અને જેમ જેમ જન્મના ડરનો ભય અંતરમાં વધતો જાય તેમ તેમ જીવો ઘાતી કર્મના રસને મંદ કરતો કરતો રાગાદિ પરિણામની મંદતાનો અનુભવ કરતો કરતો ઘાતી કર્મોથી ગભરાતો બને છે. અત્યાર સુધી જીવનમાં જે કંઇ આરાધના કરી એ આરાધના કરતાં કરતાં બાકીના સમયમાં મારી જન્મ મરણની પરંપરા ન વધી જાય એવી વિચારસરણી અંતરમાં પેદા થયેલી છે ખરી ! વર્તમાનમાં પણ આરાધના કરતાં કરતાં જન્મ મરણની પરંપરા ન વધી જાય એવી વિચારણા રાખીનેજ હું આરાધના કરતાં ક્યારે થાઉં એવો પણ ભાવ અંતરમાં પેદા થાય છે ખરો ! જ્યાં સુધી આવી વિચારણા

પેદા કરીને દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરતાં થઇશું નહી ત્યાં સુધી ઘાતી કર્મનો ડર અંતરમાં પેદા થશે નહિ. માટે મહાપુરુષો કહે છે કે જન્મની પરંપરાનો જેટલો ડર અંતરમાં પેદા કરતાં જઇએ એનો સંસ્કાર જેટલો સ્થિર કરતાં જઇએ એનાથી જરૂર ઘાતી કર્મનો ડર લાગતાં લાગતાં રાગાદિ પરિણામની મંદતા પેદા થતાં થતાં જીવન જીવવાનો એવો આનંદ પેદા થતો જાય છે કે અત્યાર સુધી પોતાનું જીવાયેલું જીવન એને શુષ્ક લાગે છે અને અત્યાર સુધીનું જીવાયેલું જીવન મારું પાણીમાં ગયું, અજ્ઞાનને પરવશ થઇને જે જીવન જીવ્યો એ મારું જીવન ફોગટ ગયેલું છે એવી વિચારસરણી અંતરમાં સતત ચાલુજ રહે છે. માટે જન્મનો ડર પેદા કરતાં કરતાં અને ઘાતી કર્મનો ગભરાટ પેદા કરતાં કરતાં જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

ચાર અઘાતી કર્મો જૈનશાસનમાં કહેલા છે. (૧) વેદનીય કર્મ, (૨) આયુષ્ય કર્મ, (૩) નામ કર્મ અને (૪) ગોત્રકર્મ. આ ચારે અઘાતી કર્મોને વિષે એના જેટલા જેટલા ભેદ થાય છે તેમાં કેટલીક પુણ્ય રૂપે પ્રકૃતિઓ રહેલી છે અને કેટલીક પાપરૂપે પ્રકૃતિઓ રહેલી છે એટલે કે પુણ્ય અને પાપ બંને પ્રકારના મિશ્રણવાળી પ્રકૃતિઓ રહેલી છે. અઘાતી કર્મો એટલા માટે કહેવાય છે કે જીવ પુરુષાર્થ કરીને ક્ષયોપશમ ભાવે ગુણની પ્રાપ્તિ કરે અથવા ક્ષાયિક ભાવે ગુણની પ્રાપ્તિ કરે તો પણ આ કર્મોના ઉદયથી એ ગુણો નાશ પામતાં નથી. એટલે કે ક્ષયોપશમ ભાવે પ્રાપ્ત કરેલા ગુણો ક્ષયોપશમ ભાવે રહી શકે છે અને ક્ષયોપશમ ભાવમાં પુષ્ટિ પણ કરતાં જાય છે એટલે કે ક્ષયોપશમ ભાવની વૃધ્ધિ કરવામાં સહાયભૂત થતા જાય છે અને એ ક્ષયોપશમ ભાવની વૃધ્ધિ કરતાં કરતાં આ અઘાતી કર્મો ક્ષાયિક ભાવે ગુણો પ્રાપ્ત કરવામાં સહાયભૂત બને છે. અને ક્ષાયિક ભાવે ગુણોની પ્રાપ્તિ થયેલી હોય એમાં અઘાતિ કર્મનો ઉદય રહેલો હોવાછતાં પણ એ અઘાતિ કર્મો એ ક્ષાયિક ભાવે પ્રાપ્ત થયેલા ગુણોને સ્થિર કરવામાં સહાયભૂત થતાં જાય છે પણ ગુણોને નાશ કરતાં ન હોવાથી આ કર્મોને અઘાતી કર્મો કહેવાય છે. વેદનીય કર્મના બે ભેદ સાતા વેદનીય અને અશાતા વેદનીય. આયુષ્ય કર્મના ચાર ભેદ. નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય અને દેવાયુષ્ય. નામકર્મના ૬૭

ભેદ. નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ, એકેન્દ્રિયજાતિ, બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, ચઉરીન્દ્રિયજાતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક શરીર, વૈક્રીય શરીર, આહારક શરીર, તૈજસ શરીર, કાર્મણ શરીર, ઔદારિક અંગોપાંગ, વૈક્રીય અંગોપાંગ, આહારક અંગોપાગ, છ સંઘયણ, છ સંસ્થાન, એક વર્ણ, એક ગંધ, એક રસ, એક સ્પર્શ, નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, દેવાનુપૂર્વી, શુભ વિહાયોગતિ અને અશુભ વિહાયોગતિ.

પ્રત્યેક નામકર્મના આઠ ભેદ. પરાઘાત, ઉચ્છવાસ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, જીનનામ, નિર્માણ અને ઉપઘાત.

ત્રસ દશકના દશ. ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, શુભગ, સુસ્વર, આદેય, યશ.

સ્થાવર દશકના દશ. સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશ.

આ રીતે ૩૯ + ૮ + ૧૦ + ૧૦ = ૬૭ ભેદ થાય છે.

ગોત્ર કર્મના બે ભેદ. ઉચ્ચ ગોત્ર અને નીચગોત્ર.

આ રીતે ૨ + ૪ + ૬૭ + ૨ = ૭૫ ભેદ અઘાતી કર્મના થાય છે.

આ ૭૫ ભેદમાંથી પુણ્ય પ્રકૃતિ રૂપે એટલે કે શુભ પ્રકૃતિઓ રૂપે ૪૨ ભેદ હોય છે. તે આ પ્રમાણે. વેદનીય કર્મનો એક ભેદ. શાતાવેદનીય.

આયુષ્ય કર્મના ત્રણ ભેદ. તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય.

નામકર્મના ૩૭ ભેદ. પિંડ પ્રકૃતિના ૨૦, પ્રત્યેકના ૭, ત્રસ દશકના ૧૦.

પિંડક પ્રકૃતિના ૨૦ ભેદ. મનુષ્યગતિ, દેવગતિ, પંચેન્દ્રિય જાતિ, પાંચ શરીર (ઔદારિક, વૈક્રીય, આહારક, તૈજસ, કાર્મણ), ત્રણ અંગોપાંગ (ઔદારિક, વૈક્રીય, આહારક), વજ-ઋષભ-નારાચ સંઘયણ, સમ ચતુરસ્થ સંસ્થાન, એક શુભ વર્ણ, એક શુભ ગંધ, એક શુભ રસ, એક શુભ સ્પર્શ. મનુષ્યાનુપૂર્વી, દેવાનુપૂર્વી, શુભ વિહાયોગતિ.

પ્રત્યેકના સાત. પરાઘાત, ઉચ્છવાસ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ,

જીનનામ, નિર્માણ.

ત્રસ દશકના દશ. ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, શુભગ, સુસ્વર, આદેય, યશ.

ગોત્ર કર્મનો એક ભેદ. ઉચ્ચ ગોત્ર.

આ રીતે પુણ્ય પ્રકૃતિના ૪૨ ભેદ થાય છે.

અનાદિકાળથી જગતને વિષે રહેલા જીવો સમયે સમયે આ પુણ્યના ૪૨ ભેદોમાંથી કોઇને કોઇ ભેદનો બંધ કર્યાજ કરે છે. એવીજ રીતે પાપતત્વના ભેદો જે કહેવાશે એમાંથી પણ સમયે સમયે જગતમાં રહેલા જીવો અનેક પ્રકારના ભેદોનો બંધ કર્યાજ કરે છે. આથી નિશ્ચિત એ થાય છે કે એકથી દશ ગુણસ્થાનક સુધીમાં રહેલા જીવો કોઇ એકલા પુણ્યના ભેદોનો બંધ કરી શકતા નથી અને કોઇ એકલા પાપના ભેદોનો પણ બંધ કરી શકતા નથી. પુણ્યના અને પાપના બંન્ને પ્રકારના ભેદોમાંથી સમયે સમયે કોઇપણ ભેદો એકસાથે બંધાયાજ કરે છે. જ્યારે જીવ તીવ્રકષાયમાં વિદ્યમાન હોય તે વખતે અશુભ એટલે પાપકર્મના ભેદોનો બંધ વિશેષ કરે છે અને તે વખતે બંધાતા પુણ્ય કર્મના ભેદો ઓછા બંધાય છે. જ્યારે જીવો કષાયની મંદતામાં વિદ્યમાન હોય એટલે કે કાંઇક સારા વિચારમાં રહેલા હોય અને એ સારા વિચારના પરિણામમાં કોઇપણ સ્વાર્થનો વિચાર પેદા થયેલો ન હોય તો એવા વખતે પુણ્યના ભેદો વિશેષ બંધાય છે અને બંધાતા પાપના ભેદો ઓછા બંધાય છે. આ રીતે સમયે સમયે જીવને પુણ્ય અને પાપ બંન્ને પ્રકારનું કર્મ એકસાથે બંધાતુ હોવાથી અશુભ વિચારવાળો જીવ વિશેષ રીતે ન રહે એની સમજણ મેળવીને એ રીતે શુભ વિચારમાં લાંબો કાળ પસાર થાય એવો પ્રયત્ન કરવો જોઇએ અને જ્યાં સુધી આવો પ્રયત્ન જીવનમાં પેદા ન થાય ત્યાંસુધી મિથ્યાત્વ ગુણસ્થાનકમાં રહીને પણ પુણ્ય પ્રકૃતિના ભેદોને વિશેષ રીતે બાંધી શકતો નથી. મિથ્યાત્વ ગુણસ્થાનકમાં રહેલા જીવોમાં અનાદિકાળના સ્વભાવ મુજબ અશુભ વિચારોનો કાળ લાંબાકાળથી ચાલુને ચાલુ છે. એ અશુભ વિચારોનો કાળ કેમ ઘટે અને શુભ વિચારોનો કાળ પેદા કરતાં કરતાં એને લાંબાકાળ સુધી કેમ ટકાવી રાખવો એવો પ્રયત્ન

ઇચ્છા મુજબ જીવ કરતો થાય તોજ એ જીવને અશુભ પ્રકૃતિઓના ભેદો એટલે પાપપ્રકૃતિના ભેદો બંધમાં ઓછા થતા જાય અને પુણ્ય પ્રકૃતિના ભેદો વિશેષ રીતે બંધાતા થાય અને તોજ એ જીવ પુણ્ય પ્રકૃતિના ભેદોને વિશેષ રીતે બાંધતો બાંધતો તીવ્રરસવાળા બંધ કરતો કરતો એના ઉદયને ભોગવતો જો એની લઘુકર્મીતાની યોગ્યતા પ્રાપ્ત થાય તો જરૂર એ જીવ આત્મિક ગુણની સન્મુખ બન્યા વગર રહેતો નથી અને આત્મિક ગુણની સન્મુખ થવામાં સહાયભૂત થનાર એ પુણ્યના ભેદો એની સહાય લેતો લેતો પોતાના પરિણામને શુભ વિચારમાં લાંબાકાળ સુધી ટકાવીને એમાંથી શુધ્ધ પરિણામ પેદા કરવાનો પ્રયત્ન કરતો જાય છે. એને આંશિક પોતાના આત્મામાં રહેલા શુધ્ધ સ્વરૂપનો અનુભવ શુધ્ધ પરિણામથી કરતો જાય છે. આ રીતે પુરુષાર્થ કરતો કરતો જીવ આગળ વધતો જાય તોજ એને અશુભ પ્રકૃતિઓ પ્રત્યે એટલે કે પાપકર્મના ભેદો પ્રત્યે અંતરથી નારાજીભાવ અને દ્વેષબુધ્ધિ પેદા થતાં થતાં એ ભેદોને તીવ્રરસે ન બંધાઇ જાય એની સતત કાળજી રાખીને જીવન જીવવા માટે પ્રયત્ન કરવાનું મન થાય અને એ રીતે પ્રયત્ન કરતાં થવું જોઇએ. આ બાબતમાં આપણા આત્માને માટે કોઇ વિચારણા ચાલે છે ખરી ! જીવનમાં કેટલીયે વાર સારા વિચારો કરીએ છીએ. સારા વિચારોથી સારા વચનો પણ બોલીએ છીએ અને કાયાથી સારી પ્રવૃત્તિ પણ જીવનમાં કરી રહેલા છીએ એ બધાથી જરૂર મને પુણ્ય પ્રકૃતિ અધિક બંધાતી જાય છે. એવો વિશ્વાસ પેદા થાય છે ખરો ! કે મન, વચન, કાયાના સારા વિચારો આદિથી અંતરમાં સ્વાર્થ વૃત્તિ પેદા થઇને એ સારા વિચારોને સ્વાર્થવૃત્તિના પરિણામથી મિશ્રિત બનાવીને પુણ્ય પ્રકૃતિના ભેદો બંધાવાને બદલે પાપપ્રકૃતિના ભેદો વિશેષ રીતે બંધાતા જાય છે એવો અનુભવ છે ? આ બાબતમાં ખૂબ વિચારણા કરવા જેવી લાગે છે. જ્યાં સુધી એ વિચારણા કરતા નહી થઇએ ત્યાં સુધી આ પુણ્યતત્વના ભેદોને સારી રીતે જે સમજવા છે, સમજીને શક્તિ મુજબ એને અનુભવવા છે એમાંનુ કશુ બની શકશે નહિ.

## પુણ્યના ૪૨ ભેદોનું વર્ણન

**(૧) શાતા વેદનીય કર્મ :-** સામાન્ય રીતે લાભાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી જીવોને જે સામગ્રીની પ્રાપ્તિ થયેલી હોય છે એ સામગ્રી સુખનો અનુભવ પેદા કરાવવામાં સહાયભૂત થાય છે. એટલે કે લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી જીવ પ્રયત્ન કરતો કરતો પોતાની ઇચ્છા મુજબની અનુકૂળ સામગ્રીને પ્રાપ્ત કરતો જાય અને અધિક અધિક સામગ્રીની પ્રાપ્તિ થતી જાય તેમ તેમ જીવોને સુખની અનુભૂતિ પેદા થતી જાય છે અને એ સુખની અનુભૂતિનો આનંદ એનેજ જ્ઞાની ભગવંતો શાતાવેદનીય કર્મ કહે છે. એવીજ રીતે ભોગાંતરાય કર્મ અને ઉપભોગાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી જે અનુકૂળ સામગ્રીના પદાર્થો પ્રાપ્ત થયેલા હોય એને સારી રીતે ભોગવી શકતા હોય અને વારંવાર પણ એને ભોગવવામાં ઉપયોગ કરી શકતો હોય તો એનાથી જીવોને સુખનો અનુભવ પેદા થતો જાય છે. આ સુખના અનુભવને જ્ઞાની ભગવંતો શાતાવેદનીય કર્મ કહે છે. કારણ કે જગતમાં રહેલા મોટાભાગના જીવોને લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી અનુકૂળ પદાર્થોની સામગ્રીની પ્રાપ્તિ થાય છે. પણ એની સાથે ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મોનો ક્ષયોપશમ ભાવ ન હોવાથી એ સામગ્રીને ભોગવી શકતો નથી. આથી સામગ્રી મેળવી એટલા પૂરતી સુખની અનુભૂતિ પેદા થાય પણ સાથે સાથે પોતે પુરુષાર્થ કેળવીને મેળવેલી સામગ્રીને પોતાનાજ ગણાતાં નીકટના સંબંધીઓ એને ભોગવતાં હોય અને પોતે ભોગવી શકે એવી તાકાત ન હોય તો અંતરમાં એને સતત દુઃખ પેદા થતું જાય છે. કારણ કે મહેનત કરીને મેં મેળવી એને આ બધા ભેગા થઇને ભોગવીને તેમજ વારંવાર ભોગવી ભોગવીને મારા મેળવેલા પદાર્થોનો નાશ કરતા જાય છે. આ રીતે અંતરમાં દુઃખ પેદા થતાં થતાં પોતાના મળેલા પદાર્થોથી સુખ થવાને બદલે પોતાનાજ ગણાતાં નીકટના સંબંધીઓ ભોગવતાં આનંદ થવાને બદલે દુઃખી થતો થતો અનેક પ્રકારના કર્મને બાંધતો જાય છે. આજે વિચારણા કરીએ તો લગભગ પોતે મેળવેલી

સામગ્રીને પોતાના ગણાતા નીકટના સંબંધીઓ એને ભોગવે અને પોતે ભોગવી ન શકે તો એ ભોગવે એમાં અંતરમાં રાજીપો પેદા થાય છે ખરો ! જેમ કે મહેનત કરીને અનુકૂળ પદાર્થોની પ્રાપ્તિ કરી એનો આનંદ અંતરમાં સુખ રૂપે અનુભવાય છે. પણ એ સામગ્રીને પોતે ભોગવી શકતો નથી અને પોતાની પત્ની , પોતાના બાળકો , પોતાના દીકરાની વહુઓ એને સારી રીતે ભોગવટો કરીને એ પદાર્થોનો અનુભવ કરતાં જાય તો પોતે ભોગવી નથી શકતો એનું દુઃખ પેદા થાય અને બીજા ભોગવે છે એનું પણ દુઃખ પેદા થાય કે બીજા ભોગવે છે એનો અંતરમાં આનંદ પેદા થાય છે ! કદાચ પોતાની પત્ની ન હોય અને ઘરમાં ભાઇઓ હોય, ભાઇયોની પત્નીઓ હોય, એમના દીકરાઓ હોય પોતાને દીકરા ન હોય તો તે વખતે આખો દિવસ વિશેષ મહેનત કરીને લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી પોતે જે સામગ્રી મેળવેલી હોય એનો ભોગવટો ભાઇઓની પત્નીઓ, ભાઇયોના દીકરાઓ ભોગવતા હોય એને જોઇને અંતરમાં શું વિચાર આવે ! દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરતાં કરતાં પોતાની સામગ્રીને બીજા જીવોને ભોગવતા જુએ તો અંતરમાં આનંદ પેદા થવાને બદલે જો દુઃખ પેદા થતું જાય તો સમજવું કે શાતા વેદનીય કર્મ પાપાનુબંધી પુણ્યના ઉદયવાળું બાંધેલું છે. બોલો બીજાને ભોગવતાં જોતાં આનંદ પેદા થાય છે કે દુઃખ પેદા થાય છે ? આના ઉપરથી આપણે વર્તમાનમાં આપણને કયા પુણ્યનો ઉદય ચાલે છે એ વિચારણા કરી શંકીએ.

જૈનશાસનમાં લાભાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી પ્રાપ્ત થતી સામગ્રીને ઉપચારથી પુણ્ય રૂપે કહેવાય છે. એવીજ રીતે અપ્રત્યાખ્યાનીય કષાયના ઉદયવાળા જીવોને અવિરતિનો ઉદય ચાલુ છે એમ કહેવાય છે. આથી પુણ્યથી મળતી સામગ્રીને લેવાની ઇચ્છા પાપના ઉદયવાળી કહેલી છે. એ મળેલી સામગ્રીને ભોગવવાની ઇચ્છા અવીરતી રૂપે પાપના ઉદયવાળી કહેલી છે. ભોગવ્યા પછી વધેલી સામગ્રીને સાચવવાની ઇચ્છા, ટકાવવાની ઇચ્છા, ન ચાલી જાય એની કાળજી રાખવાની ઇચ્છા અને ભવિષ્યમાં મને આ સામગ્રી સુખ આપશે માટે એને લાંબા કાળ સુધી ટકાવી રાખવાની ઇચ્છાથી જે કંઇ પ્રયત્ન કરવામાં આવે એને જ્ઞાની ભગવંતો અવિરતિનો

ઉદય કહે છે. આથી મહાપુરુષો કહે છે કે અવિરતિની ઇચ્છાથી પદાર્થોને એટલે કે અનુકૂળ પદાર્થોને મેળવવાની ઇચ્છા થાય, મેળવેલા પદાર્થોને ભોગવવાની ઇચ્છા થાય, વારંવાર ભોગવવાની ઇચ્છાઓ પેદા થતી જાય. જો એ જીવનો ભોગાંતરાયનો ક્ષયોપશમ અને ઉપભોગાંતરાયનો ક્ષયોપશમ ભાવ પેદા થયેલો હોય તો એ પદાર્થોનો ભોગવટો થઇ શકે છે. એટલે ભોગવાય પણ ખરા. એ ભોગવતાં જે સુખની અનુભૂતિ પ્રાપ્ત થાય એ શાતા વેદનીયના ઉદયથી થાય છે એમ કહે છે. કારણ કે મોટાભાગના જીવોને અનુકૂળ સામગ્રી મેળવીને ભોગવતાં કે વારંવાર ભોગવતાં શાતા વેદનીયનો એટલે કે સુખની અનુભૂતિ થતી નથી. પણ અંતરમાં અવિરતિના ગાઢ ઉદયના કારણે સાથે મિથ્યાત્વનો પણ ગાઢ ઉદય રહેલો હોવાથી એ સામગ્રીને ભોગવતાં સુખની અનુભૂતિ થવાને બદલે દુઃખની અનુભૂતિ અથવા અધિક મેળવવાની ઇચ્છા અથવા બીજા જીવો જોઇ ન જાય એની કાળજી રાખવાની ઇચ્છા અથવા અસંતોષ સદાને માટે અંતરમાં બેઠેલો હોય છે. આ બધા વિચારો અંતરમાં ચાલતા હોવાથી મળેલી સુખની સામગ્રીને સુખ રૂપે અનુભૂતિ કરી શકતો નથી.

જ્ઞાની ભગવંતો કહે છે કે શાતા વેદનીયના ઉદયથી જીવોને જે સુખની અનુભૂતિ પ્રાપ્ત થાય છે તે દુઃખ મિશ્રિત સુખનીજ અનુભૂતિ હોય છે. એટલે કે જે પદાર્થનો ભોગવટો કરતો હોય એની સાથેના બીજા અનેક પદાર્થો ભોગવવા મને ક્યારે મળે એવી વિચારણા અંતરમાં મોટેભાગે ચાલ્યાજ કરતી હોય છે અને જે પદાર્થને ભોગવી રહેલો છે એ પદાર્થ લાંબાકાળ સુધી કેમ ટક્યો રહે એવી અનેક પ્રકારની ઇચ્છાઓ અંતરમાં પેદા કરાવે છે. એ ઇચ્છાઓનેજ જ્ઞાની ભગવંતોએ દુઃખની ઇચ્છા કહેલી છે. એટલે કે દુઃખરૂપ ઇચ્છાઓ કહેલી છે. કારણ કે જે પદાર્થનો ભોગવટો કરતો હોય છે એ પદાર્થની સાથે બીજા અનેક પદાર્થોની ઇચ્છાઓ અંતરમાં પેદા થતાં એને મેળવવા માટે મહેનત કરવા છતાં પણ ન મળે તો જીવ અંતરમાં દુઃખી થતો જાય છે. એ પદાર્થને મેળવવાની મહેનત કરવી અને જેટલા કાળ સુધીની મહેનત કરે એ પણ દુઃખજ છે. કદાચ પુણ્યોદય હોય અને સામગ્રી અનેક

પદાર્થોવાળી મળી પણ જાય તો મળ્યા પછી સારી રીતે ભોગવાય એવી ઇચ્છાઓ પણ અંતરમાં પેદા થતી જાય છે. એ ભોગવવા માટે ભોગાંતરાય કર્મનો ક્ષયોપશમ ભાવ અને ઉપભોગાંતરાય કર્મનો ક્ષયોપશમ ભાવ જો ન હોય તો ભોગવી શકાતી નથી. જો એ ભોગવવા આદિનો પુણ્યોદય પણ હોય અને ભોગવતો જાય તો સુખની અનુભૂતિ પેદા થાય પણ એ સુખની અનુભૂતિ પહેલા બીજા અનેક પ્રકારના દુ:ખોને પેદા કરીને પછી અનુભૂતિ કરાવતી હોવાથી એ સુખ એકાંતે દુ:ખ રૂપ કહેલું છે. જેમકે પોતાને મનગમતા ખાવાના પદાર્થોની ઇચ્છા પેદા થઇ, ઘરમાં એ પદાર્થો નથી મહેનત કરીને લાભાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી એ પદાર્થોને મેળવવા માટેના સાધન તરીકે પૈસાની પ્રાપ્તિ થઇ એ પૈસાથી જે પદાર્થોને ખાવાની ઇચ્છા પેદા થયેલી છે એ પદાર્થો ખરીદીને લાવે છે. એ પદાર્થોને લાવ્યા પછી જમવા બેસે અને જો તે વખતે ભોગાંતરાય અને ઉપભોગાંતરાયનો ક્ષયોપશમ ભાવ ન હોય તો એ પદાર્થને ખાતાં ખાતાં તરતજ તાવ ચડવા માંડે છે અથવા ગેસ થાય છે અથવા ઉલટી થાય છે અથવા એનું ચિત્ત આકળવીકળ થયા કરે છે કે જેના કારણે એ પદાર્થને ખાવાની ઇચ્છા મરી જાય છે. એટલે જે પદાર્થ સુખ આપવાનો હતો, મહેનત કરીને એ પદાર્થને મેળવ્યો પણ ભોગવવાનો ક્ષયોપશમ ભાવ ન હોવાથી એ પદાર્થ સુખ આપવાને બદલે દુ:ખ આપે છે. જો તે વખતે ભોગવવાનો ક્ષયોપશમ ભાવ હોય તો જમતાં જમતાં એ પદાર્થને ખાતાં ખાતાં સુખની અનુભૂતિ પેદા થાય. પણ એ સુખની અનુભૂતિ એ પદાર્થને મેળવવા માટે જેટલું કષ્ટ વેઠ્યું એ બધું દુ:ખ તે વખતે જીવને યાદ આવતું નથી. પણ વાસ્તવિક રીતે જેટલું કષ્ટ વેઠીને એ પદાર્થની પ્રાપ્તિ કરી એ દુ:ખથી યુક્ત સુખના અનુભવવાળો એ પદાર્થ છે એમ જ્ઞાની ભગવંતો કહે છે. માટે સંસારના દરેક પદાર્થો જ્યારે જ્યારે જીવને સુખની અનુભૂતિ પેદા કરાવે એ સુખ એકાંતે દુ:ખથી મિશ્રિત થયેલુંજ હોય છે. પણ એકલું સુખ કોઇકાળે હોતું નથી. જ્યારે આત્મામાં રહેલું આત્મિક ગુણોનું સુખ ઇચ્છાઓના અભાવવાળું સુખ છે. એ સુખની અનુભૂતિ જીવને પ્રાપ્ત થાય એટલે જગતના બીજા કોઇપણ પદાર્થોને ભોગવવા માટેની ઇચ્છા અંતરમાં પેદા થતી નથી. ઉપરથી એ

પદાર્થોની ઇચ્છાઓનો અભાવ કરવાનું મન થાય છે. એટલે કે એ પદાર્થોની ઇચ્છાઓથીજ હું મારા આત્માને દુઃખી કરું છું, દુઃખની પરંપરા વધારું છું અને દુઃખના ફળને પ્રાપ્ત કરતો જાઉં છું માટે એ પદાર્થોની ઇચ્છાઓ એજ મારા આત્માના દુઃખનું મૂળ છે એ પદાર્થોને સુખની અનુભૂતિ એ મારા આત્માને માટે લાભદાયી નથી. આવો વિચાર અંતરમાં પેદા થતો જાય તોજ જીવ શાતા વેદનીયનો અનુભવ કરતાં કરતાં પદાર્થોના ઇચ્છાઓનો અભાવ કરવાનું મન થતાં ઇચ્છાના અભાવવાળા સુખને મેળવવાની ઇચ્છા અંતરમાં પેદા થતી જાય છે. આને પુણ્યાનુબંધી પુણઅયનો ઉદય કહેવાય છે. આવા ઇચ્છા નિરોધ રૂપ સુખની અનુભૂતિ એને પેદા નહી થવા દેવામાં જો કોઇપણ કારણ હોય તો શાતા વેદનીયના આંશિક સુખની અનુભૂતિ એજ મુખ્ય કારણ છે. જેમકે આખો દિવસ બજારમાં જઇને મહેનત કરીને, થાકીને જ્યારે ઘરે આવતો હોય તે વખતે રસ્તામાં વિચારણા અનેક પ્રકારની ચાલતી હોય છે કે હાંશ આજે તો જઇને સુઇજ જવું છે કોઇની સાથે બોલવું નથી, કોઇ બોલાવે તો જવાબ પણ આપવો નથી, શરીરથી અને મનથી એટલો બધો થાકી ગયો છું કે આજે તો નિરાંતે આરામજ કરવો છે. આ રીતે વિચારણા કરતો કરતો ઘરે આવે અને ઘરવાળા સામેથી આવકાર આપે બે મીઠા શબ્દો બોલે અને તમારા ઇચ્છિત પદાર્થને તે વખતે લાવીને ખાવા કે પીવા માટે આપે તો તે વખતે અંતરમાં વિચારણા શું થાય ? જે રસ્તામાં વિચારણા કરતાં કરતાં ઘરે આવ્યા છો અને એનાથી જે દુઃખની અનુભૂતિ અંતરમાં પેદા થતી હતી એ દુઃખની અનુભૂતિમાં મીઠા બે શબ્દો સાંભળવાથી બધુંય દુઃખ ભૂલીને સુખની અનુભૂતિ પેદા થાય છે કે તે વખતે એ મીઠા શબ્દો પણ દુઃખરૂપ લાગે છે. ઠંડા પાણીનો ગ્લાસ, ગરમ ચાર, જે કંઇ તમને અનુકૂળ હોય એવો નાસ્તો તમને હાજર કરે તો તે વખતે આજે મારે કાંઇ જોઇતું નથી મને કોઇ બોલાવતાં નહીં મારે આરામજ કરવો છે આવું તે વખતે બોલવાનું મન થાય ! કે એ સુખની અનુભૂતિ કરવાનું મન થાય. એવીજ રીતે થાકેલા પાકેલા ઘરે આવ્યા હોય અને પત્ની પાસેથી આવકાર ઠંડા પાણીના ગ્લાસની ઇચ્છા, ગરમ ચાની ઇચ્છા અથવા ગરમ ભોજનની

ઇચ્છા રાખીને ઘરમાં પગ મૂકે તેમજ બે મીઠા શબ્દો સારી રીતે બોલે એવી વિચારણા રાખીને ઘરમાં પગ મૂકે અને જેવું બારણું ખુલે અને પત્નીનું મોઢું ચઢેલું દેખે, દીવેલ પીધા જેવું દેખે તો તે વખતે જે સુખની આશા રાખેલી હતી એ બધી આશાઓ અને ઇચ્છાઓ જો બોલવા જાય તો ઉપરથી પોતાને કરવું પડે એવું હોય તો તે વખતે શું કરે ? અને કયા વિચારો તે વખતે અંતરમાં પેદા થાય ? આવી બધી અનુભૂતિ તો રોજ જીવનમાં ચાલુને ચાલુજ હોય છે. છતાં પણ જીવોને એક ક્ષણિક સુખ સામાન્ય થોડાકાળ માટે પણ મળી જાય છે માટે તે વખતે બધા દુઃખોને જીવ ભૂલી જાય છે. જો આ અનુકૂળ પદાર્થોમાં રહેલા ક્ષણિક સુખમાં જો આટલી તાકાત હોય કે સઘળાય દુઃખોને ભૂલાવી દે અને ક્ષણિક સુખની અનુભૂતિનો આનંદ પેદા કરાવે તો પછી એ પદાર્થોના ઇચ્છાના અભાવવાળા સુખને મેળવવામાં જેટલું કષ્ટ વેઠાય એટલું કષ્ટ વેઠીને જ્યારે એના આંશિક સુખની જીવને અનુભૂતિ થાય એનો આનંદ એ અનુભવ કરનારા જીવોના અંતરમાં કેવો પેદા થતો હશે એમ કોઇ દિ વિચાર આવે છે ખરો ! આવો અનુભવ કર્યા વગર હું રહુંજ નહીં એમ પણ થાય છે ખરું ! બાકી અનુકૂળ પદાર્થો એના સુખની અનુભૂતિ અનેક પ્રકારના કષ્ટો વેઠી વેઠીને ક્ષણિક રૂપે અનુભૂતિ પેદા થાય અને એમાં આનંદ પેદા થતો જાય તો એ તો સંસારવૃધ્ધિનું કારણ બને છે. જ્યારે ઇચ્છાના અભાવવાળા આંશિક સુખને જે જીવો અનુભવ કરે છે એ સુખની અનુભૂતિ કર્મ નિર્જરાનું કારણ બને છે. આથી જ્ઞાનીઓ કહે છે કે જ્યાં સુધી જીવોને અનુકૂળ પદાર્થોમાં ક્ષણિક સુખની અનુભૂતિનો આનંદ પેદા થતો જાય છે અને તુચ્છ રૂપે લાગે નહિં, દુઃખ રૂપે લાગે નહિં ત્યાં સુધી એ જીવો એ સુખનો અનુભવ કરતાં કરતાં પોતાના આત્માની જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. બોલો અત્યાર સુધી જે પદાર્થોને મેળવીને શાતા વેદનીયના ઉદયમાં જે જે પદાર્થોને સુખરૂપે અનુભવ્યા એ પદાર્થોને કઇ રીતે અનુભવ્યા છે. જન્મ મરણની પરંપરા વધે એ રૂપે કે એ પદાર્થોનું સુખ દુઃખ આપનારું છે એમ માનીને સુખની અનુભૂતિ કરેલી છે ? જીવનમાં થતી દેવ, ગુરૂ, ધર્મની આરાધના જો આટલો વિચાર પણ અંતરમાં પેદા થવા ન દે તો એ આરાધના

આગળ વધવામાં સહાયભૂત થશે કઇ રીતિએ ? આની રોજ વિચારણા કરતાં રહેવું જોઇએ.

શાતા વેદનીય અને અશાતા વેદનીય કર્મ આ બંને પ્રકૃતિઓ એક એક અંતર્મુહૂર્તે છઠ્ઠા ગુણસ્થાનક સુધી દરેક જીવોને પરાવર્તમાન રૂપે બંધાયાજ કરે છે. એક અંતર્મુહૂર્ત સુધી જીવ શાતા વેદનીયનો બંધ કરે અને બીજા અંતર્મુહૂર્તે જીવ અશાતા વેદનીયનો બંધ કરે છે આ રીતે અનાદિકાળથી જીવને ચાલુને ચાલુજ હોય છે. એકેન્દ્રિયપણામાં રહેલા જીવો પણ આજ રીતે કર્મબંધ કર્યાજ કરે છે. એવી રીતે બેઇન્દ્રિયાદિ જીવો અને નારકીના જીવો, તીર્યંચના જીવો, મનુષ્યના જીવો અને દેવલોકમાં રહેલા દેવોના જીવો છઠ્ઠા ગુણસ્થાનક સુધીમાં જેટલા જીવો રહેલા હોય તે સઘળાય જીવો એક એક અંતર્મુહૂર્તે શાતા વેદનીય અને અશાતા વેદનીય પરાવર્તમાન રૂપે બાંધ્યા જ કરે છે. આવીજ રીતે શાતા વેદનીય અને અશાતા વેદનીયનો ઉદય એકથી તેર ગુણસ્થાનક સુધીમાં રહેલા જીવો એક એક અંતર્મુહૂર્તે પરાવર્તમાન રૂપે ઉદય ભોગવ્યાજ કરે છે. નારકીમાં રહેલા જીવોને અશાતા વેદનીયનો ઉદય તીવ્રરૂપે પેદા થયેલો હોય છે છતાં પણ એ અશાતા વેદનીયનો ઉદય સતત રહેતો નથી એક અંતર્મુહૂર્ત પછી અવશ્ય શાતા વેદનીયનો ઉદય પેદા થતો જાય છે અને શાતા વેદનીયનો ઉદય પૂર્ણ થતાં અશાતા વેદનીયનો ઉદય ચાલુ થાય છે. અશાતા વેદનીયનો ઉદય એક અંતર્મુહૂર્તે પૂર્ણ થતા શાતા વેદનીયનો ઉદય ચાલુ થાય છે આવી રીતે પોતાનું જેટલું આયુષ્ય હોય તે આયુષ્ય કાળ દરમ્યાન આ રીતે શાતા વેદનીય અને અશાતા વેદનીયનો ભોગવટો કર્યાજ કરે છે. આ રીતે ઉદય રહેલો હોવા છતાં પણ નારકીના જીવોને શાતા વેદનીયનો અનુભવ પેદા થતો નથી. એમાં કારણ રૂપે જ્ઞાની ભગવંતો કહે છે કે મનુષ્યપણામાં રહેલા જીવો જ્યારે કોઇ રોગાદિ પેદા થાય અને સિધ્ધો ૧૦૫ ડીગ્રી તાવ પેદા થાય તે વખતે અશાતા વેદનીયનો જેટલો રસ ઉદયમાં હોય છે તે ભોગવતાં ભોગવતાં એક અંતર્મુહૂર્ત પછી ૧૦૧ ડીગ્રી તાવ થઇ જાય તો તે વખતે એ જીવ કહે છે કે મને સારું છે. આમાં ૧૦૧ ડીગ્રી તાવની સાથે શાતા વેદનીયનો ઉદય ચાલુ થયેલો છે. જૈનશાસનની

પરિભાષા મુજબ જ્યારે ૧૦૫ ડીગ્રી તાવ હતો ત્યારે અશાતા વેદનીય કર્મ તીવ્રરસે ઉદયમાં ચાલે છે અને ૧૦૧ ડીગ્રી તાવ જ્યારે હોય છે ત્યારે શાતા વેદનીયના પુદ્ગલો મંદરસે ઉદયમાં હોય છે. માટે અશાતાના ઉદયકાળમાં શાતાનો ઉદય હોવા છતાં શાતા રૂપે ભોગવાતો નથી પણ કાંઇક ઠીક છે એટલા પુરતી શાતાની અનુભૂતિ પેદા થાય છે. એવીજ રીતે નરકમાં રહેલા જીવોને અશાતા વેદનીયનો ઉદય એક એક અંતર્મુહૂર્તે તીવ્રરસવાળા પુદ્ગલો રૂપે હોય છે અને વચમાં વચમાં એક એક અંતર્મુહૂર્તે શાતા વેદનીયના પુદ્ગલો મંદરસવાળા ઉદયમાં હોય છે એમ સમજવું. આના પ્રતાપે એ જીવોને સુખની અનુભૂતિ થતી નથી. આવીજ રીતે તિર્યંચમાં રહેલા જીવોને પણ શાતા વેદનીય અને અશાતા વેદનીયનો ઉદય એક એક અંતર્મુહૂર્તે ચાલુજ હોય છે. મનુષ્યગતિમાં રહેલા જીવોને પણ શાતા વેદનીય અને અશાતા વેદનીયનો ઉદય એકથી ૧૩ ગુણસ્થાનક સુધી પરાવર્તમાન રૂપે ઉદય ચાલુને ચાલુ હોય છે. દેવગતિમાં રહેલા દેવોને પણ શાતા વેદનીય અને અશાતા વેદનીયનો ઉદય એક એક અંતર્મુહૂર્તે ચાલુ હોય છે. એમાં જ્યારે શાતા વેદનીયનો ઉદય ચાલતો હોય ત્યારે તીવ્રરસવાળા પુદ્ગલોનો ઉદય ચાલે છે એમ સમજવું. જ્યારે અશાતા વેદનીયનો ઉદય ચાલતો હોય ત્યારે મંદરસવાળા પુદ્ગલોનો ઉદય ચાલે છે એમ સમજવું. આથી દેવોને શાતાના ઉદયકાળમાં અશાતાનો ઉદય હોવાછતાં પણ એ અનુભવાતો નથી.

છટ્ઠા ગુણસ્થાનકના અંતે અશાતાવેદનીયનો અંત થતા સાતમા ગુણસ્થાનકથી દશમા ગુણસ્થાનક સુધી સતત શાતા વેદનીયજ બંધાય છે. આ શાતા વેદનીયનો બંધ પ્રકૃતિ બંધ રૂપે સ્થિતિ બંધ રૂપે, રસ બંધ રૂપે અને પ્રદેશ બંધ રૂપે બંધાય છે એમાં સમયે સમયે અનંત ગુણ વિશુધ્ધિ પ્રાપ્ત થતી હોવાથી સ્થિતિ બંધ ઓછો થતાં થતાં આઠમા ગુણસ્થાનક સુધી અંતઃકોટાકોટી સાગરોપમ જેટલો સ્થિતિ બંધ થયા કરે છે અને છેલ્લે દશમા ગુણસ્થાનકે બાર મુહૂર્તની સ્થિતિ બંધાય છે. રસબંધમાં જેમ જેમ અનંત ગુણ વિશુધ્ધિ પ્રાપ્ત થતી જાય છે તેમ તેમ કષાયની મંદતા પ્રાપ્ત થતી જાય છે. આના કારણે સમયે સમયે શાતા વેદનીય તીવ્રરસે બાંધતો જાય છે

અને દશમા ગુણસ્થાનકના અંતે જીવ ઉત્કૃષ્ટ રસબંધ રૂપે શાતા વેદનીયનો બંધ કરે છે. આ બંધાયેલી શાતા વેદનીય તેરમા ગુણસ્થાનકમાં રહેલા જીવો એનો ભોગવટો કરે છે. અગ્યારમા, બારમા અને તેરમા ગુણસ્થાનકે શાતા વેદનીયનો જે બંધ થાય છે તે બંધ પ્રકૃતિબંધ રૂપે અને પ્રદેશબંધ રૂપે થાય છે, સ્થિતિબંધ અને રસબંધ થતો નથી. કારણ કે કષાયથી સ્થિતિ બંધ થાય છે જ્યારે અગ્યારમે, બારમે અને તેરમા ગુણસ્થાનકે કષાયનો અભાવ હોવાથી સ્થિતિ બંધ રૂપે બંધ થતો નથી અને રસબંધ લેશ્યા સહિત કષાયથી થાય છે. એકલી લેશ્યાથી રસબંધ થઇ શકતો નથી. માટે અગ્યારમા, બારમા અને તેરમા ગુણસ્થાનકે લેશ્યા ઉદયમાં રહેલી હોવાછતાં પણ કષાયનો અભાવ હોવાથી એટલે કે કષાયનો ઉદય રહેલો ન હોવાથી રસબંધ થતો નથી. માટે શાતા વેદનીયનો બંધ યોગનો ઉદય ચાલુ હોવાથી કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને એ બધા પુદ્ગલો શાતા વેદનીય રૂપે પરિણમાવીને પ્રદેશ બંધ અને પ્રકૃતિ બંધ કરે છે. સાતમા ગુણસ્થાનકથી દશમા ગુણસ્થાનકમાં રહેલા જીવોને વિષે જે જીવો ક્ષપક શ્રેણિ પ્રાપ્ત કરે છે તે જીવો અનંત ગુણ વિશુધ્ધિ સમયે સમયે પ્રાપ્ત કરતાં હોવાથી સમયે સમયે તીવ્રરસ શાતા વેદનીયનો બાંધતા જાય છે અને દશમા ગુણસ્થાનકે ચાર ઠાણીયો રસ ઉત્કૃષ્ટ રસ રૂપે બાંધે છે. જ્યારે ઉપશમ શ્રેણીવાળા જીવો એના કરતાં ઓછો રસબંધ કરે છે. કારણ કે પ્રકૃતિઓને એટલે મોહનીય કર્મની પ્રકૃતિઓને ક્ષય કરવાની એટલે નાશ કરવાની તાકાત ન હોવાથી એ પ્રકૃતિઓને દબાવતો જાય છે. આથી ક્ષપક શ્રેણિવાળા જીવો કરતાં આ જીવોની વિશુધ્ધિ અનંતગુણી હીન હોય છે. માટે આ જીવો તે વખતે શાતા વેદનીયનો જે રસ બાંધે છે એ ઉત્કૃષ્ટ રસ બાંધી શકતા નથી. માટે એના કરતાં અનંત ગુણહીન રસબંધ કરે છે. આ બધા પદાર્થોનો વિચાર પાંચમા અને છઠ્ઠા કર્મગ્રંથમાં વિસ્તારથી જ્ઞાની ભગવંતોએ કહેલો છે.

દુનિયાના કોઇ પદાર્થનું સુખ એવું નથી કે જે બીજા પદાર્થની ઇચ્છા પેદા કરાવે નહિં. અર્થાત્ બીજા પદાર્થોની ઇચ્છા પેદા કરાવીનેજ એ સુખનો

ભોગવટો કરાવે છે. માટેજ જ્ઞાની ભગવંતોએ દુનિયાના પદાર્થોના સુખને દુઃખરૂપ, દુઃખફ્લક અને દુઃખાનુબંધી એકાંતે કહેલું છે. આથીજ એ સુખ છોડવાલાયકજ છે એમ જ્ઞાની ભગવંતો કહે છે. જ્યાં સુધી જીવોને શાતા વેદનીયના સુખમાં હાશકારો ચાલુ રહે અંતરમાં એનો આનંદ ચાલુ રહે ત્યાં સુધી મોક્ષનો આંશિક અનુભવ કોઇકાળે થઇ શકતો નથી. શાતા વેદનીયના સુખમાં એટલે કે પુણ્યના ઉદયકાળમાં જીવ સાવધ ન રહે તો એ સુખ પણ જન્મ મરણની પરંપરા વધારીને જીવોને મારનારું બને છે. પુણ્યથી મળેલી સામગ્રીમાં સુખની અનુભૂતિ શાતા વેદનીયના ઉદયથી પ્રાપ્ત થાય છે અને સાથે સાથે દુઃખની અનુભૂતિ અશાતા વેદનીયના ઉદયથી થાય છે માટે જ્ઞાની ભગવંતોએ શાતા વેદનીયના સુખને ક્ષણિક સુખ કહેલું છે. એક પદાર્થને ભોગવવામાં, એને મેળવવામાં, એને સાચવવા આદિમાં, એની આજુબાજુના તમામ પદાર્થોની ઇચ્છાઓ અંતરમાં ઉભી થતી જાય છે અને એ ઇચ્છાઓ અંતરમાં કુદાકુદ કરતાં જીવોને ઇચ્છાઓથી ભરપૂર બનાવી દે છે. આથી એ ઇચ્છાઓ સુખની અનુભૂતિ થવાને બદલે દુઃખની અનુભૂતિ પેદા કરાવીને શાંતિની અનુભૂતિ કરાવવાને બદલે એની શાંતિ લૂંટી લઇને અશાંતિ પેદા કરાવે છે. આના પ્રતાપે અનેક પ્રકારના પદાર્થોની ઇચ્છાઓ અંતરમાં પેદા થતાં થતાં એ પદાર્થોને ક્યારે હું પ્રાપ્ત કરું એવી વિચારણાઓમાં સ્થિર થતાં થતાં એ પદાર્થોને મેળવવા માટે જીવ અનેક પ્રકારના પુરુષાર્થ કરતો જાય છે અને એ પુરુષાર્થ કરતાં કરતાં પુણ્યોદય ન હોય અને જો પાપનો ઉદય હોય તો ઇચ્છાઓ વાળા પદાર્થોને પ્રાપ્ત કરી શકતો નથી અને પ્રાપ્ત થયેલા પદાર્થને ભોગવી પણ શકતો નથી. ઉપરથી પ્રાપ્ત થયેલા પદાર્થને સાચવવામાં કાળ પસાર કરતાં કરતાં એની સાથેના બીજા પદાર્થોને મેળવવા માટેનો પ્રયત્ન કરતાં કરતાં અનેક પ્રકારના દુઃખોને પ્રાપ્ત કરતો જાય છે છતાં પણ એ જીવો હું દુઃખી થાઉં છું એવું એને લેશ પણ લાગતું નથી. એટલે કે એવું માનતો નથી કારણ કે મને જરૂર એ પદાર્થો મળશે એવી આશામાં ને આશામાં મન, વચન અને કાયાથી પોતાની શક્તિનું વીર્ય ખર્ચીને નાશ કરતો જાય છે. જ્યાં આ પરિસ્થિતિ

જીવોની રહેલી હોય છે એના પ્રતાપે મોહનીય કર્મનો તીવ્ર ઉદયના પ્રતાપે એટલે કે મિથ્યાત્વ મોહનીય કર્મનો તીવ્રરસ ઉદયમાં રહેલો હોવાથી ધર્મપ્રવૃત્તિ કરવા છતાં પણ એ જીવને શુધ્ધ પરિણામની આંશિક અનુભૂતિ પેદા કરવાની ઇચ્છા પણ પેદા થતી નથી. આના પ્રતાપે જીવ ધર્મની આરાધના કરતો કરતો પાપાનુબંધી પુણ્ય બાંધીને કદાચ શાતા વેદનીય સુખ રૂપે ભોગવવા લાયક બાંધવા છતાં પણ મંદરસે બાંધેલી હોવાથી જે પદાર્થો મળેલા હોય એને ભોગવવા છતાં પણ સુખની અનુભૂતિ કરી શકતો નથી. જ્યારે એ જીવો પુરુષાર્થ કરીને મિથ્યાત્વની મંદતા પેદા કરતો જાય અને શુધ્ધ પરિણામની આંશિક અનુભૂતિ પેદા કરવાની ઇચ્છા પેદા કરીને એની આંશિક અનુભૂતિ પેદા કરતો જાય ત્યારેજ આ બધા પદાર્થોનું સુખ એ સુખરૂપ નથી પણ દુ:ખ આપનારું છે આવું એને અંતરમાં પેદા થતું જાય છે અને એના કારણે એ સુખ આપનારા પદાર્થો તુચ્છ રૂપે લાગે છે. જ્યારથી જીવને શુધ્ધ પરિણામની આંશિક અનુભૂતિની ઇચ્છા પેદા શરૂ થાય ત્યારથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ પેદા થતો જાય છે અને એ પુણ્યાનુબંધી પુણ્યનો બંધ એક અંતર્મુહૂર્તમાં તરતજ ઉદયમાં આવે છે અને એ ઉદયમાં આવતાં પુણ્યથી મળેલા પદાર્થો તુચ્છ રૂપે લાગતાં લાગતાં એ પદાર્થોનું સુખ મારે જે સુખ જોઇએ છે એ સુખને આપનાર નથી પણ એ સુખને નાશ કરવામાં સહાયભૂત થનાર છે આવી વિચારણા અંતરમાં પેદા થતી જાય છે આને આંશિક જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. આવા જીવો પુણ્યથી મળેલા સુખના પદાર્થોને સુખરૂપે ભોગવીને તરતજ છોડી દે છે. તેમાં રાગ, દ્વેષ ન થઇ જાય, મમત્વ બુધ્ધિ પેદા ન થઇ જાય એની કાળજી રાખીને એ પદાર્થોનો ભોગવટો કરવાની શક્તિ પેદા થતી જાય છે અને એ રીતે ભોગવટો કરતાં કરતાં સાથે સાથે પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા બાંધતા ભોગાવલી કર્મોને ભોગવીને નાશ કરતો જાય છે. આ રીતે જ્યારે રાગ-દ્વેષ પેદા થવા દે નહિં અને એનો જેટલે અંશે સંયમ પેદા થતો જાય એનેજ જ્ઞાની ભગવંતોએ ઇચ્છાનિરોધ રૂપ જે સુખની આંશિક અનુભૂતિ એજ મોક્ષના સુખની આંશિક અનુભૂતિ કહેલી છે. પહેલા ગુણસ્થાનકમાં

રહેલા જીવો આ રીતે મિથ્યાત્વની મંદતા કરતાં કરતાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યભાવ પેદા કરતાં કરતાં મિથ્યાત્વના ઉદયકાળમાં સુખ આપનારા પદાર્થોને દુઃખરૂપે માને છે, દુઃખના ફળ આપનારા માને છે અને દુઃખની પરંપરા વધારનાર આજ છે આવી માન્યતા અંતરમાં દ્રઢ થતી જાય છે. ચોથા ગુણસ્થાનકમાં રહેલા જીવોને સુખ આપનારા પદાર્થો છોડવાલાયકજ છે એવી બુધ્ધિ પેદા કરાવે છે અને એવી માન્યતા અંતરમાં દ્રઢ થતી જાય છે. આવા જીવોને એ પદાર્થોનો ત્યાગ કરવો એ સરળ થતું જાય છે. એટલે કે કોઇ જ્ઞાની ભગવંત મળે અને એને સાચી સમજણ પ્રાપ્ત કરાવે તો આ પદાર્થોને છોડવા એને માટે સહજ બને છે. આથી જ્ઞાની ભગવંતો કહે છે કે દુનિયાના પદાર્થોને સાચા અર્થમાં સુખરૂપે વૈરાગી જીવોજ ભોગવી શકે છે. રાગી જીવો એ પદાર્થોને સુખરૂપે ભોગવી શકતાજ નથી. કારણ કે વૈરાગીજીવોને એ પદાર્થનો ભોગવટો કરતાં બીજા પદાર્થોની ઇચ્છા પેદા થતી નથી. જ્યારે રાગી જીવોને એ પદાર્થના સુખને ભોગવતાં બીજા પદાર્થોની ઇચ્છાઓનો પાર રહેતો નથી. માટે વૈરાગી જીવ એ પદાર્થોના સુખને ભોગવવા છતાં પણ અલ્પ કર્મબંધ કરે છે અને રાગી જીવો એ પદાર્થોને ભોગવતાં તીવ્રકર્મબંધ કરે છે. આને જૈનશાસનની ખરેખરી જડ કહેવાય છે. જો આ ચાવી આપણા હાથમાં પેદા થઇ જાય અને જો બરોબર આત્મામાં સ્થિર બની જાય તો સંસારના પદાર્થોને ભોગવવા છતાં પણ નરકગતિનો બંધ અને તિર્યંચગતિનો બંધ જ્યાં સુધી એ પરિણામ ટક્યો રહે ત્યાંસુધી એ બંધ બંધ થઇ જાય છે. એટલે કે એ જીવો દુર્ગતિનો બંધ કરતાંજ નથી અને સદ્ગતિનો બંધ કર્યાજ કરે છે. આ વાત અંતરમાં બરોબર જો સમજાઇ જાય તો દુનિયાના કોઇ પદાર્થમાં તાકાત નથી કે આપણને રાજીપો પેદા કરાવીને રાગ પેદા કરાવી શકે. અત્યાર સુધી આરાધના કરતાં કરતાં આવી સ્થિતિ પ્રાપ્ત થઇ છે ખરી ! આવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે હું આ આરાધના કરી રહેલો છું એવી વિચારણા પણ અંતરમાં છે ખરી ! સુંદરમાં સુંદર રીતે આરાધના કરવા છતાં પણ ભગવાનની ભક્તિ સ્વદ્રવ્યથી કરવા છતાં પણ ઉંચી કોટીના દ્રવ્યો લાવીને

ભક્તિ કરવા છતાં પણ સારા ભાવથી ભગવાનની સ્તુતિ કરવા છતાં પણ તેમજ સારા ભાવથી ભગવાનના ગુણગાન ગાવા છતાં પણ અને ચૈત્યવંદન અને સ્તવન પણ સારા ભાવથી બોલવા છતાં પણ તેમજ જ્ઞાનનો ઉપયોગ ખરાબ પરિણામ પેદા ન થઇ જાય, અશુભ વિચારો પેદા ન થાય એની કાળજી રાખીને જીવન જીવવા છતાં પણ જો વૈરાગ્ય ભાવ પેદા કરવાની ઇચ્છા ન હોય તો અને ભક્તિ કર્યા પછી અનુકૂળ પદાર્થોમાં ભોગવટો કરતાં કરતાં એને સાચવતાં એને મેળવતાં, એ ચાલ્યા ન જાય એની કાળજી રાખતાં અંતરમાં જો રાજીપો પેદા ન થાય એની કાળજી રાખીને જો સાચવવામાં આવે તો સમજવું કે મિથ્યાત્વ મંદ પડેલું છે. પણ જો ભક્તિ કર્યા પછી બાકીના ટાઇમમાં પુણ્યનો ભોગવટો કરતાં કરતાં રાજીપો પેદા થતો જાય, મેળવવામાં આનંદ પેદા થતો જાય, સાચવવામાં અને એ પદાર્થોને ટકાવવામાં રાજીપો અને આનંદ પેદા થતો જાય તો સમજવું કે આટલા વર્ષોથી આરાધના કરવા છતાં પણ મિથ્યાત્વની મંદતા થયેલી નથી. એટલે કે મારું મિથ્યાત્વ મંદ થયેલું નથી. જૈનશાસનમાં પ્રવેશ કરવાની એટલે કે ધર્મદ્વારમાં પ્રવેશ કરવાની ખરી ખરી ચાવીજ આ છે. બોલો આમાં આપણો નંબર આવે એવો છે ! ધર્મદ્વારમાં આપણે પ્રવેશ કરી ચુકેલા છીએ ! કે ધર્મદ્વારની બહાર છીએ ! આ મનુષ્ય જન્મમાં આરાધના કરતાં કરતાં જો ધર્મદ્વારમાં પ્રવેશ નહી કરીએ તો ગમે તેટલી સુંદરમાં સુંદર રીતે અપ્રમત્તપણે ધર્મના અનુષ્ઠાનોનું સેવન કરીશું તો પણ શાતા વેદનીયનો ઉદય આપણા આત્મામાં રહેલા સુખને એટલે કે ઇચ્છાનિરોધ રૂપ રહેલા સુખને દબાવી દેશે, લુંટી લેશે અને ગમે તેટલો ત્યાગ કરીશું તો પણ એ સુખને પેદા કરવાની ઇચ્છા પણ પેદા થવા દેશે નહિં અને જન્મમરણની પરંપરા વધારીને સંસારમાં સંખ્યાતો કાળ અસંખ્યાતો કાળ અને અનંતો કાળ દુઃખને પેદા કરાવશે. શાતા વેદનીય કર્મ સુખ આપનારું હોવાછતાં પણ એ આત્મિક સુખને દબાવનારું, લૂંટનારું હોવાથી એનાથી સાવધ રહીને જીવન જીવવાનો જરૂર પ્રયત્ન કરવો જોઇએ. ગમે તેટલા પદાર્થોનો ત્યાગ કરીએ બાર મહિના સુધી આંબિલ કરી તાકાત હોય તો જીંદગીભર સુધી આંબીલ કરે,

જીંદગીભર સુધી એકાસણા કરે એમને આપણે પુછીએ કે આટલો તપ કરવા છતાંય તમને અનુભૂતિ શું થાય છે ? શાતા વેદનીયનું સુખ દુઃખરૂપ લાગે છે ખરું ! ઇચ્છાનિરોધના સુખની કાંઇક અનુભૂતિ થાય છે ખરી ! તો શું જવાબ મળે ? વિચાર કરો. જીવનમાં જેટલો તપ કર્યો જેટલો ત્યાગ કર્યો, ઘણા ઘણા પદાર્થના ત્યાગ રૂપે નિયમો કર્યા, જીંદગીભર સુધી એ પદાર્થોનો ઉપયોગ ન કરું એવા પચ્ચખાણ કરવાછતાં પણ એ પદાર્થોની આશા અંતરમાં બેઠેલી છે. એને મેળવવાની, મેળવીને ક્યારે એ પદાર્થોને ભોગવતો જાઉં એવી વિચારણા થાય છે કે એ પદાર્થોના ત્યાગથી ઇચ્છાનિરોધ રૂપ સુખની અનુભૂતિ મને ક્યારે થાય એવી વિચારણા થાય છે. જો આવી કોઇ વિચારણા અંતરમાં પેદા થતી ન દેખાય તો જે કંઇ આપણે ધર્મની આરાધના કરી એ વિભાવદશાના પરિણામથી કરી એમ ગણાય છે. એનાથી કોઇકાળે સ્વભાવ દશાનો આંશિક અનુભવ જીવ કરી શકતો નથી. ભલે જે જે પદાર્થોનો ત્યાગ કર્યો હોય તો પણ બીજા બાકીના પદાર્થોને એને છોડવાની ઇચ્છા પેદા થતી ન હોવાથી એ પદાર્થો એકાંતે દુઃખ આપનારા છે એવી માન્યતા પેદા કરવાની ઇચ્છા પણ પેદા થતી ન હોવાથી એ પદાર્થોને સાચવ સાચવ કરતો હોય છે માટે એને સ્વભાવ દશા પણ પેદા થઇ શકતો નથી અને એ સ્વભાવ દશાનો પરિણામ પેદા ન થાય ત્યાં સુધી ધર્મની પ્રાપ્તિ પણ થઇ શકતી નથી. ધર્મની આરાધના કરતાં કરતાં પુણ્ય બાંધવું છે કે ધર્મ પામવો છે આનો રોજ વિચાર કરવો જોઇએ. ઇચ્છાનિરોધનું સુખ એ આત્માના શુધ્ધ પરિણામનું સુખ છે અને ઇચ્છાઓ પૂર્વકનું સુખ એ રાગના ઉદયનું સુખ છે કે જેને જ્ઞાનીઓ ગાઢ મિથ્યાત્વના ઉદયવાળું સુખ કહે છે. આ રીતે તત્વોની વિચારણા કરતાં કરતાં આત્માની સાથે વાતચીત કરતાં કરતાં રાગાદિ પરિણામની મંદતા કેમ જલ્દી પેદા થાય એવો પ્રયત્ન અવશ્ય કરતા રહેવું જોઇએ અને આ રીતે પ્રયત્ન કરતાં રહીએ તો આંશિક શુધ્ધ પરિણામની અનુભૂતિ જરૂર પેદા થતી જાય, ધર્મદ્વારમાં પ્રવેશ થતો જાય એના પ્રતાપે આ આત્માના સુખને પેદા કરવા હું કેવી રીતે પ્રયત્ન કરું એ ક્ષયોપશમ ભાવ આત્મામાં પેદા થતાં થતાં એમાં આગળ વધવાનો

જીવ પ્રયત્ન કરતો જાય છે. આ રીતે પ્રયત્ન કરતો જાય તોજ જે તત્વ આપણે ભણેલા છીએ એ તત્વોની સાચી ઓળખ આપણા આત્મામાં પેદા થઇ છે એમ કહી શકાય. માટેજ જ્ઞાની ભગવંતો કહે છે કે નવતત્વનું જ્ઞાન મેળવતાં મેળવતાં એ તત્વના જ્ઞાનને સાચા તત્વરૂપે પરિણામ પમાડવાનો પ્રયત્ન કરીએ તોજ એ જ્ઞાન આત્માને માટે ઉપયોગી થતું જાય. આથી નવતત્વના જ્ઞાનને જ્ઞાની ભગવંતોએ ૪૫એ આગમનો સાર કહેલો છે. જ્યાંસુધી એ જ્ઞાનને ભણીને આત્મસાત કરવાનો પ્રયત્ન ન કરીએ અને જ્ઞાનમાત્ર જ્ઞાન મેળવીએ તો એ જ્ઞાન પંડિત બનવામાં ઉપયોગી થાય કદાચ બીજાને જણાવવામાં અભ્યાસ કરાવવામાં ઉપયોગી થાય પણ એનાથી કોઇકાળે આત્મકલ્યાણ થઇ શકતું નથી. માટે આ બધું જાણીને આત્મકલ્યાણમાં કેમ હું આગળ વધું એવો પ્રયત્ન કરતો કેમ થાઉં એ રીતે તત્વના જ્ઞાનને મેળવીને આત્મામાં પરિણામ પમાડવાનો પ્રયત્ન કરતાં થાવ એવી અભિલાષા..

## આયુષ્ય કર્મ (તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય)

આયુષ્યકર્મની વિશેષતા એ છે કે જે ભવમાં આયુષ્ય બંધાય એ ભવમાં બાંધેલું એ આયુષ્ય ઉદયમાં આવતુંજ નથી. એટલે કે જ્યાંસુધી પૂર્વે બાંધેલું આયુષ્ય ઉદયમાં ચાલતું હોય છે ત્યાંસુધી આવતાં ભવનું બાંધેલું આયુષ્ય ઉદયમાં આવી શકતુંજ નથી. જ્યારે પૂર્વભવના આયુષ્યનો ઉદય સંપૂર્ણ ભોગવાઇને પૂર્ણ થાય ત્યારપછીજ વર્તમાનમાં બાંધેલું આયુષ્ય અવશ્ય ઉદયમાં આવે છે. જો તે વખતે ઉદયમાં ન આવે તો જીવ આયુષ્યના ઉદય વગરનો થયેલો છે એમ કહેવાય. જ્યારે અનાદિકાળથી જીવને આયુષ્યનો ઉદયકાળ કોઇકાળે નહોતો, વર્તમાનકાળમાં નથી અને ભવિષ્યકાળમાં કોઇકાળે નહિ રહે એવું બનવાનું નથી. જ્યારે એ જીવ પુરુષાર્થ કરીને યોગનો નિરોધ કરી સંપૂર્ણ કર્મથી રહિત થશે ત્યારેજ આયુષ્યકર્મનો ઉદય સદંતર નાશ પામશે. એટલે કે ચૌદમા ગુણસ્થાનકના અંત સુધી આયુષ્યકર્મનો ઉદય દરેક જીવોને અનાદિકાળથી છે અને જ્યાંસુધી એ ગુણસ્થાનકને પ્રાપ્ત

ન કરે ત્યાંસુધી સદા માટે રહેશે. પણ એ આયુષ્યકર્મનો ઉદય જીવને જે જે ભવમાં જે જે આયુષ્યનો ઉદય હોય એ પ્રમાણે એનો આયુષ્ય ઉદયમાં આવતું જાય છે. આયુષ્યકર્મ આખા ભવમાં એકજ વાર બંધાય છે. જે સમયે બાંધવાની શરૂઆત કરે તે સમયથી એક અંતર્મુહૂર્ત સુધી સતત આયુષ્યકર્મ બંધાયાજ કરે છે અને એ અંતર્મુહૂર્તનો કાળ પૂર્ણ થાય ત્યાર પછી ભોગવાતું જેટલું આયુષ્ય બાકી રહે ત્યાંસુધી આયુષ્યકર્મનો બંધ થતોજ નથી. પણ આયુષ્યકર્મ સિવાય બાકીના સાત કર્મો સમયે સમયે બંધાતા જ જાય છે. જ્યારે જીવ આયુષ્યકર્મનો બંધ કરે છે તે વખતે સાત કર્મની સાથે આયુષ્ય કર્મ સહિત એક અંતર્મુહૂર્ત સુધી આઠ કર્મનો બંધ કરે છે. જ્યારે બાકીના બીજા કર્મોને વિષે આયુષ્ય કર્મની જેમ ન હોવાથી દરેક સમયે સાતે સાત કર્મનો બંધ જીવો કર્યાજ કરે છે. માટે એકથી નવ ગુણસ્થાનક સુધીમાં રહેલા જીવો સમયે સમયે સાત કર્મોનો બંધ કર્યા કરે છે. તેમાં પહેલા, બીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા જીવો જે ભવમાં હોય તે ભવમાં એક અંતર્મુહૂર્ત સુધી આયુષ્ય કર્મ સાથે આઠ કર્મનો બંધ કરે છે. જ્યારે સાતમા, આઠમા અને નવમા ગુણસ્થાનમાં રહેલા જીવો આયુષ્યનો બંધ કરતા ન હોવાથી નિયમા સાત કર્મનો બંધ કરે છે. દશમા ગુણસ્થાનકમાં રહેલા જીવો આયુષ્યકર્મ અને મોહનીય કર્મ સિવાય બાકીના છ કર્મનો બંધ કરે છે. અગ્યારમા, બારમા, તેરમા ગુણસ્થાનકમાં રહેલા જીવો એક વેદનીય કર્મનો બંધ કરે છે. આ આયુષ્ય કર્મ સિવાય બાકીના કર્મોની ભિન્નતા કહેવાય છે. કે જે કર્મો સમયે સમયે બંધાતા હોવાછતાંય એ બાંધેલા કર્મો એ ભવમાં પણ ઉદયમાં આવી શકે છે. એ ભવ સિવાય બીજા ભવમાં પણ ઉદયમાં આવી શકે છે અને એ ભવમાં કે બીજા ભવમાં ઉદયમાં ના આવતા સંખ્યાતા ભવો પછી પણ ઉદયમાં આવી શકે છે. અસંખ્યાતા ભવો પછી પણ ઉદયમાં આવી શકે છે અને અનંતા ભવ પછી પણ ઉદયમાં આવી શકે છે જ્યારે આયુષ્ય કર્મ માટે એમ બનતું નથી.

આયુષ્ય કર્મનો બંધ પોતાના ભોગવાતા આયુષ્યના ત્રીજા ભાગે બંધાય જો ત્રીજા ભાગે ન બાંધી શકે તો નવમા ભાગે બંધાય નવમા ભાગે

પણ ન બાંધી શકે તો ૨૭મા ભાગે બંધાય ૨૭મા ભાગે પણ ન બાંધી શકે તો ૮૧મા ભાગે બંધાય ૮૧મા ભાગે પણ ન બાંધી શકે તો ૨૪૩મા ભાગે બંધાય અને ત્યાં પણ ન બાંધી શકે તો છેલ્લે મરતી વખતે છેલ્લા અંતર્મુહૂર્તે જીવ અવશ્ય આયુષ્યનો બંધ કરે છે કારણ કે કોઇપણ જીવ સંસારમાં પરિભ્રમણ કરતો હોય ત્યાંસુધી પરભવનું આયુષ્ય બાંધ્યા વગર મરણ પામતોજ નથી.

જે જીવો નિરૂપક્રમ આયુષ્યવાળા હોય છે એ જીવો નિયમા પોતાના ભોગવાતા આયુષ્યના ત્રીજા ભાગેજ આયુષ્યનો બંધ કરે છે અને જે જીવો સોપક્રમ આયુષ્યના ઉદયવાળા હોય છે તે જીવો ત્રીજા ભાગેજ આયુષ્ય બાંધે એવો નિયમ હોતો નથી એને માટે ઉપર જણાવ્યા મુજબ ત્રીજા ભાગે, નવમા ભાગે ઇત્યાદિ કોઇપણ ભાગે આયુષ્યનો બંધ કરે છે. દેવતા અને નારકીના જીવો પોતાના ભોગવાતા આયુષ્યના છ મહિના બાકી રહે ત્યારે પરભવના આયુષ્યનો બંધ નિયમા કરે છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યો પોતાના ભોગવાતા આયુષ્યના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું આયુષ્ય બાકી રહે ત્યારે આયુષ્યનો બંધ કરે છે અથવા છ મહિના બાકી રહે ત્યારે આયુષ્યનો બંધ કરી શકે છે. આયુષ્યનો બંધ કરવામાં એક અંતર્મુહૂર્તના આયુષ્યવાળો જીવ જઘન્યથી એક અંતર્મુહૂર્તનું આયુષ્ય બાંધી શકે છે અને ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વરસનું આયુષ્ય પણ બાંધી શકે છે. પૂર્વક્રોડવરસના આયુષ્યવાળા જીવો જઘન્યથી એક અંતર્મુહૂર્તનું આયુષ્ય બાંધી શકે છે અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત વર્ષનું આયુષ્ય બાંધી શકે છે.

જ્યારે જીવો આયુષ્યના બંધની શરૂઆત કરે છે ત્યારથી એક અંતર્મુહૂર્ત સુધીના કાળમાં જે આયુષ્યનો બંધ થતો હોય એ આયુષ્યનીજ ગતિનું મોટેભાગે બંધ કરે છે. અહિં મોટેભાગે શબ્દ કહેવાનું કારણ એ છે કે કોઇકવાર કેટલાક જીવોને જે આયુષ્યનો બંધ થયેલો હોય એ આયુષ્યની ગતિ આયુષ્ય બાંધતા પહેલા શરૂ થયેલી હોય અને આયુષ્યની સાથે પણ એની ગતિનો બંધ પણ ચાલતો હોય પણ આયુષ્યનો બંધ શરૂ થયા પછી થોડાક કાળ સુધી એટલે કે એક અંતર્મુહૂર્તમાં થોડાકકાળ સુધી એ ગતિનો બંધ ચાલુ રહે ત્યારપછી એ ગતિનો બંધ પૂર્ણ થતાં વચમાં બીજી ગતિનો

બંધ પણ શરૂ થઇ શકે છે અને એ બીજી ગતિનો જે બંધ શરૂ થાય એ પહેલા જે ગતિ બંધાતી હોય એનાથી પ્રતિપક્ષી ગતિ બંધાતી હોય છે અને આયુષ્યની સાથે એ પ્રતિપક્ષી ગતિની પ્રકૃતિ જે બંધાય તે અવશ્ય આયુષ્યના ઉદયકાળમાં વિપાકથી ઉદયમાં આવે છે. એટલે કે એ ગતિનો ઉદય વિપાકથી અવશ્ય ભોગવવો પડે છે. આવી રીતે પણ અનેક પ્રકારના જીવો એક આયુષ્યના બંધની સાથે એ આયુષ્યની ગતિ તેમજ તેનાથી પ્રતિપક્ષી ગતિ એમ બે ગતિનો બંધ એક સાથે કરી શકે છે. જેમકે ચંદરાજા કુકડો થયો એ વાત ચરિત્રોને વિષે આવે છે તો ચંદરાજાએ પૂર્વભવે મનુષ્યાયુષ્યનો બંધ કરતાં કરતાં એની સાથે થોડોકકાળ મનુષ્યગતિનો બંધ કર્યો ત્યાર પછી મનુષ્યગતિની પ્રતિપક્ષી તિર્યંચગતિ મનુષ્યાયુષ્યના બંધની સાથે બાંધી અને એક અંતર્મુહૂર્તમાં મનુષ્યાયુષ્યનો બંધ પૂર્ણ કરીને સાત કર્મનો બંધ શરૂ કર્યો. આ રીતે પૂર્વભવે ચંદરાજાના જીવે મનુષ્યાયુષ્યના બંધની સાથે થોડોકકાળ મનુષ્યગતિ બાંધી વચમાં થોડોકકાળ તિર્યંચગતિનો બંધ કર્યો અને પછી મનુષ્યગતિનો પણ બંધ શરૂ કર્યો. આ રીતે બે ગતિનો બંધ કરીને જ્યારે મનુષ્યપણામાં આવ્યા તો મનુષ્યાયુષ્યની સાથે શરૂઆતમાં મનુષ્યગતિનો બંધ કરેલો હોવાથી મનુષ્યગતિનો ઉદયકાળ શરૂ થયો જ્યારે એ ચંદરાજાનો જીવ રાજા થયા ત્યારપછી કોઇક પ્રયોગથી એમના ગળામાં દોરો બાંધવાથી એ કુકડા રૂપે થયા એટલે કે તિર્યંચગતિના અવતારને પામ્યા. તે વખતે પોતાનું મનુષ્યગતિ રૂપે રહેલું શરીર મનુષ્યની આકૃતિને બદલે તિર્યંચગતિ રૂપે શરીર બની ગયું અને કુકડા રૂપે પોતાનું શરીર થયું એ કુકડા રૂપે તિર્યંચ ગતિનો વિપાકોદય અઢાર વર્ષ સુધી ભોગવ્યો. એ અઢાર વર્ષ સુધી તિર્યંચગતિનો ઉદય ભોગવતાં મનુષ્યાયુષ્યનો ઉદય ચાલુ છે પણ તે વખતે તિર્યંચાયુષ્યનો ઉદય નથીજ આ રીતે ચંદરાજાએ અઢાર વર્ષ સુધી તિર્યંચપણે મનુષ્યાયુષ્યની સાથે વિપાકથી ભોગવવા લાયક તિર્યંચગતિ બાંધેલી હતી માટે તે પ્રમાણે એમને તિર્યંચગતિનો વિપાક ભોગવ્યો. આવીજ રીતે જંબુસ્વામી ચરિત્રને વિષે જંગલમાં રહેલા વાંદરાનું યુગલ પોતાનું જીવન જીવી રહેલા છે. એમાં એક ઝાડથી બીજા ઝાડ ઉપર કુદાકુદ કરતાં

કરતાં એવા સ્થાનને વિષે પ્રાપ્ત થયા કે જે સ્થાનને વિષે ઝાડ ઉપરથી નીચે પડવાથી તિર્યંચજીવો મનુષ્ય બની શકે છે. એમાં વાંદરીનો જીવ ઝાડ ઉપરથી નીચેની શિલા ઉપર પડી કે તરતજ મનુષ્યની સ્ત્રી રૂપે પોતાનું શરીર આખું થઇ ગયું અને તરતજ વાંદરો પણ નીચે પડ્યો તો તે પણ મનુષ્યના શરીર રૂપે બની ગયો. વાંદરાને તે વખતે વિચાર આવ્યો કે મનુષ્યપણામાં તો આખો દિવસ મહેનત મજૂરી કરવી પડે અને ખાવા પીવા માટેના સાધન મેળવવા માટે મજુરી કરીએ તોજ જીવન જીવી શકાય છે. માટે મારે મનુષ્યપણું જોઇતું નથી મારે દેવ બનવું છે માટે હું ફ્રીથી ઝાડ ઉપર ચઢીને પડું કે જેથી દેવ બનું. આ વિચાર પોતાની પત્ની એવી વાંદરીના જીવને કહ્યો. તે વખતે વાંદરીનો જીવ કહે છે કે મને ઠીક લાગતું નથી અધિક લોભ કરવામાં બહુ સાર નથી. આપણને આપણા પુણ્યોદયથી તિર્યંચપણામાંથી મનુષ્યપણું પ્રાપ્ત થયું છે એમાં સંતોષ માનીને જીવન જીવવા પ્રયત્ન કરીએ પણ વાંદરાના જીવે માન્યું નહીં અને ઝાડ ઉપર ચડીને પડતું મૂક્યું તો ફ્રીથી વાંદરો બન્યો. કારણ કે એ શિલાના પથ્થરનો એવો પ્રભાવ છે કે એકવાર તિર્યંચજીવો એના ઉપર પડતું મૂકે તો મનુષ્ય બની શકે છે બીજીવાર પડતું મૂકે તો એનું જે મૂળ સ્વરૂપ હોય એ સ્વરૂપ રૂપેજ એ પોતે બની જાય છે અને પછી વારંવાર ગમે તેટલી વાર પડતું મૂકે તો પણ એમાં કાંઇ ફ્રેરફાર થતો નથી. આ રીતે વાંદરાનો જીવ તિર્યંચગતિને પ્રાપ્ત કરી અને વારંવાર પડતુ મૂકે છે તો પણ કાંઇ ફ્રેરફાર થતો જણાતો નથી. તે વખતે પોતાની વાંદરીના જીવને કહે છે કે તું પણ પડતું મૂકીને મારી જેમ બની જા. ત્યારે વાંદરીનો જીવ કહે છે કે હું જે મનુષ્યપણું પામી છું એમાંથી હવે મારે તિર્યંચ થવું નથી અને તે વખતે જંગલમાં રહીને વાંદરાની સાથે રહી અને એજ રીતે પોતાનું જીવન પસાર કરે છે. એમાં તે વખતે ત્યાં ફ્રતાં ફ્રતાં ઘોડા ઉપર રાજા આવ્યા અને સુંદર રૂપવાળી સ્ત્રી જોઇ રાજાએ વાંદરાને આઘો ખસેડીને એ સ્ત્રીને ઉપાડીને લઇ જઇ પોતાના અંતઃપુરમાં રાખી અને પોતાની પત્ની બનાવી. વાંદરો અહિંયા કલ્પાંત કરે છે પણ એને પોતાની સ્ત્રી મળતી નથી. ફ્રીથી એ જંગલમાં મદારીનું ટોળું આવ્યું અને એક મદારીએ આ વાંદરાને પકડીને

પોતાને ત્યાં લઇ જઇ અનેક પ્રકારની કલાઓ શીખવીને નાચ કરતો કર્યો અને એ મદારી એને ગામે ગામ લઇ જઇ લોકોને અનેક પ્રકારના ખેલ બતાવી અને પોતાનું ગુજરાન ચલાવે છે. એમાં ફરતાં ફરતાં જે રાજા એની સ્ત્રીને ઉપાડી ગયેલો છે તે ગામને વિષે આવે છે રાજસભામાં રાજા બોલાવે છે અને વાંદરાને તે વખતે જે જુદા જુદા સારા ખેલો આવડે છે તે બતાવવાનું કહ્યું તે વખતે પોતાની પટરાણી રાજાની બાજુમાં બેઠેલી છે અને વાંદરો ખેલ કરતાં કરતાં એને જુએ છે અને એને ઓળખી જાય છે. વાંદરીનો જીવ પણ એને ઓળખી જાય છે આ રીતે વાંદરાએ પોતાની સ્ત્રીને ઓળખતાં એને ખેલ કરવાનું મન થતું નથી અને આંખમાંથી પાણી પાડીને રુએ છે તે વખતે એની પત્ની એને સમજાવે છે કે અતિ લોભ પેદા કર્યો એનું પરિણામ તને પ્રાપ્ત થયેલું છે એને તું સારી રીતે ભોગવી લે. આ રીતે જ્ઞાની ભગવંતોએ કથાઓમાં પણ વર્ણન લખેલું હોવાથી એ વાંદરીના જીવે પૂર્વભવમાં તિર્યંચાયુષ્ય બાંધતા બાંધતા તિર્યંચગતિનો બંધ થોડોક કાળ કરી મનુષ્યગતિના બંધની શરૂઆત કરીને મનુષ્યગતિ બાંધેલી માટે સ્ત્રીપણે મનુષ્યગતિને ભોગવે છે. એ મનુષ્યગતિને ભોગવી રહેલી છે તે વખતે એને તિર્યંચાયુષ્યનો જ ઉદય હોય છે પણ મનુષ્યાયુષ્યનો ઉદય ગણાતો નથી. અત્યારે વર્તમાનમાં ૭૦ કે ૮૦ વર્ષ પહેલાં એવા લખાણ ઉપલબ્ધ થાય છે કે એવા પણ દેશો અત્યારે વિદ્યમાન છે કે એ દેશોને વિષે સ્ત્રીઓ પોતાના પુરુષોને કંટ્રોલમાં રાખવા માટે એટલે એમને હેરાન ન કરે, દુઃખી ન કરે અને ભાગી ન જાય એટલા માટે સ્ત્રીઓ આજુબાજુના ગામોમાંથી મંત, તંત્રની વિદ્યાઓ શીખી લાવીને પોતાના પુરુષો ઉપર અજમાવે છે અને એ પુરુષોને એ વિદ્યાઓથી સવારે બળદ બનાવી દે છે અને જંગલમાં આજુબાજુ ચરવા માટે લઇ જાય છે. ન માને તો લાકડીઓના માર પણ મારે છે, ઘોંચ પરોણા પણ કરે છે અને રાતના ટાઇમે પાછા પુરુષ બનાવી દે છે. એ પુરુષ બને ત્યારે એમને પોતાના શરીર દુઃખે છે અને શરીરમાં જે કાણા પડેલા હોય છે એ કાણા પણ દેખાય છે. એવી સ્ત્રીઓથી કંટાળીને પુરુષો ભાગવા માંગે છે તો પણ ભાગી શકતા નથી. આ રીતે એ પુરુષોના જીવોએ પૂર્વભવને વિષે મનુષ્યાયુષ્યનો બંધ

કરતાં કરતાં તિર્યંચગતિ અને મનુષ્યગતિ વારંવાર બાંધેલી હોવાથી તિર્યંચગતિ લાંબાકાળ સુધીની, મનુષ્યગતિ અલ્પકાળ સુધીની વારંવાર બાંધેલી હોવાથી મનુષ્યાયુષ્યના ઉદયની સાથે આવી રીતે મંત્ર-તંત્રના પ્રયોગથી તિર્યંચગતિ અને મનુષ્યગતિ વચમાં વચમાં ઉદયમાં પ્રાપ્ત થતી જાય છે. એ બળદના ભવમાં પણ એ જીવોને મનુષ્યના આયુષ્યનો જ ઉદય ગણાય છે અને પોતાનું જીવન અનેક પ્રકારના કષ્ટવાળું વર્તમાનમાં પણ અમુક દેશોમાં જીવી રહેલા છે. જ્ઞાની ભગવંતો કહે છે કે આયુષ્ય કર્મ બાંધવા માટે જેટલા સૂક્ષ્મ અધ્યવસાયની જરૂર પડે છે એટલા સૂક્ષ્મ અધ્યવસાયને જરૂર બીજા કર્મોને બાંધવા માટે પડતી નથી જે જીવોનું આયુષ્ય બરોબર મજબૂત રીતે નિરુપક્રમ રૂપે બાંધેલું હોય એવા જીવો ઉપર મંત્ર-તંત્ર વિદ્યાના ગમે તેટલા પ્રયોગો કરવામાં આવે તો પણ તેની કોઇપણ અસર થતી નથી અને ઇંદ્રો પણ એવા જીવોનો વાંકોવાળ પણ કરી શકતા નથી. જે જીવોએ આવા પ્રકારનું સોપક્રમ આયુષ્ય બાંધેલું હોય એવા જીવોનેજ મંત્ર-તંત્ર વિદ્યા વગેરેનો પ્રયોગ અસર કરી શકે છે.

આયુષ્યબંધની શરૂઆત થાય ત્યારથી એક અંતર્મુહૂર્ત સુધીના કાળમાં જીવ આયુષ્યનો બંધ કરે છે એ અંતર્મુહૂર્તના કાળમાં જીવ પોતાના અધ્યવસાયથી અથવા પોતાના પરિણામથી એ અધ્યવસાયને અટકાવી અટકાવીને આયુષ્યનો બંધ કરતો હોય તો ચાર વાર અટકીને આયુષ્યનો બંધ કરે અને પૂર્ણ કરે તો જીવ સોપક્રમ આયુષ્યનો બંધ કરે છે એમ કહેવાય છે અને ચારવાર અટક્યા પછી ક્રમસર આગળ અટકતાં અટકતાં ચારથી આઠવાર સુધીની અંદર અટકી અટકીને આયુષ્યનો બંધ કરતો હોય તો એ જીવો નિરુપક્રમ આયુષ્ય બાંધે છે એમ કહેવાય છે. આવી રીતે અટકી અટકીને આયુષ્યનો બંધ કરવો એને આકર્ષ કહે છે. જેમકે હવાડામાં રહેલું પાણી ગાય જ્યારે પીતી હોય છે તો થોડુંકપાણી પીએ પછી પોતાનું મોઢું ઉંચું કરે છે, પછી પાછું ફ્રીથી મોઢું પાણી પીવા માટે હવાડામાં નાંખે છે પાછું મોઢું ઉંચું કરે છે એમ જેમ ગાય પાણી અટકી અટકીને પીએ છે એની જેમ એક અંતર્મુહૂર્તમાં પોતાના પરિણામને વારંવાર અટકાવી અટકાવીને

આયુષ્યબંધ કરતો હોય તો તેને આકર્ષ કહેવાય છે. આવી રીતે એક અંતર્મુહૂર્તમાં જીવ આઠવાર અટકીને આયુષ્યનો બંધ કરી શકે છે. માટે આઠ આકર્ષથી આયુષ્યનો બંધ એ જીવે કર્યો એમ કહેવાય છે. એકેન્દ્રિયથી શરૂ કરીને પંચેન્દ્રિય સુધીના સઘળાય જીવો સોપક્રમ આયુષ્યનો બંધ કરી શકે છે એમ નિરુપક્રમ આયુષ્યનો પણ બંધ કરી શકે છે. નિગોદમાં રહેલા એક અંતર્મુહૂર્તના આયુષ્યવાળા જીવો પણ પૂર્વક્રોડ વરસનું આયુષ્યનો બંધ કરતાં હોય તો એ પૂર્વક્રોડ વરસનું આયુષ્ય સોપક્રમ રૂપે પણ બાંધી શકે છે અને નિરુપક્રમ રૂપે પણ બાંધી શકે છે. જો એ જીવોએ સોપક્રમ આયુષ્ય બાંધેલું હોય તો પૂર્વક્રોડ વરસનો આયુષ્યનો ઉદય પેદા થતાં જ્યાં એને ઉપક્રમથી આયુષ્ય પૂર્ણ થવાનું હોય ત્યાં પૂર્વક્રોડ વરસનું આયુષ્ય એના છેલ્લા અંતર્મુહૂર્તે એકસાથે બધું ભોગવાઇને વહેલું પૂર્ણ થઇ જાય છે અને નિરુપક્રમ આયુષ્ય બાંધેલું હોય તો ગમે તેટલા ઉપક્રમ પેદા થતાં હોવાછતાંય વચમાં આયુષ્ય પૂર્ણ થઇ શકતું નથી. એવી રીતે આયુષ્યનો બંધ એકેન્દ્રિય જીવો નિગોદમાં રહેલા હોવાછતાં પણ પોતાના અધ્યવસાયથી આ રીતે આયુષ્યનો બંધ કરી શકે છે. નિરુપક્રમ રૂપે નિગોદના જીવો નિગોદ રૂપે એક અંતર્મુહૂર્તનું આયુષ્ય બાંધતા હોય તો નિરુપક્રમ રૂપે પણ બાંધી શકે છે.

આ ભવમાં બીજા ભવનું આયુષ્ય બાંધી દીધેલું હોય અને જો એ નિકાચીત રૂપે અને નિરુપક્રમ રૂપે બાંધેલું ન હોય તો જીવ એ આયુષ્યનો ઉદય પ્રાપ્ત કરતાં પહેલાં આજ ભવને વિષે જો અધ્યવસાયના સારા પેદા થતાં જાય તો દૂર્ગતિનું આયુષ્ય લાંબુ બાંધેલું હોય તો એને ઓછું કરતાં કરતાં ઘણું ઓછું કરી શકે છે. એટલે કે દૂર્ગતિનું આયુષ્ય એકવાર ખરાબ અધ્યવસાયથી બાંધ્યા પછી જો એ નિકાચીત રૂપે બંધાયેલું ન હોય અને પાછળથી સમકિતની પ્રાપ્તિ કરી ચિત્તની પ્રસન્નતાને પ્રાપ્ત કરીને શુધ્ધ પરિણામને પ્રાપ્ત કરે એ વિશુધ્ધિમાં જ પોતાનો કાળ પસાર કરતો જાય તો એ વિશુધ્ધિના સંસ્કારમાં દૂર્ગતિનું બાંધેલું આયુષ્ય ઓછું કરતાં કરતાં પોતાના અધ્યવસાયથી એ જેટલું ઓછું થઇ શકે એટલું ઓછું કરી શકે છે. જેમકે કૃષ્ણ મહારાજાના જીવે સમકિત પામતાં પહેલા સાતમી નારકીનું આયુષ્ય

બાંધી દીધું અને ૩૩ સાગરોપમ સુધી ભોગવી શકાય એ રીતે ભોગવવા લાયક આયુષ્ય બાંધ્યું. એમાં ત્રણ નારકી સુધીનું એટલે કે ત્રણ નારકીનું ત્રણ સાગરોપમ + પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું અધિક ત્યાં સુધીનું આયુષ્ય નિકાચીત રૂપે બાંધેલું હતું અને તેત્રીશ સાગરોપમમાંથી બાકીનું આયુષ્ય અનિકાચીત રૂપે બાંધેલું હતું માટે જ્યારે અઢાર હજાર સાધુ ભગવંતોને વંદન કરતાં કરતાં સમકિતની પ્રાપ્તિ એટલે કે ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ થયેલી છે એમાં વંદન કરતાં વિશુધ્ધિનો ભાવ વધતાં વધતાં ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરી અને તીર્થંકર નામકર્મ બાંધ્યું તો તે વખતે જે અધ્યવસાયની વિશુધ્ધિ પ્રાપ્ત થયેલી છે એ વિશુધ્ધિથી તેત્રીસ સાગરોપમનું આયુષ્ય બાંધેલું હતું એમાં અનિકાચીત રૂપે ત્રીસ સાગરોપમ જેટલું આયુષ્ય બાંધેલું હતું અને અનિકાચીત રૂપે હતું તે બધું આયુષ્ય નાશ કરી નાંખ્યુ એટલે કે એ ત્રીશ સાગરોપમ સુધી એ આયુષ્યનો સ્થિતિ અને રસ ભોગવવા લાયક જે બાંધેલો હતો એ બધો સ્થિતિ અને રસ નાશ કરી નાંખ્યો એનાથી અધિક આયુષ્ય ઓછું કરી શક્યા નહીં કારણ કે બાકીનું આયુષ્ય નિકાચીત રૂપે રહેલું હતું. જ્યારે નેમનાથ ભગવાનને વાત કરી કે ભગવન્ મેં મારા જીવનમાં અત્યાર સુધી ૩૬૦ યુધ્ધ કર્યા છે એમાં મને જેટલો થાક શરીરને વિષે લાગેલો નહોતો એના કરતાં વિશેષ થાક અઢાર હજાર સાધુ ભગવંતોને વંદન કરતાં લાગ્યો છે, એટલે કે પેદા થયો છે. ત્યારે ભગવાને કહ્યું કે કૃષ્ણ તેં તો ઘણું ઉંચુ કામ કરી નાંખ્યુ કે આ સાધુ ભગવંતોને જે પરિણામથી તે વંદન કર્યું, એ પરિણામના પ્રતાપે ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરી, ચાર નારકીનું આયુષ્ય નાશ કર્યું અને તીર્થંકર નામકર્મ બાંધ્યું છે. ત્યારે કૃષ્ણ મહારાજા નેમનાથ ભગવાનને વારંવાર કહે છે કે જો આપ આજ્ઞા આપો તો હું વારંવાર સાધુ ભગવંતોને વંદન કરું કે જેથી મારી નારકી તૂટી જાય. ત્યારે ભગવાને કહ્યું કે હવે એવા અધ્યવસાય તને પ્રાપ્ત થવાના નથી કારણ કે બાકીની નારકીનું આયુષ્ય તેં નિકાચીત રૂપે બાંધેલું છે એટલે કે અવશ્ય તારે ભોગવવાનુંજ છે. જેમ કૃષ્ણ મહારાજાએ આ રીતે પોતાની જે ચાર નારકી નિવારી એમ વર્તમાનમાં પણ આપણા

સંઘયણ બળમાં ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરી શકીએ એવી તાકાત નથી તો પણ આ સંઘયણ બળમાં બીજી નારકીનું ત્રણ સાગરોપમનું આયુષ્ય બાંધી શકાય છે. પણ જો એ ત્રણ સાગરોપમનું આયુષ્ય ખરાબ અધ્યવસાયથી બાંધીને અનિકાચીત રૂપે બાંધેલું હોય અને એ બાંધ્યા પછી પાછળથી ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ થાય અને એ ક્ષયોપશમ સમકિતના કાળમાં વર્તમાનકાળમાં જેટલી વિશુધ્ધિ જોઇએ એટલી વિશુધ્ધિ પ્રાપ્ત કરીને ચિત્તની પ્રસન્નતાને પ્રાપ્ત કરી એને જાળવી રાખીને જીવન જીવવાનો પ્રયત્ન કરતો જાય તો ત્રણ સાગરોપમનું આયુષ્ય જે બાંધેલું છે તે ઓછું કરતાં કરતાં યાવત્ પહેલી નારકીનું દશ હજાર વરસ સુધીનું પણ કરી શકે છે. દશ હજાર વરસથી ઓછું થઇ શકે એમ નથી કારણ કે પહેલી નારકીમાં જઘન્ય આયુષ્ય દશ હજાર વરસનુંજ હોય છે. એટલે દશ હજાર વરસ સુધી એને નારકીના દુઃખો ભોગવવા જવું પડે એવું બની શકે પણ વિચારણા કરો કે જે ત્રણ સાગરોપમ કાળ સુધી નારકીનું દુઃખ વેઠતાં વેઠતાં જેટલા અશુભ કર્મો તીવ્રરસે બાંધવાનો હતો એ બધા નાશ પામીને દશ હજાર વરસ સુધીજ નારકીના દુઃખોને ભોગવવા જેટલુંજ કર્મ રહ્યું અને એટલા કાળ સુધીમાં અશુભ કર્મો જેટલા બંધાતા હોય એટલાજ બંધાશે. આ કાળમાં પણ જો આટલી શક્તિ રહેલી હોય તો સમકિત પામવું આપણા માટે કેટલું સહેલું છે એ વિચાર કરીને પ્રયત્ન કરતાં રહીએ તો જરૂર આ કાળમાં આપણને સમકિતની પ્રાપ્તિ થયા વગર રહે નહિ. એવીજ રીતે તિર્યંચનું આયુષ્ય કૃર અને ઘાતકી પરિણામવાળા વાઘ અને સિંહ રૂપે ઉત્પન્ન થઇ શકીએ એવું પૂર્વક્રોડ વરસનું આયુષ્ય બાંધ્યું હોય અને પાછળથી ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરી વિશુધ્ધ પરિણામ પ્રાપ્ત કરીને ચિત્તની પ્રસન્નતા પેદા કરીને જ્યાંસુધી જીવીએ ત્યાંસુધી ચિત્તની પ્રસન્નતાની સ્થિરતામાંજ કાળ પસાર કરતાં રહીએ તો પૂર્વક્રોડ વરસનું અનિકાચીત રૂપે બાંધેલું તિર્યંચનું આયુષ્ય હોય તો ઓછું કરતાં કરતાં એક અંતર્મુહૂર્તનું પણ કરી શકીએ છીએ. એટલે કે ચિત્તની પ્રસન્નતાનો સંસ્કાર સાથે લઇને તિર્યંચપણે ઉત્પન્ન થઇ એક અંતર્મુહૂર્ત ત્યાં રહી ત્યાંથી મનુષ્યાયુષ્ય બાંધીને તરતજ મનુષ્ય બની શકીએ છીએ.

આનો અર્થ એ થાય છે કે પૂર્વક્રોડ વરસ સુધી ક્રૂર અને ઘાતકી પરિણામમાં સિંહના અવતારમાં અથવા વાઘના અવતારમાં રહીને અશુભ કર્મો તીવ્રરસે અસંખ્યાતા કે અનંતા ભવ સુધી ભોગવાય એવા જે બાંધવાના હતા એ બધા કર્મોનો નાશ ચિત્તની પ્રસન્નતાથી નાશ પામે છે. આરાધના કરતાં કરતાં આવી ચિત્તની પ્રસન્નતા મને પ્રાપ્ત થતી જાય છે કે નહીં એ પ્રાપ્ત કરવા માટે રોજ આરાધના કરતાં કરતાં વિચારણા કરતાં રહેવું જોઇએ. પાંચમા આરામાં પણ જો આટલી શક્તિ વિશુધ્ધિમાં રહેલી હોય, ચિત્તની પ્રસન્નતામાં પણ જો પ્રાપ્ત થઇ શકતી હોય તો પછી ચોથા આરામાં રહેલા જીવોને પહેલા સંઘયણના કાળમાં ચિત્તની પ્રસન્નતા કેટલી કામ કરતી હશે અને એની વિશુધ્ધિ કર્મો ખપાવવામાં કેટલી સહાયભૂત થતી હશે એ આના ઉપરથી ખાસ વિચારવા લાયક છે. માટે જૈનશાસનમાં કહેલું છે કે પરિણામે કર્મનો બંધ થાય પરિણામે કર્મની નિર્જરા થાય અને પરિણામે મોક્ષ થાય. ક્રિયાથી કર્મ બંધાય અને ઉપયોગ એ ધર્મરૂપે કહેલો છે એટલે કે ક્રિયા કર્મરૂપે કહેલી છે અને ઉપયોગ ધર્મરૂપે કહેલો છે. આરાધના કરતાં કરતાં આપણા પરિણામ કેવા ચાલે છે અને એ પરિણામ આરાધના કર્યા પછી જીવનમાં કેટલો કાળ સુધી રહે છે આની રોજ આપણે વિચારણા કર્યા કરવી પડે. આની વિચારણા ચાલુ થયેલી છે ! આનેજ જૈનશાસનની જડ કહેલી છે.

આયુષ્યનો બંધ ઘોલના પરિણામથી બંધાય છે. ઘોલનો પરિણામ એટલે જેમકે કોઇ પદાર્થ આપણને ગમી ગયો એ પદાર્થને મેળવવાની ઇચ્છા પેદા થઇ એ. ગમેલો પદાર્થ જ્યાં સુધી આપણને મળે નહીં ત્યાં સુધી એની વિચારધારા અંતરમાં વારંવાર ચાલ્યાજ કરે છે એ જે વિચારણાને વારંવાર ચાલુ રાખીને એની જે એકાગ્રતા પ્રાપ્ત કરવી એને ઘોલનો પરિણામ કહેવાય છે. જેમકે પાકી કેરી હોય એને ખાવા માટે ઉપયોગમાં લેવી હોય તેને વારંવાર ઘોળવી પડે છે અને ઘોળતા ઘોળતા એકદમ પોચી બનાવીને પછીજ એને ઉપયોગમાં લેવાય છે. એવી રીતે પરિણામને પણ વારંવાર ઘોળી ઘોળીને જે સ્થિરતા પ્રાપ્ત કરવી એને ઘોળનો પરિણામ કહે છે. આ ઘોલના પરિણમમાંજ આયુષ્ય બંધાય છે. આથી જ્ઞાની ભગવંતો કહે છે કે શ્રાવક પોતે પોતાનું

જીવન જીવતો હોય તો એવી રીતે જીવન જીવે કે પોતે રાગાદિ પરિણામથી જે પરિણામો પ્રાપ્ત કરે છે એ પરિણામો ઘોલના પરિણામવાળા ન બની જાય એની કાળજી રાખીને પોતાનું જીવન જીવતો હોય છે અને જે કાંઇ દેવની, ગુરૂની, ધર્મની આરાધનામાં શુભ પરિણામની પ્રાપ્તિ કરતો જાય અને શુધ્ધ પરિણામનો અનુભવ કરતો જાય એ ઘોલી ઘોલીને એવો બનાવતો જાય કે એની એકાગ્રતાની પ્રસન્નતા એનો આનંદ અંતરમાં સ્થિર થતો જાય કે જેના કારણે આયુષ્યનો બંધ પડે તો એ પરિણામમાં સદ્ગતિનું આયુષ્ય બંધાતું જાય. પણ અશુભ પરિણામોને ઘોળવાનો પ્રયત્ન કરતો ન હોય કે જેના કારણે દુર્ગતિનું આયુષ્ય બંધાય નહિં. બોલો આ રીતનું જીવન જીવાય છે ખરુ ! આરાધનાનું ફળ બીજા ભવોમાં જે મળવાનું હશે તે મળશે પણ આ ભવમાં આ પ્રત્યક્ષ ખ્યાલ આપણે પ્રાપ્ત કરી શકીએ એવી શક્તિ આપણી પાસે રહેલી હોવા છતાં આવા ફળને આપણે પ્રાપ્ત કરીને એનો અનુભવ કરીએ છીએ ખરા ! આવા અનુભવને હું જરૂર પ્રાપ્ત કરું એવી વિચારણા પણ પેદા થાય છે ખરી ! તોજ આપણને આરાધનામાં વિશેષ રીતે આનંદ પેદા થતાં થતાં શુધ્ધ પરિણામ પેદા કરવાની ઇચ્છા અંતરથી પેદા થયા કરે અને આરાધના કર્યા પછી હું શુધ્ધ પરિણામમાં કેટલો આગળ વધી રહેલો છું એનું જોવાનું મન વારંવાર પેદા થયા વગર રહે નહિ. આજ જ્ઞાની ભગવંતોએ વર્તમાનમાં થતી આરાધનાનું પ્રત્યક્ષ ફળ કહેલું છે.

દેવાયુષ્ય કે મનુષ્યાયુષ્યનો બંધ કરેલો હોય અને પાછળથી ખરાબ અધ્યવસાયવાળો જીવ બની જાય, ક્રૂર અને ઘાતકી પરિણામવાળો થતોજાય અને જો મનુષ્યાયુષ્ય કે દેવાયુષ્ય નિકાચીત રૂપે બાંધેલું ન હોય તો એ આયુષ્ય ઓછું થતાં થતાં મનુષ્યનું આયુષ્ય એક અંતર્મુહૂર્તનું કરી શકે છે. એટલે કે કોઇ જીવે મનુષ્યનું પૂર્વક્રોડ વરસનું આયુષ્ય બાંધ્યું હોય અને અનિકાચીત રૂપે બાંધેલું હોય અને એ બાંધ્યા પછી પાછળથી ખરાબ અધ્યવસાયવાળો થઇ જાય તો પૂર્વક્રોડ વરસનું બાંધેલું આયુષ્ય ક્રમસર ઓછું થતાં થતાં એક અંતર્મુહૂર્ત સુધીનું પણ થઇ શકે છે. એવીજ રીતે દેવાયુષ્ય એક સાગરોપમ આદિનું બાંધેલું હોય અને પાછળથી ખરાબ

અધ્યવસાયવાળો જીવ બને તો આયુષ્ય ઓછું કરતાં કરતાં દશ હજાર વરસનું પણ કરી શકે છે. જેમ દૂર્ગતિનું બાંધેલું આયુષ્ય ઘટાડીને દુઃખથી બચી શકે છે કે સારા અધ્યવસાયથી ચિત્તની પ્રસન્નતાથી દુઃખનો નાશ અને બંધાતા ઘણા કર્મોનો નાશ થઇ શકે છે. એવીજ રીતે સારું આયુષ્ય બાંધ્યા પછી ખરાબ અધ્યવસાય પ્રાપ્ત થાય તો સદ્ગતિમાં ભોગવવા લાયક આયુષ્ય ઓછું થતાં થતાં જઘન્ય આયુષ્ય સુધી પણ જીવ કરી શકે છે. આ રીતે જ્ઞાની ભગવંતોએ ચારે પ્રકારના આયુષ્ય માટેનું વર્ણન કરેલું છે. માટે જ મનુષ્યગતિને વિષે સમયે સમયે જીવને સાવચેતી રાખીને જીવન જીવવાનું વિધાન કહેલું છે. શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ચાર જ્ઞાનના ધણી પોતાના પ્રથમ શિષ્ય જૈનશાસનના પ્રથમ ગણધર દ્વાદશાંગીના પ્રણેતા એવા શ્રી ગૌતમસ્વામી મહારાજાને પણ રોજ કહેતા હતા કે હે ગૌતમ એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહીં. કારણ કે પ્રમાદ એ આત્માનો ભયંકરમાં ભયંક કોટિનો શત્રુ છે.

ચોવીસ તીર્થંકરના આત્માઓ, બાર ચક્રવર્તીના આત્માઓ, નવ બળદેવના આત્માઓ, નવ વાસુદેવના આત્માઓ, નવ પ્રતિવાસુદેવના આત્માઓ આ રીતે કુલ ૬૩ પુરૂષોના આત્માઓને સલાકા પુરૂષ કહેવાય છે. આ આત્માઓનું આયુષ્ય છેલ્લા એ ભવમાં નિયમા નિરુપક્રમજ હોય છે. એટલે કે ગમે તેટલા ઉપઘાત લાગે ગમે તેવા પરિષહો અને ઉપસર્ગો આવે તો પણ આ જીવોનું આયુષ્ય જેટલું ભોગવવા યોગ્ય બાંધેલું હોય એમાં જરાય ઓછું થતું નથી. કેટલીક વાર એ ઉપક્રમ આપણને એવી રીતનો લાગે કે જો આ ઉપક્રમ અથવા ઉપઘાત પેદા થયો ન હોત તો એ જીવો મરણ પામત નહીં, જીવતા રહેત. જેમકે રામ અને લક્ષ્મણ બળદેવ અને વાસુદેવ હતા. એટલે કે રામ બળદેવ છે અને લક્ષ્મણ વાસુદેવ છે. બન્નેનો રાગ એટલો બધો અત્યંત હોય છે કે એક બીજા એકબીજા વગર જરાય જીવી શકે એમ નથી. એકબીજા એક બીજાનું મરણ સાંભળે તો મરણ પામ્યા વગર પણ રહેતા નથી. આટલો અત્યંત રાગ હોવાછતાંય એ બન્ને જીવો નિયમા સમકિતી હોય છે. એટલે કે ક્ષયોપશમ સમકિતથી યુક્ત હોય છે.

ઇંદ્ર મહારાજાએ દેવોની સભાને વિષે રામ અને લક્ષ્મણના રાગની વાત કરીને એમના વખાણ કર્યા. એમાં બે દેવતાઓને એ વાત જચી નહિ એટલે પરીક્ષા કરવા માટે બ્રાહ્મણનું રૂપ લઇ મનુષ્યલોકને વિષે આવીને જ્યાં લક્ષ્મણજી દીવાનખાનામાં એકલા બેઠેલા છે ત્યાં પ્રવેશ કરી લક્ષ્મણજીને તે વખતે કહે છે કે સાંભળ્યું ! રામચંદ્રજી ગયાં. આ શબ્દો સાંભળતાની સાથે જ હેં રામ ગયા ! આવી વિચારણા અંતરમાં પેદા થતા જ તે વખતે લક્ષ્મણજીનું આયુષ્ય પૂર્ણ થયું અને મરણ પામ્યા. સામાન્ય રીતે આ દાખલામાં જોઇએ તો એમ લાગે કે જો દેવતાઓ ના આવ્યા હોત તો લક્ષ્મણજી હજી જીવતા રહેત. પણ જ્ઞાની ભગવંતો કહે છે કે લક્ષ્મણજીનું આયુષ્ય એ વખતે એ ટાઇમેજ આવા નિમિત્તથી પૂર્ણ થવાનુંજ હતું. માટે આ ઉપઘાત લાગેલો હોવા છતાં પણ એમનું આયુષ્ય તૂટેલું નથી એટલે કે સોપક્રમ નથી પણ બધુંજ ભોગવાઇને તે ટાઇમે પૂર્ણ થવાનું હતું એ રીતેજ બાંધેલું હતું માટે એ આયુષ્ય નિયમા નિરુપક્રમ રૂપેજ હતું. જ્યારે સોપક્રમ આયુષ્યવાળા જીવોને જો એવો કોઇપણ ઉપઘાત કે રોગાદિ શરીરમાં પ્રાપ્ત થાય તો આયુષ્યની દોરી ઘટતાં ઘટતાં એનું આયુષ્ય ૮૦ વરસ કે ૧૦૦ વરસ સુધી ભોગવી શકાય એવું હોવા છતાં પણ કેટલાકને વીશ વર્ષે કેટલાકને પચ્ચીશ વર્ષે કેટલાકને ચાલીશ વર્ષે કોઇને કોઇ ઘાત પેદા થતાં તે ટાઇમે બધું આયુષ્ય પૂર્ણ થઇ જાય છે. એટલે કે વીશ વરસના છેલ્લા અંતર્મુહૂર્તે, પચ્ચીશ વરસના છેલ્લા અંતર્મુહૂર્તે અથવા ચાલીશ વરસના છેલ્લા અંતર્મુહૂર્તે બાકીનું ભોગવી શકાય એવું આયુષ્ય એકસાથે ભોગવાઇને નાશ પામે છે અને જીવ મરણ પામે છે. આને સોપક્રમ આયુષ્ય કહેવાય છે.

અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને વિષે એમનું આયુષ્ય નિયમા નિરુપક્રમજ હોય છે છતાં પણ કોકવાર પુર્વભવે અસંખ્યાત વર્ષનું આયુષ્ય જે બાંધેલું હોય એ અનિકાચીત રૂપે અને અપવર્તનીય રૂપે પણ બાંધેલું હોય છે એના કારણે મનુષ્યપણામાં ઉત્પન્ન થતાંની સાથેજ એક અંતર્મુહૂર્તનું મનુષ્યાયુષ્યને ભોગવતાં ભોગવતાં બાકીનું અસંખ્યાત વર્ષનું આયુષ્ય એ અંતર્મુહૂર્તમાંજ પૂર્ણ થઇ જાય છે અને જીવ મરણ પામે છે. એવીજ રીતે

કેટલીક વાર કોઇ કોઇ જીવો અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા અપવર્તનીય આયુષ્ય બાંધીને આવેલા હોય તો એ જીવો થોડા વર્ષો સુધી આયુષ્ય ભોગવે અને કાંઇક એવું કારણ બને કે જેના કારણે એક સાથે બધું આયુષ્ય પૂર્ણ થઇ મરણ પામે છે. જેમકે જ્યારે ઋષભદેવ ભગવાન યુવાનવય પામ્યા અને તે વખતે લગ્ન કરવાની યોગ્યતાવાળી ઉંમર થઇ તેજ વખતે યુગલીયા મનુષ્યો પોતાનું જીવન જીવતાં હતાં એમાં એક પુરૂષ ઉપર ફળ પડ્યું અને મરણ પામ્યાં. એ બાઇ જે એમને એમ રહેલી એને ઇંદ્ર મહારાજાએ આવીને ઋષભદેવ ભગવાનની પત્ની રૂપે બનાવી. એટલે આવી રીતે કેટલીકવાર એક અંતર્મુહૂર્તથી અધિક આયુષ્યપણ મનુષ્યપણાનું ભોગવાતું હોય અને અસંખ્યાત વર્ષ સુધી ભોગવી શકાય એવું હોવાછતાં પણ વચમાં સંખ્યાતા વર્ષની અંદર એ આયુષ્ય પૂર્ણ પણ થઇ શકે છે. પણ આવા દાખલા બહુજ ઓછા બને છે.

દેવતા અને નારકીના જીવોનું આયુષ્ય નિયમા નિરુપક્રમજ હોય છે. એ નિરુપક્રમ આયુષ્યમાં નિકાચીત રૂપે પણ હોય અને અનિકાચીત રૂપે પણ હોય છે. એમાં નિરુપક્રમ આયુષ્ય અનિકાચીત રૂપે હોય તો એ આયુષ્યનો ઉદય થતાં પહેલાં મનુષ્યપણામાં કે તિર્યંચપણામાં રહેલા જીવો નારકીનું આયુષ્ય ઓછું કરવા માટે ચિત્તની પ્રસન્નતા અને એકાગ્રતાની પ્રાપ્તિ ખાસ જરૂરી છે. દેવલોકનું આયુષ્ય ઓછું કરવા માટે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના પરિણામ આયુષ્ય બાંધ્યા પછી તીવ્ર રૂપે પેદા થાય તો દેવલોકનું આયુષ્ય ઓછું થઇ શકે છે. પણ ચારે ગતિમાંથી કોઇપણ ગતિનું આયુષ્ય એકવાર બાંધ્યા પછી અધિક કરી શકાતું નથી. આ સિવાયના બાકીના જીવોનું આયુષ્ય સોપક્રમ પણ હોઇ શકે છે એ સોપક્રમ આયુષ્યમાં નિકાચીત પણ હોઇ શકે છે અનિકાચીત પણ હોઇ શકે છે. અપવર્તનીય રૂપે પણ હોઇ શકે છે અને અનપવર્તનીય રૂપે પણ હોઇ શકે છે. એવીજ રીતે નિરુપક્રમ આયુષ્ય નિકાચીત રૂપે, અનિકાચીત રૂપે, અપવર્તનીય રૂપે અને અનપવર્તનીય રૂપે પણ હોઇ શકે છે. આવી રીતે આયુષ્યના અનેક ભેદો પડતાં હોવાથી એ આયુષ્યના બંધના અધ્યવસાયને જ્ઞાની ભગવંતો પણ જલ્દી પકડી શકતા

નથી. કારણ કે એ અધ્યવસાયો એટલા બધા સૂક્ષ્મ રૂપે હોય છે કે જેના કારણે છદ્મસ્થ જીવો એ અધ્યવસાયોને પકડી શકે એવી તાકાત રહેતી નથી.

જીવ આયુષ્ય બાંધતો હોય ત્યારે તેજ વખતે બધાજ જીવોને આયુષ્યની નિકાચના થઇજ જાય એવું નક્કી હોતું નથી. છેલ્લા અંતર્મુહૂર્તે આયુષ્ય બંધાય એવો જે ઉલ્લેખ આગળ કરવામાં આવ્યો છે એ અંતર્મુહૂર્ત ચોવીશ મિનિટનું લેવાનું નથી પણ અસંખ્યાત સમયવાળુંજ અંતર્મુહૂર્ત ગ્રહણ કરાય છે. ચોવીશ મિનિટનું મુહૂર્ત એ ઉત્કૃષ્ટ મુહૂર્ત છે એક અંતર્મુહૂર્ત એટલે ૪૮ મિનિટને વિષે એક સમય ન્યૂન એ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કહેવાય છે અને જઘન્ય અંતર્મુહૂર્તની શરૂઆત નવ સમયથી શરૂ થાય છે. જ્યારે આયુષ્યબંધ માટે જે અંતર્મુહૂર્ત ગ્રહણ કરાય છે તે મધ્ય અંતર્મુહૂર્ત ગ્રહણ કરાય છે એટલે કે જઘન્ય અંતર્મુહૂર્ત પણ લેવાનું નથી અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત પણ ગ્રહણ કરવાનું નથી માત્ર અસંખ્યાત સમયવાળું જ અંતર્મુહૂર્ત ગ્રહણ કરાય છે. એ અસંખ્યાતા સમયના અસંખ્યાતા ભેદ પ્રાપ્ત થઇ શકે છે. એવીજ રીતે જઘન્ય અંતર્મુહૂર્તથી શરૂ કરીને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધીમાં મધ્યમ અંતર્મુહૂર્તો જેટલા પ્રાપ્ત થાય એના અસંખ્યાતા ભેદો પ્રાપ્ત થઇ શકે છે. માટે અહીંયા અસંખ્યાત સમયવાળું અંતર્મુહૂર્ત આયુષ્યબંધને માટે કહેલું છે. જેમકે નરકનું આયુષ્ય બાંધવા માટે જ્યારે પહેલા સંઘયણનો કાળ વિદ્યમાન હોય તે વખતે જઘન્ય દશ હજાર વરસના આયુષ્યનો અધ્યવસાયથી શરૂ કરીને એક સમય અધિક, બે સમય અધિક, ત્રણ સમય અધિક એમ ક્રમસર એક એક સમય અધિક કરતાં કરતાં તેત્રીશ સાગરોપમના જેટલા સમયો થાય એટલા અધ્યવસાયો એટલે કે પરિણામો નરકના આયુષ્યને બાંધવા માટેના કહેલા છે. છેલ્લા સંઘયણવાળા જીવોના કાળમાં પાંચમા આરામાં રહેલા જીવોને વિષે જઘન્યથી દશ હજાર વરસનું આયુષ્ય ત્યાર પછી એક સમય અધિક બે સમય અધિક ત્રણ સમય અધિક એમ યાવત્ એક એક સમય અધિક કરતાં કરતાં ત્રણ સાગરોપમ જેટલું આયુષ્ય ઉત્કૃષ્ટથી બાંધી શકે છે. એનાજેટલા અધ્યવસાયો પ્રાપ્ત થાય એટલા સમયો આયુષ્યબંધની યોગ્યતાવાળા કહેલા છે. એટલે કે આયુષ્યબંધના અધ્યવસાય સ્થાનો વર્તમાનમાં ત્રણ સાગરોપમ

સુધીના કહેલા છે. એવીજ રીતે તિર્યંચાયુષ્યને બાંધવા માટેના અધ્યવસાયો જઘન્ય આયુષ્ય એક અંતર્મુહૂર્તનું એટલે કે ૨૫૬ આવલિકાનું હોય છે. ત્યાંથી શરૂ કરીને એક સમય અધિક, બે સમય અધિક, ત્રણ સમય અધિક એમ ક્રમસર એક એક સમય અધિક કરતાં કરતાં યાવત્ સંખ્યાતા વર્ષોનું આયુષ્ય પૂર્વક્રોડ વરસનું આયુષ્ય તેમજ ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમનું આયુષ્ય ગણાય છે. ત્યાંસુધીના જેટલા સમયો થાય એટલા આયુષ્યબંધના અધ્યવસાયો અથવા પરિણામો જ્ઞાની ભગવંતોએ કહેલા છે. એવીજ રીતે મનુષ્યાયુષ્યને બાંધવા માટેના અધ્યવસાયોમાં જઘન્ય આયુષ્ય એક અંતર્મુહૂર્તનું ૨૫૬ આવલિકાવાળું ત્યાંથી શરૂ કરીને એક સમય અધિક, બે સમય અધિક, ત્રણ સમય અધિક એમ ક્રમસર એક એક સમય અધિક કરતાં કરતાં યાવત્ સંખ્યાતા વર્ષોનું આયુષ્ય પૂર્વક્રોડ વરસનું આયુષ્ય તેમજ ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમનું આયુષ્ય ગણાય છે. ત્યાંસુધીના જેટલા સમયો થાય એટલા આયુષ્યબંધના અધ્યવસાયો અથવા પરિણામો જ્ઞાની ભગવંતોએ કહેલા છે. દેવાયુષ્યને વિષે પહેલા સંઘયણવાળા જીવોના કાળમાં જઘન્ય દશ હજાર વરસના આયુષ્યથી શરૂ કરીને એક સમય અધિક, બે સમય અધિક, ત્રણ સમય અધિક એણ ક્રમસર એક એક સમય અધિક કરતાં કરતાં તેત્રીશ સાગરોપમના જેટલા સમયો થાય એટલા અધ્યવસાયો એટલે કે પરિણામો દેવાયુષ્યના આયુષ્યને બાંધવા માટેના કહેલા છે. છેલ્લા સંઘયણવાળા જીવોના કાળમાં પાંચમા આરામાં રહેલા જીવોને વિષે જઘન્યથી દશ હજાર વરસનું આયુષ્ય ત્યાર પછી એક સમય અધિક, બે સમય અધિક, ત્રણ સમય અધિક એમ યાવત્ એક એક સમય અધિક કરતાં કરતાં ત્રણ સાગરોપમ જેટલું આયુષ્ય ઉત્કૃષ્ટથી બાંધી શકે છે. એબાજેટલા અધ્યવસાયો પ્રાપ્ત થાય એટલા સમયો આયુષ્યબંધની યોગ્યતાવાળા કહેલા છે. એટલે કે આયુષ્યબંધના અધ્યવસાય સ્થાનો વર્તમાનમાં ત્રણ સાગરોપમ સુધીના કહેલા છે. આ કારણથી જ્ઞાની ભગવંતોએ અપવર્તનીય આયુષ્યના અધ્યવસાયો અને અનોપવર્તનીય આયુષ્યના અધ્યવસાયો અનેક પ્રકારના ભેદવાળા કહેલા છે.

**તિર્યંચાયુષ્યનો બંધ :-** સામાન્ય રીતે જ્ઞાની ભગવંતોએ તિર્યંચગતિને પાપપ્રકૃતિ કહેલી છે. જ્યારે તિર્યંચાયુષ્યને પુણ્યપ્રકૃતિ રૂપે કહેલી છે એનું કારણ એ જણાવેલું છે કે કોઇપણ સારા તિર્યંચને જીવોને જોવાની ઇચ્છા પેદા થશે. પણ એ જોતાં જોતાં તે વખતે કોઇ એમ કહે કે તારે આમાં ઉત્પન્ન થવું છે. જો તું આમાં ઉત્પન્ન થઇશ તો તને અનેક જીવો જોવા માટે ભેગા થશે જેમકે હાથી આવતો હોય તો હાથીને જોવાની ઇચ્છા પેદા થાય છે. હાથીને જોવા માટે હજારો લોકો ભેગા પણ થાય છે પણ તે વખતે કોઇને એમ કહેવામાં આવે કે બોલ તારે હાથી થઉં છે તો તને આવી રીતે હજારો માણસો જોવા માટે ભેગા થશે. તો તે વખતે એ જોનારો જીવ જેને પૂછયું હોય એ એમ જવાબ આપે છે કે મારે હાથી થવું નથી. એ વસ્તુજ એમ સૂચવે છે કે તિર્યંચગતિ એ પાપપ્રકૃતિ રૂપે હોવાથી કોઇને તિર્યંચ થવું ગમતું નથી. જ્યારે તિર્યંચાયુષ્ય પુણ્ય પ્રકૃતિ એટલા માટે કહેલી છે કે જીવ તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય અને તિર્યંચાયુષ્યનો ઉદય થતાંની સાથેજ ત્યાં આગળ જીવવા માટે જે સામગ્રી મળે છે એ સામગ્રી એકાંતે દુઃખવાળી હોતી નથી. એમાં ઘણું દુઃખ હોય છે પણ થોડું સુખ રહેલું હોય છે. એટલે કે ત્યાંપોતાને થોડીઘણી પણ અનુકૂળતા મળતી હોવાથી મરવાની ઇચ્છા પેદા થતી નથી. પણ જીવવાની ઇચ્છા પેદા થાય છે. માટે થોડીઘણી અનુકૂળતામાં પણ જીવવાની ઇચ્છા રહેલી હોવાથી અને મરવાનો વિચા પેદા ન થતો હોવાથી પુણ્ય પ્રકૃતિ રૂપે તિર્યંચાયુષ્ય કહેલું છે. જેમકે કોઇક રાજા હતો એને જ્યોતિષીને બોલાવીને મારૂં આયુષ્ય કેટલું બાકી છે અને હું મરીને ક્યાં ઉત્પન્ન થવાનો છું અને ક્યારે મરણ પામીશ એ જ્યારે પૂછે ત્યારે જ્યોતિષીએ કહ્યું કે મને પહેલાં અભયવચન આપો તોજ હું તમારી સત્ય હકીકત કહું નહિંતર તમે મને જેલમાં પૂરીને મારી નાંખ્યા વગર રહો નહિં. કારણ કે તમે મોટા માણસ છો અને તમને ગુસ્સો આયા વગર રહેશે નહિ. ત્યારે રાજાએ અભયવચન આપ્યું ત્યારે જ્યોતિષીએ તે વખતે કહ્યું કે આજે એક મહિના પછી ત્રીસમા દિવસે અહીંથી તમે મરણ પામીને તમારાજ નગરની બહાર ખાળનું પાણી જે રહેલું છે અને કાદવ કીચ્ચડથી ભરચક છે એ ખાળને વિષે જે ભૂંડો રહેલા

છે એ ભૂંડના પેટમાં તમે ઉત્પન્ન થશો અને ત્યાં તમે જન્મ પામશો. આ સાંભળીને રાજાને ગુસ્સો પણ આવ્યો છે પણ અભયવચન આપેલું હોવાથી જ્યોતિષીને કાંઇ કરી શકતો નથી. પણ એક મહિના સુધી પોતાના મહેલમાં રાખીને એને જે કંઇ ખાવા પીવા આદિની સામગ્રી જોઇએ એ પૂરી પાડીને એને ત્યાં રાખે છે. અને પોતાના દીકરાને બોલાવીને કહ્યું કે આ જ્યોતિષીના કહ્યા મુજબ ત્રીશમા દિવસે અમુક ટાઇમે હું મરણ પામું તો તારે સમજવાનું કે હું આપણા નગરની બહારના ભાગમાં જે ખાળ રહેલી છે એ ખાળના કાદવ કીચડમાં ભૂંડો રહેલા છે એ ભૂંડના પેટમાં હું ઉત્પન્ન થયેલો છું એમ તારે સમજવું અને જેવો હું એમાંથી એટલે તેના પેટમાંથી બહાર નીકળું કે તરત જ માણસો પાસે તારે મને મરાવી નાંખવાનો. આવું જે પોતાના દીકરાને જણાવી રહેલો છે એ વર્તમાનમાં મનુષ્યપણામાં બેઠેલો છે માટે કહે છે. જ્યોતિષીના કહ્યા મુજબ એ જ રીતે રાજા મરણ પામ્યો ભૂંડના પેટમાં ઉત્પન્ન થયો તે વખતે ત્યાં એ ભૂંડની પાસે ખુલ્લી તલવારે માણસોને રાખીને જેવું ભૂંડનું બચ્ચું બહાર નીકળે એમ એને મારી નાખવા માટે માણસો હાજર રહેલા છે. પણ જેવું એ બચ્ચું બહાર નીકળ્યું કે તરતજ તે વખતે કહે છે કે મને મારતાં નહીં મને અહીં જીવવું ગમે છે. કારણ કે મનુષ્યનું ખોળીયું નાશ પામ્યું અને તિર્યંચનું ખોળીયું પ્રાપ્ત થયું એ તિર્યંચના ખોળીયામાં પણ કાદવ કીચ્ચડમાં રહેવાનું એને અનુકૂળ લાગે છે અને સુખ લાગે છે માટે એને ત્યાં મરવાની ઇચ્છા પેદા થતી નથી. ત્યાં બીજું ગમે તેટલું દુઃખ પડતું હોવાછતાં પણ પોતાના શરીરને અનુકૂળ એવી અનુકૂળ સામગ્રી થોડીઘણી પણ મળતી રહેતી હોવાથી તિર્યંચાયુષ્યને પુણ્યપ્રકૃતિ રૂપે કહેલું છે માટે તિર્યંચાયુષ્ય પાપ પ્રકૃતિ રૂપે ગણાતી નથી.

તિર્યંચાયુષ્યનો બંધ જીવો અશુભ આર્તધ્યાનથી કરે છે. પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવો અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય કષાયથી તિર્યંચાયુષ્યનો બંધ કરી શકે છે. બીજા ગુણસ્થાનકમાં રહેલા જીવો તિર્યંચાયુષ્યનો જે બંધ કરે એ અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય કષાયથી સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચના આયુષ્યનો જ બંધ કરી શકે છે, બાકી

કોઇપણ તિર્યંચના આયુષ્યનો બંધ કરતાં નથી. જ્યારે પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવો અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભથી એકેન્દ્રિયપણાનું જઘન્ય આયુષ્યથી શરૂ કરીને એકેન્દ્રિયપણાનું ઉત્કૃષ્ટ આયુષ્ય બેઇન્દ્રિયપણાનું જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્ય તેઇન્દ્રિયપણાનું જઘન્યપણાનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચઉરીન્દ્રિયપણાનું જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્ય અસન્ની પંચેન્દ્રિય તિર્યંચપણાનું જઘન્ય કે ઉત્કૃષ્ટ આયુષ્ય અને સન્ની પંચેન્દ્રિય તિર્યંચપણાનું જઘન્ય કે ઉત્કૃષ્ટ આયુષ્ય અને આ દરેકનું મધ્યમ આયુષ્ય બાંધી શકે છે. આ બધા આયુષ્યંને બાંધવા માટેના કોઇપણ અધ્યવસાય પ્રાપ્ત થાય અને તે વખતે અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય કષાય રહેલો હોય તો તે વખતે આમાંથી કોઇપણ પ્રકારના આયુષ્યનો બંધ જીવ કરી શકે છે. જ્યારે તિર્યંચગતિને બાંધવા માટેના અધ્યવસાયો તિર્યંચાયુષ્યના બંધ કરતાં અસંખ્યાત ગુણા અધિક રહેલા હોય છે. એટલે કે તિર્યંચાયુષ્ય બાંધવા માટેના અધ્યવસાયો તિર્યંચગતિના બંધ કરતાં અસંખ્યાત ગુણહીન અધ્યવસાયો હોય છે.

તિર્યંચાયુષ્યનો બંધ જે જીવો ઘણી માયાવાળા હોય એટલે કે અનેક પ્રકારની માયા પ્રપંચ જીવનમાં વારંવાર કરતો જ રહેતો હોય એના વચનો પણ અનેક પ્રકારની માયાથી ભરપૂર નીકળતાં હોય આવા જીવો એની એકાગ્રતામાં તિર્યંચાયુષ્યનો બંધ કરી શકે છે. એવીજ રીતે ગૂઢ હૃદયવાળું એટલે કે જેનું હૈયું કોઇનાથી પકડી શકાય નહીં, કોઇ એના હૈયાને માપી શકે નહીં, બીજા અનેક જીવોના હૈયાને એ માપી શકે. અનેક જીવોની પાસેથી એના હૈયાની વાતો કઢાવી શકે પણ એ જીવના હૈયાની વાત બીજા કોઇ પણ જીવ કઢાવી શકે નહીં એ પોતેજ જાણતો હોય છે એવું જ ગુઢ હૃદય રાખીને જે જીવન જીવતાં હોય એવા જીવો તિર્યંચાયુષ્યનો બંધ કરી શકે છે. જે જીવો વારંવાર ક્રોધાદિ કષાયો કરતાં હોય અનેક જીવોને ક્રોધાદિ કષાયો પેદા થાય એવી રીતનો પ્રયત્ન કરતાં હોય અને પોતાની માયાથી અંતરમાં બળાપો કર્યા કરતાં હોય એવા જીવો તિર્યંચાયુષ્યનો બંધ કરી શકે છે. તેમજ માયાસલ્ય, નિયાણસલ્ય અને મિથ્યાત્વસલ્ય આ ત્રણે પ્રકારના

સલ્યમાંથી કોઇપણ એક સલ્યથી યુક્ત હોય અથવા ત્રણે પ્રકારના સલ્યથી યુક્ત હોય એવા જીવો તિર્યંચાયુષ્યનો બંધ કરી શકે છે. તેમજ મધ્યમ આરંભી હોય એટલે કે પોતે પોતાના જીવનમાં પોતાનું જીવન જીવવા માટે જે કાંઇ આરંભ સમારંભ કરતો હોય તે જઘન્ય આરંભ રૂપે ન હોય અને ઉત્કૃષ્ટ આરંભ પણ પોતાના જીવનમાં ન હોય કારણ કે જો ઉત્કૃષ્ટ આરંભ કરવા જાઉં અને ઉંધુ પડે તો મારી બધી મૂડી ચાલી જાય એટલે પોતાના આત્મામાં ઉત્કૃષ્ટ આરંભ કરવાનો વિશ્વાસ પ્રાપ્ત થતો ન હોય અને મધ્યમ આરંભ કરીને પોતાનું જીવન જીવતો હોય આવા મધ્યમ આરંભી જીવો જો આયુષ્યનો બંધ કરે તો તિર્યંચાયુષ્ય બાંધી શકે છે. એવીજ રીતે મધ્યમ પરિગ્રહી જીવો એટલે કે જે જીવોને ઉત્કૃષ્ટ પરિગ્રહ પ્રાપ્ત કરવાની ઇચ્છા ન હોય, પોતાના પુણ્યોદયથી જે પરિગ્રહ પ્રાપ્ત થયેલો હોય એમાં થોડો ઘણો વધારી સારી રીતે જીવન જીવતો થાઉં અને આમાંજ મારું કુટુંબ સારી રીતે જીવતું રહે એવી વિચારણા કરીને આરંભ-સમારંભ કરતાં કરતાં પોતાના પુણ્યોદયથી જે મળે એ રીતે પ્રાપ્ત કરી, થોડો ઘણો પરિગ્રહ વધારી પોતાનું જીવન જીવતો થાય એને મધ્યમ પરિગ્રહી જીવો કહેવાય છે. આવા જીવોને પણ કુટુંબનો રાગ રહેલો હોવાથી પરિગ્રહનું મમત્વ પણ રહેલું હોવાથી અને એ પોતાના પરિગ્રહમાં જો એ પરિગ્રહ ઓછો થાય તો અનેક પ્રકારની ચિંતાઓ પેદા થતાં થતાં આર્તધ્યાન અશુભ રૂપે પ્રાપ્ત થઇ શકે છે. માટે આવા જીવો પરિગ્રહના મમત્વથી કુટુંબ-પરિવારના રાગાદિ પરિણામથી અશુભ વિચારણાઓમાંજ પોતાનો કાળ પસાર કરતાં કરતાં એની એકાગ્રતા પ્રાપ્ત થાય છે ત્યારે એ અશુભ આર્તધ્યાન રૂપે ગણાય છે. એ અશુભ આર્તધ્યાનમાં આવા મધ્યમ પરિગ્રહી જીવો તિર્યંચાયુષ્યનો બંધ કરી શકે છે. એવીજ રીતે અઢાર પાપસ્થાનકમાંથી કોઇપણ પ્રકારના પાપનું સેવન કરવાનો વખત આવે તો તે વખતે પોતાની ફરજ અને કર્તવ્ય માનીને મધ્યમ પરિણામથી પોતાના જીવનમાં પાપ કરે તો તે વખતે પણ એવા જીવો તિર્યંચાયુષ્યનો બંધ કરી શકે છે. કારણ કે હું સંસારમાં બેઠો છું, મારા કુટુંબને સાચવવાની મારી ફરજ છે, મારૂં કર્તવ્ય છે, મારૂં કુટુંબ દુઃખી ન થાય એમને જે કાંઇ

દુ:ખ અને તકલીફ પ્રાપ્ત થયેલી હોય એને દૂર કરવાની મારી ફરજ અને કર્તવ્ય થઇ પડે છે એવી વિચારણા કરીને તેમજ કુટુંબના ભરણપોષણ માટે અઢાર પાપસ્થાનકમાંથી જે કોઇ પાપનું આચરણ કરવાનો વખત આવે તો તે વખતે મધ્યમ પરિણામથી એ પાપનું સેવન કરતાં કરતાં કુટુંબની તકલીફો દૂર થાય, કુટુંબનું ભરણ પોષણ પણ સારી રીતે થતું દેખાય તો પોતે કરેલા પાપના સેવનનો પશ્ચાતાપ કરવાનેબદલે અંતરમાં આનંદ પેદા થતો જાય છે કે ઠીક થયું જો આવું ન કર્યું હોત તો કુટુંબની તકલીફો દૂર ન થાત અને કુટુંબને સારી રીતે જીવાડી શકત નહીં માટે સારું થયું કે ભલે મેં આટલું પાપ કર્યું પણ એ પાપથી કુટુંબ સુખી રહે છે એના આનંદના પ્રતાપે પોતે કરેલા પાપનું ફળ જ્યારે આવશે ત્યારે દુ:ખરૂપે મારે એકલાનેજ ભોગવવું પડશે આવું એને યાદ આવતું નથી અને એ પોતે કરેલા પાપનો આનંદ પ્રાપ્ત કરતો કરતો એની એકાગ્રતા પ્રાપ્ત કરતો જાય છે. એ એકાગ્રતામાં એના આયુષ્યનો બંધ પડે તો તિર્યંચાયુષ્યનો બંધ કરી શકે છે. આવી રીતે સંસારમાં રહેલા જીવો રાગાદિ પરિણામ કરતાં કરતાં પદાર્થોને વિષે એટલે કે સચેતન પદાર્થોને વિષે કે અચેતન પદાર્થોને વિષે એકાગ્રતા પ્રાપ્ત કરતાં કરતાં જ્યારે જ્યારે એ રાગાદિ પરિણામની એકાગ્રતા પ્રાપ્ત કરતો જાય અને આનંદ અનુભવતો જાય છે ત્યારે વારંવાર અનુબંધ રૂપે તિર્યંચાયુષ્ય સંખ્યાતા ભવો ભોગવવા લાયક અસંખ્યાતા ભવો સુધી ભોગવવા લાયક અથવા અનંતા ભવો સુધી ભોગવવા લાયક તિર્યંચાયુષ્યના અનુબંધોને પ્રાપ્ત કરતો જાય છે. એમાં જઘન્ય આયુષ્ય રૂપે પણ અનુબંધ પડે છે, મધ્યમ આયુષ્ય ભોગવવા લાયક પણ અનુબંધો પડે છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય રૂપે ભોગવવા લાયક અનુબંધો મોટે ભાગે પડતા નથી. આ રીતે પોતાના ભવમાં એકવાર તિર્યંચાયુષ્યનો બંધ કરે અને બાકીના એક અંતર્મુહૂર્ત સિવાયના કાળમાં અનુકૂળ પદાર્થોના રાગાદિ પરિણામમાં એકાગ્રતા પ્રાપ્ત કરતો કરતો તિર્યંચાયુષ્ય અનુબંધ રૂપે અનેક ભવો સુધી ભોગવવા લાયક બાંધ્યા કરે છે. આથી જ્ઞાની ભગવંતોએ કહેલું છે કે અથવા જ્ઞાની ભગવંતોનું કહેવું છે કે કોઇપણ પદાર્થ પ્રત્યે રાગ અથવા દ્વેષનો પરિણામ એકાગ્રતાથી એકવાર

કર્યા પછી વારંવાર એને એજ પદાર્થ પ્રત્યે એકાગ્રતા પૂર્વક વિચારણા કરતો જાય તેમ તેમ એ જીવો દશ દશના ગુણાકાર રૂપે અનુબંધની પરંપરા આયુષ્ય રૂપે બાંધતોજાય છે. એટલે કે એકવાર જે પદાર્થ પ્રત્યે રાગાદિ પરિણામની એકાગ્રતા પ્રાપ્ત થાય એટલે દશ ભવ ભોગવવા લાયક બંધાય. બીજીવાર એજ પદાર્થ પ્રત્યેની એકાગ્રતા પ્રાપ્ત થાય એટલે દશ X દશ = સો ભવની અનુબંધ રૂપે ભોગવવા લાયક તિર્યંચાયુષ્યના અનુબંધ પડે છે. આવી રીતે દશના ગુણાકાર રૂપે જેટલી જેટલી વાર એ પદાર્થ પ્રત્યે એકાગ્રતાની વિચારણા કરતો થાય એટલા અનુબંધ રૂપે તિર્યંચાયુષ્યને ભોગવવા લાયક ભવની પરંપરા વધતી જાય છે. આ ચક્રાવાતમાંથી છૂટવા માટે જ્ઞાની ભગવંતો કહે છે કે જીવનમાં જ્યારે અશુભ વિચારો પેદા થતાં હોય ત્યારે એની એકાગ્રતા ન થઇ જાય એ રીતે જીવન જીવતાં શીખવું જોઇએ. તોજ અશુભ આયુષ્યના એટલે કે તિર્યંચાયુષ્યના અનુબંધોની પરંપરા બંધાતી અટકી જાય. આ રીતે જીવન જીવાય છે ખરૂં ! આ રીતે જીવન જીવતો ક્યારે થાઉં એવી વિચારણા પણ પેદા થાય છે ખરી ! અત્યાર સુધી અનંતો કાળ પસાર કરીને આવ્યા છીએ એમાં મોટો ભાગ તિર્યંચગતિમાં આવા અશુભ વિચારોને કરતાં કરતાં એની એકાગ્રતાને પ્રાપ્ત કરતાં કરતાં ભવોની પરંપરા વધારીને અનંતા ભવો પસાર કરીને અત્યારે અહીં આવેલા છીએ. જો હવે તિર્યંચગતિમાં આવા ભવો વારંવાર કરવા માટે ન જવાની ઇચ્છા હોય તો અનુકૂળ પદાર્થો પ્રત્યે અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે રાગાદિ પરિણામની એકાગ્રતા પ્રાપ્ત ન થાય એની કાળજી રાખીને જીવન જીવવાનો પ્રયત્ન કરતાં શીખો તોજ તિર્યંચાયુષ્યના અનુબંધોથી બચી શકીશું.

## ૧. ગુઢચિત્તતા

ચિત્તની ગૂઢતા એ પણ તિર્યંચાયુષ્યનું કારણ બને છે. ચિત્તની ગંભીરતા એ ગુણ છે અને ગુઢતા એ દોષ છે. મહાપુરુષો જેમ ગંભીર ચિત્તવાળા હોય તેમ પાપરસિકજનો ગુઢચિત્તવાળા હોય છે. ગુઢચિત્તવાળો તે કહેવાય

કે જેના ચિત્તને બીજાઓ પ્રાયઃ જાણી શકે નહિં. સામાન્ય રીતિએ એ જેવા ચિત્તવાળો ગણાય તેનાથી તદ્દન ઉલટા ચિત્તવાળો એ હોય. પોતાના ચિત્તને જે કળવાજ ન દે એ ગુઢ ચિત્તવાળો કહેવાય એને માયા, અસત્ય આદિ કેટલા પાપોનો આશ્રવ લેવો પડે ? આનામાં પોતાના દોષને છુપાવવાની ખૂબ તાકાત હોય, જ્યારે ગંભીરમાં પારકા દોષોને છુપાવવાની સાચી તાકાત હોય ગૂઢ ચિત્તવાળો ક્રૂર ભાવમાં હોય જ્યારે ગંભીર ચિત્તવાળો દયાભાવમાં હોય. ચિત્તને ગંભીર બનાવવાની પેરવી કરવી પણ ચિત્તને ગુઢ બનાવવાની કદી પણ પેરવી કરવી નહિ. જે ગુનેગારો ગુઢ ચિત્તવાળા હોય છે તે ચકોર પણ પોલીસને થકવી નાંખે છે. હૈયું દોષોથી ભરેલું હોય પણ આના હૈયામાં દોષ છે એમ જણાઇ આવે એવો એક અક્ષર પણ એના હોઠે આવે નહિ કે એવો કોઇ ભાવ પણ એના મોઢા ઉપર આવે નહિ. એ ખરી રીતે ભયંકર માયાવી હોય તે છતાં પણ બીજાને એ મહાસરળ લાગે. દોષિત પોતે હોવાછતાં પણ દોષિત તરીકે બતાવી શકે બીજાને અને પોતે નિર્દોષ લાગે એવા માણસો ગુઢ ચિત્તવાળા કહેવાય.

જેમ વિનયરત્નની જે વાત આવે છે તે વિચારો તો લાગે કે એ ગૂઢ ચિત્તવાળો હતો. એ એવો ગુઢ ચિત્તવાળો કે પરમ ઉપકારી મહાસમર્થ એવા શ્રી કાલિકસૂરીશ્વરજી મહારાજા એવા પણ એને વર્ષોના સતત પરિચય છતાં ઓળખી શક્યા નહિ, ઓળખી શક્યા નહિ એટલું જ નહિ પણ એવા ખરાબમાં ખરાબ માણસની પણ એમના હૈયે સારામાં સારા માણસ તરીકેની છાપ પડી, પણ એમાં નવાઇ પામવા જેવું નથી, સંયમ એવું પાળે કે પ્રાયઃ અતિચાર પણ લાગવા દે નહિ. રાત અને દિવસ સ્વાધ્યાયમાં ખામી આવવા દે નહિ અને વિનય અને વૈયાવચ્ચ તો કેવા ? પરિચિત એવા સૌ ઉલ્લાસથી પ્રેમથી, સદ્ભાવથી એને વિનયરત્ન કહે એવા ! આટલું બધું છતાં હૈયામાં શું ? રાજાનું ખૂન કરવું છે ! સાધુપણું શા માટે ? રાજાનું ખૂન કરવા માટે જોઇતી અનુકૂળ તક મળી જાય એ માટે ! જ્યાં સુધી પોતાનો હેતુ સધાય ત્યાં સુધી આ રીતિએ રહેવું એવો નિર્ણય કરી લીધેલો એમ એને બે ચાર દહાડા નહિ બે ચાર મહિના નહીં બે ચાર વર્ષોય નહિં પણ બાર બાર વર્ષો કાઢી નાંખ્યા

પણ કોઇ જાણી શક્યું નહિ કે એના હૈયામાં શું છે ? હૈયું દોષમય છતાં દોષ એક દેખાવા દે નહી અને જે સ્થિતિને નિભાવવાનો નિર્ણય કરી લીધો તે સ્થિતિને નિભાવવાને માટે જરૂરી સઘળુંય કરે એ બધું ન છૂટકેજ કરે પણ તે એવી રીતિએ કરે કે હૈયાના સાચા ભાવથી કરનારાઓ પણ એને જોઇને દાંતમાં આગળાં ઘાલી જાય.

## દેખાડે સરળતા અને છૂપાવે એ પાપ

આવા એટલે ગૂઢ ચિત્તવાળા માણસોને જરૂર લાગે તપ કરતાં પણ આવડે અને ત્યાગ કરતાં પણ આવડે રોઇ પડવા જેવું છે એમ લાગે તો ખોટું રોતા પણ આવડે અને જુઠ્ઠું બોલવું જરૂરી છે એમ લાગે તો જુઠ્ઠું બોલતાં પણ લાગે એવો અવસર હોય તો મિચ્છામી દુક્કડં પણ જુઠ્ઠું બોલીને દે બીજાઓને એવું લાગે કે આ કેવી સરળતાથી પોતાના પાપને કબુલ કરે છે ? કેટલી પાપભીરુતા છે કે આટલી નિખાલસ રીતિએ પ્રાયશ્ચિત લે છે ? જ્યારે એનું હૈયું પાપથી ભરેલું હોય, આવા ગૂઢ ચિત્તવાળાઓ તિર્યંચગતિમાં જાય તેમાં નવાઇ જેવું શું છે ? એવા આત્માઓના પરિણામો કેટલા બધા પાપમય હોય ?

## ગંભીરતા એ જુદી ચીજ છે

માણસને ગૂઢચિત્તતાની જરૂર ક્યારે પડે ? પોતાના ચિત્તમાં જે ભાવ છે તે ભાવને છુપાવવાની જરૂર ક્યારે પડે ? સારો ભાવ હોય, દયાભાવ હોય અથવા અસાધારણ ખરાબ ભાવ ન હોય તો ચિત્તમાં જે છે તે ન દેખાવા દેવું અને ચિત્તમાં જે છે તેથી ઉલટું દેખાય તેવી રીતે વર્તવું એવી રીતિએ ચિત્તને ગૂઢ રાખવાની જરૂર પડે ખરી ? પ્રાયઃ નહિ. એટલે હૈયામાં ખરાબ ભાવ અને તે પ્રાયઃ ઘણો ખરાબ ભાવ હોય ત્યારેજ ગૂઢ ચિત્તતાની આવશ્યકતા પડે ને ? આ ગૂઢચિત્તતા તો પોતાના દોષોને છુપાવવાને માટેજ હોય ને ? આવા દોષિત હૈયાવાળો સારી કરણી નજ કરે એમ નહિ પણ મોટે ભાગે દેખાવમાં જ એ સારી કરણી કરે. પ્રાયઃ એવી કરણી એ કરેજ નહિ કે જે

કરણી ઉપરથી એના હૈયાનું સાચું માપ નીકળી શકે. સંસારમાં જે બહુ આસક્ત હોય તેવા માણસોના જ હૈયા પ્રાયઃ કોઇનાય હાથમાં ન આવી શકે તેવા ગૂઢ હોય તો હોઇ શકે આમ એમ કહી શકાય કે મહાપુરુષોના હૈયાનો તાગ ન લાગે. સાગરના પેટાળ જેવું જે ઊંડા દ્રહ જેવું એ ગંભીર હોય એ માટે ! એમાં બીજાઓના દોષોને ખમવાની, સમાવવાની ગંભીરતા અજબ કોટીની હોય છે. કોઇનાય દોષની વાત એ હોઠે લાવવા ન માંગે તો આવે નહી. મને ખ્યાલ રહ્યો નહિ અને કહેવાઇ ગયું એવો બોલવાનો અવસર એમને આવે નહિ. એમના હૈયામાં પારકા દોષોને જ્ઞાનથી અને દયાથી પચાવવાની શક્તિ હોય છે. કોઇના કલ્યાણને માટે ગમે તેવી વાત પણ હૈયામાં ને હૈયામાંજ રાખી શકાય છે. અને કોઇના કલ્યાણને માટે યોગ્ય રીતિએ કહી પણ શકાય છે. માણસ પોતાના સઘળાય પાપોને હૈયામાં રાખી શકે છે ને ! પોતાના પાપોને ન ધાર્યું હોય તો પ્રાયઃ હોઠ ઉપર પણ આવવા દેતો નથી ને ? પોતાના પાપોને પોતાના હૈયામાં છુપાવવાની જે કરામત તે ગૂઢ ચિત્તતા છે. રાગને કે દ્વેષને અતિવષ બનેલા માણસો પોતાના ચિત્તને ગૂઢ બનાવનારા બને છે. એમના હૈયામાં એજ વાત કે મારા દોષને કોઇપણ જાણી શકે નહિ. એમને દોષનો જરાય અણગમો નહિ. પણ અણગમો માત્ર કોઇ પોતાના દોષને જાણી જાય એનો. એટલે એવા માણસો જે કાંઇ સારી કરણીયો કરે તે સઘળીયે સારી કરણીયો પોતાના દોષોને પોષવા માટે કરતાં હોય છે અને પોતાના દોષોને છુપાવવાને માટે કરતાં હોય છે. જેમ કુલટા સ્ત્રીઓમાં અને વેશ્યાઓ આદિમાં કેવી ગૂઢ ચિત્તતા હોય છે ? જેના ઉપર જરાપણ ભાવ ન હોય તેના ઉપર એવી સ્ત્રીઓ એવી છાપ પાડી શકે છે ને કે મારા ઉપર આનો પૂરેપૂરો ભાવ છે ! પોતાના ચિત્તને એ સ્ત્રીઓએ કેટલું બધું ગૂઢ રાખ્યું હોય ત્યારે જેના ઉપર પોતાનો જરા પણ ભાવ નથી તેના ઉપર તેવો એવી ચિત્ત પાડી શકે કે મારા ઉપર તો આનો પૂરે પૂરો ભાવ છે ! શ્રી અભયકુમાર જેવા બુધ્ધિ નિધાનને પકડી જવામાં પણ વેશ્યા સફળ નીવડી શકી હતી ને ? એ વેશ્યાએ પોતાના ચિત્તને કેટલું બધું ગૂઢ બનાવી દીધું હતું જેટલું ચિત્ત ખરાબ હતું તેટલોજ દેખાવ સારો હતો માટે જ શ્રી

અભયકુમાર જેવા ચાર બુધ્ધિના ધણીને પણ એનાથી છેતરી શકાયા નહિં.

## ૨. ઉન્માર્ગની દેશના અને સન્માર્ગનો નાશ આ બે પાપોથી સઘળાય પાપો હેઠ છે.

ઉન્માર્ગની દેશના અને સન્માર્ગનો નાશ આ બેય નાના પાપો નથી. બધાય પાપોને ટપી જાય તેવા આ બે પાપો છે. આ બે પાપો આટલા બધા ભયંકર કોટીના હોવાછતાં પણ આ બે પાપોને નરકગતિના કારણોમાં નહિ જણાવતા એટલે કે નરકાયુષ્યના કારણોમાં નહી જણાવતાં તિર્યંચગતિના કારણોમાં કેમ જણાવ્યા છે ? ઉન્માર્ગનો દેશક એટલે ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જે માર્ગ ફરમાવ્યો છે એથી ઉલટા પ્રકારના માર્ગની પ્રરૂપણા કરનારો. એમાં ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પણ આશાતના અને તારક તીર્થની પણ આશાતના આ કંઇ જેવું તેવું પાપ છે ? ભગવાને કહેલા માર્ગને જાણવા છતાં પણ કોઇપણ કારણસર મુખ્યત્વે તો મિથ્યાત્વના ઉદયથીજ એ માર્ગની વાત બુધ્ધિમાં બેસે નહીં અને હૈયે જચે નહિ એટલે પોતાને ગમે તેવી વાત એ કહે. ધર્મના દેશકે તો પોતાના અજ્ઞાન આદિથીયે માર્ગની વિરુધ્ધ બોલાઇ જવા પામે નહિ એની કાળજી રાખવી જોઇએ. માટે તો કહ્યું છે કે ધર્મનો દેશક તે બની શકે જે બીજી જરૂરી રીતિએ લાયક હોવા સાથે જે ઉત્સર્ગ માર્ગ તથા અપવાદ માર્ગ ઉભયનો જ્ઞાતા એટલે જાણકાર હોય. ઉત્સર્ગ માર્ગ અને અપવાદ માર્ગનું જ્ઞાન ન હોય તો પણ ઉત્સુત્ર ભાષણ થઇ જાય ને ? આ તો જાણે કે ભગવાને કહેલો માર્ગ આ પ્રકારનો છે તેમ છતાં પણ પોતાની બુધ્ધિમાં એ વાત ઉતરે નહિં. એટલે પોતાને ફાવે તેવી વાત કરે. એટલે ઉન્માર્ગ દેશનાનું પાપ એ કોઇ સામાન્ય કોટિનું પાપ નથી. એવીજ રીતિએ સન્માર્ગના નાશનું પાપ પણ સામાન્ય કોટીનું નથી જે માર્ગના આરાધનથી અનેક આત્માઓ કલ્યાણને સાધતા હોય એ માર્ગનો નાશ થાય એવું કામ જે કોઇ કરે તેને કેવું પાપ કર્યું કહેવાય ? બીજું કયું પાપ એની હરોળમાં આવી શકે ? વિચાર કરો તો લાગે કે મહા હિંસાનું પાપ પણ એની હેઠ ગણાય. મહાહિંસા કરનારો કાંઇ અહિંસાના માર્ગનો ઘાત કરતો

નથી. જ્યારે આ તો દેખીતી રીતિએ અહિંસાનું પાલન કરનારો હોવાછતાં પણ અહિંસાના માર્ગનો ઘાત કરનારો હોય. એટલે ઉન્માર્ગની દેશનારૂપ પાપ અને સન્માર્ગના નાશરૂપ પાપ એ બંન્ને પાપો તો સઘળાય પાપો એમાં સમાઇ જાય તેવા પાપો છે. એ બે પાપોના યોગી અન્ય કોઇપણ એક પાપને અવકાશ નથી એવું બને જ નહિ. આવા ભયંકર પાપોને તિર્યંચગતિના અને તિર્યંચ આયુષ્યના કારણો તરીકે કેમ ગણાવ્યા ?

તમને એમ તો થાય ને કે ઉન્માર્ગની દેશના અને સન્માર્ગનો નાશ આ બે પાપો નરકનાજ કારણોમાં કેમ ગણાય નહિ કેમકે નરકના કારણો તરીકે જે પાપોને જણાવવામાં આવ્યા છે તેના કરતાં પણ આ બે પાપો ભયંકર કોટિના છે ? ભગવાને આ બે પાપોને તિર્યંચગતિના કારણો તરીકે કહ્યા છે માટે તમે ભગવાનના વચન ઉપરની શ્રધ્ધાના બળે ભલે એ માની લો કે ઉન્માર્ગની દેશના એ પણ તિર્યંચગતિનું કારણ છે અને સન્માર્ગનો નાશ એ પણ તિર્યંચગતિનું કારણ છે પણ તમને એ વાતને સમજવાનું મન તો થાય ને કે ભગવાને આવા પાપોને નરકગતિના કારણઓ તરીકે નહિ ગણાવતા તિર્યંચગતિના કારણો તરીકે કેમ ગણાવ્યા હશે ? એવા પાપને આચરનારા જીવો એ પાપના કારણે નરકગતિમાં નહિ જતાં તિર્યંચગતિમાં જાય તેનું કારણ શું ? આ વાતનો ખુલાસો જાણવાનું મન તો તમને થાય ને ? એ માટે આ વાત લીધી છે. કોઇપણ જીવ એકી સાથે જેટલો કાળ તિર્યંચગતિમાં કાઢી શકે છે તેટલો કાળ એકી સાથે જીવ બીજી કોઇપણ ગતિમાં કાઢી શકતો જ નથી. નરકમાં ગયેલો જીવ જો વધુમાં વધુ કાળને માટે નરકમાં રહી શકે તો તે માત્ર તેત્રીશ સાગરોપમ પ્રમાણ જેટલા કાળને માટેજ નરકમાં રહી શકે પછીથી એકવાર તો એ જીવ બીજી ગતિમાં જાય જાય અને જાય જ. જ્યારે તિર્યંચગતિમાં ગયેલો જીવ તિર્યંચગતિમાં અને તિર્યંચગતિમાં એકી સાથે અનંતો કાળ પણ કાઢી શકે છે. ઉન્માર્ગની દેશનાનું પાપ આચરનારા જીવને અને સન્માર્ગના નાશનું પાપ આચરનારા જીવને તે તે પાપના યોગે એટલા બધા કાળ સુધી દુર્ગતિમાં ભ્રમણ કર્યા કરવાનું હોય છે કે એને માટે તિર્યંચગતિ સિવાયની કોઇ ગતિજ બંધ બેસતી થાય નહી.

અનંતા જીવોનું અનંત કાળને માટેનું આ સ્થાન છે. નરકગતિમાં એકી વખતે વધુમાં વધુ જીવો કેટલા હોય ? અસંખ્યાતાજ. દેવગતિમાં પણ એકી વખતે વધુમાં વધુ જીવો અસંખ્યાતા હોય અને મનુષ્યગતિમાં પણ એકી વખતે વધુમાં વધુ કરિયાતા જીવો તો સંખ્યાતા જ હોય. અનંતા જીવો તો માત્ર તિર્યંચગતિમાંજ હોય અને એકજ ગતિમાં અનંતો કાળ કાઢવાનું પણ તિર્યંચગતિમાં જ બની શકે. જીવમાત્ર સૌથી પહેલાં અનાદિકાળથી કઇ ગતિમાં હોય છે ? આપણે બધા અત્યારે વ્યવહાર રાશિમાં છીએ પરંતુ વ્યવહાર રાશિમાં આવતાં પહેલા આપણે બધા અથવા તો જે કોઇ જીવો વ્યવહાર રાશિમાં આવ્યા છે, આવે છે કે આવશે તે બધા જીવો કઇ જગ્યાએ હોય ? અવ્યવહાર રાશિમાંજ. અવ્યવહાર રાશિ વાળા જીવોનું સ્થાન કયું ? નિગોદ. નિગોદ પણ કઇ ગતિમાં ગણાય ? નિગોદના જીવો એ પણ તિર્યંચગતિના જીવો જ ગણાય છે. એટલે તમને સમજાય છે ને કે આપણે અનાદિ કાળથી તો તિર્યંચગતિમાં જ હતા ? કોઇપણ જીવ જેટલો કાળ તિર્યંચગતિમાં કાઢે છે તેટલો કાળ તે કોઇ પણ બીજી ગતિમાં કાઢતો નથી. બધી ગતિઓના કાળનો કુલ સરવાળો તો થાય એમ નથી પણ આપણે જો વિચાર કરીએ તો આપણા ખ્યાલમાં એ વાત જરૂર આવે કે કુલ્લે પણ આપણે વધુમાં વધું કાળ તો તિર્યંચગતિમાં જ પસાર કર્યો છે. જીવમાત્રને માટે આવીજ સ્થિતિ છે. એટલે ઘણા લાંબાકાળને માટે જેને દુર્ગતિમાં ભમવાનું હોય તેને માટે તો નરકગતિ કરતાં પણ તિર્યંચગતિ એજ યોગ્ય સ્થાન છે. એમ તમને લાગે છે ને ! તિર્યંચગતિમાં જીવ અનંતી ઉત્સરપિણી, અનંતી અવસરપિણીઓ જેટલો કાળ પણ કાઢી શકે. નરકમાં એટલો કાળ એક સાથે ન નીકળે હવે દુઃખ ભોગવવાની અપેક્ષાએ વિચાર કરીએ તો દેખીતી રીતિએ એમજ લાગે કે નરકગતિમાં જેવા પ્રકારના કારમી વેદનાઓ ભોગવવી પડે છે. નરકગતિમાં પરમાધામીઓ તરફથી જેવા દુઃખો દેવાય છે તથા ક્ષેત્રજન્ય જે પીડાઓ નરકગતિમાં ભોગવવી પડે છે તેવું તિર્યંચગતિમાં નથી ! પરંતુ તિર્યંચગતિમાં જેવી અવ્યત્વ દશા પ્રાપ્ત થઇ શકે છે તેવી અવ્યપ્ત દશા તો નરકગતિમાં પણ પ્રાપ્ત થઇ શકતી નથી. એ વાતે ભૂલવા જેવી નથી જ ! ચેતન જેવો ચેતન જો

વધુમાં વધુ જડ જેવો બની શકતો હોય તો તે તિર્યંચગતિમાં જ બની શકે છે. એક શ્વાસોશ્વાસ જેટલા કાળ માત્રમાં સત્તરથી પણ અધિક જેટલા ભવો થઇ જાય એવું ક્ષણિક જીવન પણ નરકગતિમાં સંભવી શકતું નથી. જ્યારે એવું ક્ષણિક જીવન પણ તિર્યંચગતિમાં સંભવી શકે છે. નરકગતિનો જીવ મરીને તરત જ નરકગતિમાં ઉત્પન્ન થાય એવું બને જ નહિ. જ્યારે તિર્યંચગતિનો જીવ મરીને તરત જ તિર્યંચગતિમાં પણ ઉત્પન્ન થઇ શકે. નરકગતિમાં દુઃખો ઘણાં પણ વ્યક્ત દશા છે અને તેમાં અકામ નિર્જરાની પણ સંભાવના ઓછી છે જ્યારે તિર્યંચગતિમાં તો એવાય સ્થાનો છે કે એ સ્થાનોએ એટલી અકામ નિર્જરા પણ સંભવે નહિ. માટે તો નરકગતિના જીવોની અકામ નિર્જરાને કેટલીક વાર તકના ફળ વર્ણનમાં પણ યાદ કરાય છે. અનાદિ નિગોદમાંથી પોતાની ભવિતવ્યતાના વસે નીકળીને વ્યવહારરાશિમાં આવેલો જીવ નિગોદીય પણ બની શકે છે. આ વિગેરે વાતોનો જો વિચાર કરવામાં આવે તો લાગે કે જે જીવો ઉન્માર્ગની દેશના કરવાના પાપને આચરે અથવા તો સન્માર્ગનો નાશ કરવાના પાપને આચરે તે જીવો તે પાપના યોગે તો તિર્યંચગતિમાં જ જાય એ જ બરાબર છે. એ પાપનું ફળ જેટલા લાંબાકાળને માટે ભોગવાવનું હોય છે તેટલો લાંબો કાળ જીવ નરકગતિમાં રહી શકતો જ નથી. જો કે અહીં એ વાતનો ખ્યાલ પણ રાખવાનો જ છે કે જે કોઇ જીવ ઉન્માર્ગની દેશના કરવારૂપ પાપને આચરે અથવા તો સન્માર્ગનો નાશ કરવારૂપ પાપને આચરે તે બધાજ જીવો ત્યાંથી મરીને સીધા તિર્યંચગતિમાં જાય એવો નીયમ નથીજ. બીજા કારણોનો યોગ હોય તો બીજી કોઇ ગતિમાં પણ જાય અથવા તો પછીથી તિર્યંચગતિમાં જાય એમ પણ બને પરંતુ ઉન્માર્ગની દેશના અને સન્માર્ગનો નાશ એ બંને પાપો સ્વતંત્ર પણે તો તિર્યંચગતિના અને તિર્યંચ આયુષ્યના જ કારણો ગણાય.

આ બે ભયંકર પાપોથી બચવાને માટે હૈયાને કેવું કેળવવું જોઇએ ? કદિ પણ આ પાપોના છાંયે આપણે ચઢી જઇએ નહિને આ પાપો ભૂલેચૂકે પણ આપણાથી આચરાઇ જાય નહિ એવી તો આપણી ઇચ્છા ખરી ને ? હા તો આ બે પાપોથી બચી શકાય એ માટે હૈયાને કેવા પ્રકારે કેળવી લેવું

જોઇએ ? આ બે પાપોથી તો આપણે અવશ્ય બચી જવું છે એટલે આ વાતનો વિચાર તો કરવો પડશે ને ? તમને આ વાત ઘણી સહેલાઇથી સમજાઇ જાય એવી રીતે આપણે અહીં એ વાતનો વિચાર પણ કરીએ. તમે કયું પાપ કરો છો અને કયું પાપ કરતાં નથી અગર તો જે પાપ કરો છો તેમાં રસ અનુભવો છો કે નહિ અને તેમાં રસ અનુભવો છો તો તેમાં કેટલો રસ અને કેવો રસ અનુભવો છો તે વાતને હમણાં બાજુએ રાખો પરંતુ તમે ગમે તેવું પાપ કરતાં હો એ પાપ કરવા જેવું જ છે એ વાત તો તમે બોલો નહિં ને ? તમે ગમે તેવી અને ગમે તેટલી અનીતિ આદિ કરતાં પણ હો તો પણ તમે કોઇ દિવસ કોઇને પણ કોઇપણ સંયોગોમાં એવું તો નજ કહોને કે અનીતિ આદિ એ કરવા લાયક જ છે ? આમ તમે જીવનમાં જેટલા પાપોને જીવતાં હો, જેટલા પાપોને આચરતાં હો તે બધાય પાપોને અંગે વિચાર કરો અને નિર્ણય કરી લો કે અમે પાપ કરીએ એ જુદી વાત છે, પાપને તજી ન શકીએ એ જુદી વાત છે પણ એમાંના કોઇપણ પાપનું કરવાલાયક તરીકેનું પ્રતિપાદન તો અમે કરીએજ નહી. એટલે કે બીજાને આ કરવાલાયક છે એવું તો કહીએ જ નહી. જો આ રીતે હૈયાને કેળવવામાં આવે તો ઉન્માર્ગ દેશનાથી પણ સહેલાઇથી બચી શકાય અને સન્માર્ગ નાશથી પણ સહેલાઇથી બચી શકાય. આપણે શું કર્યું અને શું ન કર્યું આપણે શું નથી કરતાં અને શું કરીએ છીએ અથવા તો આપણે શું કરીશું અને શું નહીં કરીએ એ વાતને એવી રીતે જોવાનીજ નહી કે જેથી ભગવાને કહેલા વચનથી ઉલટું બોલાય અથવા તો આપણા વચનને પરિણામે ભગવાને કહેલા માર્ગનો નાશ થવા પામે ભગવાને જેને આચરવા લાયક કહ્યું હોય તેને આપણે ન આચરતાં હોઇએ અને ભગવાને જેને તજવા જેવું કહ્યું છે તેને આપણે ન તજતા હોઇએ તો પણ આપણે કહીએ શું ? ભગવાને જેને આચરવા લાયક કહ્યું હોય તેને આચરવા લાયક જ કહીએ અને ભગવાને જેને તજવા લાયક કહ્યું હોય તેને તજવા લાયકજ કહીએ. તત્વનું સ્વરૂપ ભગવાને કેવા પ્રકારનું કહ્યું છે તેને ન જાણીએ તો ન બોલીએ એ બને પણ જો બોલીએ તો ભગવાને તત્વોનું જેવું સ્વરૂપ કહ્યું છે તેવુંજ બોલીએ.

તમે ગમે તેટલા પાપો કરતાં હો અને ગમે તેવા પણ પાપો કરતાં હો પરંતુ કોઇ તમને એમ પૂછે કે આ થાય ? તો તમે એમજ કહોને કે આ આપો કરવા જેવા તો નથી જ. આપણે જે પાપ કરીએ તે પાપને આપણે કરવા જેવું છે એમ તો કહીએ જ નહીં ને એવીજ રીતિએ કોઇપણ સારું કામ આપણાથી ના થતું હોય એ બને, આપણે તે કામ કરી શકીએ એમ હોઇએ તે છતાંય તે કામ ન કરીએ એ બને, પણ આ કામની જરૂર નથી આ કામ કરવા જેવું નથી એવું એવું બોલીને આપણે માર્ગ નાશ તો કરીએ નહીં ને ? આજે જૈનકુળમાં જન્મેલા એવા પણ માણસો છે કે જેઓ એક યા બીજી રીતિએ સન્માર્ગનો નાશ કરવા રૂપ કૃત્યને આચરી રહ્યા છે. અમૂક માર્ગ ભગવાને કહેલો છે એમ જાણે છે. શાસ્ત્રમાં એ માર્ગનું કરણીય તરીકે પ્રતિપાદન છે એમ જાણે છે અને તેમ છતાં પણ એ માર્ગ આચરવા જેવો નથી એ માર્ગને સેવવામાં નુક્શાન છે આવો આવો પ્રચાર કરીને માર્ગનાશના પાપને વ્હોરી રહ્યા છે. તમે એવું તો કરો નહિં ને ? તમારો છોકરો વ્યાખ્યાનમાં આવ્યો હોય અને એને સાંભળ્યું કે ઘરમાં રહેવા જેવું નથી, પરણવા જેવું નથી પછી એ તમને ઘેર જઇને પુછે કે- 'ઘરમાં રહેવા જેવું છે ખરૂં ! તો તમે શું કહો ?' છેવટે એટલું તો કહો ને કે તને ઘરમાં રાખવાને માટે મહેનત કરું એ બને પણ ઘરમાં રહેવા જેવું છે એમ તો નજ કહું ? તો એ પૂછે કે ત્યારે પરણવા જેવું ખરું ! તો તમે એમજ કહોને કે તને પરણાવું ખરો પણ પરણવું એ સારૂં છે એવું તો નજ કહું. આપણે જન્મ્યા ખરા કે નહીં ? કોઇ જન્મે એવું તમે કરો છો ખરા કે નહિં ? છતાં જો કોઇ પૂછે કે જન્મવું તે સારું ખરું કે નહિં કોઇ જન્મે એવું કરવું તે સારું ખરૂં કે નહિં ? તો આપણે શું કહીએ ? એ સારૂં એમ તો નજ કહીએ ને ! જે માણસ પાપો કરવા છતાં પણ એ પાપો કરવા જેવા છે એમ માને નહિં તથા એમ કહે નહિં અને સારા કામો નહિં કરવા છતાં પણ એ કામો કરવા લાયક નથી એમ પણ માને નહિ તથા કહે નહિ એ માણસ ઘણા પાપોથી બચી શકે છે. એવા માણસના હૈયામાં પાપના તીવ્ર પરિણામો પ્રગટી શકતાજ નથી. જૈનકુળમાં જન્મેલાઓના તરફથી ઓછામાં ઓછી આટલી આશા રાખી શકાય ને ? અને જૈનકુળમાં જન્મેલાઓ

તરફથી આટલી આશા રાખીએ તો તેમાં નિરાશ નીવડીએ નહિંને ? જેવો થોડી ઘણી પણ ધર્મક્રિયાઓને આચરે છે અને દેવ, ગુરૂના પરિચયમાં આવે છે તેઓને માટે તો આ બાબતમાં નિરાશ ન જ થવું પડે ને ?

## રજ્જા સાધ્વી

તમે રજ્જા નામની સાધ્વીની વાત સાંભળી છે ? ખોટું વચન બોલવા માત્રથી પણ કેવી રીતે માર્ગ નાશ થાય છે એ વાતને સમજવાને માટે પણ રજ્જા નામની સાધ્વીનો પ્રસંગ ઉપયોગી નિવડે એવો છે.

રજ્જા નામની તે સાધ્વી સંયમની ક્રિયાઓને સેવવા ઉપરાંત એટલી બધી ઉત્કટ તપશ્ચર્યાદિ કરતી હતી કે જેથી એ સાધ્વીઓના સમુદાયમાં તેણીની દુષ્કર કાળીકા તરીકેની છાપ હતી.

તેણીના શરીરમાં કોઇ એક સમયે તેણીના પૂર્વકૃત કર્મના અનુભાવથી કોડનો રોગ ઉત્પન્ન થઇ જવા પામ્યો. પણ તેણીને એમ લાગ્યું કે ઉકાળેલું પાણીને પીવાથીજ એટલે કે પ્રાસુખ જળને પીવાથીજ મારા શરીરમાં આવો રોગ ઉત્પન્ન થઇ જવા પામ્યો છે.

તેણીના શરીરને આવું રોગગ્રસ્ત બની ગયેલું જોઇને તેણીની સાથેની સાધ્વીઓએ તેણીને સ્વાભાવિક રીતિએજ પૂછયું કે આ શું થયું ?

એટલે તેણીએ પોતાના હૈયામાં જે વાત હતી તે એ સાધ્વીઓને કહી- તેણીને તેણીના રોગનું કારણ પોતાના પૂર્વકૃત પાપકર્મનો ઉદય નહિ લાગતા મિથ્યાત્વના ઉદય યોગે રોગના કારણ તરીકે ઉકાળેલું પાણીનું પાન એટલે પીવું લાગ્યું હતું. એટલે અન્ય સાધ્વીઓને તેણીએ કહ્યું કે આપણે જે ઉકાળેલું પાણીનું પાન કરીએ છીએ તેનાથી મારું શરીર આ રીતિએ વિનષ્ટ થઇ જવા પામ્યું છે. એટલે નાશ પામવા લાયક બન્યું છે.

રજ્જા સાધ્વીએ આવી વાત કહી એથી સર્વ સાધ્વીઓના હૈયામાં સંક્ષુબ્ધ એટલે કે આશ્ચર્યવાળા બની ગયા. જેની સારા તરીકેની છાપ હોય તેના સાચા કે ખોટા પણ વચનની અસર ઘણી થાય. માણસ જે મોટો હોય તેમ તેને વચનને ઉચ્ચારવામાં વધારે કાળજી રાખવી જોઇએ.

રજ્જા સાધ્વીએ કહેલી એ વાતને સાંભળીને બધી સાધ્વીઓએ ઉકાળેલા પાણીનો ત્યાગ કરવાનો નિર્ણય કરી લીધો. થયો કે આ સન્માર્ગનો નાશ ?

આ રીતિએ સર્વ સાધ્વીઓના હૈયા ક્ષુબ્ધ બની ગયા અને તેમણે ઉકાળેલા જળનો એટલે પાણીનો ત્યાગનો નિર્ણય કરી લીધો. પણ તેમાં એક સાધ્વી એવા હતા કે જેમને રજ્જા સાધ્વીની વાતે એવી અસર કરી નહી.

તે સાધ્વીએ તો એવોજ વિચાર કરવા માંડ્યો કે મારું શરીર હમણાં ને હમણાંજ મહારોગોથી નાશ પામી જતું હોય તો પણ હું તો ઉકાળેલા જળનો ત્યાગ કરુંજ નહી. સાધુ સાધ્વીઓએ ઉષ્ણ જળ વાપરવું જોઇએ એ ધર્મ કંઇ આજ કાળનો નથી એ ધર્મ અનાદિકાળથી ચાલ્યો આવે છે અને અનંતકાળ પર્યંત ચાલતોજ રહેવાનો છે. વળી આ ધર્મ કોઇ કૃપાહીને કહેલો છે એમ પણ નથી. મહાકૃપાના સાગર એવા ભગવંતોએ આ ધર્મ કહેલો છે. એટલે આ ધર્મમાં કાંઇપણ ખોટાપણું હોઇજ શકે નહિ. આ રજ્જા સાધ્વીનું શરીર જે વિનષ્ટ થઇ જવા પામ્યું છે તે ઉકાળેલા જળના ઉપયોગના કારણે વિનષ્ટ થઇ જવા પામ્યું નથી પણ તેણીએ પૂર્વે જે અશુભ કર્મોને ઉપાર્જેલા એટલે બાંધેલા તે અશુભ કર્મોના ઉદયથીજ તેણીનું શરીર વિનષ્ટ થઇ જવા પામ્યું છે. આમ હોવા છતાં પણ આ રજ્જા સાધ્વીએ અજ્ઞાનથી કેવું દુષ્ટ વચન ઉચ્ચાર્યુ ? કે જે વચન ભગવાન શ્રી તીર્થંકર દેવોની જે આજ્ઞા તેના વિલોપને એટલે નાશને પેદા કરનારું છે અને એથી ઘોર એવા દુઃખને આપનારું છે !

આવા પ્રકારનું ચિંતન કરતે કરતે એ સાધ્વીજી શુક્લ ધ્યાન ઉપર ચડીને શુક્લ ધ્યાનવાળા બનેલા તેમણે પોતાના ચારે ઘાતી કર્મોને તત્કાળ નાશ કરી નાંખવા દ્વારાએ કેવળજ્ઞાનને પ્રગટાવ્યું.

એ સાધ્વીજી આમ કેવળજ્ઞાની બન્યા એટલે દેવતાઓએ આવીને તેનો મહિમા કર્યો. દેવતાઓએ મહિમા કર્યા બાદ એ કેવળી બનેલા સાધ્વીજીએ ધર્મદેશના દીધી.

એમને ધર્મદેશના દીધા બાદ પેલી રજ્જા નામની સાધ્વીએ તેમને નમસ્કાર કરીને પૂછ્યું કે હે ભગવન્ ! કયા કર્મના પ્રતાપે હું કોઢ આદિ રોગોનું ભાજન બની જવા પામી છું.

એ વખતે કેવળી બનેલા તે સાધ્વીએ તે રજ્જા નામની સાધ્વીને સમજાવ્યું કે તેં અમુક પ્રકારનો આહાર આકંઠ કર્યો એટલે કે કંઠસુધી ખાધું. વળી તેં એક શ્રાવકના છોકરાનું મોઢું કે જે લીંટ અને લાળથી ખરડાયેલું હતું તેને મોહના વશથી સચિત્ત પાણી વડે ધોયું તારા એ કર્મને શાસન દેવી સહન કરી શકી નહિં. બીજાઓ આવી ભૂલ કરે નહિં એ માટે તેને તારા તે કર્મનું ફળ તને દર્શાવ્યું એટલે તારા શરીરમાં કાંઇ ઉકાળેલા પાણીના પાનથી કોઇ દોષ ઉત્પન્ન થવા પામ્યો નથી.

કેવળી બનેલા સાધ્વીજીએ આ પ્રમાણે ખુલાશો કર્યો એટલે રજ્જા સાધ્વીએ ફરીથી પૂછ્યું કે હે ભગવંત ! જો હું યથોક્ત પ્રાયશ્ચિતને ગ્રહણ કરું એટલે કે જે પ્રમાણે વિચારીને વચન બોલીને, મેં જે પાપ કર્યું એનું હું પ્રાયશ્ચિત ગ્રહણ કરું તો મારું આ શરીર સાજું થાય ખરું ?

કેવળી એ કહ્યું કે જો તને કોઇ પણ પ્રાયશ્ચિત આપે તો તારું શરીર સાજું થાય.

રજ્જા સાધ્વી કહે છે કે તો આપજ મને પ્રાયશ્ચિત આપો. આપના જેવો મહાનુભાવ આત્મા અન્ય કોણ છે ?

એટલે કેવળીએ કહ્યું કે તું તારા બાહ્ય રોગના નિવારણની ઇચ્છાને કરે છે પણ તારા આત્મામાં જે ભાવરોગ પ્રસરવા પામ્યો છે એટલે પેદા થયેલો છે તે ક્યાં જશે ? જો કે હું તને પ્રાયશ્ચિત તો આપું છું પરંતુ વાસ્તવિક રીતિએ તો એવું કોઇ પ્રાયશ્ચિત જ નથી કે જેનાથી તારી શુધ્ધિ થાય કારણ કે તે સાધ્વી સમુદાયને એવું કહ્યું કે- ઉકાળેલા પાણીના પાનથી મારું શરીર વિનષ્ટ થઇ ગયું છે અને તારા એ મહાપાપમય વાક્યને સાંભળીને સઘળીયે સાધ્વીઓ સંક્ષુબ્ધ બની ગઇ એટલે કે આશ્ચર્યને પામી ગઇ. એટલે એ વચન દોષથી તેં જે પાપ ઉપાર્જ્યું છે તે પાપના યોગે તો તારે અનંતા ભવો સુધી અહર્નિશ એટલે રાત અને દિવસ કુષ્ઠાદિ મહા વ્યાધિઓની એટલે રોગોની

પીડાને સહન કરવી પડશે.

## સાચું સમજો અને બોલો તે સાચું બોલો, તો તમે આ બે પાપોથી બચી શકો

ભગવાને કહેલા માર્ગની આરાધનામાંથી કોઇનું ચિત્ત ક્ષોભ પામી જાય એટલે કે ચલિત થઇ જાય એવું વચન બોલવાનું પરિણામ કેવું આવે ? એટલે તમારે એ વાતમાં તો ખૂબજ કાળજી રાખવી જોઇએ કે ભગવાને કરવા લાયક કહેલા કામોને ન કરવા લાયક કહેવાઇ જાય નહિ અને ભગવાને નહિ કરવાલાયક કામને કરવાલાયક કહેવાઇ જાય નહિ. એકજ વાક્યમાં ઉન્માર્ગની દેશના અને સન્માર્ગનો નાશ બન્ને પાપો એકી સાથે લાગી જાય એમ પણ બની શકે. તત્વના સ્વરૂપાદિની બાબતમાં ખોટા પ્રતિપાદનથી માત્ર ઉન્માર્ગ દેશનાનું પાપ લાગે એ બને પણ માર્ગની આરાધનાને લગતા કેટલાક કથનો એવા હોય છે કે એ કથનોથી ઉન્માર્ગની દેશનાના પાપની સાથે સન્માર્ગનો નાશ કરવાનું પાપ પણ લાગે. ગૃહસ્થાવાસ કરવા જેવો ખરો કે નહિં ? નહિ જ ! સાધુપણું લેવા જેવું ખરું કે નહિ ? ખરૂં જ ! હવે જો કોઇ એવું પ્રતિપાદન કરે કે ગૃહસ્થાવાસ કરવામાંય વાંધો નહિ, સાધુપણું લીધેજ ધર્મ થાય એવું કાંઇ નહિ. તો ? કેટલાક કહે છે ને કે બેસો બેસો હવે સાધુપણું લીધેજ કલ્યાણ છે ? સાધુપણાને લીધા વિના શું કલ્યાણ ન જ થાય ? જો આવું બોલે તો તેમાં બેય પાપો આવી જાય એ બનેને ? એટલે હવે હૈયું હાથમાં, વિવેકમાં રહેવાનું અને વાણી ઉપર કાબુ રહેવાનો ? સગા છોકરાના પણ ખરાબ કામને ખરાબ જ કહેવાના અને દુશ્મનના પણ સારા કામને સારું કહેવાના ? સાધુ બનેલાઓ પણ જો પાંચ ઇન્દ્રિયોના વિષયોના રસિક બની જાય છે તો તેમણે પણ ક્યારે ક્યારે હું ઉન્માર્ગની દેશના કરું છું અને ક્યારે ક્યારે મારાથી સન્માર્ગને ધક્કો પહોંચે છે તેનું ભાન નથી રહેતું. કદાચ વર્તનમાં ભૂલ થઇ જાય પણ કાબુ આવી જાય તો બચી જાય. અવસરે એ કહી શકે કે અમે ખરાબ છીએ પણ અમને સારા ઠરાવવાને માટે શાસ્ત્રની વાતને ખોટી કહેવાને અમે તૈયાર નથી ! ન કરવા લાયક કરવા છતાંય જો

સાચું સમજે અને જે બોલે તે સાચું બોલે તો તે બીજા ભયંકર પાપથી બચી જાય. બાકી તો ઉન્માર્ગની દેશનાનું અને સન્માર્ગના નાશનું પાપ લાગતાં વાર લાગે નહિ. અનાચાર સેવે અને ઉપરથી ચાલે ચાલે હવે એ તો આમાં વાંધો નહિ. આવું આવું બોલે તેમાં બેય પાપ છે. આતો જાણકારની વાત થઇ પણ અજાણ્યાથીય ભૂલ થઇ જાય ને ? નહિં જાણનારે નહિં બોલવું એજ યોગ્ય છે. ન જાણતાં હોઇએ તો કહેવું કે હું જાણતો નથી. પણ આજે તો દોઢડાહ્યા થવાની વૃત્તિ ઘણી છે ને ? પછી ભૂલ થાય અને પાપનું ફળ ભોગવવું પડે એમાં નવાઇ છે ?

## એકલો ધર્મ સાધુપણામાંજ

તમારે ઘરના કામો કરવા પડે ને ? પણ એ કામો કામો તરીકે કરવા જેવા જ છે એમ તમે માનો અગર તો કહો ખરા ? સંયોગવસાત કરવા પડે છે બાકી કરવા જેવા નથી એમજ તમે માનો અને કહો ને ? તમે પરિગ્રહ રાખો છો તમારે પરિગ્રહ રાખવો પડે છે પણ પરિગ્રહ રાખવા જેવો છે એવું તો તમે માનો અગર કહો નહિં ને ? ધર્મ તો અપરિગ્રહજ એમ કહેવાયને ?

પ્રશ્ન. અલ્પ પરિગ્રહ એ ધર્મ નહિં ?

મહા નો ત્યાગ તે ધર્મ, અલ્પતા કરી તે ધર્મ પણ અલ્પેય રાખ્યો તે ધર્મ નહિ. માટે તો ગૃહસ્થને ધર્માધર્મી કહ્યા છે. પરિગ્રહ જેટલો છોડ્યો તેટલો ધર્મ પણ બાકીનો અધર્મ. સર્વવિરતિ એ ધર્મ એટલે દેશવિરતિએ જેટલી વિરતિ કરી તે ધર્મ અને જેટલી વિરતિ ન કરી તે અધર્મ. એકલાખ રાખીને બાકીના સન્માર્ગે ખર્ચ્યા તે ધર્મ. પણ જે રાખ્યા તે તો પાપને ? આવું દરેક વાતમાં સમજવાનું છે માટે વગર સમજે બોલવું નહિં. શ્રાવકધર્મનો અર્થી ખરો પણ સંપૂર્ણ ધર્મી નહીં. કેમકે શ્રાવક પોતપોતાની શક્તિ મુજબ ધર્મ લે છે એટલે એને બાકીનો અધર્મ ઉભો રહે છે. શ્રાવકને અધર્મ ઉભો રહે છે તો શ્રાવક અધર્મમાં કેમ રહે છે ? નથી છોડી શકતો માટે. ગમે એ ધર્મ અધર્મમાં રહેવું ગમે નહિ. એટલે થાય એટલો ધર્મ તો કરે પણ બાકીના અધર્મમાં રહે તેનું શું ? તો કે બાકીના અધર્મમાં રહે તે ન છુટકે રહે !

જેટલો અધર્મ રહ્યો છે તેને છોડવાની પેરવીમાં એ રહે ! તમે જે કંઇ વેપાર કરો-કરાવો, લગ્ન કરો-કરાવો, ઘર સંસાર ચલાવો એ વગેરે બધું તો અધર્મજ ને !

પ્રશ્ન. અધર્મ તો ખરો જ.

એ અધર્મ કરવો સારો લાગે છે માટે કરો છો કે એ અધર્મથી છુટવા જેવું લાગે છે પણ છુટાતું નથી માટે કરો છો ? એનાથી છુટાય તો છુટવાની ઇચ્છા તો ખરી ને ?

સભા. હાજી

એટલે ઘરમાં બધાને તમે કહો ખરાને કે આપણે અહીં બેઠા છીએ તે અધર્મમાં બેઠા છીએ ? એ વખતે છોકરો જો એમ પૂછે કે ધર્મ તો સંપૂર્ણપણે કરવો હોય અને અધર્મ જો જરાપણ નહી કરવો હોય તો શું કરવું જોઇએ ? કદાચ એને અધર્મથી બચવાનું મન થઇ જાય અને માત્ર ધર્મનેજ સેવવો છે એવું મન થઇ જાય તો એ પૂછે ને કે એવું સ્થાન કયું છે કે જ્યાં એકલો ધર્મ થઇ શકે અને અધર્મ કરવો પડે નહિ ?

એવું કોઇ સ્થાન હોય તો તે બતાવોને ? તો એ વખતે તમે સાધુપણુંજ બતાવોને ? સાધુપણા સિવાય અધર્મથી સર્વથા બચાય નહિ અને એકલા ધર્મમાં રહેવાય નહિ. એમ કહો ને ? જૈનપણું જો તમારા હૈયે હોય તો તમારાથી આથી વિપરીત કાંઇ બોલાય નહિં. છોકરો જો એમ પણ પૂછે કે અહિં અધર્મ છે તો તમે કેમ રહ્યા છો ? તોય બાપ જો જૈન હોય તો એમજ કહે કે રહેવું સારું લાગે છે માટે રહ્યો નથી પણ કર્મથી માંદો છું માટે રહ્યો છું. ઇચ્છા તો એજ છે કે છેવટ મરતા પહેલાંય આ અધર્મથી છુટી શકું તો સારું !

## <u>સંસારની કોઇ પ્રવૃત્તિમાં ધર્મ નહિ</u>

તમે સંસારમાં રહ્યા છો પણ સંસારમાં રહેવું એ અધર્મ છે એ વાત હૈયે કોતરાયેલી છે ને ? હિંસા, ભોગ, પરિગ્રહ એ વગેરે અધર્મને ? પાપને ? પછી સંસારની કઇ ક્રિયાને માટે તમે એમાં પાપ નથી એવું કહી શકવાના ? માર્ગ

વિરુધ્ધ બોલવાથી અને અવસરે માર્ગ નાશ પણ થાય એવું બોલવા આદિથી બચવું હોય તો આ બધું સમજી લેવું જોઇએ. જેનું મિથ્યાત્વ મંદ અને કષાયો મંદ એવા મિથ્યાદર્શનમાં પણ પડેલા ઘણા જીવો જેને જેને પાપ તરીકે સમજી શકે છે તેને તેને પાપ તરીકે કહે છે. એક જણ લગ્નમાં અધર્મ પાપ માનતો નહોતો પણ એને જ્યારે લગ્નની ક્રિયાનું પરિણામ સમજાવ્યું ત્યારે એ ઝટ સમજી ગયો કે લગ્ન એય પાપકાર્ય તો ખરું જ ! આપણી પાસે તો પુણ્ય પાપ ધર્મ-અધર્મનો વિવેક કરી શકાય તેવી સુંદર સામગ્રી છે. તમે તો છોકરા પરણાવવા એ ધર્મ છે એવું બોલો નહિં ને ? એ વખતે કદાચ મહાલવાનું મન થાય તોય ભૂંડુ થાય છે એવું ભાન રહે કે ગાંડપણ આવે ? ત્યાગ કરી શકતો નથી માટે આ કરવું પડે છે બાકી આ કરવા જેવું નથી એમ લાગે ને ? વેપાર કરતાં લોભનું ગાંડપણ આવી જાય અને અન્યાય આદિ થઇ જાય પણ પછી એને માટે હૈયું કંપે ને ? એક સુખી માણસને પૂછયું કે તમારા જેવો સાધન સંપન્ન માણસ વેપાર કેમ કરે છે ? ત્યારે એ કહે છે કે પહેલાં તો કમાવાને માટે વેપાર કરતો હતો પણ હવે જગતને વેપાર કેમ થાય તે શીખવવાને માટે વેપાર કરું છું. સંપત્તિ મળી એટલે બેસી રહીએ તો જગતની પ્રગતિ કેમ થાય ? એમ કહી નિરુધ્યમી બેસી રહેવાય ? વેપારમાં જે હિંસાદિ થાય પૌદ્ગલિક વાસના પોષાય એ વિગેરેની તો એને કાંઇ પડીજ નહોતી. વેપાર એ પણ અધર્મ છે એમ એને શાનું લાગે ? એ તો વેપાર છોડવા ઇચ્છનારને વેપારમાં જોડાવાની સલાહ આપે ને ? તમે એમાંના તો નથી ને ? આટલી ઉંમર સુધી વેપાર કર્યો તે પાપ કર્યું તેમ તો મનમાં ખરું ને ? સંસારમાં બેઠા તે પાપના યોગે બેઠા એમ લાગે છે ને ? ગૃહસ્થપણે મરવું પડે તો મરતાં સુધી અધર્મમાં રહેવું પડ્યું એવો વિચાર આવે ને ? મરતાં સુધી સંસાર ન છુટે તોય સંસાર છોડવા જેવો છે એ વાત મનમાંથી ખસે નહિં ને ? આ બધો માર્ગ છે, માર્ગ વિરુધ્ધ બોલવું નહીં. ભૂલથી પણ માર્ગનાશના પાપમાં પડવું નહીં એવી ઇચ્છા હોય તો ખૂબજ વિવેકશીલ બનવું પડશે.

## 3. આર્તધ્યાન

આર્તધ્યાન એ પણ તિર્યંચાયુષ્ય અને તિર્યંચગતિના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે. આર્તધ્યાનના ચાર ભેદો છે. ઇન્દ્રિય, ગોચર એવા શબ્દાદિ વિષયો એટલે કે ઇન્દ્રિયોને અનુકૂળ એવા જે વિષયો અને પ્રતિકૂળ જે વિષયો એ જે શબ્દાદિ વિષયો એ વિષયોને આધારભૂત એવી વસ્તુઓ એ વિષયો અને એ વિષયોની આધારભૂત વસ્તુઓમાં મનને જે જે અનુકૂળ ન હોય પણ પ્રતિકૂળ હોય તેના વિયોગની જે તીવ્ર ચિંતા એ આર્તધ્યાનનો પહેલો ભેદ છે. સામાન્ય પ્રકારની વિચારણા અગર તો ચિંતા એ ધ્યાનમાં ન ગણાય. કોઇપણ પ્રકારની વિચારણામાં મનની જ્યારે એકાગ્રતા થઇ જાય ત્યારે તે ધ્યાન કહેવાય. વિષય અને કષાયને આધીન બનેલો જીવ વિષયોનો લાલચુ હોય છે, વિષયોનો લાલચુ હોવા છતાં પણ જ્યારે તેને તેના મનને ગમતાં ન હોય તેવા વિષયોનો અથવા તો તેવા વિષયોની આધારભૂત વસ્તુઓનો યોગ થઇ જાય છે ત્યારે તે તેવા વિષયો અને તેવી વસ્તુઓનો દ્વેષી બની જાય છે. એના હૈયામાં વિષયો પ્રત્યે અણગમો નથી પણ પ્રતિકૂળ વિષયો પ્રત્યેજ અણગમો છે. આથી જ્યારે તેને પ્રતિકૂળ વિષયોનો અગર તો પ્રતિકૂળ વિષયોની આધારભૂત એવી વસ્તુઓનો યોગ થઇ જવા પામ્યો હોય ત્યારે તે આર્તધ્યાનના પહેલાં ભેદમાં રક્ત બને એટલે કે એકાગ્ર થાય એ ઘણું શક્ય છે. ક્યારે આ વિષયો અને આ વસ્તુઓ મારાથી છૂટે કે હું એનાથી છૂટું આ પ્રકારની તીવ્ર ચિંતા થતાં તેમાં જો એકાગ્રતા આવી જાય તો તે પ્રથમ પ્રકારનું આર્તધ્યાન છે. પ્રતિકૂળ વિષયો અને તેની આધારભૂત વસ્તુઓનો વિયોગ થઇ જાય એટલે આવો ખરાબ યોગ મને કદિ પણ થાઓ નહિં એવી વિચારણા આવવાની અને તેમાં મનની એકાગ્રતા થવાને પણ અવકાશ છે. વળી ભૂતકાળમાં જ્યારે જ્યારે તેવા પ્રતિકૂળ વિષયો અને તેની આધારભૂત વસ્તુઓનો યોગ નહોતો તે તે સમયને અવલંબીને તે તે સમયે સારું હતું એવી વિચારણા આવે અને એ વિચારણામાં પણ મનની એકાગ્રતા થઇ જાય તો એ પણ શક્ય છે. આવી જ રીતિએ રોગાદિકની જે વેદના તેના વિયોગનો દ્રઢ એવો જે અધ્યવસાય તે અધ્યવસાય જોઇએ તો વર્તમાનકાળ સંબંધી હોય, જોઇએ તો ભવિષ્યકાળ સંબંધી હોય, કે જોઇએ

તો ભૂતકાળ સંબંધી હોય. તેવો મનની એકાગ્રતાવાળો અધ્યવસાય એટલે કે પરિણામ એ આર્તધ્યાનનો બીજો ભેદ છે. રોગની વેદનાના પ્રતિકારની ચિંતાના યોગે ચિકિત્સા કરાવવાને માટે એટલે કે દવા કરાવવાને માટે અંતઃકરણ એટલે કે હૈયું વ્યાકુળ બની જાય તેમાંથી આ આર્તધ્યાનનો બીજો ભેદ આવે, કેવળ ધર્મની સાધનાનાજ હેતુથી આજ્ઞાવિહિતપણે રોગાદિકના પ્રતિકારની એટલે કે રોગાદિકને નાશ કરવાની ચિંતા થાય અને તેમાં મનની એકાગ્રતા પણ થઇ જાય તોય તે આર્તધ્યાન નથીજ કેમ કે એમાં તો આશય શુધ્ધિ રહેલી છે. એટલે કે ભગવાનની આજ્ઞા મુજબ સારી રીતે ધર્મ આરાધના થાય એવો આશય એમાં રહેલો છે.

જેમ અનિષ્ટ એવા વિષયો અને તેની આધારભૂત વસ્તુઓના વિયોગની ચિંતામાંથી આર્તધ્યાનનો પહેલો ભેદ ઉત્પન્ન થવા પામે છે તેમ ઇષ્ટ એવા જે વિષયો તેના તથા તે ઇષ્ટ વિષયોની આધારભૂત વસ્તુઓના સંયોગની ચિંતામાંથી આર્તધ્યાનનો ત્રીજો ભેદ ઉત્પન્ન થવા પામે છે. પહેલાં ભેદમાં અનિષ્ટ વિષયોનો તથા તેની આધારભૂત વસ્તુઓનો દ્વેષ કારણરૂપ હતો તો આ ત્રીજા ભેદમાં ઇષ્ટ વિષયોનો તથા તેની આધારભૂત વસ્તુઓનો રાગ કારણભૂત હોય છે. આ પ્રકારનું આર્તધ્યાન પણ વર્તમાનકાળ, ભવિષ્યકાળ અને ભૂતકાળ સંબંધી હોઇ શકે છે.

દેવેન્દ્રો અને ચક્રવર્તી આદિ નરેન્દ્રોના રૂપ અને રિધ્ધિ આદિની પ્રાર્થના રૂપ જે નિદાન તેમાંથી આર્તધ્યાનનો ચોથો ભેદ ઉત્પન્ન થવા પામે છે. પોતાના તપ અને ત્યાગ આદિના બદલામાં દેવેન્દ્રો અને નરેન્દ્રોના રુપ અને રિધ્ધિ આદિની યાચના કરવામાં એટલે કે માગણી કરવામાં ગુલતાન બની જનારા એકાગ્રક બની જનારા જીવો પણ આર્તધ્યાનના ઉપાસક બન્યા ગણાય છે. આવું નિદાન કરવું એ ઘણુંજ અધર્મ કાર્ય છે. અજ્ઞાનીઓ સિવાય કોઇને પણ સંસારીક સુખોનાજ આગ્રહ વાળો સંસારીક સુખોનો અભિલાષ થાય નહી. ત્યાગી અને તપસ્વી એવો પણ આત્મા જ્યાં સુધી તેવા પ્રકારનો અજ્ઞાની બનતો નથી ત્યાંસુધી તે સંસારિક સુખોનો તેવા પ્રકારનો અભિલાષી બની શકતો નથી.

## આર્તધ્યાનના નિમિત્તોને પણ વિવેકથી મુક્તિના ધ્યાનના નિમિત્તો બનાવી શકાય

આ ચારે પ્રકારના આર્તધ્યાન ભોગથી સંસારની વૃધ્ધિના કારણ રૂપ છે અને વિશેષથી તિર્યંચ આયુષ્ય અને તિર્યંચગતિનું મૂળ છે. મનને અનુકૂળ નહિં એવા વિષયોનો યોગ થાય અથવા તો મનને અનુકૂળ નહિં એવા વિષયોની આધારભૂત વસ્તુઓનો યોગ થાય તો એ વખતે એના પ્રત્યે આત્મામાં દ્વેષનો ભાવ જન્મે છે કે પાપોદયનો વિચાર આવે છે ? રોગાદિકની વેદનાનો યોગ થતાં પણ એના પ્રત્યે આત્મામાં દ્વેષનો ભાવ જન્મે છે કે પાપોદયનો વિચાર આવે છે ? મનને અનુકૂળ નહી એવા વિષયોના તથા તે તે વિષયોની આધારભૂત વસ્તુઓના અને વેદના ઉપજાવતા રોગાદિકના પણ વિયોગની જ ઇચ્છા થાય છે ને ? ક્યારે આ જાય એમજ થયા કરે છે ને ? મન માત્ર અણગમાનીજ લાગણી અનુભવે છે ને ? એ દ્વેષ છે. એવા પ્રસંગે ક્યારે આ જાય અને ક્યારે હું આનાથી મુક્ત બનું એવો વિચારજ આવે છે ને ? આવો વિચાર જોરદાર બને અને એમાંથી એ વિચારમાં એકતાનતા આવે એ આર્તધ્યાન છે. એ વખતે પાપોદયનો વિચાર આવવો જોઇએ.

સભા. પાપનો ઉદય છે એવો વિચાર તો આવે છે.

પછી શું થાય છે ? એમ થાય છે કે આનો યોગ મને મારા બાંધેલા પાપકર્મના ઉદયથીજ થવા પામ્યો છે માટે મારે મારા બાંધેલા પાપકર્મના ફળને ભોગવી લેવું જોઇએ !

સભા. એમ તો ઓછું લાગે ?

હજુ તો એથી પણ આગળ વિચાર આવવો જોઇએ એ વિચાર કરવો જોઇએ કે આવા પ્રકારનું પાપકર્મ મેં શી રીતે પેદા કર્યું ? મનને અનુકૂળ નહિં એવા વિષયોનો એવા વિષયોની આધારભૂત વસ્તુઓનો અને વેદના ઉપજાવનાર રોગાદિકનો યોગ કરાવનારા પાપકર્મનું ઉપાર્જન શાથી થાય છે ? સંસારના સુખનો રસ એજ એનું પ્રધાન કારણ છે. આવો વિચાર આવે તો આર્તધ્યાનના ત્રીજા અને ચોથા પ્રકારમાંથી પણ પાછા ફરવાનું મન થાય.

એટલે કે ઉગરવાનું મન થાય. સંસારના સુખનો રસ બધેય નડે છે ને ? કર્મનો યોગ મુખ્યત્વે સંસારના સુખના રસનેજ આભારી છે ને ? મનને ન ગમતાં એટલે કે અમનોજ્ઞ વિષયાદિ અને રોગાદિકનો યોગ ન ગમતો હોય તો મનને ગમતાં એટલે કે મનોજ્ઞ વિષયાદિના યોગને મેળવવા આદિની વૃત્તિ ઉપર તથા તે માટે ત્યાગ અને તપને હોડમાં મૂકી દેવા જેવી માનસિક સ્થિતિ ઉપર કાબુ મેળવવો જોઇએ ને ? આ બધો વિચાર કરો તો મુક્તિને સાધવાનો વિચાર પણ આવે. એમ થાય કે મુક્તિને સાધીએ તો કોઇપણ કર્મનો કશો પણ યોગ રહેવા પામે નહી અને કર્મનો યોગ જ ન હોય તો વિષયાદિનો યોગ પણ હોય નહી તથા શરીરનો યોગ પણ હોય નહી એટલે કોઇ પણ પ્રકારના દુઃખને અવકાશ હોય નહી. એટલે કે કોઇપણ પ્રકારનું દુઃખ આવી શકે નહી. આમ જે નિમિત્તે દુર્ધ્યાનની સંભાવના ગણાય તેજ નિમિત્તે વિવેકી આત્મા મુક્તિના ધ્યાનને પામી શકે અને ઘણી ઘણી નિર્જરાને સાધી શકે. તાત્કાલિક પ્રતિકૂળતા સહાય નહી એટલે કે સહન થાય નહી અને અનુકૂળતા ગમી જાય એ બનવા જોગ છે. પરંતુ એ વખતેય જેમ બને તેમ પ્રતિકૂળતાના દ્વેષી નહી બનતા કર્મના દ્વેષી બનાય અને અનુકૂળતાના રાગી નહી બનતા મુક્તિના રાગી બનાય તો ક્રમે કરીને પ્રતિકૂળતામાં તથા અનુકૂળતામાં સમભાવ બન્યો રહે એવી સ્થિતિને પામી શકાય અને અંતે મુક્તિને પણ પામી શકાય આ વિના તો તમારે જોઇતો હોય દેવલોક અને તમે ઘસડાઇ જાવ દુર્ગતિમાં એ પણ બનવા જોગ છે. આર્તધ્યાનમાં તમે જે વખતે લીન બન્યા હો તે વખતે જો આયુષ્યનો બંધ પડી જાય તો તિર્યંચાયુષ્યનો બંધ પડે માટે વિષયાદિની પ્રતિકૂળતાને અંગે તથા રોગાદિકને અંગે તેના તેના વિયોગની વિચારણા આવે અથવા તો અનુકૂળ વિષયાદિના સંયોગની વિચારણા આવે તો પણ તે વિચારણામાં એકતાનતા આવી જવા પામે નહી તેની તો ખાસ કાળજી રાખવી જોઇએ અને એ વિચારણાને પણ પાપોદય તથા પુણ્યોદયની વિવેક પૂર્વકની વિચારણા દ્વારા કાઢી નાંખવાનો પ્રયત્ન કરવો જોઇએ.

## આર્તધ્યાનમાં કેટલો સમય જાય છે ?

આપણે ક્યારે ક્યારે આર્તધ્યાનના કોઇને કોઇ પ્રકારમાં સપડાઇ ગયેલા હોઇએ છીએ તેનો વિચાર કરવા જેવો છે. માણસ કેટલીક વાર જ્યારે પોતાના સુખ-દુઃખની અને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો આદિની વાત કરવા બેસે છે ત્યારે એ કોઇ કોઇ વખતે એમાં ભારે લીન બની જાય છે. કેટલાકો તો સાધુ-સાધ્વીની પાસે પણ એવી રીતિએ વાત કરવાને મંડી જાય છે, આર્તધ્યાનમાં મગ્નતા ઓછી આવતી હશે પણ એ ધ્યાનને લાવે એવી વિચારણાઓ તો ચાલુ જ હોય છે ને ? મુક્તિની અને મુક્તિના સાચા સાધનોની વિચારણા રોજ આવે છે ? જેને રોજ એની વિચારણા આવતી હોય તેવોય વિચાર કરે કે દિવસનો કેટલો સમય એ વિચારણા અને આર્તધ્યાનને ઘસડી લાવે એવી વિચારણા દિવસમાં કેટલો સમય ? વળી મુક્તિની તથા મુક્તિના સાધનોની વિચારણામાં લીન બનાય છે વધુ કે આર્તધ્યાનને લાવનારી વિચારણામાં લીન બનાય છે વધુ ? આનો નિર્ણય દરેકે પોતે પોતાની જાત વિષે વિવેકપૂર્વકની વિચારણા કરવા દ્વારાએ કરવો પડશે. સ્ત્રી-પુત્રાદિક આપની સેવા કરે છે માટે સારા લાગે છે કે આપણને ધર્મમાં સહાયક બને છે માટે સારા લાગે છે એનોય વિચાર કરવો પડશે. મોહઘેલા આત્માઓ આવો વિચાર ન કરી શકે પણ તમે કાંઇ મોહઘેલા છો ? તમે તો મોહને મારવાને માટે નીકળ્યા છો ને ? મોહને મારવાનું તમારું દિલ તો ખરું ને ? એટલે તમે જે થોડી પણ ધર્મક્રિયા કરો છો તે મોહને મારવાને માટેજ અથવા તો મોહને મારવાની તાકાત આત્માને પ્રગટે એ માટે જ કરો છો ને ? કે પછી એમાંય સંસારના સુખનો રસજ કામ કરી રહ્યો છે ?

## નિદાન એટલે નિયાણું બોધીને એટલે સમકિતનેય દુર્લભ બનાવે છે

મને મારા તપ અને ત્યાગ આદી દ્વારા દેવેન્દ્રની કે નરેન્દ્ર આદિની રિદ્ધિ આદિ મળો એટલે કે દેવતાઇ રિદ્ધિ સિદ્ધિ મળો અથવા મનુષ્યપણાની, ચક્રવર્તીપણા આદિની કે રાજાપણા આદિની રિદ્ધિ સિદ્ધિ મળો, આવા

પ્રકારની ઇચ્છા પેદા થાય અને એમાં લીનતા આવે એ પણ આર્તધ્યાન છે. એવા ધ્યાનના યોગે તપના અને ત્યાગાદિના સાચા ફળને હારી જવાય છે. સંભુતિ મુનિનો પ્રસંગ તો તમે કદાચ સાંભળ્યો હશે. શ્રી ચિત્રમુનિ અને સંભુતિ મુનિ એ બંન્નેય મહાત્યાગી અને મહાતપસ્વી મુનિવરો હતા. એક પ્રસંગે ચક્રવર્તીના સ્ત્રીરત્નનો કેશ સ્પર્શ એટલે વાળનો સ્પર્શ થવા માત્રથી સંભુતિ મુનિ ચલચિત્ત બની ગયા. કામરાગને અતિ આધિન બની ગયેલા તેમણે નિયાણુ કર્યું કે જો મારા આ દુષ્કર તપનું ફળ હોય તો મને ભવાંતરમાં આવા સ્ત્રીરત્નનું પતિપણું મળો ! શ્રી ચિત્રમુનિએ એમને ઘણું સમજાવ્યા પણ સંભુતિ મુનિની વિષય ઇચ્છા એટલી બધી જોરદાર બની ગઇ હતી કે એમણે શ્રી ચિત્રમુનિની સમજાવટને ગણકારી નહિ. એ સંભુતિ મુનિ ત્રીજા ભવે બ્રહ્મદત્ત નામે ચક્રવર્તી થયા એ વખતે પેલા શ્રી ચિત્રમુનિ કે જે ત્રીજા ભવે અવધિજ્ઞાનને પામીને વૈરાગ્યવાસી અંતઃકરણવાળા બની મુનિ બન્યા હતા. તેમનો બ્રહ્મદત્તને યોગ થયો એ મુનિવર પ્રત્યે બ્રહ્મદત્તને ઘણો રાગ થયો કારણ કે પૂર્વભવોનો સંબંધ હતો. પણ એ મુનિવરનો ઉપદેશ બ્રહ્મદત્તને રુચ્યો નહી. બ્રહ્મદત્તે તો એ મુનિવરને જ ભોગસુખોને ભોગવવાનો આગ્રહ કર્યો. મુનિવરને લાગ્યું કે આ જીવ અત્યારે બોધ પામે તેમ નથી એટલે કે અતિશય અબોધ્ય એટલે બીલકુલે બોધ પામે તેમ નથીજ. એ બાબતમાં પરમ ઉપકારી કળિકાળ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ લખ્યું છે કે-

**'કુતઃ કૃતનિદાનાનાં બોધિબોજસમાગમઃ ?'**

જે આત્માઓએ નિયાણું કરેલું છે તેઓને આવા મુનિવરનો યોગ થવા છતાં પણ બોધિબીજનો એટલે કે સમકિતનો સમાગમ ક્યાંથી થાય ? સ્ત્રીરત્નતો એને મળી ગયું પણ એને એ રીતિએ મેળવીને એ ચક્રવર્તી સાતમી નરકે ગયો. એ તપનું ફળ તો એવું ખતમ થઇ ગયું કે સુગુરુ મળે તોય ઉપદેશ જચે નહિં સંભુતિ મુનિનો તપ તો ગયો પણ તેમના ત્યાગના સંસ્કારો પણ ગયા ને ? નહિં તો એ પોતે ત્યાગ કરવાની ભાવનાવાળો બનવાને બદલે ત્યાગનો ઉપદેશ દેનારા મુનિને ભોગ ભોગવવાનું આમંત્રણ

એ કરે ખરો ? એટલે વિષયોથી ખૂબજ સાવધ રહેવાની જરૂર છે. આર્તધ્યાનથી બચવું હોય તો સંસારના સુખની રસિકતા ઉપર કાપ મૂકવો એટલે કે રાગાદિ પરિણામ ઉપર કાપ મૂકવો એ ખૂબજ જરૂરી છે. એમ તમને લાગે છે ને ?

## ૪. શલ્ય સહિતપણું

આ પણ તિર્યંચાયુષ્ય અને તિર્યંચગતિના આશ્રવો પૈકીનો એક આશ્રવ એટલે કારણ છે. કલ્યાણના અર્થી જીવોએ જ્યાંસુધી શક્ય હોય ત્યાંસુધી તો અવશ્ય જીવનમાં થઇ ગયેલા પાપોની યોગ્ય સ્થળે આલોચના કરી લેવી જોઇએ. તેમજ યોગ્ય જગ્યાએ પોતાના પાપોનું સાચા રૂપમાં પ્રકાશન કરીને તેની શુધ્ધિને માટે આવશ્યક એવું જે કંઇ પણ કરવાનું ગુરુ કરવાનું કહે તે સર્વને શુધ્ધભાવે આચરવું જોઇએ. જીવનમાં દોષ છે કે નહી ? દોષ તો છે તો ભગવાન શ્રી જિનેશ્વર દેવોના શાસનના સુયોગને પામ્યા પછીથી પણ શા માટે શલ્ય સહિતપણે મરવું જોઇએ ? શાસ્ત્રમાં અનેક સ્થળોએ અનાલોચિત એટલે જેને આલોચના કરેલી ન હોય એવા પાપકર્મ કહીને એમ સૂચવ્યું છે કે કલ્યાણના અર્થી આત્માઓએ સદ્‌ગુરુઓની પાસે પોતાના પાપોની આલોચના અવશ્ય કરવી જોઇએ. આલોચના કરવાની વૃત્તિ કરવાની હોવા છતાંય પોતાના પાપને પોતાના પાપ તરીકે છુપાવવાના કારણ માત્રથી પણ લક્ષ્મણા સાધ્વીની કઇ દશા થઇ તે તો તમે સાંભળ્યું છે ને ? શ્રી પર્યુષણા અઠ્ઠાઇના વ્યાખ્યાનમાં એ પ્રસંગ પણ આવે છે એટલે અહીં કહેવાની જરૂર નથી.

## ૫. માયા

માયા એ પણ તિર્યંચાયુષ્યને તિર્યંચગતિના કારણરૂપે કહેલી છે. માયા કોને કહેવાય તે કંઇ તમને સમજાવવું પડે તેમ છે ? માણસે વિચારમાં, વાણીમાં અને વર્તનમાં સરળ બનવાનો પ્રયત્ન કરવો જોઇએ. પરિણામમાં જેટલી સરળતા હોય તેટલો લાભ થાય. સારા પણ કાર્યોમાં સ્વાર્થને આધીન બનીને માયા સેવાઇ જાય નહિ તેની કાળજીરાખવી જોઇએ. શ્રી મલ્લિનાથ

ભગવાનના પૂર્વભવના પ્રસંગનો તો તમને ખ્યાલ છે ને ? તપમાં પણ સ્વાર્થ વશ બનીને માયા કરવાથી નુકશાન થાય છે તો પછી સંસારમાં માયા સેવનારાઓની તો કઇ ગતિ થાય ?

## ૬. આરંભ અને પરિગ્રહ

આરંભ તથા પરિગ્રહ એ પણ તિર્યંચાયુષ્ય અને તિર્યંચગતિના આશ્રવોમાંથી એક આશ્રવ એટલે કારણ કહેલું છે. જેને આરંભથી અને પરિગ્રહથી સર્વથા મુક્ત બની જવું હોય તેને તો સાધુપણાનેજ સ્વીકારવું પડે અને સાધુપણાને સ્વીકારીને પણ તેના પાલનમાં બરાબર ઉપયોગશીલ બન્યા રહેવું પડે. સંસારી જીવને આરંભથી અને પરિગ્રહથી સર્વથા બચવું એ શક્ય નથી છતાં પણ આરંભ એય તજવા યોગ્ય છે અને પરિગ્રહ એ પણ ત્યજવા યોગ્ય છે એવી માન્યતા તો જેઓ સાધુ નથી થયા તેવા પણ સમજુ જીવોની હોઇ શકે છે ! આરંભ એય પાપરુપ છે અને પરિગ્રહ એય પાપરુપ છે એવું તો તમે માનો છો ને ? તમને આરંભ કરવા સારા લાગે છે માટે તમે આરંભ કરો છો ? કે સાધુ થઇ શકાય તેમ નથી અને સંસારમાં આરંભ વિના જીવાય તેમ નથી માટે તમે આરંભ કરો છો ? એજ રીતિએ પરિગ્રહમાં. પરિગ્રહમાં તમે કંઇ રાખવા જેવો માનીને રાખતા નથી ને ? પરિગ્રહ પાપ છે અને પાપને કરાવનાર છે એ વાત તો તમારા હૈયે બરાબર કોતરાયેલી જ છે ને ? પરિગ્રહને ભલે તમે અત્યારે તજી શકતા નથી કદાચ જીવનભરને માટે તમે પરિગ્રહને તજી શકો નહિ એમ પણ બને પણ તમને તમારા પરિગ્રહને માટે શું થયા કરે ? રાખવા જેવો નથી પણ મારી વર્તમાન સ્થિતિમાં મારે એને રાખ્યા વિના છુટકો નથી માટે મારે રાખવો પડ્યો છે એમ થાય ને ? અને એથી આનાથી હું ક્યારે છુટું એમ પણ થાય ને ? હું સાધુ બનું તોજ આ પાપથી બચી શકું એવું છે અને સાધુ બનવાની મારામાં તેવડ નથી એટલે મારે આ પાપનો સંસર્ગ રાખવો પડ્યો છે એવું તો તમારા મનમાં ખરું ને ? જો આ વિચાર હોય તો આરંભમાં અને પરિગ્રહમાં રસ કેટલો આવે ? જેવો આરંભ અને પરિગ્રહને સુખનું કારણ માને તેઓને

આરંભમા અને પરિગ્રહમાં જેવો રસ આવે છે તેવો રસ કાંઇ આરંભને અને પરિગ્રહને પાપરુપ માનનારને આરંભમાં અને પરિગ્રહમાં રસ આવે ખરો ? નહિ જ. કેમકે આના મનમાં એ વાત બેઠીજ છે કે વાસ્તવિક રીતિએ તો આ પાપનું એટલે દુઃખનું કારણ છે. એથી એના મનમાં ખટક રહ્યાજ કરે અને મનની એ ખટક આરંભ પરિગ્રહના રસને માર્યાજ કરે ને ?

## વિભાવદશા માટે આરંભાદિ

આરંભ અને પરિગ્રહ એ પાપનું કારણ છે અને એથી એ દુઃખનું કારણ છે એટલા માટે જ આરંભ અને પરિગ્રહ ત્યાજ્ય છે ? ના. એ આત્માનો પરભાવ છે. આત્માની એ વિભાવદશા છે. જેને સ્વભાવ દશાનું ભાન થયું છે તેને વિભાવદશામાં રસ હોય ખરો ? જેને જ્ઞાનની મહત્તા સમજાઇ છે તેને અજ્ઞાનમાં રસ આવે કે એને અજ્ઞાન ખટકે ? ન ભણી શકે એ બને સંયોગ વસાત ભણવાનો પ્રયત્ન કરી શકે નહિ એ બને અને ભણવાની મહેતન કરવા છતાં પણ આવડે નહિ એ પણ બને, એથી એ અભણ અથવા થોડું ભણેલો રહે એ બને, પણ એને અભણપણામાં રસ આવે ? એને તો વારે વારે થયા કરે કે જ્ઞાનજ મેળવવા યોગ્ય છે. હું કમનસીબ છું કે જ્ઞાની બની શકતો નથી. આત્માની સાચી સ્વભાવદશાનો જેને સાચો ખ્યાલ આવી ગયો હોય તેને આત્માની વિભાવદશા ખટક્યા કરે. આરંભ કરવો એ કંઇ આત્માનો સ્વભાવ છે ? નહિ જ. ત્યારે પરિગ્રહ એ કંઇ આત્માનો સ્વભાવ છે ? નહિ જ. એટલે આરંભ અને પરિગ્રહ તેને હોય કે જે વિભાવદશામાં હોય અને જેને આત્માની એટલે કે પોતાની વિભાવદશામાં રસ હોય તેને જ આરંભમાં અને પરિગ્રહમાં ખરેખરો રસ આવે ને ? તમને તો વિભાવદશા ગમતી નથી ને ? મોક્ષ એજ આત્માની સંપૂર્ણ સ્વભાવદશા છે એવો તમને ખ્યાલ આવી ગયો છે માટે તમે જે કંઇ ધર્મ કરો છો તે સ્વભાવ દશા માટેજ કરો છો ને ? એટલે તમે જે ધર્મ કરો છો તે જેમ બને તેમ આરંભથી અને પરિગ્રહથી છુટવાને માટે જ કરો છો એમ પણ કહી શકાય ને ?

## આરંભ અને પરિગ્રહ સ્વભાવે ખરાબ છે એમ લાગે તો મોટો પલટો આવે

આરંભ અને પરિગ્રહ એ સ્વભાવે એવી વસ્તુઓ છે કે જીવને એ દુર્ગતિમાંજ ઘસડી જાય. આરંભ અને પરિગ્રહના ત્રણ વિભાગો પાડ્યા. ૧- મહાઆરંભ અને મહાપરિગ્રહ. ૨- આરંભ અને પરિગ્રહ. તથા 3- અલ્પઆરંભ અને અલ્પપરિગ્રહ. નરકગતિ અને નરકાયુષ્યના કારણોને વર્ણવતા મહાઆરંભની અને મહાપરિગ્રહને જણાવ્યા છે. તિર્યંચગતિ અને તિર્યંચાયુષ્યના કારણોમાં આરંભ અને પરિગ્રહને જણાવેલ છે. જ્યારે મનુષ્યગતિના અને મનુષ્યાયુષ્યના કારણોમાં અલ્પઆરંભ અને અલ્પપરિગ્રહને જણાવાશે. એટલે આરંભથી અને પરિગ્રહથી જેટલી નિવૃત્તિ એટલે કે પાછા ફ્રવાનું થાય તેટલું દૂર્ગતિનું કારણ ઓછું થાય. મહાઆરંભી અને મહાપરિગ્રહી પણ જેમ નરકે નથી ગયા તેમ આરંભ વાળા અને પરિગ્રહવાળા પણ તિર્યંચગતિમાં ન જાય એ બને પણ એ ક્યારે બને ? આરંભ અને પરિગ્રહમાં રસનો જે અનુભવ થાય છે તેમાં ખટક ઉભી થાય ત્યારે ને ? જો હૈયામાં એકવાર બરાબર ઉગી જાય કે આ આરંભ અને આ પરિગ્રહ સ્વભાવે તો ખરાબજ છે માટે તજવા યોગ્યજ છે તો પરિણામોમાં કેટલો બધો સુંદર પલટો આવી જવા પામે. આરંભને અને પરિગ્રહને તમે માનો છો કેવા એ બહુ અગત્યની વસ્તુ છે. આરંભમાં હિંસા થાય કે નહિ ? હિંસા નજ થાય અને આરંભ થાય એ બને ? નહિ જ. આરંભની સાથે હિંસા તો જોડાયેલી જ છે. તમને કોઇપણ જીવની સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની પણ હિંસા થાય એ ગમે તો નહિં ને ? જેને કોઇપણ જીવની હિંસા ગમે જ નહિ એવા પણ ગૃહસ્થને હિંસાનો નિયમ તરીકે જો ત્યાગ હોય તોય તે નિરપરાધિ ત્રસ જીવની હિંસા હિંસાની બુધ્ધિએ કરવી નહિ એટલો જ ત્યાગ હોયને ? પણ એથી કાંઇ એમ કહી શકાય ખરું કે અપરાધી એવા ત્રસ જીવની હિંસા એને સારી લાગે ? અપરાધી એવો ત્રસ જીવની એને હિંસા કરવી પડે એ બને પણ એને અપરાધી એવાય ત્રસ જીવની હિંસાય ગમે તો નહિજ. એને જે નિરપરાધી

ત્રસ જીવની હિંસાનો ત્યાગ કર્યો એજ સૂચવે છે કે એને હિંસા ગમતી નથી. હિંસા કરવી તો કોઇ પણ જીવની એને ગમતી નથી પણ હિંસાનો ત્યાગ કરવાનું સામર્થ્ય એટલુંજ છે કે નિરપરાધી ત્રસ જીવની હિંસાનો ત્યાગ કરે એ સિવાયની હિંસામાં એ પોતાની સ્થિતિને અંગે લાચાર છે. એટલા માટે તો હિંસાને તજી શકે કે હિંસાને તજી શકે નહિ તો પણ કલ્યાણના કામીએ હૈયું કેવું રાખવું જોઇએ એને સ્પષ્ટ કરતાં કહ્યું છે કે-

**'અપરાધી શું પણ નવિ ચિત્ત થકી, ચિન્તવીએ પ્રતિકૂળ.'**

અપરાધી એવા ત્રસ જીવની હિંસા કરવી પડે તોય તે વખતે મનને કેવું રાખવાનું ? અપરાધી જીવનું પણ ભૂંડુ ચિંતવવાનું નહિ. અપરાધી જીવ પ્રત્યેનો પણ મૈત્રી ભાવ મરે નહિ એની કાળજી રાખવાની ! શરીર અને વચન કદાચ હિંસક બને તોય મન હિંસક બને નહિં જેને સાચે ભાવે નિરપરાધિ એવા ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કર્યો હોય તેને પોતાના મનને આવું રાખવું પડે એમ નહિ પણ તેનું મન આવું રહે કેમકે હિંસા પ્રત્યે તો એનો અણગમો જ છે. આવો જીવ સ્થાવર જીવોની હિંસામાં પણ રસવાળો હોય ખરો ? હિંસાનો ત્યાગ ભલે થોડો હોય પણ હિંસા માત્ર પ્રત્યે મનનો ભાવ કેવો હોય એટલે જેને હિંસા માત્ર પ્રત્યે અણગમો હોય તેને આરંભ તજવા જેવા છે અને આરંભ સ્વભાવ એ તો દુર્ગતિનું જ કારણ છે એમ લાગ્યા વિના રહે નહિ ત્યારે એને પરિગ્રહનો રસ પણ હોય ? બાહ્ય સંઘ અને પૌદ્‌ગલિક પદાર્થો તથા પોતાના પરિવાર આદિ પ્રત્યેનું મમત્વ એ રાખવા લાયક કોને લાગે ? બાહ્ય સંઘો આત્માને પોતાના સ્વભાવને પ્રગટ કરવામાં તથા પોતાના સ્વભાવમાં રમવામાં અંતરાય કરે ને ? બાહ્ય સંઘોમાં મૂર્છા જો જોરદાર હોય તો તેથી આત્મા હિંસાદિક ભાવોમાં રમનારો બને ને ? એટલે તમને આરંભ કે પરિગ્રહ પ્રત્યે અણગમો તો ખરો ને ? એનાથી તમે સાવચેત તો ખરા ને ? મનમાં એમ તો ખરુંજ ને કે ક્યારે એવો સુંદર અવસર આવી લાગે કે જ્યારે હું આ પાપોથી સર્વથા છુટી જાવું !

## સદુપયોગથી સદ્‌ગતિ સાધી શકાય

જે આવા ડાહ્યા હોય તેવો નિરૂપાયે એટલે કે સંયોગવશાત આરંભ કરતાં હોય અને પરિગ્રહ રાખતા હોય એટલે અવસરે તેઓ તેનો સદ્ઉપયોગ કરવા દ્વારા સદ્ગતિને સાધી શકે એ બને પણ તે પ્રતાપ એના ડહાપણનો ગણાય. આરંભ અને પરિગ્રહનો સ્વભાવ કાંઇ સદ્ગતિમાં લઇ જવાનો નથી. તમે તમારે માટે રાંધવાનો આરંભ કર્યો હોય તો એમાંથી તમે સુપાત્ર દાન અને સાધર્મિક વાત્સલ્યનો લાભ લઇ શકો એમ બને ને ! સાધુરૂપ જે સુપાત્ર છે તેને દાન કરવાનો લાભ મેળવવાને માટે પણ આરંભ કરાય નહિ. સાધુરૂપ સુપાત્રને દાન કરવાનો લાભ મેળવવાને માટે પણ જો તમે ખાસ કારણ વિના આરંભ કરો તો તે શું કહેવાય ? એ તો તમે પાપના ત્યાગી અને પાપથી બચીને ચાલનારાને પાપમાં નાંખવાનો ધંધો કર્યા જેવું કહેવાય ને ?

સભા. કોઇ માંદગીનો કે એવોજ પ્રસંગ હોય તો પણ પાપ લાગે ?

આખી વાત ફરી ગઇ. એ તો ગ્લાનાદીની વૈયાવચ્ચનો પ્રશ્ન છે. એમાં પણ સાધુ શું માને ? રોગાદિકને કારણે ન છુટકે અપવાદને સેવવો પડે તોય તે સાધુને ખટકે ખરો જ. એને પાછળથી એની પણ શુધ્ધિ કરવાનું દીલ થાય.

સભા. પણ અમારે ?

તમે તો આરંભમાં પડેલાજ છો. આરંભનો કાંઇ તમે ત્યાગ કરેલો નથી. તમને પ્રતિજ્ઞાનો સવાલ નડતો નથી. તમને તો ભક્તિનો લાભ થાય પરંતુ એવા કોઇ ખાસ કારણ વિના તમે સુપાત્ર દાનના નામે આરંભ કરો તો તે બરાબર નથી. આપણી વાત તો એ છે કે તમે ડાહ્યા હોવ તો તમે આરંભથી બનેલી કે બનાવેલી ચીજો દ્વારા તેના સદ્ઉપયોગ દ્વારા સદ્ગતિને સાધી શકો, પુણ્યને ઉપાર્જી શકો એટલે કે પેદા કરી શકો. પણ આરંભનો સ્વભાવ કાંઇ પુણ્યબંધ કરાવવાનો નથીજ. પરિગ્રહ પણ તમે રાખ્યો છે તો તેનો ભગવાન શ્રી જિનેશ્વરદેવોની ભક્તિમાં શ્રુતજ્ઞાનના રક્ષણાદિમાં સાધુ-સાધ્વીની વૈયાવચ્ચમાં અને સાધર્મિકોની ભક્તિમાં તથા અનુકંપાના કામમાં સદ્ઉપયોગ કરી શકો એ બને પણ એ લાભ તો તમે ઉઠાવ્યો કહેવાય ને ?

એ લાભને સારી રીતિએ કોણ ઉઠાવી શકે ? પરિગ્રહને રાખવા જેવો માને તે ? કે પરિગ્રહને તજવા જેવો માને તે ? આજે કેટલાકો એના સદ્ઉપયોગના નામે પણ આરંભ અને પરિગ્રહનું સમર્થન કરવાને મથે છે. એટલે કે પ્રયત્ન કરે છે પણ તેઓ અજ્ઞાન છે. સમજતા નથી કે તેનો સાચો સદ્ઉપયોગ તેઓજ કરી શકે છે કે જેઓના હૈયામાં એ વાત બરાબર જચી ગઇ છે કે આ આરંભ અને આ પરિગ્રહ તજવા યોગ્ય જ છે.

## આરંભ-પરિગ્રહથી છુટવાને ધર્મ કરે

એટલે આરંભ કરવા પડે અને પરિગ્રહ રાખવો પડે તો પણ એ વિશ્વાસ રાખવા લાયક ચીજ તો નહિજ. એના વિના ગૃહસ્થને ચાલે નહિ પણ એના ઉપર વિશ્વાસ રાખે એમાંના તો તમે નહિ ને ? આરંભની અને પરિગ્રહની સાવચેતી તો ચોવીશેય કલાક રાખવી જોઇએ ને ? તમે અમને એમ કહો કે આરંભ અને પરિગ્રહ વગર અમને કેમ ચાલી શકે ? તો અમારે એમાં મૌન રહેવું પડે. પણ અમે તમને સાવચેત રહેવાનું તો કહીએ ને ? ગૃહસ્થમાં બેઠેલો છે એના વિના એને ચાલે એમ નથી પણ એ જો ધર્મક્રિયામાં જોડાયેલો હોય એને ભગવાને કહેલા માર્ગની આછી આછી પણ જો સમજ હોય આ પાપ છે એવું ઉંડે ઉંડે પણ એને લાગ્યું હોય તો એને આરંભ અને પરિગ્રહથી સાવધગિરિ રાખવાનું મન તો થાય ને ? એને ખ્યાલ રહે કે આનો સ્વભાવ જીવને તિર્યંચગતિમાં લઇ જવાનો છે પણ મારે મારી હોંશિયારીથી મારી સાવધગિરિથી તિર્યંચગતિથી બચી જવાનું છે ! કોઇ તમને ધર્મક્રિયા કરનાર તરીકે પૂછે કે તમે આટલા આરંભાદિ કેમ કરો છો ? તો તમે શું કહો ? એમ જ ને કે પાપનો ઉદય છે ગૃહસ્થપણામાં બેઠો છું, સાધુ થઇ શકાય તેમ નથી માટે આના વિના મને ચાલે તેમ નથી ! મારું પાપ મને સતાવી રહ્યું છે એના યોગે જ મારે આ પાપો કરવા પડે છે ? તમે જવાબ દો તો આવોજ જવાબ દો ને ? એમ તો નજ કહોને કે ધર્મક્રિયા કરીએ છીએ એટલે શું થઇ ગયું ? એમ પાપ પાપ કરીએ તેમ ન ચાલે ! એ તો ધર્મ વખતે ધર્મ અને પાપ વખતે પાપ ! આવું તે બોલી શકે કે જેના હૈયે

ધર્મ ન હોય અથવા તો જે ધર્મ પણ પાપના રાગના યોગે કરતો હોય ! તમે તો એમાંના નથી ને ? તમે તો સંપૂર્ણ ધર્મ થઇ શકતો નથી માટે થોડો ધર્મ કરો છો અને ગૃહસ્થ છો એટલે પાપમાં રહ્યા વિના અને પાપ કર્યા વિના છુટકો નથી. માટે જ પાપમાં રહો છો અને પાપ કરો છો એ હું માની લઉ ? બાકી પાપની તમને ખટક તો બહુ જ ને ? તમને એથી જ સાધુ બહુ ગમે ને ? સાધુ યાદ આવે અને મનમાં થાય કે એ મહાપાપ છુટી ગયા. હું હજુ ફસાયેલો છું. ધર્મક્રિયા કરનાર જો સાચા ભાવે ધર્મક્રિયા કરતો હોય તો તે આમાં હાજ પાડે. આવા પ્રકારની મનોવૃત્તિના યોગે તો થોડો પણ ધર્મ મહાલાભનું કારણ બને. એ તો કહે કે આરંભ અને પરિગ્રહ દુર્ગતિમાં લઇ જાય તેવા છે અને તે હજુ છુટતા નથી. માટે હું મંદિરે અને ઉપાશ્રયે આવું છું. કે જેથી એનાથી સાવધ રહી શકું અને શક્તિસંપન્ન બનીને એને સર્વથા તજી દઇને એકાંતે ધર્મની આરાધના કરનારો બની શકું.

## સાવધ રહે તે ખરાબ પરિણામથી બચે

માણસ છોડી ન શકે તો પણ સાવધ હોય તો કેટલો ફેર પડે ? છોકરો ઉડાઉ છે એમ જણાઇ જાય તે પછી તમે સાવધ કેટલા રહો ? છોકરા ઉપર રાગ હોય પણ એનાથી સાવધ રહો ને ? એને જે આપો તે ગણીને આપો અને જેમ બને તેમ થોડું આપો. કેમ કે જે હાથમાં આવે અગર તમે આપો તે વ્યસન આદિમાં ઉડાવી દે એવો છે. એમ તમને લાગ્યું છે એને તમે ઘર કે પેઢી સોંપો ખરા ? સોંપ્યા વિના છુટકો ન હોય તો બનતી ચોક્સાઇ રાખીને અને જેટલું ન છુટકેજ સોંપવુ પડે તેમ હોય એટલું જ સોંપો ને ? તેમ આરંભ અને પરિગ્રહ દુર્ગતિમાં લઇ જનાર છે એમ જો લાગી જાય તો આરંભ કરવા છતાં અને પરિગ્રહ રાખવા છતાં એ તમને ખાઇ ન જાય. તેની કાળજી તો તમે રાખો ને ? આજે કાળજી છે ? તમે જેટલા આરંભ ઓછા કરો છો કે તમારી પાસે જેટલો પરિગ્રહ ઓછો છે તે તમને આરંભ અને પરિગ્રહ પ્રત્યે અણગમો છે એથી ? કે તમને એવી તક મળી નથી એથી ? બહાર આરંભ અને પરિગ્રહ ઓછા હોય પણ હૈયે

મહાઆરંભ અને મહાપરિગ્રહ હોય એમ પણ બને ને ? આરંભની સામગ્રી પણ કાંઇ બધાને મળે છે ? મોટા કારખાના ચલાવવાની ઘણીય ઇચ્છા હોય પણ જેને એવી ઇચ્છા હોય તેને એ મળેજ એવું ખરું ? અને પરિગ્રહની ભૂખ કેવી છે ? આજે તો મહાપરિગ્રહી જેવા જે ગણાય તેમણેય સંતોષ નથી ને ? કેટલાક બહુ ગરીબ માણસોનું મન પણ મહાઆરંભ અને મહાપરિગ્રહને મેળવવાને માટે કારમી રીબામણ અનુભવતું હોય છે. મળે પ્રાયઃ કાંઇ નહિ અને મનથી મહાપાપ ઉપાર્જે. તમારે તો એવા શાણા બની જવું જોઇએ કે ગમે તેટલા આરંભ અને ગમે તેટલો પરિગ્રહ પણ મુંઝવે નહિ અને દુર્ગતિમાં ઘસડી જવાને સમર્થ બને નહી. એ માટે સૌથી પહેલાં મનમાં આરંભ અને પરિગ્રહ પ્રત્યે અણગમો ઉત્પન્ન કરવો જોઇએ ! આરંભ અને પરિગ્રહ પાપ છે, દુઃખનું અને દુર્ગતિનું કારણ છે એ બરાબર ખ્યાલમાં આવી જવું જોઇએ. આરંભ અને પરિગ્રહ એ પણ મારી વિભાવ દશાનું કારણ છે એમ લાગવું જોઇએ. પછી એનાથી જેમ બને તેમ અલગ રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ. આનાથી મારે છુટવું છે ક્યારે છુટાય આ તો ખરાબ જ છે, આવો ભાવ હૈયામાં જીવંત રહે તો એનાથી વહેલા છુટાય અને એનાથી ન છુટાય ત્યાં સુધી પણ એના સદ્‌ઉપયોગ દ્વારા સદ્‌ગતિને સાધનારા બની શકાય.

## ૭. શીલ વ્રતના પાલનમાં અતિચારોના યોગે ઉત્પન્ન થતું દોષિતપણું

હવે શીલવ્રતના સાતિચારપણું આ પણ તિર્યંચાયુષ્ય અને તિર્યંચગતિના આશ્રવો એટલે કે કારણો પૈકીનો એક આશ્રવ એટલે કે કારણ છે. શીલવ્રતના પાલનમાં અતિચારોને સેવાય અને એથી જે દોષિતપણું ઉત્પન્ન થાય તે દોષિતપણું પણ શીલવ્રતને ધરનારા એવા આત્માનેય તિર્યંચગતિમાં ઘસડી જવાને સમર્થ બને છે. આવું પ્રાય ત્યારે જ બની શકે કે જ્યારે વ્રત રહી જાય પણ વ્રતનો જે ભાવ તે નષ્ટ થઇ જાય. જેવો અબ્રહ્મચારી

છે અને વિષયસુખના ખુબજ રસીયા છે તેઓ તો નરકગતિના કારણનેજ સેવી રહ્યા છે કેમકે નરકગતિના આશ્રવો પૈકીનો અવશેન્દ્રિયતા નામનો જે આશ્રવ છે તેમાં તેનો સમાવેશ થઇ જાય છે. એટલે કે જે જીવોને પોતાની ઇન્દ્રિય કાબુમાં ન રહે અને વિષયના સુખોની ખુબજ અંતરમાં લોલુપતા રહેલી હોય એને અવશેન્દ્રિયતા કહે છે. હવે જેઓને અબ્રહ્મચર્ય ખટકે છે વિષય સુખમાં ગૃદ્ધ બની જવું એટલે કે આસક્ત બની જવું એ જેઓને પસંદ પડતું નથી તેઓ શીલવ્રતના આદરવાળા બને; પણ શીલવ્રતના આદરવાળાઓએ પણ પોતાના વ્રતના અતિચારોથી સદાને માટે બચતા રહેવાનો પ્રયત્ન કરવો એ જરૂરી છે. અતિચારો એ સેવવાને માટે નથી પણ એનાથી બચતા રહેવાને માટે જ અતિચારોને જાણવાના છે. જેમણે પોતાના લીધેલા વ્રતનું સારી રીતિએ પાલન કરવું હોય તે આત્માઓએ અતિચારોને એટલા માટે જાણવા જોઇએ કે અનાચારથી બચી શકાય. અતિચાર તરફ જો ઉપેક્ષા આવે તો અનાચારને આવવાની ઘણી સંભાવના છે. અતિચારને જાણવાથી એ પણ ફાયદો થાય છે કે કોઇ વખતે અનાભોગાદિથી એટલે કે અનઉપયોગથી અથવા સહસાતકાળથી એટલે ઉતાવળથી ભૂલ થઇ જવા પામી હોય પણ તે જો અતિચાર રૂપ હોય તો માણસ આશ્વાસનને પામે. વ્રત નથી ભાંગ્યું તેનો સંતોષ અનુભવે અને જે અતિચાર લાગ્યો તેનાથી લાગેલા પાપની શુધ્ધિને સાધી શકે.

## અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર

જે ક્રિયા અનાચારમાં પરિણમી ન હોય પણ જેના યોગે અનાચારને ઉત્પન્ન થવાની સંભાવના હોય તે ક્રિયા કદાચ અતિચારમાં પણ ગણાય. વ્રતનો જે ભંગ તે તો અનાચાર ગણાય. પણ એ અનાચાર અતિક્રમ વ્યતિક્રમ અને અતિચાર પછી સહેલાઇથી આવી શકે એવું છે. વિષયસુખની ઇચ્છા સામાન્ય જાગ્રત થાય તે અતિક્રમ કહેવાય. જે ઇચ્છા થઇ તેને માટે પગલું ઉપાડવું એટલે વ્યતિક્રમ શરૂ થાય. પછી સ્પર્શાદિ કરાય અને વેગ વધે એ વગેરે બધું અતિચારમાં ગણાય. તે ક્યાં સુધી ? જ્યાં સુધી જે આકારને

કલ્પીને વ્રત લીધું છે તે આકાર ન આવે ત્યાં સુધી ! આથી તમે સમજી શકો છો ને કે અતિચારથી બચવું એ કેટલું બધું આવશ્યક છે ? અતિચારથી બચવાને માટે અતિક્રમથી જ બચવાની કાળજી રાખવી જોઇએ. એક તરફ મારૂં વ્રત નહિ ભાંગવું જોઇએ એવો ખ્યાલ હોય પણ અતિક્રમ થયો અને પછી વ્યતિક્રમ પણ થયો પછી થાય શું ? માણસ પશુક્રિયામાં પડી જાય ને ? એ વખતે વ્રત નહિ ભાંગવાની વૃત્તિ સજીવ હોવા છતાં પણ મનની પરિણતી કેટલી બગડી જાય ? એમાંથી વ્રતભંગ કરાવે તેવા આવેશને આવતા પણ વાર કેટલી ? એટલે વ્રતધારિ આત્માઓએ વિષયવાસના પ્રગટે નહિ તેની કાળજી રાખવી જોઇએ ને ? વિષયવાસનાને ઉત્પન્ન કરે તેવા સઘળાય સંસર્ગોથી જેમ બને તેમ બચતા રહેવું જોઇએ અને તેમ છતાંય કદાચ વિષયવાસના ઉત્પન્ન થઇ જાય તો તેના ઉપર એકદમ વિજય મેળવીને લેવાને માટે તત્પર બની જવું જોઇએ. વિષયવાસના વધે અને જો વ્યતિક્રમ અને અતિચાર આવ્યા તોપતન ઘણું સહેલું.

## અતિચારથીય બચવા અતિક્રમથી બચવું

અતિચારને સેવવામાં તો વ્રતભંગ નથી ને ? આવું માનીને અતિચારને જે સેવે તેનું શું થાય ? વ્રતનો જે ખરેખરો ભાવ હતો તે તો પ્રાયઃ મરી જાય ને ? એવા વખતે જો આયુષ્યનો બંધ પડી જાય તો લીધેલું વ્રત, લીધેલા રુપે ન ભાંગ્યું હોય તોય તિર્યંચાયુષ્યનો બંધ પડી જાય. અહીં બેઠેલાઓમાં તો મોટેભાગે નિયમવાળા હશે ને ? તમારામાંના કેટલાકોએ તો ગૃહસ્થપણે લઇ શકાય તેવું ચોથું વ્રત સંપૂર્ણપણે લીધું હશે ને ? જેમને એ પ્રમાણે સંપૂર્ણ ચોથું વ્રત નહિં લીધું હોય તેઓમાં પણ ઘણાએ પરસ્ત્રીનો ત્યાગ અને સ્વસ્ત્રીમાં સંતોષ એવું વ્રત લીધું હશે ને ? તેમાંના અને બાકીના તિથિએ તો અબ્રહ્મના નિયમવાળા હશે ને ? જેઓ આ નિયમ નઇ લઇ શક્યા હોય તેઓને લાગતું હશેને કે આપણે વિષયને બહુજ આધીન છીએ ? અતિવિષયી વિષયરસમાં મગ્ન બન્યો થકો કઇ ગતિના આયુષ્યને ઉપાર્જે ? નરકગતિના આયુષ્યનેજ ને. અહિં તો એવા માણસોની વાત છે કે જેઓએ શીલવ્રતને ગ્રહણ કર્યું છે.

શીલવ્રતને ગ્રહણ કરનારા આત્માઓએ પોતાના શીલવ્રતનું સુંદર પ્રકારે પાલન કરવાને માટે શીલવ્રતના અતિચારોથી બચવું જોઇએ અને અતિચારોથી બચવાને માટે અતિક્રમથીજ બચવાની કાળજી રાખવી જોઇએ. કદાચ અતિક્રમ થઇ જાય તોયે અતિક્રમને સફળ બનાવવાને માટે વ્યતીક્રમ તરફ નહી જતા અતિક્રમનેજ દાબી દેવો જોઇએ.

## ૮. નીલ અને કાપોત લેશ્યા

નીલ લેશ્યા અને કાપોત લેશ્યા એ બે લેશ્યાઓને પણ તિર્યંચગતિના આયુષ્યના આશ્રવોમાં ગણાવેલ છે. નરકગતિના આયુષ્યના આશ્રવોમાં કૃષ્ણ લેશ્યા તથા નીલ લેશ્યાને ગણાવેલ છે એટલે નીલ લેશ્યા જો ગાઢ હોય તો નરકગતિના આયુષ્યના બંધનું કારણ બની શકે અને નીલ લેશ્યા જો તેવી ગાઢ ન હોય તો તિર્યંચગતિના આયુષ્યના બંધનું કારણ બની શકે.

## કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા

જીવને જો આયુષ્યનો બંધ પડે છે તો તે આખા ભવમાં એકજ વાર આયુષ્યનો બંધ પડે છે જે સમયે જીવને આયુષ્યનો બંધ પડે તે સમયે જો કૃષ્ણ, નીલ અગર તો કાપોત લેશ્યા વર્તતી હોય તોજ નરકના આયુષ્યનો બંધ પડી શકે છે. એટલે નરકના આશ્રવો તરીકે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા પણ ગણાય છે.

## છ લેશ્યાઓ

સભા. લેશ્યા કોને કહેવાય ?

લેશ્યા એ આત્માના પરિણામને વિષે અસર ઉપજાવનારી વસ્તુ છે. સ્ફટિક કેવો હોય છે ? સફેદ દૂધ જેવો. સ્ફટકિના મણકામાં કાળો દોરો નાંખ્યો હોય તો તે મણકો અંદર કાળા રંગવાળો છે એવું લાગે છે ને ? વસ્તુતઃ સ્ફટિકના મણકામાં કાળશ નથી પણ જેવા રંગના દોરામાં તે મણકો

પરોવાય તેવો તેનો રંગ દેખાય. એવીજ રીતિએ આત્માનો પરિણામ તો સ્ફટિક જેવો છે. પણ કૃષ્ણાદિક દ્રવ્યોના સંયોગથી આત્માનો પરિણામ પણ તેવા રૂપને પામે છે. વિવેકી અને સમજશક્તિવાળો માણસ પોતાના પરિણામ કેવા છે તેની કલ્પના કરવા દ્વારા પોતે તે સમયે કેવી લેશ્યાવાળો છે તેની કલ્પના કરી શકે છે. કઇ લેશ્યાની હાજરીમાં જીવોમાં કેવા પ્રકારનો પરિણામ હોય છે તેને સમજાવવાને માટે જ્ઞાનીઓએ જંબુવૃક્ષાદિકના ઉદાહરણો વર્ણવેલ છે. જે તમે સાંભળશો એટલે લેશ્યાઓ સંબંધી કઇ કઇ લેશ્યાની હાજરીમાં જીવ કેવા કેવા અભિપ્રાયવાળો બને છે તે તમને સમજાશે. લેશ્યાઓ છ પ્રકારની હોય છે. કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુક્લ લેશ્યા. આ છ લેશ્યાઓના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શાદિક વિષે પણ ઉપકારીઓએ વિસ્તારથી વર્ણન કરેલું છે. આપણે તો અહીં માત્ર એ જોવું છે કે કઇ લેશ્યા વર્તતી હોય ત્યારે આત્મા કેવા અભિપ્રાય વાળો બને છે અને એ વાતનો જો તમને બરાબર ખ્યાલ આવી જાય તો તમે તમારા અભિપ્રાય ઉપરથી તમે કઇ લેશ્યામાં વર્તો છો તે સમજી શકો. ઉપકારીઓ કહે છે કે પહેલી ત્રણ લેશ્યાઓ એટલે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા. એ ત્રણ લેશ્યાઓ અતિ દુર્ગંધવાળી, ખરાબ અને મલીન હોય છે. પહેલી ત્રણ લેશ્યાઓનો સ્પર્શ પણ ઠંડો તથા લુખ્ખો હોય છે અને સંક્લેશ વાળી બની થકી એટલે કે કષાયોને ઉત્પન્ન કરવાવાળી બનેલી હોવાથી એ ત્રણ લેશ્યાઓ દુર્ગતિને આપનારી નીવડે છે અથવા બને છે. બાકીની ત્રણ લેશ્યાઓ એટલે કે તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુક્લ લેશ્યા એ ત્રણ લેશ્યાઓ અતિ સુગંધવાળી ઉષ્ણ અને અત્યંત નિર્મળ હોય છે. એ ત્રણ લેશ્યાઓનો સ્પર્શ પણ સ્નિગ્ધ તથા ઉષ્ણ હોય છે અને અસંકલિષ્ટ થઇ થકી એટલે કે કષાયોને મંદ કરીને વિશુધ્ધ પરિણામને પેદા કરાવનારી બનતી હોવાથી એ ત્રણ લેશ્યાઓ સદ્ગતિને આપનારી નીવડે છે અથવા બને છે. આ ત્રણ લેશ્યાઓના પરિણામોમાં પણ ઘણી તરતમતા હોય છે. કૃષ્ણ, નીલ આદિ લેશ્યાઓના પરિણામોમાં વર્તતા બધા જીવોના પરિણામો એક સરખાજ હોતા નથી અને એથી પણ તેના જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ અને

તેમાંય પાછા અનેક ભેદો હોય છે.

## લેશ્યાભેદને અંગે અભિપ્રાયભેદ

હવે આપણે આ છ લેશ્યાઓને અંગે પ્રાણીઓમાં કેવા કેવા પ્રકારના અભિપ્રાયો થાય છે તે સંબંધી શાસ્ત્રમાં આવતા બે દ્રષ્ટાંતોને જોઇએ. આ બે દ્રષ્ટાંતોમાં છ માણસોને કલ્પવામાં આવ્યા છે. એ છએ માણસો જુદી જુદી લેશ્યાવાળા છે. પહેલો માણસ કૃષ્ણ લેશ્યાવાળો છે, બીજો માણસ નીલ લેશ્યાવાળો છે, ત્રીજો માણસ કાપોત લેશ્યાવાળો છે, ચોથો માણસ તેજો લેશ્યાવાળો છે, પાંચમો માણસ પદ્મલેશ્યાવાળો છે અને છઠ્ઠો માણસ શુક્લ લેશ્યાવાળો છે. એકની એક વસ્તુને અંગે પણ આ છ માણસોના અભિપ્રાયોમાં કેટલો અને કેવો ભેદ પડે છે તે જોવાનું છે. અને એ અભિપ્રાય ભેદ લેશ્યાભેદને અંગે છે એમ સમજવાનું છે.

## જાંબુ ખાવાના હેતુથી છ લેશ્યાવાળા જુદા જુદા માણસોએ વ્યક્ત કરેલા એટલે કે પ્રગટ કરેલા જુદા જુદા અભિપ્રાયો :

ભિન્ન ભિન્ન લેશ્યાવાળા છ માણસો કોઇ એક ઠેકાણે પહોંચવાને માટે સાથેજ નીકળ્યા. રસ્તે ચાલતાં ચાલતાં તેઓ ભૂલા પડી ગયા અને ઉંધે રસ્તે ચઢી ગયા. રસ્તો ભૂલ્યાં અને અવળે રસ્તે ચઢી ગયા એટલે તેઓ ચાલતાં ચાલતાં કોઇ મોટી અટવીમાં પહોંચી ગયા.

મોટી અટવીમાં માર્ગ બતાવનાર માણસ પણ મળે ક્યાંથી અને પેટ ભરવાને ખાવાનું પણ મળે ક્યાંથી ? તેઓ ભૂખથી એવા પીડાવા લાગ્યા કે- અટવીમાં તેઓ માર્ગને શોધવાને બદલે ખાવાનું શોધવા લાગ્યા. ખાવાનું શોધવાને માટે રખડતા તેઓએ એ અટવીમાં આવેલા એક જાંબુ ફળના વૃક્ષને જોયું.

જાંબુના વૃક્ષને જોતાં પણ તેમને આનંદજ થયો. કારણ કે- ભૂખ પીડી રહી હતી. તેમાં આટલુંય ખાવાનું સાધન તો મળ્યું ને. માણસ જ્યારે

ભૂખથી પીડાતો હોય છે ત્યારે તેને જેવું તેવું પણ ખાવાનું મલે તોય તે તેનાથી ચલાવી લે છે ને ? જાંબુનુ વૃક્ષ નજરે પડતાંની સાથેજ એક માણસ બોલી ઉઠ્યો કે આ ઝાડને જો આપણે મૂળમાંથીજ ઉખેડી નાંખીને પાડી દઇએ તો પછી આપણે કશીજ મહેનત વિના સુખેથી આ જાંબુ ફળોનો આસ્વાદ કરી શકીએ. આ માણસ કૃષ્ણ લેશ્યાવાળો હતો તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

એ વખતે બીજો માણસ બોલી ઉઠ્યો કે- એમ નહિં આવડા મોટા વૃક્ષને નાહક આપણે શું કામ ઉખેડી નાંખવું જોઇએ ? ફળો તો આ વૃક્ષની મોટી મોટી ડાળીયોમાં છે માટે આપણે આ વૃક્ષને નહિં પાડતા આ વૃક્ષની મોટી મોટી ડાળીયોનેજ કાપી પાડીએ. આ માણસ નીલલેશ્યાવાળો હતો તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

તે વખતે ત્રીજો માણસ કહે છે કે - આપણે આ વૃક્ષની મોટી મોટી ડાળીયોને તોડી પાડવાનું પણ શું પ્રયોજન છે ? આવી મોટી ડાળીયો ફરી પાછી આ વૃક્ષને ક્યારે થશે ? માટે એમ કરો કે આપણે આ વૃક્ષની નાની નાની ડાળીયોનેજ તોડી પાડીયે કારણ કે ફળ તો બધા નાની ડાળીયોમાં છે. આ માણસ કાપોત લેશ્યાવાળો હતો તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

નાની નાની ડાળીયોને તોડી પાડવાની વાતને સાંભળીને ચોથો એમ કહે છે કે આપણે નાની પણ ડાળીયોને તોડી પાડવાનું કામ શું છે ? એક પણ ડાળીને કાપી નાંખ્યા વગર આપણે ફળના ઝુમખાઓનેજ તોડી પાડીએ. બીચારી ડાળીયો તો ભલે રહી પણ જે જે ગુચ્છાઓમાં ફળો છે તે તે ગુચ્છાંઓનેજ આપણે તોડી પાડીયે. આ માણસ તેજોલેશ્યાવાળો હતો તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

પાંચમો માણસ તો કહે છે કે- એમ પણ નહિં કામથી કામ રાખો. આપણે નિસ્બત માત્ર ફળોની સાથે છે એટલે ડાળા ડાળી કે ઝુમખાને છેદ્યા વિના આપણે આ ઝાડ પરના ફળોનેજ જમીન ઉપર પાડી નાંખીએ. આ માણસ પદ્મલેશ્યાવાળો હતો માટે તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

એ છ માણસોમાં છઠ્ઠો માણસ શુક્લલેશ્યાવાળો હતો. છઠ્ઠો માણસ શુક્લલેશ્યાવાળો હોવાના કારણે તેને પોતાના અભિપ્રાયને વ્યક્ત કરતાં એટલે કે જણાવતાં કહ્યું કે- અથવા જણાવ્યું કે- આપણે કામ તો ફળ ખાવાનું છે ને ? તો આ ઝાડ નીચે ઘણા ફળો પડેલા છે આપણે સૌ નીચે પડેલા ફળોનેજ ખાઇ લઇએ એટલે ફળોને પાડવાનું પાપ પણ લાગે નહિં અને આપણી ભૂખ પણ સમે.

## એવુંજ બીજું છ ચોરોનું ઉદાહરણ

આવુંજ એક દ્રષ્ટાંત છ ચોરોનું આપવામાં આવે છે. કેટલાક ચોરો કોઇ એક ગામને ભાંગવાના ઉપદેશથી નીકળ્યા એ ચોરોની એ દિવસે જે ગામને ભાંગવાનો વિચાર હતો તે ગામમાં જઇને શું કરવું ? એ વિષે એ ચોરોએ રસ્તામાં વાતચીત કરવા માંડી.

એક ચોરે કહ્યું કે- આજે તો આપણે જે કોઇ માણસ કે પશુ નજરે ચઢે તે સર્વને હણીજ નાંખવા. એ ચોર કૃષ્ણ લેશ્યાવાળો હતો તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

એ વખતે બીજા ચોરે કહ્યું કે- પશુઓએ આપણો શો અપરાધ કર્યો છે કે જેથી આપણે પશુઓને હણી નાંખીએ ? આપણો વિરોધ તો માણસોની સાથે છે માટે આપણે પશુઓને હણવા નહિં પણ માત્ર માણસોનેજ હણવા. એ ચોર નિલલેશ્યાવાળો હતો તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

ત્રીજો ચોર કહે છે કે- એ વાત પણ બરોબર નથી સ્ત્રી હત્યા કરવી એ તો અતિ નિંદિત કાર્ય છે માટે આપણે કોઇપણ સ્ત્રીની હત્યા તો કરવીજ નહી. આપણે હત્યા કરવી માત્ર પુરુષોનીજ. કારણ કે તેઓ ક્રૂર ચિત્તવાળા હોય છે. એ ચોર કાપોતલેશ્યાવાળો હતો તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

ચોથો ચોર કહે છે કે- એમ શા માટે બધાજ પુરુષોને આપણે હણવા જોઇએ ? જે બીચારા હથિયાર વિનાના પુરુષો છે તેમને તો આપણે હણવાજ નહી. આપણે તો હણવા તેજ પુરુષોને કે જે પુરુષો હથિયારવાળા હોય. એ

ચોર તેજોલેશ્યાવાળો હતો તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

પાંચમો ચોર કહે છે કે- જેટલા હથિયાવાળા પુરુષો હોય તે બધાને હણવા એમાં ડહાપણ જેવું શું છે ? હથિયારવાળા હોય પણ આપણને જોઇને ભાગી જતા હોય તો એવાઓને મારી નાંખવાથી ફાયદો પણ કયો થઇ જવાનો હતો ? માટે આપણે એમ રાખો કે જે કોઇ પણ માણસ હથિયાર લઇને આપણી સામે યુધ્ધ કરવાને માટે આવે તે બધાને આપણે મારી નાંખવા. આ ચોર પદ્મલેશ્યાવાળો હતો તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

આ પાંચેના અભિપ્રાયોને જાણીને એ ચોરોમાં જે શુક્લલેશ્યાવાળો ચોર હતો તેણે પોતાના અભિપ્રાયને વ્યક્ત કરતાં જણાવ્યું કે- મને તો લાગે છે કે- કોઇને પણ હણવાનો વિચાર કરવો એજ ઠીક નથી. આપણે ચોર છીએ એટલે આપણને નિસ્બત ધન સાથે છે. તો પછી એમાં બીજાને હણવાની વાત કરવાની જરૂર શી છે ? એક તો પરદ્રવ્યનું હરણ કરવું એજ મોટું પાપ છે અને એમાં જો આપણે પાછા બીજાઓના પ્રાણોનું અપહરણ કરવાનું પાપ કરીશું તો પછી આપણી ગતિ કઇ થશે ? માટે આપણે તો ધનજ લેવું પણ કોઇનાય પ્રાણ લેવા નહિ. આ ચોર શુક્લલેશ્યાવાળો હતો તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

## રોજ વિચાર કરો કે- આજે મેં કેવા કેવા વિચારો કર્યા અને એથી કેવો કેવો કર્મબંધ થયો હશે ?

આ બે દ્રષ્ટાંતો દ્વારા ઉપકારીઓએ એ વાત સમજાવી છે કે- કૃષ્ણાદિત છ લેશ્યાઓ પૈકી કઇ કઇ લેશ્યા વર્તતી હોય છે ત્યારે તે તે લેશ્યાવાળા જીવનો અભિપ્રાય કેવા કેવા પ્રકારનો થાય છે અને એથી આપણે આપણા અભિપ્રાયને બરાબર સમજી લઇને આપણે કઇ લેશ્યામાં વર્તી રહ્યા છીએ તેનો નિર્ણય કરી શકીએ છીએ. તમને તમારા અભિપ્રાયની ખબર તો પડે છે ને ? તમારા અભિપ્રાયના સ્વરૂપને તમે બરાબર સમજી શકો છો ને ? મારા અભિપ્રાયમાં હિંસકભાવ કેટલો છે અને અહિંસકભાવ કેટલો છે ?

મારા અભિપ્રાયમાં ધર્મભાવ કેટલો છે અને અધર્મભાવ કેટલો છે ? આવી ચોક્સાઇ પૂર્વકની વિચારણા તમે કદી પણ કરો છો ખરા ? તમે ક્યારે ક્યારે કેવા કેવા ભાવમાં રમો છો તેનો તમને ખ્યાલ તો ખરો ને ?

સભા૦ એવો ખ્યાલ કરવા ક્યાં બેસીએ ?

એવો ખ્યાલ નહિ કરો તો કલ્યાણ સાધશો શી રીતિએ ? તમારા ભવિષ્યનું ઘડતર તો તમે કરો છો અને આત્માના પરિણામોનો એમાં જેવો તેવો હિસ્સો હોતો નથી. કરવા લાયક કામ કેવા ભાવોલ્લાસથી કરવું જોઇએ અને સંજોગવસાત નહિ કરવા લાયક કામ કરવું પડે તોયે તે વખતે માનસિક પરિણામોની કેવી જાળવણી કરવી જોઇએ એ જાણ્યા વિના તમે તમારા ભવિષ્યને સુંદર બનાવી શકશો શી રીતિએ ? આપણે એ વાત વિચારી આવ્યા છીએ કે- પરિણામો મલિન બને નહિ એની તો ખૂબ કાળજી રાખવી જોઇએ. તંદુલીયા મત્સ્યની વાત યાદ છે ને ? કેવળ હિંસક ભાવમાં રમવાના યોગે એ મત્સ્ય સાતમી નરકના આયુષ્યને બાંધે છે. એ મત્સ્ય પ્રત્યક્ષ પણે કોઇપણ જીવની હિંસા કરતો નથી પણ એનું મન મહા હિંસક હોય છે અને એ હિંસક ભાવમાં રમતું મનજ એને મહાદુર્ગતિમાં ઘસડી જાય છે. તમને રોજ છેવટ કાંઇ નહિ તો સૂતી વખતેય એમ ન થાય કે- આજે મેં કેવા કેવા વિચારો કર્યા ? અને મારા વિચારોથી મને કેવા કેવા પ્રકારનો કર્મબંધ થયો હશે ? તમે કર્મબંધથી ડરો છો કે નહિ ?

સભા૦ કર્મથી છૂટીએ તો સારું એમ થાય.

પણ કર્મથી છૂટવાનું એમને એમ બની જશે ? કર્મથી છૂટવાને માટે વિવેકી અને જ્ઞાની બન્યા વિના ચાલશે એમ માનો છો ? તમે તમારા મન ઉપર જો કાબુ નહિ મેળવો અને મન હિંસાદિક ભાવોમાં રમ્યા કરશે તો તમે જે ગતિમાં જવાને ઇચ્છતા નથી તેવી ગતિમાં તમારે ફરજિયાત ચાલ્યા જવું પડશે. એ વાત યાદ છે ? જો એ વાત યાદ હોય તો રોજ વિચાર કરવો જોઇએ કે- આજે મેં કેવા કેવા વિચાર કર્યા અને એથી મને કેવા કેવા પ્રકારનો કર્મબંધ થયો હશે ? આવો વિચાર કરો તો તમને એમ પણ થાય કે- મને આવા હિંસાદિના વિચારો આવ્યા શાથી ? એ વખતે ખ્યાલ આવે કે-

વિષયરસ અને કષાયરસની કેવી ભયંકરતા છે ?

સભા૦ નબળાઇને અંગે પણ એવા વિચાર આવી જાય એવું બને ને ?

વિષયરસ અને કષાયરસ ન હોય અને માત્ર નબળાઇ હોય તો તો અશુભ વિચારોનો હૈયામાં જબરો ડંખ હોય. ક્યારે નબળાઇ ટળે એમ થયાજ કરે. નબળાઇમાં પણ કેમ વેઠી લઉં અને પાપથી બચું એમ થયા કરે. નબળાઇ પણ પાપના ઉદયનું પરિણામ છે એવો ખ્યાલ હોય અને નબળાઇના યોગે પાપમાં પ્રવર્તવું પડે છે એવો ખ્યાલ હોય એટલે નબળાઇને કારણે પણ વધુ પાપમાં ખૂંચી જવાય નહિ એની કાળજી તો હોય ને ? એના હૈયામાં પાપની રૂચિ તો હોયજ નહિ. તમે વિચારી જુઓ કે- તમારા હૈયામાં પાપની રૂચિ છે કે નહિ ? એ સમજવાને માટે તમે તમારા અભિપ્રાયોના સ્વરૂપને પિછાણતા એટલે જાણતા શીખો.

## ૯. આત્માના ગુણોને કષાયો પ્રગટવા દેતા નથી

હવે તિર્યંચગતિના અને તિર્યંચાયુષ્યના આશ્રવો પૈકીના છેલ્લા આશ્રવ તરીકે અપ્રત્યાખ્યાની કષાયોને જણાવેલ છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો અનંતાનુબંધી પણ હોઇ શકે, અપ્રત્યાખ્યાની પણ હોઇ શકે, પ્રત્યાખ્યાની પણ હોઇ શકે અને સંજ્વલન પણ હોઇ શકે એમ ૧૬ ભેદો થયા અને તેના પણ પાછા ચાર ચાર ભેદો છે જે કરતાં તો ચોસઠ ભેદો થાય છે. અનંતાનુબંધી કષાયોમાં એ તાકાત છે. આત્માનો જે સમ્યંગ્દર્શન નામનો જે ગુણ છે. એ ગુણને એ કષાયોનો ઉદય પ્રગટ થવા દેતો નથી. અનંતાનુબંધી કષાયો જ્યારે ક્ષયોપશમને ઉપશમને કે ક્ષયને પામ્યા હોય છે તે સમયમાંજ આત્માનો સમ્યગદર્શનગુણ પ્રગટેલો હોઇ શકે છે. જ્યારે જ્યારે જેને જેને અનંતાનુબંધી કષાયોનો ઉદય વર્તતો હોય તેને તેને ત્યારે ત્યારે સમ્યગ્દર્શન ગુણ પ્રગટેલો હોયજ નહિ. એવીજ રીતિએ અપ્રત્યાખ્યાનીય કષાયો દેશથી પણ વિરતિને રોકવા છે. અનંતાનુબંધી કષાયોનો ક્ષયોપશમ આદિ થવાને યોગે જે આત્માઓમાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટ્યો હોય તે આત્માઓજ વિરતિના સાચા પરિણામોને પામી શકે છે પણ જ્યાં સુધી તેમણે

અપ્રત્યાખ્યાનીય કષાયોનો ઉદય વર્તતો હોય ત્યાંસુધી તેઓ દેશવિરતિના પરિણામોને પામી શકતા નથી અને જ્યાં સુધી તેમને પ્રત્યાખ્યાનીય કષાયોનો ઉદય વર્તતો હોય ત્યાંસુધી તેઓ સર્વવિરતિના પરિણામોને પામી શકતા નથી. છેલ્લા જે સંજ્વલન નામના કષાયો છે તે ક્ષીણ થયા વિના એટલે કે નાશ પામ્યા વિના આત્મા યથાખ્યાત ચારિત્રને પામી શકતો નથી. સર્વવિરતિના પરિણામોમાં રમતાં એવા પણ આત્માને યથાખ્યાત ચારિત્રને પામતાં રોકવાની તાકાત સંજ્વલન કષાયોના ઉદયની છે. જ્યારે સંજ્વલન કષાયો સર્વથા ક્ષીણ થઇ જાય એટલે આત્મા પોતાના કષાય રહિત એવા સ્વરૂપને પામે આથી એ વાત પણ બહુજ સ્પષ્ટ થઇ જાય છે કે- આત્માએ જો પોતાના સ્વભાવસિધ્ધ એવા ગુણોને પ્રગટાવવા હોય તો કષાયો ઉપર વિજય મેળવવાનો ભારેમાં ભારે પ્રયત્ન કરવો જોઇએ. જ્યાં સુધી કષાયો ઉપર સંપૂર્ણ વિજયને આત્મા મેળવે નહિ એટલે કે તેને સર્વથા ક્ષીણ કરી નાંખે નહિ ત્યાં સુધી ન તો આત્મા યથાખ્યાત ચારિત્રને પામે ન તો તે આત્મા વીતરાગપણાને પામે કે ન તો તે આત્મા સર્વજ્ઞપણાને પામે.

## સમ્યગ્દ્રષ્ટિ આત્માઓ ય સાવધ રહે

કષાયો એ આત્માના આવા ભયંકર શત્રુઓ છે એ વાત જેમને સમજાઇ જાય તેઓ કષાયો ઉપર વિજય મેળવવાને માટે ઉત્સાહિત બને અને તેવા આત્માઓએ પોતાની વિષયવાસના ઉપર વિજય મેળવીને ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાનેજ આધીન જીવનને જીવવાનો પ્રયત્ન કરવો જોઇએ. સમ્યગ્દર્શન ગુણનેપામવાના યોગે આવું સમજાઇ ગયા પછીથી અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાનેજ આધીન મારું જીવન ક્યારે બને ? એવી મનોવૃત્તિ પ્રગટ્યાપછીથી પણ અપ્રત્યાખ્યાનીય કષાયો જીવને દેશથીય વિરતિ પામવામાં અંતરાય કરનારા નીવડે છે. એ કષાયોની કેટલી બધી પ્રબલતા છે ? આવા સમ્યગ્દ્રષ્ટિ આત્માઓ કાંઇ પોતાને અપ્રત્યાખ્યાનીય કષાયોનો ઉદય હોય તોય તિર્યંચગતિના આયુષ્યને ઉપાર્જતા નથી એટલે કે બાંધતા નથી. પણ એ કષાયોનો ઉદય જો જોરદાર બની જાય અને

સમ્યગ્દ્રષ્ટિ આત્મા પણ જો ગાફલ બની જાય તો એ કષાયો કદાચ પોતાના મિત્ર અનંતાનુબંધી કષાયોને ઘસડી લાવે અને સમ્યક્ત્વને વમાવી દે એ શક્ય છે. ક્ષાયિક સમ્યક્ત્વના ધણી એવા પણ આત્માઓ જો તેઓને અપ્રત્યાખ્યાનીય કષાયોનો ઉદય વર્તતો હોય તો દેશથી પણ વિરતિને પામી શકે નહિ. પરંતુ એ આત્માઓનો વીરતીવાળા જીવન પ્રત્યેનો રાગ અસાધારણ કોટીનો હોય છે. બધા તો કાંઇ ક્ષાયિક સમ્યક્ત્વને પામેલા હોતા નથી એટલે ક્ષયોપશમીક સમ્યગ્દર્શન ગુણને પામેલા આત્માઓએ સદા પોતાના સમ્યગ્દર્શન ગુણને નિર્મળ બનાવવાનો પ્રયત્ન કરતાં રહેવું જોઇએ. એ માટે જેમ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની સેવા અને નિર્ગ્રંથ મુનીવરોની ઉપાસના આદી કરતાં રહેવું જોઇએ તેમ તત્વોના સ્વરૂપને જાણવાનો પણ પ્રયત્ન કર્યા કરવો જોઇએ તથા ક્યારે હું એકાંતે આ માર્ગને સેવનારો બનું એવું ચિંતવન કર્યા કરવું જોઇએ. આમ સમ્યગ્દ્રષ્ટિ આત્માઓએ પણ સાવધ રહેવું જોઇએ.

તિર્યંચાયુષ્યનો બંધ જે જે કારણોથી જીવ બાંધે છે તે તે કારણોને વારંવાર સેવન કરતાં એટલે કે એ કારણોનું સેવન કરતાં કરતાં વારંવાર એકાગ્રતા પ્રાપ્ત થતી જાય તેમ તેમ જીવો તિર્યંચાયુષ્ય અનુબંધ રૂપે બાંધ્યા કરે છે. જ્ઞાની ભગવંતોનું કહેવું છે કે- કોઇપણ પદાર્થ પ્રત્યે રાગ અથવા દ્વેષનો પરિણામ એકાગ્રતાથી એકવાર કર્યા પછી વારંવાર એને એ પદાર્થ પ્રત્યે એકાગ્રતાપૂર્વક વિચારણા કરતો જાય તેમ તેમ એની સાથે દશ દશના ગુણાકાર લેખે આયુષ્યના અનુબંધ પડતાં જાય છે. આ ચક્રાવામાંથી છૂટવા માટે જ્ઞાની ભગવંતો કહે છે કે- અશુભ વિચારોની એકાગ્રતા જીવનમાં ન રહે તે રીતે જીવન જીવતા શીખો. આવી રીતે અનંતોકાળ તિર્યંચગતિમાં પસાર કરીને આપણે વર્તમાનમાં મનુષ્યમાં આવ્યા છીએ અને આ મનુષ્યપણામાં જો આત્માને સાવધ બનાવીએ તો અનુબંધ તોડવાની તાકાત પણ રહેલી છે. અનુબંધોને તોડવા માટે સન્ની પંચેન્દ્રિયપણાને પ્રાપ્ત કરવું પડે છે. આ વાતને બરાબર જીવ જાણતો થાય તો અશુભ વિચારોની એકાગ્રતાની નાશ કરતો જાય અને શુભ વિચારોની એકાગ્રતાને પ્રયત્ન કરીને પ્રાપ્ત કરતો

જાય. એ શુભ વિચારોની એકાગ્રતા મનુષ્યને દેવલોકનું આયુષ્ય બાંધવામાં અને એના અનુબંધોને બાંધવામાં સહાયભૂત થાય છે અને આ શુભ વિચારમાં રહેતા રહેતા ભગવાનના શાસનને સાંભળતાં સાંભળતાં શુધ્ધ વિચારમાં જીવ દાખલ થાય તો તેનું ઠેકાણું પડી જાય.

દેવલોકમાં રહેલા દેવોને પોતાનું આયુષ્ય પૂર્ણ થવા આવે તે પહેલાં છ મહિના બાકી રહે ત્યારે એને ખબર પડે છે કે- મારે અહિંથી મરીને જવાનું છે. જો તે વખતે એ જીવ વૈરાગ્યભાવ પામેલો ન હોય અને મિથ્યાત્વદશામાં રહેલો હોય તો એ જીવોએ પોતાના આયુષ્યકાળ દરમિયાન અસંખ્યાતા વર્ષો સુધી જે જે સચેતન પદાર્થોનો ભોગવટો કર્યો હોય અને અચેતન પદાર્થોનો પણ ભોગવટો કર્યો હોય એના પ્રત્યેનો રાગ પેદા કરેલો હોય છે એ રાગના કારણે હવે મારે આ પદાર્થોને છોડીને જવાનું છે એવો એને છ મહિના પહેલાં ખ્યાલ આવતાં એના વિયોગમાં છ મહિના સુધી એ જીવો એવા દુઃખી થાય છે કે- એ પદાર્થો પ્રત્યે રાગથી વારંવાર એની પાસે જઇને પોતાના માથા પછાડે છે, કલ્પવૃક્ષ આદિને વીંટળાઇ વળે છે કે અરેરે હવે મારે તને છોડીને જવું પડશે. તું એવો રસ્તો કર કે હું તને છોડી શકું નહિ. આવી વિચારણાઓ વારંવાર કરતાં કરતાં છ મહિનાના કાળ દરમિયાન એ આત્માઓ એવા ભયંકર કોટીના દુઃખી થાય છે કે એને અસંખ્યાતા વર્ષો સુધી ભોગવેલું સુખ જરાય યાદ આવતું નથી. માટે જ્ઞાની ભગવંતો કહે છે કે- કોઇપણ પદાર્થ પ્રત્યે રાગાદિ પરિણામ ન થઇ જાય એની કાળજી રાખીને જીવન જીવતા શીખવું જોઇએ. એ રાગને બદલે જો અંતરમાં વાત્સલ્યગુણ પેદા કરીને વાત્સલ્યથી સચેતન પદાર્થોને સાચવે તો એનાથી કર્મનિર્જરા જીવ કરતો થાય છે. કારણ કે- વાત્સલ્ય ગુણ એ આત્માના ગુણરૂપે છે. જ્યારે રાગ સ્વાર્થરૂપે બનેલો હોય છે. અને વાત્સલ્ય ગુણથી કોઇપણ પદાર્થ પ્રત્યે લાગણી પેદા થાય તે નિઃસ્વાર્થભાવ રૂપે પેદા થતી જાય છે. જ્યારે એ દેવતાઓને વાત્સલ્ય ગુણ ન હોવાથી પદાર્થો પ્રત્યેના રાગના કારણે છ મહિના સુધી એના વિયોગની ચિંતાની વિચારણાના કારણે એટલા બધા દુઃખી થાય છે કે જેના પ્રતાપે એની વિચારણાઓ વારંવાર કરતાં કરતાં દશ

દશ ગુણા ભવના અનુબંધ પરંપરા રૂપે બાંધતા જાય છે. આ અનુબંધોને તોડવા માટે રાગનો પરિણામ જેવા જોરદાર પરિણામથી કર્યો હોય એના કરતાં વિશેષ પશ્ચાતાપનો પરિણામ અંતરમાં પેદા કરે તોજ એ અનુબંધો તૂટી શકે.

જો દેવોને અસંખ્યાતા વર્ષો સુધી રાગથી પદાર્થોનો ભોગવટો કરતાં છેલ્લા છ મહિના છટ્ઠીના ધાવણ યાદ કરાવે એવા શોક અને વિલાપ જીવનમાં કરી કરીને પોતાનો કાળ પસાર કરે છે તો વર્તમાનમાં થોડા વર્ષનું મળેલું સુખ એકાગ્રતાપૂર્વક મેળવતાં, એકાગ્રતાપૂર્વક ભોગવતાં, એકાગ્રતા પૂર્વક વધારતાં, એકાગ્રતાપૂર્વક સાચવતાં, કેટલું દુઃખ આપણને પડશે એનો વિચાર કરીએ છીએ ખરા ? આવા બધા વિચારો તમે વારંવાર કરતાં થઇ જાવ તો સંખ્યાતા ભવોના અનુબંધો, અસંખ્યાતા ભવોના અનુબંધો અને અનંતા ભવોના અનુબંધો આયુષ્યરૂપે આપણે બાંધી શકીએ નહિં. જ્ઞાની ભગવંતો કહે છે કે- પુણ્ય હોય અને જે કોઇ પદાર્થો પ્રાપ્ત થાય એ પદાર્થોને રાખવા અને ભોગવવા પડે ત્યાંસુધી વાંધો નથી. પણ વાંધો એ પદાર્થો પ્રત્યે રાગ કરીને મેળવવા માટે, ભોગવવા માટે પ્રયત્ન કરવો એ ન થાય એને માટેનોજ વાંધો છે. શુધ્ધ પરિણામ પેદા થતો જાય એટલે બાંધેલા સંખ્યાતા અસંખ્યાતા કે અનંતા ભવોના અનુબંધોને જીવ તોડી શકે છે. બોલો વર્તમાનમાં આપણને શુધ્ધ પરિણામ પેદા થયેલો છે એવું લાગે છે ખરું ? કુમારપાળ મહારાજા ૫૪ વર્ષે રાજગાદીને પામ્યા અને ૭૦ વર્ષ સુધીમાં અઢાર દેશના માલિક થયાં અને ૭૦ વર્ષે ધર્મને પામી શક્યા અને ત્યાર પછી પોતાનું ૮૪ વર્ષનું આયુષ્ય છે એમાં બાકીના ૧૪ વર્ષમાં એકાગ્રતાપૂર્વક એવી જોરદાર આરાધના કરી કે જેના પ્રતાપે જે એમને સંખ્યાતા ભવો અથવા અસંખ્યાતા ભવો સંસારમાં પરિભ્રમણ કરવા માટેના બાંધેલા હતા એ બધાને તોડીને નાશ કરી ત્રીજે ભવે મોક્ષ થાય એવું નક્કી કરી શક્યા. વર્તમાનમાં આપણને જે સામગ્રી મળેલી છે એજ સામગ્રી કુમારપાળ મહારાજાને મળેલી હતી કારણ કે કુમારપાળ મહારાજા પાંચમા આરામાં થયેલા છે. સાક્ષાત ભગવાન્ પણ એમને મળેલા નહોતાં છતાં પણ ચૌદ વર્ષ સુધીના કાળમાં પરિણામને શુધ્ધ

બનાવીને એમને પોતાના આત્માનું એવું ઉંચી કોટિનું કામ કાઢી લીધું કે ગણધરની પદવી પણ પ્રાપ્ત કરવાના છે. કુમારપાળ મહારાજાનો જીવ વર્તમાનમાં વ્યંતર દેવોમાં ઉત્પન્ન થયેલો છે. સમકિત લઇને પણ વ્યંતર જાતિના દેવોમાં જઇ શકાય છે. આ સાંભળીને આપણને આપણા પોતાના રાગાદિ પરિણામ પ્રત્યે ગુસ્સો આવે છે ખરો ? અત્યાર સુધી જે કાંઇ કર્યું એને ભૂલી જઇને હવે વર્તમાનમાં આપણે કઇ રીતિએ જીવવું છે અને શું કરવું છે એની શરૂઆત કરવાનું મન થાય છે ? રાગાદિ પરિણામની એકાગ્રતા કરતાં કરતાં હવે મારે જીવવુંજ નથી આવો કોઇ વિચાર પેદા થાય છે ખરો ? જો જે રીતિએ જીવી રહેલા છીએ એજ રીતે જીવન જીવતાં રહીશું તો દશ ગુણા કાળની પરંપરા રૂપે ભવની પરંપરાનો અનુબંધ કર્યાજ કરીશું. હવે આપણે આ બંન્ને પ્રકારની સ્થિતિમાંથી કયા પ્રકારની સ્થિતિથી જીવવું એ નક્કી કરવું એ આપણા હાથની વાત છે. શુધ્ધ પરિણામમાં એટલી બધી તાકાત રહેલી છે કે અનંતા ભવોના દુઃખોનો નાશ કરી શકે છે. જો પ્રયત્ન કરીને આરાધના કરતાં કરતાં શુધ્ધ પરિણામ પેદા નહિ કરીએ તો સંસારના ચક્કરમાં ફરવા માટે ગયા વગર ચાલશે નહિં અને એકવાર એ ચક્કરમાં ગયા પછી અનંતાકાળે મનુષ્યભવ પ્રાપ્ત થશે. જો આપણે મનુષ્યભવ વહેલા પ્રાપ્ત કરવો હોય તો રોજ વિચાર કરતાં શીખો કે- સચેતન પદાર્થો પ્રત્યે અને અચેતન પદાર્થો પ્રત્યે મારી લાગણી રાગપૂર્વકની છે કે વાત્સલ્યગુણવાળી છે. જો રાગપૂર્વકની હોય તેને દૂર કરવાનો પ્રયત્ન કરતાં કરતાં વાત્સલ્યગુણવાળી લાગણી કેમ જલ્દી પેદા થાય એનો પ્રયત્ન કરતાં થવું જોઇએ અને રાગપૂર્વકની જો લાગણી હશે તો આપણને જરૂર મારશે અને વાત્સલ્યગુણવાળી લાગણી હશે તો કલ્યાણ કરવામાં સહાયભૂત થશે.

જ્ઞાની ભગવંતોએ જગતમાં રહેલા પદાર્થો પોતાના જ્ઞાનથી જે રીતે જોયેલા છે એ રીતે જોવાની ઓળખ અંતરમાં પ્રાપ્ત ન થાય ત્યાંસુધી એ પદાર્થો પ્રત્યે રાગ અને દ્વેષનો પરિણામ ચાલુજ રહેવાનો છે. જેમ જેમ એ પદાર્થોની ઓળખ જ્ઞાની ભગવંતોએ જે પ્રમાણે કહી છે તે પ્રમાણે પેદા થતી જાય તો રાગાદિ પરિણામમાં જરૂર ઘસારો પડતો જાય અને એ પદાર્થો

પ્રત્યેનો રાગ અને દ્વેષ નબળો થતો જાય છે. જેમકે ૨૫ રૂપિયાની બોલપેન અને ૧૦૦૦ રૂપિયાની બોલપેનની અંદર રાગના પરિણામની તરતમતા કેટલી બદલાતી જાય છે. હજારની બોલપેન કોઇ જગ્યાએ રહી જાય તો ગાડી પાછી વાળીને તે સ્થાને લેવા માટે જાય અને ૨૫ રૂપિયાની બોલપેન રહી ગઇ હોય તો જવાદો ફ્રીથી નવી લાવીશું. આમાં પરિણામની તરતમતામાં કંઇ ફેર પડે છે ખરો ? આથી નિશ્ચિત થાય છે કે પદાર્થ જેમ વધારે કીમતી તેમ તેના પ્રત્યે રાગ વધારે અને જેમ પદાર્થ ઓછો કીમતી એમ એના પ્રત્યે રાગ ઓછો પેદા થતો જાય છે. પણ જો કીમતી પદાર્થ પ્રાપ્ત ન થયેલો હોય તો એની આશામાં ને આશામાં સામાન્ય પદાર્થ પ્રત્યે પણ જીવનો સ્વભાવ રાગ વધારવાનો બનતો જાય છે. આવો રાગ સંસારની પરંપરા એટલે કે જન્મની પરંપરા વધાર્યા વગર રહેતો નથી. જેમકે સ્ત્રીયો દાગીના જેટલા વધારે રાગાદિના પરિણામથી પહેરશે એટલે કે રાગ રાખીને પહેરશે તો સોનાની ખાણમાં ઉત્પન્ન થવા લાયક દશ દશના ગુણાકારે ભવની પરંપરા વધારશે. જો એને સોનાની ખાણમાં ન જવું હોય તો ભાવના ભાવવાની કે મને મારા પુણ્યોદયથી આ દાગીના મળ્યા છે એ ભગવાનની ભક્તિમાં કેમ વપરાય અને એમના ઉપયોગમાં આવે તો મને સારો લાભ પેદા થાય આવી વિચારણા રાખીને ભગવાનના ઉપયોગમાં આપવાનો પ્રયત્ન કરે અથવા બીજાના ઉપયોગમાં આવે તો વધારે સારું કારણ કે મને બીજાની ભક્તિનો લાભ મળે આવી વિચારણા કરતાં જાય તો તો જરૂર રાગ ઘટે. કુમારપાળ મહારાજા આર્યભટ્ટને રોજ એટલું બધું દાન આપતાં હતાં અને આર્યભટ્ટ એ દાનમાં મળેલી ચીજો ઘરે પહોંચતા પહેલાં યાચકોને દાનમાં આપી દેતાં હતાં. ઘરે પહોંચે ત્યારે એની પાસે કુમારપાળે આપેલી એકે ચીજ રહેતી નહોતી. લોકો વાતો કરતાં હતાં કે કુમારપાળ કરતાં આર્યભટ્ટ વધારે દાન આપે છે અને એ દેશમાં આર્યભટ્ટની એટલીજ ખ્યાતિ પેદા થયેલી છે કે કોઇ કુમારપાળને યાદ કરતું નથી. આટલું બધું દાન કરવા છતાં પણ એમને કોઇપણ જાતનો ગર્વ પેદા થતો નહોતો અને એ પોતે રાજાનેજ આગળ કરે છે. આજે તમે દાનમાં દઇ દઇને ધો છો શું ? અને જે કંઇ દાનમાં આપો છો એનો ગર્વ

કેટલો ? જ્ઞાની ભગવંતો કહે છે કે ઉપકરણ ઉપકરણ રૂપે રાખે તો રાગ ન થાય એટલે કે સંસાર વધારવાનું કારણ ન બને પણ ઉપકરણ રાગ રાખીને રાખવાથી એ અધિકરણ એટલે શસ્ત્ર બનતું હોવાથી સંસારની વૃધ્ધિનું કારણ બને છે. માટે જે પદાર્થ જેવા સ્વરૂપે છે એની ઓળખાણ કરીને એવા સ્વરૂપે રાખતા શીખો તોજ સંસારના અનુબંધો આપણે તોડીને સંસારને કાપવાનો પ્રયત્ન કરી શકીએ. પોતે પોતાના જીવનમાં સામાન્ય પદાર્થથી પોતાનું જીવન ચલાવવા પ્રયત્ન કરવાનો અને ભક્તિ માટે ઉંચામાં ઉંચી કોટિનું ઉત્તમ દ્રવ્ય લાવીને ભક્તિ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. તે વખતે એ જીવ રાગ કરશે અને પોતાનો સંસાર વધારશે તો મને પણ દોષ લાગશે આવો વિચાર કરવાનો નહી. જો આવો વિચાર અંતરમાં પેદા કરશો તો કોઇ કાળે ઉત્તમ દ્રવ્યથી ભક્તિ કરી શકશો નહિં. માટે રાગ ઘટાડવા માટેના પ્રયત્નો કરવાજ જોઇએ.

જીવોને જેટલા કાળ સુધી તિર્યંચગતિને વિષે રહેવાનું નિશ્ચિત કરે તેને તિર્યંચાયુષ્ય કહેવાય છે. એટલા કાળ સુધીમાં રહેલો જીવ દુઃખથી ગમે તેટલો ગભરાય, મરણ પામવાને ઇચ્છે તો પણ એ મરી શકે નહી. પણ એટલા કાળ સુધી એ ગતિને વિષે એ જીવને પકડીને રાખે એને તિર્યંચાયુષ્ય કહેવાય છે. આ તિર્યંચાયુષ્યનો ઉદય એકથી પાંચ ગુણસ્થાનક સુધી હોય છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને અસન્ની પંચેન્દ્રિય તિર્યંચ આયુષ્યવાળા જીવોને પહેલું અને બીજું બે ગુણસ્થાનક ઉદયમાં હોય છે. સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચોને એકથી પાંચ ગુણસ્થાનક ઉદયમાં હોય છે. તેમાં ચોથા ગુણસ્થાનકમાં રહેલા સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સન્ની પર્યાપ્તા તિર્યંચોને ઉપશમ સમકિત અને ક્ષયોપશમ સમકિત એ બે સમકિત હોય છે અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા સન્ની પર્યાપ્તા તિર્યંચોને ઉપશમ સમકિત, ક્ષયોપશમ સમકિત અને ક્ષાયિક સમકિત એમ ત્રણે સમકિત હોય છે. તેમાં ક્ષયોપશમ સમકિતિ જીવો અને ક્ષાયિક સમકિતિ જીવો સદા માટે અસંખ્યાતા રહેલા હોય છે. જ્યારે ઉપશમ સમકિતી જીવો કોઇવાર ન પણ હોય એવું પણ બને. કોઇવાર એકવાર જીવ સમકિત પામતો હોય તો એક

જીવ પણ મળે કોઇવાર બે જીવ પણ મળે કોઇવાર સંખ્યાતા જીવો પણ મળે અને કોઇવાર અસંખ્યાતા જીવો પણ મળી શકે છે. પાંચમા ગુણસ્થાનકમાં રહેલા સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો સદા માટે સંખ્યાત વર્ષના આયુષ્યવાળાજ હોય છે અને એ જીવો મોટેભાગે ક્ષયોપશમ સમકિતવાળાજ હોય છે. કેટલીક વાર ઉપશમ સમકિતપામતા જીવો પણ પ્રાપ્ત થઇ શકે છે. આ તિર્યંચો દેવલોકમાં વૈમાનિકમાં આઠમા દેવલોક સુધી જઇ શકે છે. એટલે કે સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો વૈમાનિકના દેવલોકનું આઠમા દેવલોક સુધીનું આયુષ્ય બાંધી શકે છે અને એ બધા ઉપરના દેવોની સંખ્યાને પૂર્ણ કરવા માટે તિર્યંચોજ દેવલોકમાં જઇને દેવોની સંખ્યાને પૂર્ણ કરે છે કારણ કે સન્ની પર્યાપ્તા મનુષ્યો જગતને વિષે નિયમા સંખ્યાતાજ હોય છે. એમાંથી દેવલોકમાં પણ સંખ્યાતા મનુષ્યોજ દેવલોકમાં જઇ શકે છે. જ્યારે તિર્યંચો દેવલોકમાં અસંખ્યાતા જઇ શકે છે. આથી તિર્યંચો કરતાં મનુષ્યો દેવલોકની સંખ્યાને પૂરવામાં આટામાં લૂણ જેટલા ગણાય છે.

## ૩. મનુષ્યાયુષ્યનું વર્ણન

**મનુષ્યાયુષ્યની વ્યાખ્યા :-** જે જીવોએ જેટલા કાળ સુધી મનુષ્યાયુષ્ય ભોગવવા લાયક બાંધેલું હોય તેટલા કાળ સુધી બેડીમાં જકડાયેલા જીવોની જેમ તેટલા કાળ સુધી મનુષ્યગતિને વિષે પકડી રાખે તેને મનુષ્યાયુષ્ય કહેવાય છે.

## મનુષ્યાયુષ્ય બાંધવાના કારણો

કલિકાળ સર્વજ્ઞ આચાર્ય ભગવન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા - શ્રી સુવિધિનાથ ભગવાને આપેલી દેશનાનું વર્ણન કરતાં ફરમાવે છે કે- અલ્પ પરિગ્રહ તથા અલ્પઆરંભ, સ્વાભાવિક નમ્રતા, સ્વાભાવિક સરળતા, કાપોત લેશ્યા, પીત લેશ્યા, ધર્મધ્યાનમાં અનુરાગ, પ્રત્યાખ્યાની કષાય, મધ્યમ પરિણામ, સંવિભાગવિધાયિત્વ, દેવપૂજન તથા ગુરૂપૂજન, પૂર્વાલાપ,

પ્રિયાલાપ, સુપ્રજ્ઞાપનીયતા અને લોકયાત્રામાં માધ્યસ્થ્ય એ મનુષ્યાયુષ્ય બાંધવાના આશ્રવ છે. મનુષ્યાયુષ્યને બાંધવાના આશ્રવોને દર્શાવતા ઉપકારીઓએ જે ગુણોનું વર્ણન કર્યું છે તે ગુણો જો આપણા જીવનમાં આવી જાય તો દુશ્મનને પણ આપણને વખાણવા પડે. આ ગુણો જેના જીવનમાં આવી જાય તેનાથી જીવનમાં બહુ શાંતિ અનુભવી શકાય એ મરણને પણ શાંતિ પૂર્વક પામી શકે અને એમાં જો કાંઇક વધારે સારા ભાવ આવી જાય તો દેવગતિનુંય આયુષ્ય બાંધે નહિ તો મનુષ્યગતિનું આયુષ્ય તો ચોક્કસ બાંધે ને ? અહીંથી મરીને મનુષ્ય થાય તોય ત્યાં એને સારી સામગ્રી મળી જાય અને તેમાં પણ જો બહુ સુંદર ભવિતવ્યતા આદિનો યોગ હોય તો ત્યાંથી સીધો મુક્તિએ પણ પહોંચી જાય ને ? એવું પણ બને કે અહીંથી મરી સીધા મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યજન્મને પમાય ? ત્યાં જો મનુષ્યજન્મ મળી જાય એમાં જો ધર્મપ્રાપ્તિને અનુકૂળ અન્ય સામગ્રીનો યોગ થઇ ગયો હોય, ધર્મશ્રવણની તક મળી જાય. સદ્દ્ધર્મમાં રૂચિ પ્રગટી જાય, ધર્મઆરાધનાનો તીવ્રવીર્યોલ્લાસ પ્રગટી જાય એમાંથી શુક્લધ્યાન આવી જાય અને શ્રેણિ મંડાઇ જાય તો મોહનીય કર્મનો ક્ષય થઇ જાય. વીતરાગપણું પ્રગટી જાય, કેવળજ્ઞાન પણ પ્રગટી જાય અને અંતે શૈલેશી કરણ કરીને મુક્તિએ પહોંચી જવાય આવું પણ બની જાય ને ? પણ એ બધું કાંઇ કેવળ મનોરથ કર્યેજ થોડું સિધ્ધ થાય તેમ છે ? તેને યોગ્ય પુરૂષાર્થતો કરવો જોઇએ ને ?

## ૧. અલ્પારંભ અને અલ્પ પરિગ્રહ

મનુષ્યગતિના આયુષ્યના આશ્રવોમાં પહેલી વાત અલ્પારંભ અને અલ્પપરિગ્રહની છે. આરંભ અને પરિગ્રહનો સર્વથા ત્યાગ એ કંઇ તમારે સૌને માટે શક્ય ન ગણાય. પરંતુ આરંભેય અલ્પ અને પરિગ્રહેય અલ્પ એ તો બની શકે એવી વસ્તુ છે ને ? આરંભને અને પરિગ્રહને અલ્પ બનાવવા હોય તો શું કરવું જોઇએ ? જીવન નિર્વાહ માટે જરૂરી સામગ્રી મળી જાય એટલે વધુ ને મેળવવાની વૃત્તિનો ત્યાગ કરવો જોઇએ. જેમ જેમ માણસ અલ્પારંભથી અને અલ્પ પરિગ્રહથી જીવનનો નિર્વાહ કરવા માંડે છે તેમ

તેમ ઉપાધી ઓછી થતી જાય છે. એની ચિંતાઓ ઘણે અંશે ઘટી જાય છે. લોભાદિના યોગે ઘણા આરંભ અને ઘણા પરિગ્રહનું મન થાય અને પછી નસીબનો યોગ ન હોય તો એ ઇચ્છા પુરાય નહિ એટલે માણસને ભારે દુ:ખ થાય છે. નસીબનો યોગ હોય અને ઘણો પરિગ્રહ મળી જાય તો પાછી તેને સાચવવા આદિની ચિંતા ઉભી થાય છે અને પરિગ્રહને વધારવા, સાચવવા આદિને અંગેનું આરંભાદિનું દુ:ખ પણ વધી પડે છે. બાકી જે માણસ જરૂર હોય તો બે ચાર કલાક આજીવિકાનો પ્રયત્ન કરતો હોય અને એમાં જીવન નિર્વાહ પુરતુ મળી જાય એટલે સંતોષ અનુભવતો હોય એને તો ધર્મની આરાધના કરવાનો સમય કેટલો બધો મળી શકે ? ધર્મ કરતાં એના હૈયામાં શાંતિ કેટલી બધી હોય ? પણ શાંતિ પૂર્વક ધર્મની આરાધના વધુ સમયને માટે કરવાની વૃત્તિ જોઇએ ને ? જેનું મન માન-પાનમાં ભમતું હોય મારે આટલી પેઢીઓ અને આટલા વેપારો એથી જેનું મન હરખાતું હોય, જ્યાં ત્યાં લોક મને આગળ કરે એવી જેને લાલસા હોય તેને રાત દિવસ એની એ ગડમથલમાં પસાર થઇ જાય તોય તે બહુ સાલતુ નથી. જેવોને આજે વેપારાદિને અંગે મળવા આવેલા પણ સ્નેહી સંબંધીઓ સાથે વાત કરવાની ફુરસત નથી એવા જીવો પણ જો રળતા હોય છે તો એ ઉપાધિમાં આનંદ માનતા હોય છે ને ? વેપાર ધંધામાંથી ફુરસત નહીં મેળવી શકનારાઓમાં પણ શાંતિ મળતી નથી એ માટે દીલથી કેટલાક રૂએ છે ? એને તો જ્યાં ત્યાં મોટું સ્થાન મળે જે હોય તે પૂછે કાછે ઠામ ઠામ પેઢીઓ હોય ધમધોકાર વેપા ચાલતા હોય એટલે એને તો ઉંઘવાનું પણ પુરું ના મળે તોય એ મને આટલા બધા બોલાવનારા છે એ અંગે આનંદમાં મરી જાય છે. જો લોભ કાબુમાં હોય ઇન્દ્રિયો વશ હોય અને જે મળી જાય તેમાં સંતોષથી જીવવાની તૈયારી હોય તો ઓછા આરંભ અને ઓછા પરિગ્રહવાળો તો બહુ સુખી હોય છે.

## વધુ જોઇએ જ નહિ - એવી વૃત્તિ છે ?

સભા૦ કુટુંબની જવાબદારી પૂરી કરવાથી અધિકની ઇચ્છા ન કરવી

એ તો બને.

એ વૃત્તિ પણ આવવી બહુ મુશ્કેલ છે. સંયોગ ન મળે અને ઉધમાત ન કરો એ જુદી વાત છે. જ્યારે નિર્વાહનું સાધન મળે એટલે બસ એમ આવવું એ સહેલું નથી. મનથી જ એમ થઇ જવું જોઇએ કે મારે આથી અધિક નથી જોઇતું. પુણ્યનો યોગ જોરદાર હોય અને કોઇ શેઠીયો મુંબઇ લઇ જવાનું કહે કે ચાલો મારી સાથે ધંધે ચઢાવી દઇશ. તો જીવન નિર્વાહ સુખે થતો હોય તે છતાં પણ મુંબઇ જવાનું મન થઇ જાય ને ? ગમે તેમ થાય તો મારે પણ મારે અધિક મેળવવાનો પ્રયત્ન કરવો જ નથી આવી વૃત્તિ આવવી એ બહુ કઠિન છે, બાકી આવા માણસને અંદરના પરિણામ એટલા શાંત અને સ્થિર હોય કે એની લેશ્યા બગડવાનું કારણ નથી એમ કહી શકાય. પહેલાના કાળમાં કેટલાક કહેતા કે મોટા બંગલા બાંધવાની ઇચ્છા નથી, મોટી મૂડી પાછળ મૂકી જવાની ઇચ્છા નથી આગળ આવવાનું મન નથી એટલે લાંબો ધંધો કરવાનું મન થતું નથી. અહીં પેટ પૂરતું સુખે મળી જાય છે અને સંજોગ મુજબ સુખે ધર્મ થઇ શકે છે. એટલે આથી અધિકની ઇચ્છાજ થતી નથી.

## મળેલી મુડી સાચવવી હોય તો

અલ્પારંભ અને અલ્પપરિગ્રહ વાળાને તો ઘણું સુખ હોય છે, કોઇ કારણસર અચાનક ગામ છોડીને ચાલ્યા જવાનો વખત આવે તો પણ એને બહુ ચિંતા નહી. જે કંઇ થોડું ઘણું હોય તે લઇને હાલતો થાય તમે શું કરો ? તમારે તો ચાર દાડા બહારગામ જવાનું હોય તોય અગાઉથી તૈયારી કરવી પડે ને ? જેને કમથી કમ મળેલી મુડી સાચવવી, રાખવી હોય એટલે કે પુણ્ય યોગે મનુષ્યપણું મળી ગયું છે અને એ મનુષ્યપણાથી નીચી ગતિમાં તો નજ જવું હોય તેને વધુ આરંભ અને વધુ પરિગ્રહની તો નાજ પાડી દેવી જોઇએ. મનને એવું કેળવી લેવું જોઇએ કે - અધિકની ઇચ્છા થાય નહિ. અધિકમાં ઉપાધી અધિક અને તે ન જોઇએ એમ થયાજ કરે. કોઇ સામેથી ધંધો આપવાને આવે તોય ના પાડે. તમે જો એટલુંજ નક્કી કરી લો કે રોટલા

જેટલું મળી જાય એટલે બજારમાંથી ઘેર ચાલ્યા આવવું છે. પછી કમાવવાનું સારો પણ ધંધો મળતો હોય તોય તે નથી જોઇતો અને હાલ જે કાંઇ છે તેમાં વધારવું તો નથી પણ વધારે પરિગ્રહ હોય તો તેને સદ્ઉપયોગ કરી લેવો છે તો તમને અલ્પારંભી અને અલ્પપરિગ્રહી બની જતા વાર લાગે નહિ.

સભા૦ અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં આવે કેટલું ? પુણ્યા શ્રાવક જેવું જોઇએ ?

પોતાના અને પોતાના આશ્રિત કુટુંબના નિર્વાહ અંગેની જોગવાઇથી અધિક પરિગ્રહ રાખો નહી અને એથી અધિક પરિગ્રહની ઇચ્છા પણ કરો નહિ તેમજ જીવન નિર્વાહ અંગે જે કંઇ વ્યાપારાદિ કરવા પડે તેય જેમાં મહારંભ એટલે ઘણી મોટી જીવ હિંસા થતી હોય તેવા ન કરો. તેમજ ખાનપાન આદિ અંગે પણ ઇન્દ્રિયો ઉપર કાબુ કેળવીને જેમ બને તેમ ઓછા આરંભ કરો તો ખુશીથી તમે અલ્પારંભી અને અલ્પપરિગ્રહી બની શકો. પુણ્યો શ્રાવક તો અલ્પારંભ અને અલ્પપરિગ્રહનું બહુ ઉંચું ઉદાહરણ છે પણ અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહની ઇચ્છાવાળાઓએ એ ઉદાહરણને આંખ સામે જરૂર રાખવું જોઇએ. જરૂર કરતાં પણ ઓછું મળે ત્યારે પણ એ ઉદાહરણ લક્ષમાં હોય તો ઉંધું ચતું કરવાનું મન થવાને બદલે ઓછાથી પણ નિભાવી લેવાનું મન થાય. પોતાની તેવી સ્થિતિમાં પણ પુણ્યો શ્રાવક કેટલી બધી શાંતિથી જીવ્યો અને ધર્મ કરતો રહ્યો ? એનું સામાયિક કેટલું બધું સમભાવ વાળું ? એટલો સમભાવ સામાયિકમાં પણ રાત દિવસ ઉપાધિથી બળતા માણસને આવે શી રીતિએ ?

## જરૂર પૂરતી મુડી રાખી લઇને વધારેનો સદ્ઉપયોગ કરવાનું મન છે ?

અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહમાં જેને આનંદ માનવાનું મન થઇ જાય અને એ દિશાએ જે પ્રયત્નશીલ બને તેની મૂડી ન જાય. પોતાની મનુષ્ય જન્મરૂપી મૂડીને એ સાચવી શકે. અહીંથી મરીને બીજે જવું પડે તો પણ

બીજેય એને મનુષ્ય જન્મ મળે. અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહમાં આનંદ માણવા માંડો એટલે ધર્મ ઘણો થઇ શકે. જેઓની પાસે આજે મોટો પરિગ્રહ છે તેઓ આજના હિસાબે વર્તમાનકાળના સંયોગોની અપેક્ષાએ ગણતરી કરી લે કે મારે મારા અને મારા કુટુંબાદિના નિર્વાહને માટે કેટલું જોઇએ ? એ ગણતરી મુજબ મુડી રાખીને વેપાર ધંધો બંધ કરી દે અને મૂડી ખાવા બેસી જાય તો એ માણસ કેટલી આરાધના કરી શકે ? પોતાની ગણતરી કરતા મૂડી વધારે હોય તો તેનો સદ્‌ઉપયોગ કરી દે અને નિવૃત્તિ લઇને આ જીંદગીને સફળ કરવાનું લક્ષ રાખે તો એ શું ન કરી શકે ? આવું કરતી વખતે જેની પાસે મૂડી હોય તે વ્યાજ ઉત્પન્ન કરવાની વાતમાં પણ પડતા નહી. વ્યાજ ઉત્પન્ન કરવાનું રાખશો તોય આજના કાળમાં તો મોટી ઉપાદી છે. જ્યાં વ્યાજે મૂક્યા હોય ત્યાં જોયા કરવું પડે છે અને આજની શાહુકારી પણ કેવી છે ? વ્યાજ લેવા જતાં મૂડી પણ ડૂબી જાય અને પાછા ઉપાદીમાં પડી જવું પડે એવુંય બને ને ? માટે જેનાથી શક્ય હોય તેને તો એ ઉપાધી પણ રાખવા જેવી નથી. તમે જો આવી વૃત્તિવાળા બની જાવ અને તમારી ગણતરી મુજબ તમે બે લાખ રૂપિયા પણ રાખો તોય તમારી ગણતરી અલ્પ પરિગ્રહમાં થઇ શકે. અહીં જે આગળ સુખી માણસો બેઠા છે તેમની આ ઇચ્છા છે ? અલ્પારંભી અને અલ્પપરિગ્રહી બની જવું હોય તો ઉપાય ઘણા છે પણ આરંભનો અને પરિગ્રહનો ડર છે ખરો ? એનાથી જેટલા આઘા રહેવાય તેટલું સારું એમ મનમાં છે ? પછી એ બજારની સામે જુવે પણ નહી અને ધર્મના કામ કર્યા કરે. ભગવાનની ભક્તિ સુંદર પ્રકારે કરે, સાધુ સાધ્વીની વૈયાવચ્ચ કર્યા કરે તથા મંદિર અને ઉપાશ્રય આદિની સંભાળ રાખ્યા કરે આવું કરવાનું મન થાય ? મનનું કારણ મોટું છે ને ? અહીં નિરાંતે બેઠા છો પણ જો જરા વેપારની તક આવી જાય તો થોડું નાંખવાનું મન થઇ ગયા વિના રહે ? લાભ દેખાય તો માણસ લાવરું નાંખ્યા વિના રહે નહિ ને ? જેઓની પાસે સાધન ન હોય તેઓની વાત જુદી છે પણ સાધન હોય કે ન હોય તોય અલ્પમાં સંતોષ અનુભવવાની શક્તિ કેળવી નથી. કેમ કે અલ્પ થવાની કે અલ્પ રહેવાની ઇચ્છા નથી. આરંભ અને પરિગ્રહ અલ્પ કરવા

હોય તોય થઇ શકે નહિ એમ તમે કહી શકશો ? તમે અલ્પનો નિર્ણય કાળાનુસાર વિચાર કરીને કરો. કેમ કે આજે ખર્ચા ઘણા વધી ગયા છે આમ છતાંય ખર્ચાનો નિર્ણય કરવામાં બહુ વિવેકી બનવું જોઇએ. બજારમાં થયેલી ભાવવૃધ્ધિ અંગે થયેલા ખર્ચાનો વધારો ગણાય પણ વ્યસનાદિ અંગે થયેલા ખર્ચાની વૃધ્ધિ ગણાય ખરી ? ખર્ચાની વાતનો નિર્ણય કરતાં જોવું પડે કે આ ખર્ચો વ્યાજબી છે કે ગેરવ્યાજબી ? જેમ નોકરને તમે માલ ખરીદવાને માટે બહારગામ મોકલ્યો હોય તો તેને જે ખર્ચ થાય તે તમે આપો કે નહી ? આપો પણ એને ખર્ચાના કાગળીયામાં આટલો ખર્ચ સીનેમાઓ જોવામાં થયો અને આટલો ખર્ચ સીગારેટો પીવામાં થયો એમ લખ્યું હોય તો તે ખર્ચો તમે આપો ખરા ? પ્રામાણિક માણસનો વ્યાજબી ખર્ચો મંજૂર થાય પણ આવું શોખ ને ઇન્દ્રિયોની અવસ્થાનો ખર્ચો મંજૂર થાય ? નહિ ને ? તેમ તમારે પણ તમારા જીવન નિર્વાહના ખર્ચાનો અંદાજ કાઢતા વિવેક વાપરવાનો છે. પણ જો એવો નિર્ણય કરવાની વાતજ ક્યાં છે ?

## સંતોષનું સુખ અનુભવી શકાય

અલ્પારંભ અને અલ્પપરિગ્રહવાળાને સુખ કેટલું ? ઘણું. ત્યારે એ સુખ માનવું એ તો આપણા હાથની વાત છે ને ? થોડું મળે તો થોડાથી ચલાવવું એવું તમે નક્કી કરો તો લોભ પણ તમારાથી થાકે ને કે આને કશી અસર થતી નથી. જેમ ઘરમાં કોઇ એદી પાક્યો હોય તો શું કરો છો ? સવારે આઠ વાગે ઉઠતો હોય ચા-પાણી અને પાનબીડીમાં બે કલાક કાઢી નાંખતો હોય, બાર વાગે ખાતો હોય અને ખાઇને ઘોરવા માંડતો હોય, સાંજે રખડવા જતો હોય અને રાતના પાછો ઉંઘતો હોય આવો એદી ભાઇ કે છોકરો હોય તો શું કરો ? તમે એનાથી થાકો કે એ તમારાથી થાકે. તમારે થાકીને એને નિભાવી લેવો પડે. તેમ તમે મક્કમ બની જાવ. તો લોભ તમારાથી થાકે. લોભને થાય કે આને હું પલાળી શકું તેમ નથી. જેની શક્તિ હોય તે હવે અલ્પમાં બેસી જાય તો વાંધો છે ? વધારે હોય અને રાખવા હોય તો રાખવા પણ તે રાખવાને માટે રાખવા નહિં, ક્રમે ક્રમે સારા કામમાં

ખરચવાને માટે રાખવા. નિર્ણય કરો કે ખાવા જોગું છે તો વેપાર કરવો નથી અને અધિક છે તો સારા માર્ગે ખરચવું છે. આવું કરી શકશો તો તમે સંતોષનું સુખ અનુભવી શકશો. અનુભવે એમ થશે કે સારું થયું કે છૂટ્યો. તોજ આ સુખના દાડા જોવા મળ્યા. ગૃહસ્થપણામાં તેજ સુખી કે જેને આરંભ અને પરિગ્રહ અલ્પ હોય અને તેમાંજ મનમાં શાંતિ હોય. મંદિરમાં જઇને ભગવાનની પૂજા પણ નિરાંતે કરી શકે અને ભગવાન સાથે વાત પણ નિરાંતે કરી શકે. ભગવાનની જ્યારે એ સ્તવના કરે ત્યારે એના અંતરમાં જાત જાતના ઉમળકા ઉઠે. ભગવાનની સ્તવનામાં એ એવો એકતાન બની શકે કે એને સ્તવના કરતા જોવાનું બીજાઓને મન થઇ જાય. એનો ભાવ પૂર્ણ શ્વર સાંભળવાનું બીજાઓને ગમી જાય. ગીતાર્થ ગુરુ દ્વારા જ્ઞાનીની વાણીને પણ એ બરાબર સાંભળી શકે અને એનું ચિંતવન કરી શકે. આ સિવાય જેનું મન આરંભ અને પરિગ્રહમાં ભમ્યા કરતું હોય તેને ઉપાધી કેટલી હોય ? શી રીતિએ એ ભગવાનના દર્શન કરે, ભગવાનની પૂજા કરે અને ભગવાનને સ્તવે તથા શ્રી જિનવાણીને એક ચિત્તતાથી સાંભળે ? એ ભગવાનના દર્શનાદિ કરે તોય એમાં એનું મન જે રીતિએ ઠરવું જોઇએ તે રીતિએ ઠરે નહિ.

## સાત ક્ષેત્રોમાં વાપરેલું ધન સાથે આવે

સભા ૦ ધનને સાથે લઇ જવાનો કોઇ ઉપાય હોય તો તે શોધવાનું મન થાય.

આ કે છે કે - ધનનો મોહ એટલો બધો છે કે જો ધનને સાથે લઇ જવાતું હોય તો અમે પરલોકમાં પણ ધનનેજ સાથે લઇ જઇએ. ધનને સાથે લઇ જઇ શકતા હો તો તમે ધનને સાથે લઇ ગયા વિના રહો નહિ પણ એ બની શકે એવું નથી અને એની મૂર્છામાં ને મૂર્છામાં તમે કઇ ગતિમાં જશો તે તમારે વિચારવાનું છે ?

સભા ૦ ધનને સાથે લઇ જવું હોય તો તે સાત ક્ષેત્રમાં વાપરે.

તમારે માટે આમણે આ ઉપાય શોધી કાઢ્યો પણ તમારે તો નગર ધનને સાથે લઇ જવાનો ઉપાય જોઇએ છે ને ? બાકી ધનને સાથે લઇ

જવાનો આ ઉપાય બહુ સારો છે. સાત ક્ષેત્રમાં સારા ભાવે પોતાના ધનને વાપરનારા પોતાની પરભવની સ્થિતિને સધ્ધર બનાવે છે. સાતક્ષેત્રમાં આજે તો બહુ અગત્યની જરૂર પણ છે. આજે ઘણા શ્રી જિનમંદિરો ઉધ્ધારની અપેક્ષા રાખે છે અને કેટલાક સ્થળો એવા છે કે જ્યાં વસરનારાઓને શ્રી જિનપૂજાનો લાભ મળી શકે તથા તેમના ધર્મના સંસ્કારો ભૂંસાતા અટકી જાય તે માટે ત્યાં શ્રી જિનાલયો બનાવવાની જરૂર પણ છે. જ્ઞાન ભંડારોની અને જ્ઞાન ભંડારોમાં રહેલા ગ્રંથોની વ્યવસ્થા જાળવવી હોય તો તે માટે પણ નાણાની જરૂર છે. સાધુ સાધ્વી ક્ષેત્રને માટે બહુ જરૂર નથી પણ શ્રાવક શ્રાવિકા ક્ષેત્રની સંભાળને માટે તો આ કાળમાં ઘણા નાણા આવશ્યક છે. આજની વિશમ સ્થિતિમાં ભાગ્યવાનોએ શ્રાવક શ્રાવિકા ક્ષેત્રની જે કોઇ પણ યોગ્ય રીતિએ સંભાળી શકાય તેમ હોય તે રીતિએ સંભાળી લેવાની જરૂર છે. સાધુ સાધ્વીની બહુ ચિંતા કરવી પડે તેમ નથી એમ અમુક દ્રષ્ટિએ કહી શકાય કારણ કે સાધુ સાધ્વીને જો માત્ર સંયમની સાધનાના જ સાધનોની જરૂર હોય અને તેઓ જો શાસ્ત્રક્ષની આજ્ઞા મુજબ વિહરતા હોય તો આવા ભયંકર કાળમાં પણ સાધુ સાધ્વીને પ્રાયઃ તકલીફ પડે તેમ નથી. જે વસ્તુ વિના સુખી સંયમનો નિર્વાહ થઇ શકે તેમ હોય તેવી પણ વસ્તુઓની ઇચ્છા હોય અને નક્કી કરેલા અમુક સ્થાનેજ રહેવું હોય તો એથી તકલીફ પડે એ વાત જુદી છે. બાકી તો જૈન સમાજ એવો ભાગ્યશાળી છે કે સાધુ સાધ્વીને ન સહી શકે એવી અગવડ પ્રાયઃ આવતી નથી. ગામડામાં જ્યાં એક નામનો પણ જૈન મળીજાય છે ત્યાં પણ તે સાધુ સાધ્વીની સગવઢ કર્યા વિના રહેતો નથી.

સભા ૦ કોઇ કોઇને ફરજિયાત સ્થિર વાસ કરવો પડતો હોય તો શું થાય ?

જે સાધુ સાધ્વીને ફરજિયાત સ્થિર વાસ કરવો પડે તેમ હોય તેઓને સંયમની સાધના સુખ પૂર્વક થઇ શકે એવી રીતિએ તેમને સાચવે તેવા ક્ષેત્રો આજે પણ છે અને કેટલાક ભાગ્યશાળી શ્રાવકો પણ એવા છે કે જો તેમને ખબર પડી જાય કે અમુક સાધુને કે સાધ્વીને સંયમની સાધનામાં બાધા

પહોંચે છે તો ત્યાં પહોંચી જઇને ઘટતું કર્યા વિના રહે નહિ. એવા શ્રાવકોને ખબર ન પડે અને કોઇને સિદાવાનો પ્રસંગ આવી જાય તો તે જૂદી વાત છે. એટલે આજે તમારે સાધુ સાધ્વી ક્ષેત્રને માટે બહુ ધન ખરચી નાખવું પડે તેમ નથી પણ શ્રાવક શ્રાવિકાના ક્ષેત્રને માટે તો સૌએ પોતાનાથી જેટલું વધારે બની શકે તેટલું કરી લેવા જેવો કાળ આવી લાગ્યો છે. ધનને સાથે લઇ જવાનો સારામાં સારો ઉપાય છે. બાકી જ્યાં આ શરીરને પણ સાથે નથી લઇ જઇ શકાતું ત્યાં ધનાદિકને સાથે ક્યાંથી લઇ જવાવાનું હતું ?

## મનનો આદર ધર્મની અધિકતાવાળા તરફ

આમ નથી શરીર સાથે લઇ જઇ શકાતું કે નથી ધનાદિક સાથે લઇ જઇ શકાતું. વળી આ જીંદગી માં પણ અલ્પારંભાદિ બહુ સુખનું કારણ છે અને મહારંભાદિ બહુ દુઃખનું કારણ છે. આરંભના અને પરિગ્રહના ત્યાગમાં શું સુખ છે તે જાણવું હોય તો સાધુને પૂછો સાધુ જો સાધુપણાના આસ્વાદને પામ્યો હશે તો તો એ એના સુખને વર્ણવતા થાકી જશે. એ નહી તોય સામાન્ય સાધુ કહી શકે કે કોઇ ગામ મૂકતા અમને વાંધો નહીં કેમકે કોઇ ગામમાં અમારું કાંઇ હોય નહી, કોઇ ગામ છોડતા અમારી આંખમા પાણી આવે નહિ. અમે તો જેવા પેઠા હોઇએ તેવા નીકળીએ. ઉલટું અમે નીકળીએ તેમાં ગામમાં રહેનાર રડે, વળાવવાને આવ્યા હોય તે રડે, પણ અમારી આંખ પલળે નહી. એમ ગ્રહસ્થપણામાં જે કોઇ બહારથી અને અંદરથી અલ્પારંભી અને અલ્પપરિગ્રહી હોય તે બહુ સુખી હોય હા એ બનવા જોગ છે કે નામના કીર્તિ ખ્યાતિ આદિ નહી થાય બહુ જણા ન ઓળખે એ બને પણ તમારે ક્યાં ઓળખાવવું છે ? બહુ ઓળખ હોય તો બહુ સારી ગતિ અને જેમ ઓળખ ઓછી તેમ ગતિ નીચી આવું તો છે જ નહિ. ત્યાં કોઇની ઓળખ કામ લાગે તેમ નથી તમે અલ્પારંભી અને અલ્પપરિગ્રહી થશો તો કદાચ ધર્મી વર્ગમાં ઓળખાણ થશે પણ આજે ધર્મીવર્ગમાં પણ મોટેભાગે જેટલું માન પૈસાની અધિકતા વાળાને છે તેટલું માન ધર્મની અધિકતાવાળાને નથી. પૈસાની અધિકતાવાળાને આગળ બેસાડાય, માન અપાય કેમકે એ

જો મન ઉપર લેશે તો તેનામાં ધર્મ કરવાની શક્તિ સાથે ધર્મ કરાવવાની અને ધર્મની પ્રભાવનાદિ કરવાની શક્તિ છે. પણ એની સેહમાં ધર્મની અધિકતાવાળાની જરાય અવગણના થાય નહીં. પૈસાની અધિકતાવાળાએ પોતે પણ ધર્મની અધિકતાવાળાનું માન જાળવવું જોઇએ. પૈસાની અધિકતાવાળાનું માન ઔચિત્ય અંગે છે અને ધર્મની અધિકતાવાળાનું માન તો ધર્મને અંગે છે. ધર્મની અધિકતાવાળાનો અનાદર એ ધર્મનો અનાદર છે હૈયાનો આદર ધર્મની અધિકતાને અંગેજ હોવો જોઇએ. તેમાંય પૈસા વાળો જો ધર્મની અધિકતાવાળો બને તો તો તે મહા આદરનું કારણ બને ને ?

## કષ્ટ વખતેય કેવો જવાબ દે ?

અલ્પારંભમાં ખુબ સુખ છે અને અલ્પપરિગ્રહપણામાં ઘણઓ આનંદ છે એવો અવાજ હૈયાના ઉંડાણમાંથી ઉઠે છે ? જ્યારે આખુય જગત આંખ સામે હોય ત્યારે પણ આ મનાય તેવું હૈયું છે ? જગત કેટલું બધું વિશાળ છે ? તેમાં દુ:ખી કેટલા છે અને સુખી કેટલા છે ? દુ:ખી ઘણા છે અને સુખી થોડા છે પણ મહારંભને મહાપરિગ્રહ તરફ લગભગ સૌની નજર છે. એટલે દુ:ખી ઘણા તોય તે આંખે નથી ચડતા અને સુખી થોડા તોય નજરમાં આવે છે. બીજાઓને મહારંભને મહાપરિગ્રહમાં સુખ શોધતા તમે જુઓ ત્યારે પણ તમે અલ્પારંભને અલ્પ પરિગ્રહમાં રહેલા સુખને માણી શકો એવું હૈયું છે ? આની પાસે આટલા બધા છે અને મારી પાસે કેટલા થોડા છે. એ વિચારથી પણ કેટલાકો તો બહુ દુ:ખી થાય છે. નોકરી વાળાને પેઢીવાળા બનવાની ઇચ્છા છે અને પેઢીવાળાને મોટા કારખાનાવાળા બનવાની ઇચ્છા છે એને કહીએ કે આટલી ઉપાધીના દુ:ખનો તો વિચાર કર એમાં ઉપાધી કેટલી બધી ? તો કહે કે- એ દુ:ખ દુ:ખ ન ગણાય. સુખ માટે વેઠવું પડતું દુ:ખ એ દુ:ખ નથી. અમે સમજીયે કે સંસારના સુખના રસીયા આવોજ જવાબ આપે. જેમ તપસ્વી શું કહે ? સાચા તપસ્વીને તપનું કષ્ટ નજ અનુભવાય એમ નહિ. પણ એને એમાં આનંદ હોય એ કહે કે નિરાહારી પદ સાધવું છે. નિરાહારી પદને સાધવાનો આ ઉપાય છે. નિરાહારી પદની ઇચ્છા છે એટલે

આ તપમાં કષ્ટ છે છતાં કષ્ટ નથી લાગતું. શરીર કષ્ટ અનુભવે છે અને આત્મા નિરાહારી પદના ધ્યાનમાં મોજ અનુભવે છે. તેમ સંસારના સુખના રસીયાઓને તો જ્યાં સુધી ફાવટ હોય ત્યાં સુધી ઉપાધિનો અણગમો આવે નહિ. એને તો જ્યારે અશુભના ઉદય યોગે થપ્પડ પડે ત્યારે વળી વિચાર આવે પણ તે વખતે અલ્પારંભમાં અને અલ્પપરિગ્રહમાં મહાસુખ છે એમ લાગે નહિ અને એ વખતે એમ લાગે તોય એ વિચારવા બરાબર ટકી રહે. એમાં તો બહુ થોડા અલ્પારંભ અને અલ્પપરિગ્રહમાં જેને આનંદ અનુભવતા આવડે તે મજેથી જીવી શકે. એનું મૃત્યુ પણ સુધરે તેમાં નવાઇ નહિ પછી પણ એને માનવ ગતિથી નીચી ગતિ તો મળે નહી. કદાચ દેવગતિ મળે અથવા આના કરતાંય સારી સામગ્રી વાળી મનુષ્યગતિ મળે પણ મન સુધરે તો એ બધું શક્ય છે ને ?

## મનોવૃત્તિ એવી પલટાતી જાય છે કે અલ્પારંભ અને અલ્પપરિગ્રહમાં આનંદ માનનારા ઘટે છે

એમ થાય કે ઘર નાનું હોય તો સારું, સારવરણી બહુ ફેરવવી પડે નહિ ત્યાંથી સુખની શરુઆત. મોટું મકાન જોઇએ, મોટી પેઢી જોઇએ એ માટે યોજનાઓ ઘડ્યા કેર એવા ઘણા જોયા છે. પણ ઓછું કરતાં જતાં હોય અને ઓછામાં આનંદ અનુભવતા હોય એવા ઓછા જોયા છે. કોઇ વધારે મળે તેવી સગવડ કરી આપવાનું કહે તોય કહે મારે વધારે નહીં જોઇએ. શ્રી જૈન દર્શનને પામેલાઓમાં અને અન્ય પણ આત્માના અસ્તિત્વ આદિને માનનારા આસ્તિક દર્શનોને પામેલાઓમાં એવા હોય ખરા પણ આ કાળમાં દેખાય છે બહુજ ઓછા. એ મંદિરમાં જાય તો મંદિરમાંથી બહાર નીકળવાની એને ઉતાવળ હોય નહિ. સમજે છે કે મારે બહાર જઇને કરવાનું છે શું ? એવા માણસો જે ધર્મક્રિયાદિ કરે તે બહુ શાંતિથી કરે. ઘરના કામમાંય એવા માણસોને અશાંતિ નહિ એટલે જેને યત્ના જાળવવી હોય તે સારી રીતિએ જાળવી શકે પણ દિવસે દિવસે મનોવૃત્તિ એવી પલટાતી જાય છે કે અલ્પારંભ

અને અલ્પપરિગ્રહમાં આનંદ માનનારો વર્ગ ઓછો થતો જાય છે. તેમજ જેમની પાસે વધુ છે તેઓમાં પણ ઓછું કરવાની મહેનતમાં પડેલા ઓછા દેખાય છે. તમને આ વાત જચતી હોય તો તમે સુધરો અને છોકરાઓને પણ કહો કે આરંભ અને પરિગ્રહ જેમ અલ્પ હશે તેમ બહુ આનંદ આવશે. મનુષ્યગતિના આયુષ્યના આશ્રવોમાં આ બેને પહેલું સ્થાન આપ્યું છે. દાનાદિકની વાત છે પણ તે પછીથી છે એ તો એવું છે કે હોય તો દેવાનું છે ઓછામાં જેને આનંદ આવે તે કદાચ અલ્પ હોય અને બહુ થોડુ દઇ શકે પણ એના દાનમાં એનો ઉલ્લાસ કેટલો હોય ? આરંભ અને પરિગ્રહ અલ્પ હોય તો સમજુંને શું થાય ? જીવનમાં સાચવવા ઉપાડવાનું ઓછું છે એટલે જીવનમાં કેવી સારી શાંતિ છે ? જેની પાસે વધારે હોય તેને એ પુણ્યશાળી કહે કેમકે એ સમજે છે કે આ બધું તેનેજ મળે છે કે જેને પુણ્યનો તેવો યોગ હોય પણ મારે આવું જોઇએ એમ એને ન થાય. મારી પાસે આ કેમ નથી ? એવું વિચારીને તે હૈયે તેનું દુઃખ ધરે નહિ એ તો અવસરે એવો પણ વિચાર કરે કે આ બિચારાઓ કેટલી બધી ઉપાધીમાં પડી ગયા છે ? આમની હાલત કેવી દયા ખાવા જેવી છે ? અને હું કેવો પુણ્યશાળી છું કે મારે ઉપાધી ઓછી છે અને આનંદ ઘણો છે. જેની પાસે અલ્પ હોય એ આવો વિચાર કરે અને જેની પાસે વધારે હોય તે એવો વિચાર કરે કે ક્યાલે અલ્પ થાઉં કે જેથી આ બધી ઉપાધીઓમાંથી છુટુ એ વાત એના દિલમાં હોય એટલે એનો સદ્ઉપયોગ ચાલુ હોય. શ્રીમંતોમાં આવી વૃત્તિ આવી જાય તો ધર્મ ખાતાં સીદાય નહી, ધર્મ ખાતા માંગે એનાથી એમાં મળે ઘણું, સૌને ઓછા થવાની ઇચ્છા હોય અને જે વધું હોય તે ખર્ચેજ જવાની ઇચ્છા હોય એટલે જ્યાં ધર્મ ખાતું હાથ ધરે કે તરત તેનો હાથ ભરાઇ જાય. અલ્પારંભ અને અલ્પપરિગ્રહમાં આનંદ એવા માણસ વાળાઓની સાથે પણ પુણ્ય યોગે ઘણું હોય તો તેમાં નવાઇ પામવા જેવું નથી. વધારે હોય તે કાંઇ ફેંકી ન દે પણ એનો સદઉપયોગ કરે જેમની પાસે વધારે ન હોય તે જે હોય તેમાં આનંદ છે એમ માનનારા બની જાય અને જેમની પાસે વધારે હોય તેમનું સદઉપયોગનું દ્વાર વહેતું હોય એટલે કે સારી રીતિએ વહેતું હોય આવી સ્થિતિને ઉભી કરવાની વૃત્તિ જો

ન હોય તો અલ્પારંભ અને અલ્પપરિગ્રહમાં સુખ ભોગવવા જોગું માણસ નથી એમ નક્કી થાય છે. એ માણસ ન હોય તો દુર્ગતિ સુલભ બની જાય છે.

## માનસ આવું ઘડાય તો...

મને અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહ આદિ ગમે છે એમ કહીએ આરંભનો વધારો અને પરિગ્રહનો વધારો મને ગમતો નથી એમ કહીએ ત્યારે જો એ સાચું હોય છે તો એની પાછળ હૈયાની છાયા હોય છે. હૈયું બહુ સુકોમળ હોય છે. નિર્ણય તો જ્ઞાની કરી શકે પણ આપણે અંશે સમજી શકીએ કે આ બોલવા પાછળ હૈયામાં કયો ભાવ છે ? જે સુખ અલ્પમાં છે તે મહા માં નથી એમ કહેનારને મહા માં કેટલું દુઃખ જણાતું હોય ? મહાની ઇચ્છા તો ન હોય પણ મહામાં પડેલાની દયા હોય એનામાં દયા વિગેરે ગુણો એટલા જીવતા જાગતા અને ઝલકતા હોય છે કે એનું હૈયું પ્રાયઃ નિર્મળ રહ્યા કરે છે અને ઉપાદી ઓછી હોવાથી ચિત્તમાં ખુબ શાંતિ રહે છે. ચિંતા કોને કહેવાય તેની એને બહુ ખબર ન હોય. કેટલાક વિદ્યાના વ્યસની બની ગયેલાઓ અથવા અમુક ઉપાસનામાં પડી ગયેલાઓ એવા હોય છે કે એને એક વાર ખાવા જોઇએ અને કપડું તો શરીરનો અમુક ભાગ ઢંકાય એટલે બસ. બાકી પોતાના કામમાં મસ્ત પડ્યા હોય. કેટલેક ઠેકાણે રાજાદિએ કરેલી અમુક વ્યવસ્થા હોય છે તો તેમાંથી ખાય છે અને પોતાનું કામ કર્યા કરે છે. એમને તમે ભણાવવાને માટે આવવું કહો અને એ માટે મોટો પણ પગાર આપવાનું કહો તો પણ એ કહેશે કે વધારે પૈસા જોઇતા નથી. જેનું આવું માનસ હોય તેના ઉપર ગમે તેવા શ્રીમંતની પણ છાયા પડે નહી. અન્ય દર્શનીઓમાં પણ આવા હોય છે. આ માણસ સાથે વિવેક આવી જાય તો શું બાકી રહે ? સુખીની દયા ખાવી હોય તે સુખીની દયા ખાય પણ જે એની પાસે છે તે પોતાની પાસે નથી તેનું દુઃખ એને હોય નહી. એવાઓમાં પણ જ્યારે જેની પાસે હોય છે ત્યારે તેની પાસે તેના સદ્ઉપયોગનું વહેણ બહુ વહેતું હોય છે એવું માનસ તમારી પાસે છે ?

આપણે તો માનસ પરિવર્તન માંગીએ છીએ તમે અલ્પારંભ અને

અલ્પપરિગ્રહમાં આનંદ અનુભવવા જોગું માનસ કેળવી લ્યો તો તમને મહાલાભ થાય છેવટે કાંઇ નહિ તો મનુષ્યજન્મ સુધી આવ્યા પછી આટલી મુડી તો સચવાય, એટલે કે- મરીને મનુષ્ય ગતિથી નીચેની ગતિમાં જવું પડે નહિ.

## ૨. સ્વાભાવિક નમ્રતા

મનુષ્યગતિના આયુષ્યના આશ્રવોમાં આરંભની અલ્પતા અને પરિગ્રહની અલ્પતાને કહ્યા પછીથી કહે છે કે- જેનામાં નમ્રતા અને સરળતા હોય અને તે પણ સ્વાભાવિક બનાવટી નહીં તો તે પણ મનુષ્યગતિના આયુષ્યના આશ્રવો છે. જેનામાં આ ગુણ હોય તેને યોગ્યની આગળ નમ્ર પણે વર્તવામાં કદી પણ હરકત નડે નહી. માતા-પિતાને નમસ્કાર કરતાં વડીલોને હાથ જોડતાં, મોટાને માન આપતા હૈયાને જરા પણ ક્ષોભ થાય નહીં એવું ખરું ? અહીં તો હૈયાને ક્ષોભ ન થાય એ વાત નથી પણ સ્વાભાવિક નમ્રતાની વાત છે. જ્યાં જેવી નમ્રતા કરવામાં માણસાઇ અને વિવેક ગણાય ત્યાં તેવી નમ્રતાને આચરવાનો પ્રયત્ન કરવો પડે નહી. પણ સ્વભાવજ એવો કે નમ્રતા અચરાઇજ જાય, વાણીમાં ને વર્તનમાં. તમે આમ તો ઘણાને સલામો ભરી હશે અને કદાચ ઘણે ઠેકાણે માથા પણ મૂક્યા હશે પરંતુ માતા-પિતાના પગમાં કેટલીક વાર માથુ મૂક્યું હશે ? કોઇ પણ ઘરના કે બહારના વડીલને ઘટતું માન આપવાનું કેટલીક વાર બન્યુ હશે ? કોઇનું પણ ઔચિત્ય હૈયાના ઉમળકાથી કેટલુંક સચવાયું હશે ? સ્વભાવમાં નમ્રતા હોવાના કારણે રોજ માતા-પિતાને નમસ્કાર કરનારા કેટલા ? તમે ઘરડાં તો માતા-પિતાદિને નમસ્કાર કરતાં મોટા થયા છો ને ? આજે તો એ રિવાજ લગભગ ભૂલાઇ ગયો છે. પણ તમારા કાળમાં એ વિધિ પ્રચલીત હતો કે નહી ? તમે એ રીવાજ જાળવ્યો હોત તો એ જોઇને તમારા છોકરાઓ પણ શીખતને ? રોજ પગમાં માથુ મૂકતા હોત તો ઉદ્ધત ઓછા પાકત ને ? સામે બોલતા કે નમસ્કારનો રિવાજ પણ શરમ ઉપજાવત. આગળ તો આવા કેટલાક નિયમો કુળગત ચાલ્યા આવતા. માતા પિતા અને ઘરમાં જે કોઇ વડીલ હોય તેને પગે પડવું, શેરીમાં જે કોઇ વડીલ હોય તેને યોગ્ય રીતિએ હાથ જોડીજ દે.

ઘરે આવેલા મોટાનું બહુમાન કરે અને જ્યાં જાય ત્યાં મોટાઓની સાથે વિવેકથી વર્તે. આ બધું સ્વાભાવિક નમ્રતાનું સૂચક છે. આવા નમ્ર ઉપર માન પણ કેટલુંક જોર કરી શકે ? એને કોઇએ નમસ્કાર ન કર્યો હોય તે લાગે નહિ પણ પોતાને કોઇને નમસ્કાર કરવાનો રહી જાય તો તે એને લાગ્યા વિના રહે નહિ.

સભા૦ મિથ્યાદ્રષ્ટિઓને નમસ્કાર કરાય ?

ઔચિત્ય સ્થાનાનુસાર આદરવામાં ન આવે તો અનેક દોષોની સંભાવના છે અને જેને સુદેવ તથા સુગુરુ આદિ સિવાય કોઇનેય નમસ્કાર કરવો હોય તે તેનો રસ્તો કરી શકે છે. એમાં ઘણું સત્વ જોઇએ છે પણ તમારે હૈયે દેવ, ગુરૂ એટલા બધા વસી ગયા છે ? વ્યવહારમાં બેઠો હોય તે ધર્મ પામે એટલે શું કુળ ક્રમાનુસાર માતા પિતાદિને નમસ્કાર કરે નહિ ? છોકરો સમ્યક્ત્વ પામ્યો તો એ સમ્યક્ત્વ પોતાના મા બાપને પણ પમાડવું એ એનો ધર્મ ખરો કે નહિ ? મા-બાપના ઉપકારનો બદલો વાળવાનો મોટામાં મોટો ઉપાય કયો ? તેમને ધર્મ પમાડવો એ ને ? તે છોકરો અક્કડ રહીને મા-બાપને ધર્મ પમાડી શકશે ? સમ્યક્ત્વને પામેલા છોકરા પોતાના મા બાપને તમે મિથ્યાદ્રષ્ટિ છો માટે તમને નમસ્કાર નહી કરું એમ કહે ? ઉલટું એમની તો બહુ સેવા કરવી પડે. પહેલા જે સેવા ન કરી હોય તેવી સેવા પણ કરવી પડે. એથી એમને એવી અસર થાય કે આ છોકરો જે ધર્મને પામ્યો તે ધર્મ કેવો સારો છે કે આનામાં વિનય ગુણ વૃધ્ધિને પામ્યો. પોતા તરફ અને પોતે જે ધર્મને પામ્યો છે એ તરફ મા બાપના હૈયામાં સદ્ભાવ જાગે એવી રીતિએ ધર્મને પામેલા છોકરાએ વર્તવું જોઇએ. એ વિના એમનું દીલ જિત્યા વિના એમને ધર્મ પમાડી શકાય શી રીતિએ ? મા બાપને ધર્મ પમાડવો હશે તો ગાંડાપણ માબાપને ખભે લઇને ફરવું પડશે. ધર્મના નામે જો મા બાપાદિની અવગણના કરી તિરસ્કાર કર્યો તો એ ધર્મ તો નહિ પામે પણ એમને ધર્મ તરફ તિરસ્કાર આવી જશે અને એનું પાપ તમને પણ લાગશે. અહીં તો સ્વાભાવિક નમ્રતાની વાત છે અને એ ગુણ છે કે નહિ તેનો ક્યાસ કાઢવાને માટે આ પ્રશ્ન છે કે મા બાપને રોજ નમસ્કાર કરો છો કે નહિ ?

અને એ નમસ્કાર કરતાં શરમ ઉપજે છે કે નહિ ? જેને માબાપને નમતા શરમ આવે તેનાથી બીજું શું બને ? આજે તો તમે રિવાજ પણ લગભગ ગુમાવી બેઠા છો ને ?

સભા ૦ વર્ષમાં એક દાડો પગે લાગવાનો રીવાજ હજુ જળવાયો છે.

તે પણ બધા ઘરો એ છે કે નહિ ? અને એ રીવાજ પણ કેમ ચાલે છે ?

સભા ૦ બોણી લેવા માટે.

એટલે મા બાપને નમસ્કાર કરવો જોઇએ. રોજ તો થતો નથી પણ આ દાડે તો જરૂર કરવો એવું માનીને તો નહિ ને ? કેવળ બોણી માટે નમસ્કાર કરે તે કેવો કરે ? એમાં બોણી ઓછી પડે તો ? બોણીમાં બરાબર ના આપ્યું તો વર્ષ બગાડ્યું એમ પણ કહે ને ? એવા નમસ્કારની કાંઇ કિંમત નથી. સ્વાભાવિક નમ્રતા જોઇએ. જેનામાં સ્વાભાવિક નમ્રતા હોય એવો કોઇ જો અહીં આવી પહોંચ્યો હોય સદ્‌ગુરુ એને મળી ગયા હોય તો એ ઝટ ધર્મને પામી શકે. કેમ કે એ આવે ત્યારે ઔચિત્ય જાળવ્યા વિના રહે નહિ અને જ્યાં સુધી બેસે ત્યાં સુધી વિનય જાળવીને બેસે. જે કહીએ તેને એ ધ્યાનથી સાંભળે અને વિચારે. એટલે એને જે વાત કહેવાય તે જો યોગ્ય રૂપમાં કહેવાઇ હોય અને તેનો ક્ષયોપશમ થયો હોય અગર થાય તો એ વાત એને ગળે ઝટ ઉતરી જાય. તમે જે કોઇ બીજાઓને નમતા નથી તે ધર્મને અંગેજ નમતા નથી ? કે ઉલ્લંઠાઇ છે માટે નમતા નથી ? એ વિચારી જોજો.

## વધુ ઘડાએલો વધુ નમ્ર હોય

મહાપુરુષોમાં પણ નમ્રતા ન હોય એમ નહીં પણ વધારે હોય અને સ્વાભાવિક હોય એ વિવેકથી વર્તે અને એમના વર્તનમાં ક્યાંય ઉદ્દંડપણું લાગે નહિ. જે કાળમાં મહાપુરુષો એવા હતા તેવા કાળમાં જરૂરી કામો સારી રીતિએ થતાં. જેમ માણસ મોટો જેમ વધારે ભણેલો ગણેલો, જેમ વધારે હોંશિયાર, અને જેમ વધારે આગળ વધેલો બને, તેમ તેનામાં નમ્રતા વધે. એની નમ્રતા એની મોટાઇ, એની વિદ્વતા, અને એની હોંશિયારી આદિને

દીપ્તિવંત બનાવે. વધુ ઘડાયેલો તો વધુ નમ્ર જ હોય ને ? આજે કેવો અનુભવ થાય છે ? જરાક કાંઇક આવ્યું એટલે એના કરતાં કંઇ ગુણી ઉધ્ધતાઇ વધારે આવે. તમે ધર્મક્રિયા કરનારા બન્યા હો તો બીજાની ભૂલ થાય ત્યારે તમે તેનો તિરસ્કાર કરો ? કે તેને તમે પ્રેમથી શીખવો ? સ્વભાવમાં ઉધ્ધતપણું એ પણ મનુષ્યનું આયુષ્ય બાંધવામાં આડે આવનારી વસ્તુ છે. ઉધ્ધત સ્વભાવનો માણસ તો કોઇ કોઇ વાર દેવગુરૂ આદિની પણ ભયંકર કોટિની આશાતના કરનારો બની જાય છે અને જેનામાં સ્વાભાવિક નમ્રતા હોય તેવા પાપોથી સ્વાભાવિક રીતિએજ બચી જાય છે. એટલું જ નહિ પણ કોઇવાર એની નમ્રતા એની ગુણપ્રાપ્તિનું દ્વાર બની જાય છે.

## આપણી વાતથી દુશ્મનને પણ છેતરાવાનો ડર રહે નહિ એ સ્વાભાવિક સરળતા છે

જેમ સ્વાભાવિક નમ્રતા જોઇએ તેમ સ્વાભાવિક સરળતા પણ જોઇએ. માયા હોય ત્યાં સરળતા હોય ? જેમ માયાનો અભાવ તેમ સરળતા વધારે. તમે તો માયા નહિ કરતા હોવને ? કદાચ માયા સેવવી પડે તોય તમને એ ગમતી વાત તો નહિ ને ? તમારો પ્રયાસ તો એવો ને કે જે બોલવું તે હૈયે હોય તેજ બોલવું ? હૈયે હોય તે હોઠે ન આવી જાય તેની કાળજી એવું તો નહિ ને ? કોઇકવાર કોઇના હિતને માટે વાતને છુપાવવી પડે એ બને પણ હૈયામાં એવી વક્રતા નહીં એવી માયા નહિ કે પોતાનું બધું નરસું અંદર રહ્યા કરે અને જીભે તેજ આવે જે અંદર હોય નહિ ? બોલવું કાંઇ અને કરવું કાંઇ એવી વૃત્તિ તો નહિ ને ? તમારી વાણીના આધારે કોઇ તમારું હૈયું માપવા માગે તો તે ઠગાય નહિ ને ? તમે જે બોલો તે ઉપરથી તમે કેવા હૈયાના છો તેનું જો કોઇ માપ કાઢે તો તેને ઠગાવવાનો ભય નહિ ને ? જેની વાણી ઉપરથી આપણે તેના હૈયાનું માપ કાઢીએ તો તેમાં ઠગાઇએ નહિ એ સ્થિતિ હોય તે સરળતા છે.

સભા ૦ મૌન રહીએ તો ?

મૌન પણ માયાથી રહેવાય તો તે ખોટું. કોઇનાય હિત માટે વિવેકથી મૌન સેવવું તે સારું અને વિવેકથી બોલવું તેય સારું. એવો અવસર લાગે કે અહીં બોલવામાં બીજાઓને લાભ નથી તો મરતા સુધી મુંગા રહે અને પૂછે ત્યારે પણ હીત ન લાગે તો કહે નહિ એ વાત જુદી છે અને પોતાના દોષોને છુપાવવાને તથા પોતે જેવો સારો ન હોય તેવો સારો પોતે છે એવું બીજાને મનાવવાને માટે મૌન રહે કે બોલે તોય તે સરળતા નથી. આપણે કોઇને કહીએ કે હું આપનો અને એમ માની લે તો એ ઠગાય તો નહી ને ? જેનાથી એવો માણસ ઠગાય તેનામાં સ્વાભાવિક સરળતા નથી એમ કહેવાય. હૈયાને એવું સરળ બનાવવું કે આપણે જે વાત કહીએ તેથી સામો માણસ ઠગાય નહિ. દુશ્મનને પણ છેતરાવવાનો ડર રહે નહિ. અગર દુશ્મન પણ વિશ્વાસ મૂકે તો ઠગાય નહિ એવું હૈયું જોઇએ. આગળના સમયમાં વિધવા બાઇઓ કોથળી બાંધીને શેઠને ઘેર મૂકી આવતી. શેઠ પણ કોથળી ઉપર નામ લખીને મૂકી રાખે. જ્યારે જરૂર પડે ત્યારે શેઠ કાઢી આપે અને પેલી લઇ આવે પણ કોથળી જેવી મૂકી હોય તેવી હોય. ચોપડામાં એની નોંધેય ન હોય તો પણ કદી વાંધો આવે નહિ. તે કાળમાં આજના જેટલા ચોપડા નહિ, મોટે ભાગે સીદા સાદા માણસો. એવા માણસો ધર્મસામગ્રીને ન પામ્યા હોય અને એથી ધર્મક્રિયા ન કરતાં હોય તો પણ પ્રાયઃ દુર્ગતિમાં ન જાય. હૃદયમાં એવો સ્વાભાવિક નિષ્કપટ ભાવ હોય એથી. એમાં જો એમને કોઇ સારું યોગ મળી જાય અને ધર્મ મળી જાય તો ધર્મ કરતાં એ ગાંડા ઘેલા બની જાય. બહુ ઉત્સાહથી તેઓ ધર્મક્રિયા કરે અને એમાં ભૂલ થાય તોય ભૂલ કરવા માટે ભૂલ ન કરે, ધીઠ્ઠાઇ નહિ. આજે આવું બની શકે નહિ ને ? બેય બાજુ જોખમ. મૂકવા આવનાર શું મૂકવા આવ્યું તે જોયા જાણ્યા વિના રાખવા માટેય લેવાય નહિ અને જેને ત્યાં મૂકવું હોય તેની પણ પાવતી લેવી જોઇએ નહિતર જે ન મૂક્યું હોય તે મૂક્યું કહે એય જોખમ અને મૂક્યું હોય તેની આ ના પાડે એય જોખમ. હૈયા સરળ ન હોય ત્યાં જોખમ રહેવાનું. જેનામાં સ્વાભાવિક સરળતા હોય તેને કપટ કરવાની સમજણ ન જ હોય એમ નહિ. પણ એને કપટ કરવાનું મન થાય નહિ. માન અપમાનને એ સમજે ખરો પણ

કોઇનું માન લેવાને માટે એ કોઇને ઠગવાને ઇચ્છે નહિ અને પોતે યોગ્યને માન આપ્યા વિના રહે નહિ. સ્વાભાવિક નમ્રતા વિના સ્વાભાવિક સરળતા રહેવી અગર આવવી એ મુશ્કેલ છે. માન માટે પણ માયા સેવનારાઓ ઘણા હોય છે. જેના સ્વભાવમાં માયા હોય છે તેને શાંતિ હોતી નથી, માયાવિને દિને રાત ચિંતા રહ્યા કરે છે. માન મળે નહિ તોય માન મળ્યું નહિ એની ચિંતા માન મેળવવાને માયા સેવે છતાં ફાવે નહિ તો તેની ચિંતા અને જેને માન ન આપ્યું તેને કાંઇ ન કરી શકે તો તેની ચિંતા. એટલે એ દુર્ધ્યાનમાં સબડે અને એથી દુર્ગતિને પામે તેમાં નવાઇ છે ? જેનામાં સ્વાભાવિક નમ્રતા અને સ્વાભાવિક સરળતા હોય તેજ્યારે જુઓ ત્યારે પ્રસન્ન મુખ હોય કારણ કે જેના હૈયાને સુખ હોય તેનો ચહેરો બગડવાને કારણ શું છે ? સ્વાભાવિક નમ્રતા અને સ્વાભાવિક સરળતા જીવને સ્વાભાવિક રીતિએજ ઘણા પાપોથી બચાવી લે છે.

## ૩. કાપોત અને પિત લેશ્યા

છ લેશ્યામાંથી ત્રણ લેશ્યા ખરાબ છે અને ત્રણ લેશ્યા સારી છે. ખરાબ ત્રણમાંની બે ન હોય પણ એક ખરાબમાંની અને એક સારામાંની એટલે કે એક કાપોત લેશ્યા અને એક પિત લેશ્યા એ પણ મનુષ્યગતિના આશ્રવોમાં ગણાય છે. બહુ ખરાબ વિચાર પણ નહી અને બહુ સારા વિચાર પણ નહી. પાપ કરવામાં પરિણામોની તીવ્રતા નહી અને સારા કામો કરવાની તીવ્ર ઇચ્છા પણ નહિ. ખરાબ કામ કરે તોય જે પરિણામ પ્રશ્નાદિ ખરાબ લેશ્યાવાળાને આવે છે તે પરિણામ તેને ના આવે અને સારા પરિણામ અંદર આવ્યા કરે.

સામાન્ય રીતે કાપોત લેશ્યા તીવ્ર કોટીની હોય તો નરક આયુષ્ય બાંધવાના આશ્રવ તરીકે ગણાય છે, મધ્યમ કોટીની હોય તો તીર્યંચાયુષ્ય બાંધવાના આશ્રવ રૂપે ગણાય છે અને કાંઇક મંદ કોટીની હોય તો એ મનુષ્યાયુષ્ય બાંધવાના આશ્રવ તરીકે ગણાય છે તેમજ દેવાયુષ્યના બંધના આશ્રવ તરીકે પણ ગણાય છે. કારણ કે ભવનપતિ અને વ્યંતરદેવોને વિષે

કાપોત લેશ્યા, કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને તેજો લેશ્યા એ ચાર લેશ્યાઓ કહેલી છે. એમાં કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા અશુભ હોવા છતાં પણ મંદ કોટીની હોય તો તેમાં જીવ દેવાયુષ્યનો બંધ કરી દેવલોકમાં જઇ શકે છે. એવીજ રીતે તેજોલેશ્યા દ્રવ્યથી દેવોને રહેલી હોય છે એ તેજો લેશ્યામાં ભવનપતિના દેવો, વ્યંતર જાતિના દેવો, જ્યોતિષના દેવો અને વૈમાનિકના પહેલા બીજા દેવલોકના દેવો એકેન્દ્રિયપણાનું બાદરપૃથ્વીકાયપર્યાપ્તા, બાદરઅપકાય પર્યાપ્તા, અને બાદર પ્રત્યેક વનસ્પતિકાય પર્યાપ્તાનું આયુષ્ય બાંધીને એકેન્દ્રિયપણામાં ઉત્પન્ન થઇ શકે છે. માટે દ્રવ્યથી પણ તેજોલેશ્યા અથવા પિત લેશ્યા એકેન્દ્રિયપણાના આયુષ્યના આશ્રવ તરીકે ગણાય છે. તેમજ તેજોલેશ્યા અથવા પિત લેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચો દેવનું આયુષ્ય બાંધીને દેવલોકમાં પણ ઉત્પન્ન થઇ શકે છે તથા પિત લેશ્યાવાળા દેવો પંચેન્દ્રિય તિર્યંચનું આયુષ્ય બાંધીને પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થઇ શકે છે. માટે અહીં કાપોત લેશ્યા અને પિત લેશ્યા મનુષ્યાયુષ્યના આશ્રવ તરીકે કહેલી છે તે તે પ્રકારના આયુષ્યને યોગ્ય પરિણામવાળી કાપોત લેશ્યા અને પિત લેશ્યા જાણવી.

## ૪. ધર્મધ્યાનાનુરાગિતા

ધર્મધ્યાનાનુરાગિતા એ પણ મનુષ્યગતિના આયુષ્યના આશ્રવ કરાવનાર છે. ધર્મધ્યાનના બે પ્રકાર છે. નિરાલંબન ધર્મધ્યાન અને સ્વાવલંબન ધર્મધ્યાન. નિરાલંબન ધર્મધ્યાન સાતમે ગુણઠાણે હોય છે જ્યારે સાલંબન ધર્મધ્યાન ચોથે, પાંચમે અને છટ્ઠે ગુણસ્થાનકે હોય છે. ધર્મક્રિયાઓનો જેને અનુરાગ હોય તેનામાં ધર્મધ્યાનાનુરાગિતા છે એમ કહેવાય. ધર્મક્રિયાઓનો અનુરાગ હોય એટલે ધ્યાન મોટે ભાગે ધર્મક્રિયા તરફ રહે. દુન્યવી ક્રિયાઓ એ કરતો હોય તો પણ તેને એમાં એટલો રસ ન હોય કે જેટલો તેને ધર્મક્રિયાઓનો રસ હોય એટલે દુન્યવી ક્રિયાઓ કરતાં પણ એને એમ થયા કરે કે પેલી ક્રિયા ક્યારે થાય ? તમને તો ઝટ ધર્મક્રિયા પૂરી કરું અને પેલું કામ કરું એમ થાય છે ને ? ત્યારે વધારે અનુરાગ કઇ ક્રિયાનો

? ધર્મક્રિયાનો કે દુન્યવી ક્રિયાનો ? કાંઇ ગણવા વિગેરેનો નિયમ લીધો હોય તો તે ગણવા વિગેરેનું કરો ખરા, પ્રતિક્રમણાદિનો નિયમ હોય તોપ્રતિક્રમણાદિ કરો ખરા, પણ મોટેભાગે સ્થિતિ એ કે મનમાં ઉતાવળ એવી કે આ ઝટ પુરુ થાય તો સારું શાથી એમ થાય છે ? કદિ વિચાર્યું છે ખરું કે આ ક્રિયાઓ કરતાં મને આ ક્રિયાઓ ઝટ પુરી કરવાનું મન શાથી થાય છે ? પેલી ક્રિયાઓનું આકર્ષણ વધારે છે માટે ને ? જ્યારે જેનામાં આ ગુણ હોય ધર્મધ્યાનાનુરાગિતા હોય તેનું વધારે ખેંચાણ ધર્મ તરફ હોય. એ થોડી પણ ધર્મક્રિયા કરે તોય જેટલી ધર્મક્રિયા કરે તેમાં તેનો અનુરાગ ઘણો હોય.

## અનુરાગ હોય તો દિનચર્યા જાણે નહિ એ બને ?

કેટલી ક્રિયાઓ ભગવાને શ્રાવકપણામાં કરવાની કહી છે તે જાણો છો ? તમારામાં ધર્મધ્યાનાનુરાગિતા ગુણ બરોબર પ્રગટ્યો હોત તો તમારે કરવા લાયક ધર્મકરણીઓને જાણવાનો ઉદ્યમ તમે કર્યો હોત ને ? અમારી દિનચર્યા જેમ યતી દિનચર્યાદિમાં વર્ણવી છે તેમ તમારી દીનચર્યા પણ શ્રી શ્રાધ્ધ વિધિ શ્રી શ્રાધ્ધ દિનકૃત્ય આદિમાં વર્ણવેલી છે તમે જો એ મુજબ બરાબર વર્તવા માંડો તો તમારા લગભગ બાર કલાક ધર્મક્રિયામાં પસાર થાય, છ કલાક ઉંઘવામાં જાય, બે કલાક ખાવા વગેરેમાં જાય અને ચાર કલાક આજીવિકાના સાધનમાં જાય એટલે બાર કલાક ધર્મક્રિયામાંજ જાય ને ? ચાર કલાક તો આજીવિકા પૂરતો જેને વેપાર કરવો હોય તેને માટે ઘણા છે ને ? નોકરી કરનારા મજૂરી કરનારા વગેરેની વાત જૂદી છે પણ જેમને સુખનો વેપાર છે તે જો સંતોષથી જીવવાનો અને સંતોષથી મરવાનો નિર્ણય કરી લે તો ચાર કલાકની આજીવિકા અંગેની પ્રવૃત્તિથી નિભાવી શકે કે નહિ ? તેમાંય જેની પાસે સારુ સાધન હોય તે તો આવા ચાર કલાક પણ શું કામ ગુમાવે ? અલ્પારંભ અને અલ્પપરિગ્રહે જીવવાનો નિર્ણય થઇ જાય તો ઘણા ગુણો આપોઆપ આવી જાય. ધર્મક્રિયા કરનારા સુખી માણસોને પણ શ્રાવકની દિનચર્યાની ખબર ન હોય તો એનું કારણ શું ?

એ શું એમ નથી સૂચવતું કે એમની ધર્મધ્યાનાનુરાગિતાની વાતમાં બહુ માલ જેવું નથી. શ્રી શ્રાધ્ધ વિધિ આદિ ગ્રંથો તો તમે વાંચી શકો એમ છો, કોઇ દાડો ગુરુની પાસે જઇને શ્રાધ્ધ વિધિ આદિ ગ્રંથોને વંચાવવાની વિનંતી કરી છે. અમારે દિવસમાં અને રાતમાં કેમ કેમ વર્તવું જોઇએ અને શું શું કરવું જોઇએ એ પ્રમાણે કોઇ દિવસ ગુરુ પાસે જઇને પૂછયું છે ? જે વ્રતધારી બન્યા છે તેમની પાસે દિનચર્યાની નોંધ મળે નહિ ને ? તમે જો શ્રાવકની દિનચર્યાને બરાબર જાણી લો તો જ્યાં સુ સાધુઓનું આવાગમન હોય તે સિવાયના ક્ષેત્રમાં ચાલે ત્યાં લગી રહેવું જ નહિ એમ હૈયે લખાઇ જાય. ડૉક્ટરને મોકલ્યો પણ એ ઝટ પંચગિની, માથેરાન કે ડુમસ ન જાય ? હવા ખાવાને જવું પડે તેમ હોય તોય તે એવા સ્થાન શોધે કે જે સ્થાનમાં રહેવાથી પોતાની શ્રાવક તરીકેની દિનચર્યાને ધક્કો લાગે નહિ એને વિચાર આવે કે ત્યાં કંઇક વધારે થયું તો એ વખતે મુનિરાજના દર્શન ક્યાંથી મળવાના ? ત્યાં નિર્યામણા ક્યાંથી થાય ? પછી શરીરનો મોહ જોર કરે અથવા તો બીજો ઉપાય ન હોય તો પંચગીની આદિ ઠેકાણે એ જાય પણ તે જો શક્તિ સંપન્ન હોય તો છેવટ શ્રી જિનદર્શન અને શ્રી જિનપૂજનની વ્યવસ્થા કરવાને ચૂકે નહિ.

## શ્રાવકની દિનચર્યા

રાત્રિ ચાર ઘડી બાકી હોય ત્યારથી શ્રાવકની દિનચર્યા શરુ થાય. સૂર્યોદય થવાને ચાર ઘડી બાકી હોય ત્યાં તો શ્રાવક ઉઠે, જેવો જાગે તેવોજ તેને નવકાર સાંભળે. નવકારને યાદ કરવો પડે નહિ પણ નવકાર યાદ આવ્યા વિના રહે નહિ. એને એવો અભ્યાસ થઇ ગયો હોય, ઉઠીને જરૂર હોય તો શરીરની શુધ્ધિ કરી લે તે પછી શુધ્ધ વસ્ત્ર પહેરીને નિયમ અને સમય મુજબ પ્રતિક્રમણ આદિ કરે. પ્રતિક્રમણાદિ કરતા પહેલા તે પોતાના ધર્મ નિયમો આદિને યાદ કરે. હું કોણ છું ? વગેરે વિચારે આજે કઇ તિથિ છે અથવા તો આજે કયા ભગવાનનું કયું કલ્યાણક છે એ વગેરે પણ યાદ કરે. રાત્રે સ્વપ્નાદિક આવેલ હોય તો પ્રતિક્રમણ કરતો હોય કે પ્રતિક્રમણ ન

કરતો હોય તોય તેને અંગે કાઉસ્સગ કરે. નિયમ ધારવાના હોય તે ધારે અને પચ્ચક્ખાણ કરે. પછી મળ-મૂત્રાદિનો ત્યાગ કરી પવિત્ર શરીરવાળો બનીને પૂજા કરવા જાય. શ્રાવકના ઘરમાં મોટે ભાગે શ્રી જિનમંદિર હોય, જેટલા સુખી તેના ઘરમાં શ્રી જિનમંદિર ખરા ને ? હમણાં હોય તેય કાઢી નાંખવા માંડ્યા છે ને ?

સભા૦ આશાતનાનો ડર લાગે છે.

પહેલાં આશાતનાનો ડર નહિ લાગતો હોય ? આશાતનાના ડર કરતાં એમાં કોઇ બીજીજ વસ્તુ કામ કરી રહી છે. પહેલાં નાના ઘરોમાં પણ શ્રી જિનમંદિર રહેતા એનું સ્મરણ આજે પાટણ, સુરત, અમદાવાદમાં જે થોડાક ગૃહ મંદિરો છે તે કરાવે છે. કેટલાક ઘરોની સ્થિતિ નબળી પડી ગયેલી હોય છે તોય એ ઘરમાંથી શ્રી જિનની ભક્તિમાં થોડું પણ દૂધ અને દીપકમાં ઘી આદિ વપરાય છે. ગરીબી આવી જવા છતાંય જેઓના હૈયામાં શ્રી જિનભક્તિ છે તેઓ કહે છે કે અમારા પૂર્વજો આ મંદિર મૂકી ગયા છે. તો ચાર આના જેમ પેટમાં જાય છે તેમ આ ખાતેય આનો જાય છે. કેટલાક તો કહે છે કે આટલો બધો અશુભોદય છતાં એટલોજ પુણ્યોદય છે કે આ મંદિર ઘરમાં છે તો આ માર્ગે આટલું જાય છે. આવી સ્થિતિમાં અમે આટલું પણ બીજે ખરચવા જાત નહિ અને આજ છે તો અમે આવક મુજબ જેમ બીજો ખર્ચ ગણીએ છીએ તેમ આ ખર્ચ પણ ગણી લઇએ છીએ. ઘર મંદિરવાળા ઘરોમાં મોટે ભાગે છોકરા નાસ્તિક ન પાકે. જેના ઘરમાં મંદિર હોય તે ઘર મંદિરે દર્શન, પૂજન આદિ કરીને પછી શ્રી સંઘના મંદિરે જાય. શરીરે લોહી વગેરે નીકળતું હોય તોપોતાની સામગ્રીથી બીજાની પાસે પૂજા કરાવે. દેવપૂજા કર્યા પછી ગુરુ પાસે જઇને પચ્ચક્ખાણ કરે અને પચ્ચક્ખાણ પાળ્યું હોય તો વ્યાખ્યાન સાંભળે. વ્યાખ્યાન ઉઠ્યા બાદ ફરીતી ગુરુને પથ્યાદિ અંગે એટલે કે દવા વિગેરેનો ખપ હોય તો એને અંગે પૂછી લે. તેમજ પોતાને ઘરે વહોરવાને પધારવાનું નિમંત્રણ કરે. તમે નવકારશી કરો છો તે નવકારશી કર્યા વિના ચાલે તેમ નથી માટે કરો છો કે ટેવથી કરો છો ? અને ટેવથી કરતા હો તો એ ટેવ રાખવા જેવી છે કે કાઢી નાખવા જેવી છે ? શ્રી જિનવાણીને સાંભળવાનો

યોગ હોય તો સાંભળ્યા વિના ન રહો એવું ખરું ? પછી મધ્યાહ્નની પૂજા કરીને જમે અને ત્યાર બાદ ધંધાનો સમય આવે છે. જેને આજીવિકાદિ માટે જરૂર હોય તે ધંધો કરવા જાય. તોય સાંજે બે ઘડી બાકી હોય ત્યાં તો પાણી ચૂકવી શકાય તેમ જમી લે અને સાંજની પૂજા કરે. પછી ઘરમાં પૌષધ શાળામાં પેસે. સુ શ્રાવકોના ઘરમાં પૌષધશાળા પણ હોય ને ? મકાનમાં હોલ તો ઘણા હોય છે માત્ર બે માટે નહી. શ્રી જિનમંદિરને માટે નહી અને પૌષધશાળાને માટે નહી એમજ ને ? બંગલે રહેનારાઓ જ્યારે આવે ત્યારે ભગવાનને બંગલે પધરાવે અને જાય ત્યારે પાછા જ્યાંના ત્યાં પધરાવી લે એમ કરી શકે ને ?

સભા ૦ જગ્યા જોઇએ ને ?

એટલે આની જરૂર નહી માનેલી ? ઘરમાં નહાવાની જગ્યા જોઇએ, મૂતરવાની જગ્યા જોઇએ, બેસવા-ઉઠવાની જગ્યા જોઇએ, સૂવાની જગ્યા જોઇએ, રસોડાની જગ્યા જોઇએ, ખાવાની જગ્યા જોઇએ, સામાન ભરવાની જગ્યા જોઇએ, કીમતી ચીજો રાખળાની જગ્યા જોઇએ, એ વગેરે જોઇએ અને ન જોઇએ માત્ર આ બે એવું કોણે તમને શીખવ્યું ? આજે પણ સુખી માણસો ધારે તો શ્રાવક જીવનના વિધિને જીવનમાં ઉતારી શકે પણ એ માટે હૈયાનો અનુરાગ અને ઉત્સાહ જોઇએ. સાંજે આવશ્યક કરી ગુરુ હોય તેમની સેવા કરી તત્વ ચિંતા કરે અને ઘરે સ્વજનોને ધર્મકથા સંભળાવે. પછી બધું ઓસીરાવીને સૂઇ જાય. આ બધી ધર્મક્રિયાઓ ચાલુ છે ? ત્રણકાળ શ્રી જિનપૂજન થાય છે ? શ્રી સિધ્ધક્ષેત્રમાં પણ થાય છે ? વાત એ છે કે ધર્મક્રિયાઓનો તેટલો રસ હજુ પેદા થયો નથી. ધર્મક્રિયાઓનો રસ હોય અને એકાગ્રતા આવે તો તે પણ ધર્મધ્યાન છે અને તેનો જોઇએ અનુરાગ એ અનુરાગ હૈયે બેઠો હોય તો દુનિયાના કામો કેવા થાય ? કરવા પડે માટે થાય, બાકી મનનું ખેંચાણ આ તરફ હોય. આવાને શી રીતિએ ખરાબ ગતિના આયુષ્યનો બંધ પડે ?

## ૫. પ્રત્યાખ્યાનીય કષાયો

કષાયોનું પ્રત્યાખ્યાની પણું એ પણ મનુષ્યગતિના આયુષ્યનો એક આશ્રવ છે. પ્રત્યાખ્યાનીય કષાયોમાં સર્વવિરતિને રોકવાની તાકાત છે પણ દેશવિરતિપણું આવવામાં એ કષાય બાધક નીવડતા નથી. દેશવિરતિ લેનારને ઇચ્છા તો સર્વવિરતિનીજ હોય છે પણ સર્વવિરતિનો સ્વીકાર કરવા જોગી સ્થિતિ હોતી નથી અને વિરતિ વિના ચેન પડતું નથી એટલે દેશવિરતિ સ્વીકારે છે. આવા દેશવિરતિ ધર્મે જેટલી વિરતિ થાય તેટલો તેનો આનંદ હોય અને જેટલી અવિરતિ રહી હોય તેટલું તેનું દુઃખ હોય એમ કહેવાય ને ? તમારામાં જેને જેને બાર વ્રતો પૈકી એકાદિ વ્રત સ્વીકાર્યું છે તે બધા દેશવિરતિ ગણાય. જે દેશવિરતિ હોય તેને આનંદ શાનો હોય ? જેટલી વીરતી થઇ તેનો ને ? અને જે અવિરતિ રહી તેનું દુઃખ પણ હોય ને ? વિરતિનો આનંદ અને અવિરતિનું દુઃખ એટલે ઇચ્છા તો સાધુપણાની જ ને ? સાધુપણું નથી લઇ શકાયું તેનું હૈયે દુખ હોય તો તેનો ઉપાય થઇ શકે. તમારી શું મરજી છે ? ઉપરના કષાયો એટલે કે અનંતાનુબંધી કષાયો અને અપ્રત્યાખ્યાનીય કષાયો કરતાં આ કષાયો પાતળા ખરા પણ આખર જાત તો કષાયનીજ ને ? એટલે એની જાત સારી નહિ જરા ચૂક્યા તો આ કષાયો એવા કે ઉપરનાને કદાચ બોલાવી લાવે. અગર ઉપરના કષાયો ઉદયમાં આવે એવું જોર પોતે કરવા માંડે. પ્રત્યાખ્યાનીય કષાયોમાં પણ જેટલી મંદતા તેટલી ઉત્તમત્તા પ્રત્યાખ્યાનીય કષાય વાળાએ પણ કષાયોથી બહુ સાવધ રહેવું જોઇએ. ધર્મધ્યાનનો જે અનુરાગી હોય તે કષાયોથી બહુ સાવધ રહે.

## ચારિત્ર મોહનીય કર્મને તોડવાનો ઉપાય

ધર્મધ્યાનના અનુરાગીને અવિરતિ ભૂંડી લાગે અને ચારિત્ર રુડુ લાગે. પણ એ બનવા જોગ છે કે એના કષાય એવા હોય કે ચારિત્રને આવવા દે નહિ અથવા સર્વ ચારિત્રને આવવા દે નહિ. છતાં પણ એનો પ્રયત્ન કયો હોય ? કેવો પ્રયત્ન કરવાનું એનું દીલ હોય ?

સભા૦ વિરતિની ઇચ્છા તો ખરીજ.

વિરતિની ઇચ્છા હોય તો પ્રયત્ન કર્યો હોય ? પેલા એદી છોકરાના દાખલાને યાદ કરો. જ્યારે જ્યારે તમે એને કમાવવા જવાનું કહો ત્યારે ત્યારે એ કહે કે કમાવવાનું મનેય ઘણું મન છે અને તેમ કહેવા છતાંય એ કમાવવા જાય નહિ તો તમે શું કહો ? તમે એવા વખતે જ્યારે જ્યારે આવેશમાં આવી જાવ છો ત્યારે ત્યારે તમે એને શું શું કહી નાંખો છો ? બેવકુફ, હવે તો તું ૨૦ વરસનો પાડો થયો તું મોટો થઇને કમાઇશ એ આશાએ તો અમે આજ સુધી પૈસાનું પાણી કર્યું છે. ડોબા હવે આમ બેસી ન રહેવાય આવું આવું તો તમે કેટલુંય કહી નાંખો છો ને ? એવો ઠપકો તમે તમને પોતાને ધર્મની બાબતમાં આપો ખરા ? જેમ એદી પણ છોકરો જો જરા લાગી આવે અને મહેનત કરવા માંડે તો મોટે ભાગે કમાય તેમ તમે પણ સર્વવિરતિને પામવાની મહેનત કરો તો કદાચ સર્વવિરતિ આવી પણ જાય. જૈન સમાજ કે જેના દેવ કે ગુરુમાંથી કોઇ અવિરતિ નહિ અને જેનો ધર્મ વિરતિનોજ ઉપદેશક. આવા સમાજમાં મોટો ભાગ અવિરતિમાં કેમ મરે છે ? છેલ્લે છેલ્લેય વિરતિને પામવાને માટે કેમ તલસતો નથી ? કહો કે એની ઇચ્છા જ ઘણે ભાગે મરી ગઇ છે. જૈન તરીકે એનો જે અનુરાગ હોવો જોઇએ તે અનુરાગ જ હજુ પ્રગટ્યો નથી. સંસારની ક્રિયામાં ઉદાસીન ભાવ આવે અને ધર્મક્રિયાઓ પ્રત્યે અનુરાગ પ્રગટે તો એનામાં ચારિત્ર મોહનીય કર્મને તોડવાની તાકાત છે. પણ આજે મોટે ભાગે એ બેમાં દેવાળા જેવી હાલત છે. ભગવાનની પૂજા કરવા જાય તોય એને દૂધ, ફૂલ, કેસર વિગેરે લઇને જવાની કાળજી કેટલી ? આતો તૈયાર માલ પર સીધો હાજર થાય અને જેમ ફાવે તેમ ઝટ ઝટ પતાવીને પાછો નીકળે. સામાયિક કરે તોય એને ખ્યાલ નહિ કે સર્વકાળની વિરતિ હું નથી કરી શકતો માટે આ બે ઘડીની વીરતી કરું છું. આ બે ઘડીની વિરતિ પણ મારી સર્વકાળની વિરતિને ઘસડી લાવનારી બને તો સારું. આજે ઘણો ભાગ ક્રિયા કરતો નથી અને જે ક્રિયા કરે છે તેમાંય મોટે ભાગે લક્ષ્ય નથી. પછી ફળ નીપજે શી રીતિએ ? ધર્મધ્યાનનો અનુરાગ પ્રગટ્યા વિના અને સંસારની ક્રિયામાં ઉદાસીન ભાવ આવ્યા વિના જીવનમાં તમે રળી શું શકવાના ?

અને મરતાં પણ શું સાધવાના ? તમે જાતે એકલા હો તોય મરણને સુધારી શકો એવો અભ્યાસ કરવા માંડ્યો છે ? એવો અભ્યાસ હોય તોય ગુરુનો યોગ મળે તો સારું ને ? જરા માંદા પડો કે ઝટ ગુરુનો યોગ જોઇએ એમ થાય ને ? ગુરુનો યોગ ન હોય તો એકલા પણ પુણ્ય પ્રકાશ સ્તવનાદિને વાંચવા માંડો ને ?

સભા ૦ એ તો છેલ્લી ઘડીએ.

મોટે ભાગે સંસારની કોઇ ક્રિયા અશક્ય બની જાય, ભાન જેવું લાબું રહે નહિ ત્યારે ? તમે ક્યાં બેઠા છો તેની તમને ગમજ નથી ને ? આવી સ્થિતિમાં ચારિત્ર મોહનીય ન તૂટે તો તેમાં તમારોજ દોષ છે એમ નથી લાગતું ? જેનામાં ધર્મધ્યાનનો અનુરાગ હોય, સંસાર પ્રત્યે ઉદાસીન ભાવ હોય જેટલી વીરતી પમાઇ તેના આનંદને જે અનુભવતો હોય અને જેટલી વીરતી ન પમાઇ હોય તેને પામવાની જેની લાલસા હોય તે તો દેવલોકે જાય અને તમારા સંજોગોમાં તમે સમજો તો તમારે માટે બહુ સહેલું છે.

## ગમ ખાતાં તો આવડે છે પણ આત્માના હિતનું લક્ષ્ય ક્યાં છે ?

સંસારમાં પણ કહેવાય છે કે કષાયો ઉપર કાબુ એ સફળતા મેળવવાનો ઉપાય છે. ગ્રાહક ગમે તેમ બોલે તોય તેની સાથેના સંબંધમાં લાભ ભાળનાર વેપારી ગુસ્સો કરતો નથી. સંસારના કારણે કષાયો મંદ દેખાડે તે તો માયાવી અને લોભી છે. કષાયોમાં સ્વાભાવિક મંદતા આવવી જોઇએ અથવા આત્મ કલ્યાણના હેતુથી કષાયોને જીતવાનો પ્રયત્ન કરતાં રહેવું જોઇએ. સંસારમાં માણસો કેવા કારમા પ્રસંગોમાં પણ ગમ ખાય છે ? બીજાને એમ થઇ જાય કે આવા ક્રોધી માણસે એ વખતે ગમ ખાધી શી રીતિએ ? ત્યાં સમાધાને થાય કે એને ગુસ્સાના પરિણામે જે ભયંકર નુકશાન થાય એમ હતું તે એને દેખાઇ ગયું એથી, બાકી મનમાં તો ગુસ્સો જ હતો. મારું ચાલતું હોય તો આને છોડું નહિ સાફ કરી નાંખુ મન આવું હોય અને ગમ ખાય એનો પણ લાભ છે ને ? તો કષાયો દુર્ગતિમાં લઇ જનાર છે, સંસારમાં રઝળાવનાર છે માટે મારે એ કષાયો ઉપર કાબુ મેળવવો અને

દરેક વાત ગળી ખાવી એવું સમજ પૂર્વક કરે તો કેટલો લાભ થાય ? તમને ગમ ખાતા આવડતી નથી એવું નથી. ઘણીવાર ગમ ખાઇ જાવ છો. ગમ ન ખાવ ત્યાં માર ખાવો પડે તેમ હોય તો ગમ ખાઇ લો પણ જ્યાં તાકાત ચાલતી હોય ત્યાં ? નોકર પાંચ ખુવે તોય લાલચોળ થાય અને છોકરો પાંચસો ખુવે તોય ગમ ખાય કેમ ? નોકર સામો થાય નહિ અને નોકર સામો થાય તો રજા અપાય. જ્યારે છોકરો ગુસ્સે થાય તો સામો થાય ઝટ જુદા થવાનું કહે ભાગ માંગે એવી બીક છે. આબરુ મોટી હોય અને મીલકત મોટી હોય નહિ પણ છોકરો માને નહિ તો ચોપડા બહાર કાઢવા પડે ને ? એમાં છોકરો કોર્ટે જાય તો ? ચોપડા સરકાર સામે ધરાય તેવા હોય નહિ. એથી આજ તો કેટલાકોને નોકરોમાંય ગમ ખાવી પડે છે. સ્વાર્થ માટે ગમ ખાવી એ જુદી વસ્તુ છે અને આત્માનું અહિત ન થાય એ જુદી વસ્તુ છે. આત્માને હીતને માટે જો કષાયો ઉપર કાબુ મેળવવાને મથાય તો દુર્ગતિથી જરૂર બચી જવાય.

## ૬. મધ્યમ પરિણામ

મધ્યમ પરિણામ એ પણ મનુષ્યગતિના આયુષ્યના આશ્રવોમાંનો એક આશ્રવ છે. કોઇપણ ક્રિયામાં પછી તે ક્રિયા પાપની હોય કે ધર્મની હોય પણ એમાં ઉત્કટ પરિણામ ન આવે એ જીવ મધ્યમ પરિણામ વાળો કહેવાય. જેના પરિણામો મધ્યમ કોટિના હોય તે પ્રસંગ વર્ષ એકદમ અતિ ઉલ્લાસમાં આવી જાય અને એકદમ કાંઇ કરી બેસે એવું બને નહિ. મંત્રી પેથડશાના હૈયામાં પોતે બનાવેલું બધું સોનું તીર્થમાં ખર્ચી નાંખવાનો જે પરિણામ પ્રગટ્યો તેવું મધ્યમ પરિણામવાળાને માટે બને નહિ. મંત્રી પેથડશાહના પિતા દેદ શેઠે સુવર્ણ સિધ્ધિ મેળવી હતી. દેદ શેઠે તે સુવર્ણસિધ્ધિનો ઉપાય પેથડશાહને બતાવેલો. દેદ શેઠના મૃત્યુ બાદ પેથડશાહે એ સુવર્ણસિધ્ધિનો પ્રયોગ કરવા માંડેલો પણ તેમાં સફળતા મળેલી નહિ.

પેથડશાહ મંત્રી બન્યા બાદ તેમણે ફરીથી સુવર્ણ સિધ્ધિનો પ્રયોગ કર્યો અને તેમાં તેમને સફળતા મળી. જેટલું સોનું જોઇએ તેટલા લોઢા ઉપર

પ્રયોગ કરવાથી એ લોઢું સુવર્ણ બની જતું. પેથડશાહે આબુ ઉપર લોઢાના ગંડ ખડકાવ્યા અને તેનું સુવર્ણ બનાવ્યું.

લોક માનતા કે- પેથડશાહ આટલું બધું લોઢું રાજ્યને માટે જરૂરી હથીયારો બનાવવાને માટે એકઠું કરે છે જ્યારે પેથડશાહે તો એ લોઢાનું સુવર્ણ બનાવી દીધું પછી એ સુવર્ણની પાટોને વેગ વાળી ઉંટડીઓ ઉપર લાદીને પોતાના સ્થાને લઇ જવાનો પેથડશાહે નિર્ણય કર્યો.

ત્યાંથી રવાના થતાં પહેલાં શ્રી જિનનું દર્શન કરવાને માટે તેઓ શ્રી જિનમંદિરમાં ગયા અને શ્રી જિનમંદિરમાં જઇને ભગવાનનું દર્શન કરતાં પેથડશાહને પોતાની સુવર્ણ સિધ્ધિને અંગેનો વિચાર આવ્યો એમને એમ થઇ ગયું કે મેં આ કેવું ભયંકર પાપ કર્યું. આવું ભયંકર પાપ આચરનાર મને નરકમાં પણ ક્યાંથી સ્થાન મળે ?

આવો વિચાર આવતાની સાથેજ તેમણે નિર્ણય કરી લીધો કે આ સુવર્ણ મને ખપે નહિ. બધુંય સુવર્ણ તીર્થમાં લગાવી દઇશ.

આ ઉત્કટ પરિણામ કહેવાય. તમને કોઇવાર આવો ઉત્કટ કોટીનો પરિણામ આવે ખરો ? તમારે આપવા પડે અને આપો તોય ક્રમે કરીને વધી વધીને આપો ને ? પહેલાં પાંચ, પછી વળી દશ, પંદર એમ વધો ને ? મન થઇ ગયું હોય અને એકદમ મોટી રકમ આપી દીધી એવું બને ખરું ? પેલા તો તરત દાન ને મહાપુણ્ય જેવું કરે. ઉલ્લાસમાં ને ઉલ્લાસમાં દેવાય તેમાં મહાપુણ્ય જરૂર બંધાય અરે જે વખતે બોલ્યા અને તરત દઇ દીધું તેમાં અને બોલેલું પછીથી આપો તેમાં પણ પરિણામમાં બહુ ભેદ પડે છે. લખાવતી વખતે જે પરિણામ હોય તે આપતી વખતે ન ટકે એવું પણ બને. પાછળથી આપતી વખતે કદાચ એણ પણ થઇ જાય કે વધારે પડતા લખાવી દીધા. તમે ટીપમાં જે પૈસા લખાવો તે પૈસા તેજ દહાડે આપી દો ને ? વળી ટીપમાં પણ કોઇના પુણ્ય નિમિત્તે કાઢેલા પૈસા લખાવો એવું પણ બને ને ? ખરી રીતિએ તો લખાવેલા પૈસા મોડા અપાય નહિ અને મોડા આપ્યા હોય તો વ્યાજ આપવું પડે. તેમજ કોઇના પુણ્ય નિમિત્તે કાઢેલા પૈસા હોય તો જેના પુણ્ય નિમિત્તે તે કાઢેલા હોય તેનું નામ દઇને તે લખાવવા અને આપવા જોઇએ.

## ૭. સંવિભાગ વિધાચિત્વ

સંવિભાગ વિધાચિત્વ એ પણ મનુષ્યગતિના આયુષ્યના આશ્રવો પૈકી એક આશ્રવ છે. આ ગુણ દાનરૂચિનો સૂચક ગુણ છે. જેનામાં આ ગુણ નથી હોતો તે દેવપૂજા અને ગુરુભક્તિ આદિ પણ સારી રીતિએ કરી શકતો નથી અને જેનામાં આ ગુણ હોય છે તે દેવપૂજા અને ગુરુભક્તિ આદિ પોતાની સમજ મુજબ શક્તિ મુજબ પણ સારા પ્રકારે કરી શકે છે એટલે કે ઉમદા પ્રકારે કરી શકે છે. આથીજ પરમ ઉપકારી સુવિહત શિરોમણી આચાર્ય ભગવંત શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ જે વીશ વીનશીકાઓ રચી છે તેમાં દાન વિનશીકાને પહેલી મૂકી છે અને પૂજા વિનશીકાને પછી મૂકી છે. અહિં પણ દેવપૂજન તથા ગુરુપૂજન પહેલાં આ સંવિભાગ વિધાયત્વ ગુણ મૂક્યો છે. પહેલા દાનની વાત અને પછી દેવ ગુરુના પૂજનની વાત એમ કેમ ? ધર્મની પ્રાપ્તિ, ધર્મની આરાધના અને ધર્મની પ્રભાવનામાં દાનગુણ ઘણો સહાયક નીવડે છે. પોતાનું પણ પોતે જ ભોગવવું અને તે પણ કોઇના ઉપયોગમાં આવે નહિ તેમ ભોગવવું તે જેને પસંદ ન હોય તેનામાં આ ગુણ આવે ? આપણે મેળવેલું, આપણા હકનું, આપણી માલિકીનું જે કાંઇ હોય તે સંવિભાગ કર્યા વિના આપણને ભોગવવાનો હક છે આવું જે ન માને તેનામાં આ ગુણ આવે ? પહેલા ઘરમાં જે કાંઇ રસોઇ આદિ કરેલી હોય તે બધું નૈવેદ્યમાં મૂકાતું. ભોજન વેળાએ સુપાત્રની શોધ થતી, જમવા બેસતા પહેલા ઘર બહાર નીકળીને દિશા અવલોકન કરે કે કોઇ સુપાત્ર આવે છે. આવી વૃત્તિવાળો જે દેવ પૂજા અને ગુરુપૂજા કરે તે બહુ પ્રેમથી કરે બાકીના શું કરે તેનો તો આપણને અનુભવ છે ને ? પહેલાં તો રીવાજ કે દેવ, ગુરુ, સાધર્મિક, દીન અનાથ આદિમાં આપણું અમૂક તો વપરાવવું જ જોઇએ. આજે તો દેવપૂજામાં પણ પોતાની સામગ્રી વાપરવી જોઇએ એ વિધિય ભૂલાતો જાય છે.

## લોહી વધે તેમ ખાઇ શકે

આપણું તે આપણુંજ એ બહુ ક્ષુદ્ર વૃત્તિ છે. પહેલા મુસાફરીમાં માણસ

ખૂણો શોધીને ખાતો નહિ એ પોતાનો ભાથાનો ડબ્બો ખોલીને ખાવાને બેસે તે એકલો ન ખાય એવી રીતિએ મૂકે કે આજુબાજુના સૌ તેમાંથી ખાઇ શકે. પોતે ખાવાનું શરૂ કરતાં પહેલાં આજુબાજુનાને આમંત્રણ કર્યા વિના રહે નહિ. બીજા પણ એવા હોય કે જેમની પાસે જે ખાવાનું હોય તે કાઢ્યા વિના રહે નહિ. સૌ પોત પોતાનો ભાથાનો ડબ્બો ઠાલવે. પોતાનું લાવેલું પોતે ખાત તો બે ચાર ચીજ ખાત અને આમ કરનાર સંખ્યાબંધ ચીજો ખાય. કેમકે બધાની ચીજો ભેગી થાય. તમે મુસાફરીમાં ખાતા હશો તે આવી રીતિએ ખાતા હશો ને ? આજુબાજુ બેઠેલાને આપ્યા વગર ગૃહસ્થથી ખવાય ખરું ? જેનામાં સંવિભાગ વિધાચિત્વ હોય તે સર્વત્ર પોતે ઘસાય અને પોતે ઘસાય તેમાં લાભ માને. બીજો ઘસાય છે કે નહિ તેની ચિંતા તેને ન હોય. પોતે ડબો ઉઘાડે ત્યારે બીજાઓ ઉઘાડશે કે નહિ તેની તેને ચિંતા ન હોય. આનું તો મનજ એવું કે બધા મારું ખાય તોસારું બીજા પોતાના ડબ્બા ઉઘાડે તેવી વૃત્તિ હોય તો કદાચ કોઇ પોતાનો ડબ્બો ઉઘાડે નહિ તો દુર્ભાવ આવી જાય ને ? આજુબાજુનાને સંતોષીને ખાય તે લોહી વધે તેમ ખાઇ શકે. એના ખાણા ઉપર સૌની મીઠી નજર હોય. છુપાવીને ખાતો હોત તો શું થાય ? ખોરાક ઉપર પણ નજરની અસર થાય છે. આર્ય દેશમાં તો આ ગુણ સ્વાભાવિક હતો. શ્રી નૈસારના વૃત્તાંતમાં લખ્યું છે કે- તેવા પ્રકારના સાધુ સંઘનો વિરહ હોવા છતાં પણ તેમનામાં અનેક ગુણો હતા અને તેમાં આ ગુણ પણ સૂચવાયો છે. અતિથિને જમાડ્યા વિના જમવું નહિ એવું એમના જીવનમાં જાણે નિયમ રૂપ હતું. નહિ તો જંગલમાં ખરી બપોરે ભોજનનો થાળ હાજર છે એ વખતે એ અતિથિને જોવાને માટે ઉભા થાત નહિ. અને દિશા અવલોકન કરત નહિ.

## મીઠા વિનાનું ભોજન

આ ગુણ જેનામાં હોય તેને દેવ, ગુરૂની પૂજા કરવાનું મન થતાં પોતાની સામગ્રીથીજ દેવગુરૂની પૂજા કરવાનું મન થાય. દેવગુરૂની પૂજામાં પોતાની શક્તિથી ઓછી સામગ્રી રાખવી એને ગમે નહિ. દેવગુરૂની પૂજામાં

સારી સારી સામગ્રી મેળવવાનું મન થાય. પોતે જે જેસારી સામગ્રીને મેળવી શકે તેમ હોય તે સામગ્રી પોતે મેળવી લે પછી એમ સાંભળે કે કલકત્તામાં અમુક ચીજ સારી મળે છે અને તે મંગાવવી શક્ય હોય તો તે પણ મંગાવી લે. આટલાથીય મનને સંતોષ ન થાય ત્યારે હાથમાં ફૂલ લઇને વિચારે કે આ નંદન વનનું ફૂલ છે એમ નંદનવનના ફૂલની કલ્પના કરીને પ્રભુને ચઢાવે. આવો વિચાર કરનારને સારા ધ્યાનમાં નીલ બનવાનો સંભવ ખરો ને ? એમાં ધ્યાને ચઢી જાય તો કદાચ કેવળ જ્ઞાન પણ પ્રગટાવી શકે ને ? માનસિક પૂજાની મહત્તા આથીજ છે. પણ મૂળમાં સંવિભાગ વિધાયી પણુંજ ન હોય ત્યાં શું થાય ? જેમ મીઠા વિનાનું ભોજન ફીક્કુ લાગે તેમ સંવિભાગ કરવાની જોગવાઇ કરવા જોગું જેનું હૈયું નથી તેની સારી પણ ક્રિયા ફીક્કી બની જાય. તમે જમવા બેઠા હો અને પાસે કોઇ બહારનો જમનાર ન હોય તે જમવું ફીક્કું લાગે ખરું ? માટેજ દાન વિનશીકામાં દાનની મહત્તા ગાઇ અને એ દ્વારા સૂચવ્યું કે જેનામાં આ ગુણ હોય તે દેવપૂજા સારી રીતિએ કરી શકે. દાન વિનશીકા પછી દેવપૂજા વિનશીકા લખી તે એજ સૂચવે છે ને ?

## ખેડૂતમાંય સંવિભાગની ભાવના હતી

તમે જે કાંઇ મેળવ્યું છે તેમાં બીજાનો પણ ભાગ છે એ તમને કબૂલ છે ? તમને મળ્યું તેમાંથી તમે જ્યાં સુધી બીજાને ના આપો ત્યાં સુધી તમને તે ભોગવવું ગમે નહિ એવું તમારા સ્વભાવમાં છે ખરું ? દુર્ગતિથી બચવાને માટે આ ગુણ પણ બહુ જરૂરી છે. ખેતીને નુકશાન કરે છે એમ કહીને વાંદરાઓને મારવા માંડ્યા ત્યારે કેટલાક ખેડૂતો પણ કહેતા કે આમાં પાકે તે બધું કાંઇ અમારા નસીબનુંજ નથી. પહેલાં અજ્ઞાન ખેડૂતો પણ પશુ પંખીઓ આદિ પ્રત્યે ઉદાર રહેતા. ખેતરની રખેવાળી કરતા તોય કહેતાં કે આ તો બધું ખેતર ખરાબ ન કરી નાંખે એ માટે ઉભા રહીએ છીએ અને બીવડાવીએ છીએ બાકી પશુ પંખી તો ખાય. જ્યારે લણીને પાકને ભેગો કરતો ત્યારે પણ બધુંજ અનાજ ઘરે લઇ જતો નહિ. ખેતરમાં ને ખેતરમાંથીજ

જે તે બ્રાહ્મણાદિને બોલાવીને આપે કોઇ ભિક્ષુકાદિ આવી જાય તો તેને આપે. બધાને ખોબે ખોબે આપે અને વધે તે પોતે લઇ જાય. એના ખોબાય કેવા ? તમે પ્રભાવના આપો છો એવા નહિ. એના ખોબા વેરાતા હોય. નીચે એટલું વેરાય કે વચ્ચે પશુઓને અને પંખીઓને પણ મળી જાય. આજે કે છે કે પંખીની શી ચિંતા ? પણ તમે પંખીની ચિંતા નહિ કરો તો કુદરત તમારી ચિંતા નહિ કરે આમ પશુ પંખીની હિંસાદિ કરીને અનાજ બચાવવા માંડે છે તો આમ આસામમાં સાફ થઇ ગયું ને ? બીજા કેટલાય પ્રદેશોમાં વરસાદ વિગેરેથી નદીઓમાં પૂર આવવાથી અને આસામમાં ધરતીકંપ થવાથી હજારો એકર જમીનમાંથી ઉભા પાક સાફ થઇ ગયા ને ? પહેલાં તો મુસલમાનોમાં પણ કહેવાતું કે- માણસ ચોરે મુઠે તો અલ્લાહ ચોરે ઉંતે. આ દેશમાં તો કોળી વગેરેમાં પણ એ માન્યતા હતી કે અમારા વાવેલામાં ઘણાનો ભાગ છે. કોણ જાણે કોના નસીબનું પાકતું હશે. તેમ તમારે પણ સમજવું જોઇએ કે તમે જે મેળવ્યું અને તમે જે મેળવો છો તે તમારુંજ નથી. અથવા તો તમારે માટેજ નથી. પણ એમાં ઘણાના ભાગ છે.

## પૂજા માટે નવાં વસ્ત્ર વાપરતાં અને જવલા ઘડાવતા

સંવિભાગની વૃત્તિની આ વાત છે. આ વૃત્તિ જેના હૈયામાં હોય તેને સામગ્રી મળીજાય તો શ્રી વીતરાગ ગમવા એ સહેલું અને એને શ્રી વીતરાગ ગમી જાય પછી એ શ્રી વીતરાગની પૂજા કરવાને જાય તે કેવી રીતિએ જાય. શ્રી કુમારપાળ રાજાના પૂજા કરવા માટેના વસ્ત્રો એકવાર બાહડ મંત્રીના નાના ભાઇ ચાહડે વાપર્યા એટલે શ્રી કુમારપાળે એ વસ્ત્રો પૂજા માટે નહિ પહેરતાં ચાહડને નવા વસ્ત્રો લાવવાનું કહ્યું. ચાહડે કહ્યું કે- આ વસ્ત્રો બંદેરા નામની નગરીથી આવે છે અને ત્યાંનો રાજા જે વસ્ત્રો મોકલે છે તે એકવાર પોતે વાપરીને પછીજ અહીં મોકલે છે. તરતજ શ્રી કુમારપાળે પૂજા માટેના વસ્ત્રો બીજા કોઇએ પણ વાપર્યા વિનાના મળે એવી વ્યવસ્થા કરવાની આજ્ઞા કરી. એ માટે શ્રી કુમારપાળે ઘણું દ્રવ્ય ખરચાવ્યું હતું. કેમ એમ ?

શક્તિ અનુસાર ભાવના જાગ્યા વિના રહે નહિ. મહારાજા શ્રી શ્રેણિક રોજ જવલા ઘાડવતા. આવા આવા દાખલાઓ મોજુદ છે ને ? આ તમે સાંભળેલું ખરું કે નહિ ? સાંભળેલું છતાં તમારી પૂજા માટેની સામગ્રી તમારી શક્તિના અનુસારે ખરી ? આપણે ત્યાં પશ્ચાનુપૂર્વી ક્રમે પણ વિવેચન આવે. પૂર્વાનુપૂર્વી ક્રમે પણ વિવેચન આવે અને અનાનુપૂર્વી ક્ર્મે પણ વિવેચન આવે. અહીં દેવ પૂજાની વાત પછીથી મૂકી અને સંવિભાગની વાતને આગળ મૂકી તેમાં જેહેતુ છે તે હેતુ સમજવા જેવો છે. પોતાની છોડવાની અને તેનો સદ્‌ઉપયોગ કરવાની જે વૃત્તિ તેના વિના પૂજા કરે તોય પૂજામાં કશો ભલીવાર આવે નહિ. સામાન્ય સ્થિતિનો પણ ઉદાર હૃદયનો જે રીતિએ દેવપૂજાદિ કરી શકે તે રીતિએ તો કૃપણ એવો શ્રીમતં પણ દેવપૂજા દિ કરી શકે નહિ.

## આર્ય દેશના રિવાજોમાંય ગુણ

પહેલા રિવાજ હતો કે જમવા બેસે ત્યારે રોટલાની પોપડી બહાર મૂકે. એમ કે આટલુંય કાઢ્યા વિના ખવાય નહી. કેટલાકો વળી બધી ચીજો થોડી થોડી બહાર કાઢતા. એ રિવાજમાં સૂચન છે કે આપણી ચીજ થોડી પણ બીજાને આપ્યા વિના ખાવી નહિ. પહેલાં બહુ સામાન્ય સ્થિતિવાળાને ત્યાંથી પણ કૂતરા, ભીખારી વગેરે ખાલી જતા નહિ. દરેકને ત્યાંથી કાંઇકને કાંઇક કૂતરા, ભીખારી વિગેરને માટે નીકળે, આ ગુણવાળાની વાત વાતમાં ખ્યાલ આવે કે આ બધું મારુંજ છે એમ નથી. મોટા પોતાને ઘેર બોલાવીને બીજાને જમાડે અને નાનો વાડકી મોકલાવે. ઘરમાં કોઇ ખાવાની નવી ચીજ આવી અગર બનાવી હોય એટલે આજુબાજુનાને મોકલવાનો રિવાજ. આર્યદેશના કેટલાક રીવાજોમાં પણ બહુ ગુણ હતો. માદાને જોવા જવાનો રિવાજ શા માટે હતો ? એને અને એના સંબંધીઓને એકલવાયા પણું લાગે નહિ થાય કે આપણા દુઃખમાં ભાગ લેનારા ઘણા છે અને એથી આશ્વાસન મળે જે જાય તે માંદાની અને માંદાના કુટુંબની સમાધિની કાળજી કરે. માંદગીની સાથે સાધનની ઉણપની રીબામણી તો નથી ને ? એમ જોઇ લે

એવું કંઇ દેખાય તો આડા હાથે જરૂર પૂરતા જાય. આજે તો માંદાને જોવા જાય તે પ્રાયઃ સામાને રડાવ્યા વિના આવે નહિ. ગમે તે એકાદ બે નવા ડૉક્ટરનું નામ દીધા વિના રહે નહિ. દરદીને પણ પ્રાયઃ એમજ કહે કે પહેલાં કરતાં ચહેરો બહુ બગડ્યો છે એટલે એનામાં માનસિક દર્દ પેદા કરે. આમ વાતો ઘણી કરે પણ મદદ કેટલી કરે ?

સભા૦ આવેલાને ચાહ પાવી પડે.

અથવા તો દરદીની ચાકરી કરનારાઓને આવેલાની તકેદારી તો રાખવીજ પડે ને ? આવેલો આવે હાથ હલાવતો અને જાય તેય હાથ હલાવતો. એટલે આજે માંદાને જોવા જનારાઓ મોટે ભાગે ઉપાધિરૂપ થઇ પડે છે. સારા માટેનો રિવાજ પણ આજે તો પ્રાયઃ ખરાબ માટે થઇ ગયો છે.

## ૮. દેવગુરૂનું પૂજન

સંવિભાગ વિધાચિત્વ પછી દેવપૂજન અને ગુરૂજનપૂજન જે માનવદેવનો પૂજક હોય ગુરૂનો પૂજક હોય, તે પ્રાયઃ સારી ગતિમાં જવાની યોગ્યતાવાળો હોય એમ કહી શકાય. કેટલાક માણસો એવા હોય છે કે- દેવ અને ગુરૂના સ્વરૂપના વિષયમાં એમને કશી ખાસ સમજણ જેવું હોય નહિ પણ પોતાના કુલ ક્રમથી જે દેવ અને જે ગુરૂ મળ્યા હોય તેમની પૂજા સેવા કર્યા વિના જે રહે નહિ. દેવ, ગુરૂની પૂજા સેવામાં આપણું જે વપરાયું તે ખરું બાકી સાથે શું બાંધી જવાનું છે ? આવી વૃત્તિ કેટલાકોમાં હોય છે. કેટલાકો એવા પણ હોય છે કે જે દેવનો અને જે ગુરૂનો યોગ થઇ જાય તે સર્વ દેવ, ગુરૂનું દર્શનાદિ કરે ઉંડે ઉંડે એમ કે સેવવા લાયક તો આ છે. એટલે જ્યારે તક મળે ત્યારે દેવ ગુરૂની સેવામાં એ પોતાની ચીજનો પ્રેમથી ઉપયોગ કરે. આવા માણસો પણ મનુષ્યગતિના આયુષ્યને ઉપાર્જનારા બને. તમે તો એથી ઘણા આગળ વધેલા કહેવાઓને ? દેવની ભક્તિમાં, ગુરૂની ભક્તિમાં, સાધર્મિકની ભક્તિમાં ધર્મના કાર્યમાં અને અનુકંપાદિમાં જેટલું ખર્ચ્યું તેટલું લાભમાં અને બાકીનું બધું નુકશાનમાં આવીજ તમારી માન્યતા છે ને ?

તમે તો દેવાધિની ભક્તિ જેમ ઉચ્ચ પ્રકારે કરો તેમ ઉચ્ચ આશયથીજ દેવાધિની ભક્તિ કરો ને ? દેવ ગુરૂની ભક્તિ વિના જૈનને તો ચેન જ પડે નહિ.

## ૯. પૂર્વાલાપ અને પ્રિયાલાપ

હવે કહે છે કે- પૂર્વાલાપ અને પ્રિયાલાપ એ પણ મનુષ્યગતિના આશ્રવો છે. પૂર્વાલાપ એટલે બીજો આપણને બોલાવે તે પહેલાજ આપણે એને બોલાવીએ. સામાન્ય રીતિએ સ્નેહી અગર જાણીતો માણસ સામે આવતો હોય અથવા અજાણ્યો માણસ પણ પોતાને ત્યાં આવ્યો હોય તો એ બોલાવે તે પહેલાં આપણે તેને બોલાવીએ એ પૂર્વાલાપ કહેવાય. મોટો માણસ જ નાના માણસને પહેલો બોલાવે ને ? મોટો માણસ નાના માણસને પ્રેમથી પહેલો બોલાવે. એમાં નાના માણસનું હૈયું કેટલું ઠરે છે એ જાણો છો ? તમે બોલાવો એમાં એને લોહી ચઢે કેમકે મોટાએ મને બોલાવ્યા એ પણ એનું એક સુખ છે. તમારે ત્યાં તો, પહેલો બોલે તે નાનો ગણાય ને ? પણ અહીં કહે છે કે- પહેલો બોલે તે સદ્‌ગતિ પામે, તેવો સારો હોય છે. કોઇ પણ મળી જાય અને પૂછાય કે- 'કેમ છો ?' તો એ કાંઇ ખોટું નથી. એમાં તો મોટાની શોભા છે. પોતે પહેલો બોલાવે-એટલું જ નહિ, પણ જે કાંઇ બોલે તે પ્રિય બોલે. આ બે ગુણોમાં, હૈયાની સાકર બહાર આવે છે. જેના હૈયામાં મીઠાશ હોય નહિ, તે પહેલો બોલી શકે નહિ અને જ્યારે બોલે ત્યારે પણ એવું બોલે કે-આ બોલ્યો તેને બદલે ન બોલ્યો હોત તો સારૂં થાત, એમ સાંભળનારને લાગે. જેમ કે-કોઇને પહેલો બોલાવે, પણ- 'અલ્યા, ક્યાં રખડે છે ?' -એવું પૂછે, તે શું કહેવાય ? કેટલાકો એવા કે-પોતે બોલાવે નહિ અને સામો બોલાવે ત્યારેય કર્કશ વચનો બોલે. કેટલાકોના મોંઢાના શબ્દો જ કડવા હોય છે. પહેલાં પોતે બોલે અને પોતે જે કાંઇ બોલે તે પ્રિય બોલે, એમાં કાંઇ નુકશાન ખરૂં ? પ્રિય બોલવું, એટલે માયાથી મીઠું બોલવું- એમેય નહિ અને નુકશાનની દરકાર કર્યા વિના મીઠું બોલવું -એમેય નહિ.

જે કહેવું હોય, તે મીઠાશથી કહેવાનો સ્વભાવ. સારી ગતિમાં જવાવાળા જીવોમાં, આ પૂર્વાલાપ અને પ્રિયાલાપ સ્વાભાવિક રીતિએ હોય છે. આજે કેટલાક સારા ગણાતા માણસો પણ કહે છે કે-કોઇ દુઃખી આપણી પાસે આવે તો આશ્વાસન આપવું; જ્યારે, પહેલાં એવું હતું કે-કોઇને દુઃખી જાણ્યો, તો એને આશ્વાસન આપવાને માટે આપણે જવું ! થોડા વખત પહેલાં, અમદાવાદમાં એક સુખી ગૃહસ્થ હતા. એ ગૃહસ્થે કેટલીય પેઢીઓને ડૂબતાં બચાવી લીધેલી. જે કોઇ પેઢી ડૂબતી સંભળાય, તેની પોતે તપાસ કરવા જાય. પેઢીના ધણીને ખાનગીમાં મળે અને કહે કે- મુંઝાય છે શાનો ? કેટલા ખૂટે છે ? પછી પેલો વિગત કહે, એટલે આ રસ્તો કાઢી આપે. આવો શેઠ સામે જઇને પૂછે અને મીઠાશથી વાત કરીને મદદ કરે, તો પેઢીવાળા અને બીજાઓ, એનું કેટલું માન જાળવે ? મોટો માણસ પહેલો બોલાવે, એમાં નાના માણસનું હૈયું પહોળું થાય અને એમાં શેઠ જો સામાના ચહેરા ઉપર ખિન્નતા જુએ, તોપૂછે કે- 'કેમ આમ દેખાય છે ?' તો ગરીબને તો ભગવાનનો માણસ મળ્યો એમ લાગે. એ પોતાનું દુઃખ કહે અને આ આશ્વાસન આપે શક્ય હોય તો એને ત્યાં ને ત્યાં હસતો કરી દે. મોઢાની સાંકર બહુ કામ કરે છે પણ હૈયામાં મીઠાશ હોય તો મોઢાની સાકર કામની. સુખી પણ માણસ કોરી ડાહી ડાહી વાંતો કરે તે ન ચાલે. આગળના શેઠીયાઓ એવા હતા કે આખું ગામ એમને માન આપે કેમ ? મોઢામાં પણ મીઠાશ અને હૈયામાં પણ મીઠાશ એવા સારા માણસો સન્માનાય એટલે કે સન્માન પ્રાપ્ત કરવાને યોગ્ય થાય તેમાં પણ લાભ. ગામમાં બધી પેસતી એ સહેલાઇથી અટકાવી શકે. પહેલાંના કેટલાક શેઠીયાઓ આજુબાજુના પચાસ ગામોમાં ધાર્યું કરાવી શકતા. કેમકે એમનામાં પૂર્વાલાપ, પ્રિયાલાપ અને સાથે સંવિભાગ વિધાયિત્વ ગુણો હતા. જ્યારે નીકળે ત્યારે ગામે ગામ કાંઇક ને કાંઇક એવું કરતા આવે કે એ શેઠ ક્યારે પધારશે તેની ગામ રાહ જુવે.

## સુખપ્રજ્ઞાપનીયતા

સુખપ્રજ્ઞાપનીયતા એ પણ મનુષ્યગતિના આયુષ્યના આશ્રવોમાં ગણાય

છે. જેની ગેરસમજને સહેલાઇથી દૂર કરી શકાય એ સુખપ્રજ્ઞાપણીય છે એમ કહેવાય. કોઇવાર માણસ ગેરસમજમાં હોય પણ કોઇ જો તેને સમજાવવાને ઇચ્છે તો જેને સમજાવવામાં તેનો કોઇ દુર્ગુણ આડે આવે નહિ એ સુખ પ્રજ્ઞાપણીય કહેવાય. પોતાની જે માન્યતા હોય તેથી વિરુધ્ધની વાત કોઇ કહે તો તે વિરુધ્ધની વાત પણ પોતાની માન્યતાને આડે આવે છે એટલા માટેજ નહિ સાંભળવી કે નહિ વિચારવી એવું એને હોય નહિ. સારી વાત કોઇની પણ માનવી આવી એનામાં વૃત્તિ હોય એટલે એને કોઇ ભૂલ સમજાવે તો પણ તે વાત ઝટ એને ગળે ઉતરી જાય. તમારું કેવું ખરું છે એમ બોલે છતાં પણ પોતે એ વાતને માનવામાં ઉંહ ઉંહ કહે એવા કેટલા હોય છે ? પંચ કહે તે પરમેશ્વર પણ મારી ખીલી ખસે નહિ. એવા સ્વભાવના માણસો પણ હોય છે ને ? જે સુખ પ્રજ્ઞાપનીય હોય તે એવા ન હોય. એને સમજાવતા ઝાઝુ કષ્ટ ન પડે કેમકે એ જે કાંઇ પણ માનતો કે કરતો હોય તેમાં તેને એવો આગ્રહ ન હોય કે હું આ માનું છું અગર તો હું આ કરું છું માટે આ સાચું છે. એને કોઇ પણ વાત સમજાઇ જાય એટલે એને પોતાની પહેલાની ગેરસમજણનો આગ્રહ ન રહે. બીજાની વાત કદાચ ન સમજાય પણ એ વાત સમજવા જેવી છે એમ પણ જો લાગે તો એ એને સમજવાનો પ્રયત્ન કરે. વાતને એવી રીતિએ સાંભળે અને સમજવાનો પ્રયત્ન કરે કે સમજાવનારને એ વાત એને સમજાવવાનો પ્રયત્ન કરવાનું વધુને વધુ મન થાય એમ થાય કે આને આ વાત મહેનત કરીને પણ સમજાવું. જ્યારે કેટલાકની જોડે વાત કરતાં સમજુ માણસને એમ થાય કે આની સાથે માથાકુટ નકામી કરી. કેમકે એને પોતાની વાતનો એ વાત પોતે માનેલી છે એટલા પૂરતોજ આગ્રહ હોય. પોતે માનેલું પણ ખોટું લાગે તો તે મૂકી દેવું અને દુશ્મનનું પણ સાચું લાગે તો તે સ્વીકારી લેવું એવી વૃત્તિ એ બહુ ઉંચો ગુણ છે.

સભા૦ શાસ્ત્રની વાતનો આગ્રહ ન હોય ?

શાસ્ત્રની વાતનો આગ્રહ પણ કેવો હોય ? શાસ્ત્રને સમજ્યા વિના શાસ્ત્રને નામે આગ્રહ કરે તે શાસ્ત્રને સમજીને શાસ્ત્રને નામે આગ્રહ કરે ? આમ કહે છે કે - શાસ્ત્રની વાતનો મને આગ્રહ છે અને કોઇ એને શાસ્ત્રની

વાત આમ નથી એવું કહે તો એની વાતને એ સાંભળે કે વિચારે પણ નહિ ? સાંભળે સમણું વિચારે બધું અને કરે શાસ્ત્રની આજ્ઞા મુજબ એ બરાબર છે. પણ શાસ્ત્રને નામે પોતે ખોટું માની લીધું હોય અને સામો શાસ્ત્રનીજ વાતોથી ખોટાને ખોટું કહેતો હોય તોય તેનું ન સાંભળવું એ શાસ્ત્રની વાતનો આગ્રહ નથી. પણ ખરી રીતિએ તો એ પોતાની વાતનોજ આગ્રહ છે. પોતે શાસ્ત્રને સમજતો ન હોય અને શાસ્ત્રને સમજી શકવા જેટલી પોતામાં બુધ્ધિ પણ ન હોય તો એ શાસ્ત્રના જ્ઞાતાના આશ્રયે રહે એ વસ્તુ જુદી છે. બાકી માણસે સારી અને સાચી વાતની સમજવાને માટે સદા તૈયાર રહેવાની વૃત્તિને તો અવશ્ય કેળવવીજ જોઇએ.

## ૧૦. દુન્યવી વ્યવહારમાં મધ્યસ્થભાવ

મનુષ્યગતિના આયુષ્યના આશ્રવોમાં છેલ્લો આશ્રવ છે લોકયાત્રાસુ માધ્યસ્થ્યમ્ ! લોકયાત્રામાં સંસારના બધા વ્યવહારોનો સમાવેશ થઇ જાય છે જેનામાં આ ગુણ હોય તે સંયોગ અનુસાર દુન્યવી સઘળા વ્યવહારો કરે ખરો પણ તે મધ્યસ્થભાવે કરે. સંસારનો વ્યવહાર એ અતિરાગથી કે અતિ દ્વેષથી ન કરે આપણે જેને સામાન્ય પ્રકારનો ઉદાસીનભાવ કહીએ છીએ તેવા પ્રકારનો આ માધ્યસ્થ્ય ભાવ છે સમ્યગ્દર્શન આવ્યું ન હોય પણ મિથ્યાત્વની મંદતા અમુક અંશે થઇ હોય તો પણ દુન્યવી પ્રવૃત્તિઓમાં આવો મધ્યસ્થ ભાવ આવી શકે. મિથ્યાદ્રષ્ટિ રાજાઓના પ્રસંગોમાં પણ એવી વાતો આવે છે કે રાજા રાજપાટ તજીને વનવાસે જતાં તો છોકરાઓ તેમના ચરણોને સેવવાને માટે સાથે જતાં અથવા છોકરાઓને રાજ્ય સંભાળવાને માટે રહેવું પડતું તો વનવાસે જતા રાજાઓ તેમને ઉત્તમ પ્રકારની હિતશિક્ષા આપતા. જે સમકીતી હોય તે તો પોતાના રાગને દેવગુરૂ આદિમાંજ યોજવાનો પ્રયત્ન કરે અને સંસાર પ્રત્યેના રાગને ઘટાડવાનો જ પ્રયત્ન કરે જ્યારે મિથ્યાત્વની મંદતા હોય તો સંસારી પ્રવૃત્તિઓને વિષે મધ્યસ્થ ભાવ આવે એ સંભવીત છે. કુટુંબના કેટલાક વડાઓ પણ મધ્યસ્થ ભાવે રહેતાં કુટુંબમાં ઘણા માણસો

હોય પણ સૌ વડીલની મર્યાદા એવી જાળવે કે પોતાની અયોગ્ય પ્રવૃત્તિ એમની આંખે ચઢવા ન દે. કોઇ વખતે એ કાંઇ લાગી ગયું હોય અને વડીલ આવી ચડે તો ઝટ ચુપ થઇ જાય. પૂછીએ કે કેમ એમ તો કહે કે બાપા જાણે. એમના હૈયાથી ઉતરી જઇએ. વડીલ પણ સૌ પ્રત્યે મધ્યસ્થ ભાવે વર્તે. આજે કુટુંબના માલિકોનું એવા પ્રકારનું પુણ્ય ઓછુંજોવા મળે છે અને મધ્યસ્થ ભાવ પણ ઓછો જોવા મળે છે. ઘરમાં બેઠો છે એટલે દુન્યવી ક્રિયાઓ કરે ખરો પણ તે મધ્યસ્થ ભાવે કરે. સંસાર ખરાબ લાગ્યો હોય તોજ આ બને એમ નહિ પણ સંસારમાં સારી રીતિએ જીવવું હોય, આબરુભેર જીવવું હોય તો આમ વર્તવું જોઇએ એમ પણ લાગે. આવો માણસ પાડોશીને પણ સાચવીને ચાલે. એને એમ થાય કે સારી ચીજ એકલા ખવાય નહિ. એકલા ખાઇએ તો પચે નહિ. કેટલાક કહે છે કે સુખી માણસો માંદા કેમ રહે છે ? ખાધેલું પચતું નથી માટે. પણ ખાધેલું કેમ પચતું નથી, ગરીબની નજર લાગે છે ? એકલો ખાય તો નજર ન લાગે ? જો કે પુણ્ય જોરદાર હોય તો બીજાની તેવી નજર અસર ન કરે એમે બને પણ સારો મામસ કોઇની નજર લાગે એવું તો કરે જ નહિ ને ? પહેલા રિવાજ હતો કે નવું કાંઇ ખાવાનું આવ્યું હોય તો આજુબાજુ સગાસંબંધીઓને વહેંચે, છોકરાને કહે કે એકલા ન ખાઇએ આજે શું કહેવાય છે ? કહે કે કોઇ માંગે તોય આપીએ નહિ. મારા તે મારા અને પારકા તે પારકા એ વૃત્તિમાં જે પડી ગયો તેનું બધું બગડે એની પૂજા વગેરેમાંય બહુ માલ જેવું નહિ. જેને સંસારી પ્રવૃત્તિઓમાં મધ્યસ્થ ભાવ આવે તેને ગુણોની પ્રાપ્તિ સુલભ. એટલે કે ગુણો સારી રીતે પ્રાપ્ત કરી શકે. લોકયાત્રામાં મધ્યસ્થ ભાવવાળાને દેવગતિના આયુષ્યના શુભ પ્રકારના આશ્રવોનું આરાધન પણ સુલભ બને છે.

૧. તેઉકાય અને વાઉકાય સિવાયના સઘળાય એકેન્દ્રિય જીવો મનુષ્યાયુષ્યનો બંધ કરે તો જઘન્યથી એક અંતર્મુહૂર્તનું આયુષ્ય બાંધે છે અને ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વરસનું આયુષ્ય બાંધી શકે છે. એકેન્દ્રિયપણામાં

રહેલા જીવોને દ્રવ્યમન હોતું નથી પણ ભાવમન હોય છે.

૨. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરીન્દ્રિય જીવો મનુષ્યાયુષ્ય બાંધી શકે તો જઘન્યથી એક અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વરસનું આયુષ્ય બાંધી શકે છે. પણ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિયપણામાંથી જે જીવો મનુષ્યપણાને પામે છે અથવા મનુષ્યપણામાં આવે છે એ જીવો તે ભવમાં ગમે તેટલો પુરુષાર્થ કરે તો પણ મોક્ષે જઇ શકતા નથી. સાતમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકના પરિણામે પ્રાપ્ત કરી શકતા નથી. જ્યારે એકેન્દ્રિયપણામાંથી મનુષ્યપણામાં આવે તો એ જીવો પુરૂષાર્થ કરીને મોક્ષે પણ જઇ શકે છે.

અત્યારે લગભગ આપણી સ્થિતિ મોટેભાગે બેઇન્દ્રિયાદિપણામાંથી આવેલા હોઇએ એવું લાગે છે. કારણ કે- ખાવાના પદાર્થોમાં મજેથી ટેશ કરીએ છીએ. એ ખાવાના પદાર્થોનો ટેશ છૂટતો નથી એનું દુ:ખ પણ નથી. એવી રીતે સુગંધી પદાર્થોની ગંધ છુટતી નથી. રંગોમાં રંગાયેલા છીએ, પરફ્યુમ વિગેરે એટલું બધું આ બાબતોમાં ધીરે ધીરે કરતાં વધ્યું છે કે જોતા એવું લાગે કે બેઇન્દ્રિયાદિપણામાંથી આપણે આવેલા હોઇએ. આ બધા પદાર્થોમાંથી રાગાદિ પરિણામ ઓછા કરવાનો પ્રયત્ન કરતાં નથી. માટે મોક્ષનો અભિલાષ આપણને અંતરથી પેદા થયો છે કે કેમ એ પણ એક મોટો સવાલ છે અને કદાચ એ અભિલાષ પેદા થયો હોય તો એને ટકાવવા માટે પ્રયત્ન કરીએ છીએ કે નહિ એ પણ મોટો સવાલ છે.

૩. અસન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તા મનુષ્યો એટલે કે સમુર્છિમ મનુષ્યો અને અસન્ની પંચેન્દ્રિય તિર્યંચો મનુષ્યાયુષ્યનો બંધ કરે તો જઘન્યથી એક અંતર્મુહૂર્તનું બાધી શકે છે અને ઉત્કૃષ્ટથી પૂર્વકરોડ વર્ષનું બાંધી શકે છે.

૪. અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો મનુષ્યનું આયુષ્ય બાંધી શકે તો જઘન્યથી એક અંતર્મુહૂર્તનું બાંધી શકે છે અને ઉત્કૃષ્ટથી એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું (અસંખ્યાતા વર્ષનું) આયુષ્ય બાંધી શકે છે. એટલે કે છપ્પન અંતરદ્વીપમાંથી કોઇપણ અંતરદ્વીપમાં મનુષ્ય તરીકે ઉત્પન્ન થઇ

શકે એટલું આયુષ્ય બાંધી શકે છે.

૫. સાતમી નારકીમાં રહેલા જીવો મનુષ્યાયુષ્યનો બંધ કરતાંજ નથી.

૬. એકથી છ નારકીના જીવો અને દેવલોકમાં નવમા ગ્રૈવેયક સુધીમાં રહેલા દેવો મનુષ્યાયુષ્યનો બંધ કરે તો જઘન્યથી સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય રૂપે આયુષ્યનો બંધ કરી શકે છે. મધ્યમ આયુષ્ય રૂપે મનુષ્યનું આયુષ્ય બાંધી શકે છે અને ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વર્ષનું આયુષ્ય બાંધી શકે છે.

૭. પાંચ અનુત્તરના દેવો નિયમા સમકીતી હોવાથી મોટેભાગે પૂર્વક્રોડ વર્ષનું આયુષ્ય બાંધી શકે છે અથવા મધ્યમ આયુષ્ય બાંધે છે.

૮. સન્ની પર્યાપ્તા તિર્યંચો અને સન્ની પર્યાપ્તા મનુષ્યો મનુષ્યાયુષ્ય બાંધી શકે તો જઘન્યથી એક અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમનું એટલે કે યુગલીક મનુષ્યનું આયુષ્ય બાંધી શકે છે.

૯. જે મનુષ્યોએ મનુષ્યાયુષ્યનો બંધ કરેલો હોય તો તે ભવમાં તે મનુષ્ય સાતમા ગુણસ્થાનકથી આગળના પરિણામને પ્રાપ્ત કરી શકતો નથી.

૧૦. જે મનુષ્યોએ વર્તમાનમાં મનુષ્યાયુષ્ય બાંધ્યું નથી અને ભવિષ્યમાં મનુષ્યાયુષ્યનો બંધ કરવાનો છે તેવો મનુષ્ય સારો કાળ હોય તો ક્ષયોપશમ સમકીતની પ્રાપ્તિ કરી પછી ઉપશમ શ્રેણિનું ઉપશમ સમકિત પ્રાપ્ત કરી અગ્યારમા ગુણસ્થાનકે જઇ એક અંતર્મુહૂર્ત સુધી વીતરાગ દશાનો અનુભવ કરી જે ક્રમે ચઢ્યો છે એ ક્રમે ક્રમસર પાછો ઉતરતો ઉતરતો અથવા પડતો પડતો ચોથા ગુણસ્થાનકે આવે અને ત્યાંથી બીજા ગુણસ્થાનકે જઇ પહેલા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. ત્યાં મનુષ્યાયુષ્યનો બંધ કરી શકે છે.

મનુષ્યાયુષ્ય બાંધવા માટે સરળ સ્વભાવ જોઇએ છે. એ સરળ સ્વભાવ પદાર્થો પ્રત્યેના રાગાદિના કારણે નાશ પામે છે. આપણા જ્ઞાનનો સંસ્કાર અહીં ને અહીંજ ભૂલી જતાં હોઇએ છીએ તો પછી બીજા ભવમાં સાથે આવશે ખરો ? જ્ઞાનને પરાવર્તન કરી કરીને સંસ્કાર મજબૂત કરીએ તોજ બીજા ભવમાં સાથે આવે. આજે જ્ઞાનના સંસ્કારને પરાવર્તન કરતાં કરતાં દ્રઢ કરવાનો પ્રયત્ન કેટલો કરીએ છીએ ? અને એની સામું પૈસાનો સંસ્કાર

એટલે કે ધનનો સંસ્કાર આપણે જેટલો દ્રઢ કરીએ છીએ અને એ દ્રઢ થયેલો સંસ્કાર પરભવમાં જેમ સાથે આવે છે તેમ સમ્યગ્જ્ઞાનનો સંસ્કાર મજબૂત કરવા પ્રયત્ન કરીએ છીએ ખરા ?

ભગવાન મહાવીરના આત્માની સાતમી નારકીમાં તેત્રીસ સાગરોપમ કાળ સુધી સમકિત પામીને ટકાવી રાખ્યું. એટલે કે જ્યારે ભગવાનનો આત્મા સાતમી નારકીમાં ગયો તે વખતે મિથ્યાત્વ ગુણસ્થાનક સાથે લઇને ગયેલા છે. પર્યાપ્ત થયા પછી તરત જ વિચારણામાં ચઢ્યા કે મેં એવા કેવા પાપ કર્યા કે જેના પ્રતાપે મારે પણ અહીં આવવું પડ્યું. આ વિચારણામાં ચઢતાં ચઢતાં ક્ષયોપશમ સમકીતની પ્રાપ્તિ કરી. એ ક્ષયોપશમ સમકીત તેત્રીશ સાગરોપમ કાળ સુધી સાચવીને ટકાવી રાખ્યું. જ્યારે છેલ્લે પોતાના આયુષ્યના છ મહિના બાકી રહ્યા ત્યારે મિથ્યાત્વ ગુણસ્થાનકે આવ્યા અને ત્યાં તિર્યંચનું આયુષ્ય બાંધીને સિંહરૂપે ઉત્પન્ન થયાં. સિંહના ભવમાં આ તેત્રીશ સાગરોમ કાળ સુધી ક્ષયોપશમ સમકિત ટકાવેલું હોવા છતાં એમાંનો કોઇ સંસ્કાર કામ લાગ્યો નહિ. એટલે કે સાતમી નારકીમાંથી નીકળીને સિંહમાં ગયા તો પણ પોતાને સમકિતનો કોઇપણ પ્રકારનો વિચાર એમને કામ લાગી શક્યો નહી અને સિંહના ભવમાં મિથ્યાત્વપણામાં રહીને અનેક પ્રકારના પાપોનું આચરણ કરીને ત્યાંથી ચોથી નારકીએ ગયા. એટલે કે સિંહના ભવમાં એમને સમકીતની સ્પર્શના પણ થઇ નહી. આના પરથી વિચાર એ કરવાનો છે કે આપણે પરભવમાં જ્ઞાનના સંસ્કારો સાથે લઇ જવા હોય તો અહીં કેટલા મજબૂત કરવા પડે. અહીં એ સંસ્કારો મજબૂત થતા નથી તેમાં મહત્વનો ફાળો મોહનીય કર્મનો છે. એટલે કે મોહનીય કર્મ એવો ભાગ ભજવે છે કે જ્ઞાનના સંસ્કારને સમ્યગ્જ્ઞાન રૂપે મજબૂત થવા દેતા નથી. માટે જ્ઞાનીઓ કહે છે કે જ્ઞાનના ઉપયોગમાં જ્યાં સુધી સ્થિરતા પેદા ન થાય ત્યાં સુધી વૈરાગ્ય ભાવ ટકે નહિ અને જ્ઞાનને પરાવર્તન કર્યા વગર જ્ઞાનનો ઉપયોગ સ્થિર થઇ શકતો નથી. માટે પરાવર્તન ઉપયોગપૂર્વક અને એકાગ્રતા પૂર્વક કરે તોજ સંસ્કાર મજબૂત થાય. એજ ભગવાનના આત્માએ સાતમી નારકીમાં સમકીતના સંસ્કારને દ્રઢ કર્યા

નહિ તો સિંહના ભવમાંથી ફરીથી નરકમાં આવવું પડ્યું. એજ આત્મા જ્યારે પચ્ચીશમા ભવે એટલે કે નંદન ઋષિના ભવમાં એકલાખ વર્ષના દીક્ષા પર્યાયમાં અગીયાર લાખ એંશી હજાર છસો ને પીસ્તાલીશ માસખમણને પારણે માસખમણ કરીને અગિયાર અંગનો અભ્યાસ કર્યો છે. એ અગિયાર અંગને રોજ એકવીશ કલાક સુધી કાઉસગ્ગ ધ્યાને રહી સૂત્રથી, અર્થથી અને તદુભયથી પરાવર્તન કરતાં કરતાં એના સંસ્કાર એવા દ્રઢ કર્યા કે રાગાદિ પરિણામના ઉદયકાળમાં પણ રાગાદિ બીલકુલે પજવી શકે નહિ. એટલે કે રાગ દશાના ઉદયકાળમાં રાગને નિષ્ફળ કરીને પોતાનું જીવન સારી રીતે જીવી શકે એ રીતે જ્ઞાનના સંસ્કારને મજબૂત કર્યા. એ રીતે મજબૂત કરીને ભણેલા અગિયાર અંગના સંસ્કારને સાથે લઇને ત્યાંથી દશમા દેવલોકમાં ઉત્પન્ન થયાં. ત્યાં પણ સત્તર સાગરોપમ કાળ સુધી અગિયાર અંગનું પરાવર્તન કરતાં કરતાં એના સંસ્કારને મજબૂત કર્યા અને પછી ત્યાંથી એ અગિયાર અંગ સાથે લઇને મનુષ્યપણામાં માતાના ગર્ભમાં ચ્યવન પામ્યા તે વખતે સાથેને સાથેજ અગિયાર અંગ એને પરાવર્તન કરીને મતિજ્ઞાન રૂપે બનાવેલા નિર્મળ મતિજ્ઞાનને એટલે કે અનુપમ મતિજ્ઞાનને અનુપમ અગિયાર અંગ રૂપે શ્રુતજ્ઞાનને તેમજ અનુપમ એવા અવધિજ્ઞાનને એમ ત્રણ જ્ઞાનને સાથે લઇને માતાના ગર્ભમાં ઉત્પન્ન થયાં. આથી તીર્થંકરના આત્માઓને પણ જ્ઞાનના સંસ્કારમાં ઉપયોગ કાયમ રાખવા માટે આટલો જોરદાર પ્રયત્ન કરવો પડે છે. તો પછી આપણા જેવાને જો જ્ઞાનનો સંસ્કાર મજબૂત કરવો હોય અને સમ્યગ્જ્ઞાનને મજબૂત કરીને બીજા ભવમાં સાથે લઇ જવું હોય તો પરાવર્તન કેટલું કરવું પડે એ આના ઉપરથી વિચારવા યોગ્ય છે. જો આ રીતે આપણે સમ્યગ્જ્ઞાનને સંસ્કાર રૂપે મજબૂત ન કરીએ તો રાગાદિના ઉદયકાળમાં રાગ આપણને પજવે, હેરાન કરે અને એજ રાગ આપણને સમ્યગ્જ્ઞાનના સંસ્કારને નાશ કરી જ્ઞાનને અજ્ઞાન રૂપે બનાવી સંસ્કારમાં રખડ પટ્ટી કરાવે એમાં કંઇ નવાઇ છે ? બોલો સમ્યગ્જ્ઞાનને પરાવર્તન કરી સંસ્કાર મજબૂત કરવાનો પ્રયત્ન અને રાગાદિ પરિણામને દૂર કરવાનો પ્રયત્ન આરાધના કરતાં કરતાં કેટલો કરી રહેલા

છીએ એ સૌએ પોત પોતાની જાતે જ રોજ પોતાના આત્માને પૂછીને વિચારવું જોઇએ.

મનુષ્યાયુષ્યનો ઉદય એકથી ચૌદ ગુણસ્થાનક સુધી હોય છે અને મનુષ્યાયુષ્યની સત્તા એકથી ચૌદ ગુણસ્થાનક સુધી હોય છે. જ્યારે ઉદય અને સત્તા સંપૂર્ણ નાશ થાય તેની સાથેજ નામકર્મ, ગોત્રકર્મ અને વેદનીય કર્મનો પણ સંપૂર્ણ નાશ થાય છે. આ રીતે ચૌદમા ગુણસ્થાનકના અંતે ચાર અઘાતી કર્મોનો નાશ થતાં જીવ સિધ્ધિ ગતિને પામે છે. આથી આયુષ્યને જ્ઞાની ભગવંતોએ ભવોપગ્રાહી કર્મ કહેલું છે.

મનુષ્યાયુષ્યના ઉદયકાળમાં મોટાભાગના જીવોને થોડોક કાળ સુખ હોય છે અને ઘણો કાળ દુઃખનો અનુભવ હોય છે. છતાં પણ જીવોનું મનુષ્યપણામાં ઘણાકાળ સુધી દુઃખ વેઠવા છતાં પણ વચમાં વચમાં ક્ષણિક સુખની પ્રાપ્તિ થતી હોવાથી અનુભવેલા દુઃખોને સુખના રાગના હાશકારાના પ્રતાપે અને એ સુખના પદાર્થોમાં હાશકારા રૂપે રાગ પેદા થતો હોવાથી દુઃખ દુઃખ લાગતું નથી અને એના કારણેજ જીવોને કર્મોથી છૂટવાનું મન થતું નથી. એટલે કે કર્મથી ગભરાટ પેદા થતો નથી. કેટલાક બહુ ઓછા મનુષ્યોને પુણ્યાનુબંધી પુણ્યનો ઉદયકાળ ચાલતો હોય તો જીવનમાં પુણ્યનો ભોગવટો કરવા છતાં પણ વૈરાગ્યભાવ સાથેને સાથે રહેતો હોવાથી દુઃખની દીનતા નાશ કરેલી હોવાથી અને સુખની લીનતાનો પણ નાશ કરેલો હોવાથી એ જીવોને દુઃખનો કાળ ઘણોજ ઓછો હોય છે અને સુખનો કાળ ઘણો હોય છે. છતાં પણ એ સુખના કાળમાં પદાર્થોનો ભોગવટો કરવા છતાં પણ વૈરાગ્યભાવ સાથે રહેલો હોવાથી સકામ નિર્જરા કરતાં કરતાં કર્મોનો નાશ કરવા માટે પ્રયત્ન કરતો જાય છે પણ એ જીવો સુખમાં લેપાતા નથી.

પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળો એવો મનુષ્ય પુરુષાર્થ કરતો કરતો આત્મિક ગુણની સન્મુખ બનીને આત્માની અનંતગુણ વિશુધ્ધિને પ્રાપ્ત કરતો કરતો સૌથી પહેલાં અશુભ કર્મોના તીવ્રરસને બંધમાંથી અટકાવે છે. જેમ જેમ અશુભ કર્મોનો તીવ્રરસ અટકતો જાય છે તેમ તેમ બંધમાં શુભ કર્મનો

તીવ્રરસ બંધાતો જાય છે. એવી રીતે અશુભ કર્મનો તીવ્રરસ બાંધેલો સત્તામાં પડ્યો હોય તો એને મંદરસે કરતો જાય છે અને શુભ કર્મોનો સત્તામાં મંદરસ રૂપે બાંધેલો પડેલો હોય તો તેને તીવ્રરસે કરતાં જાય છે. આરીતે પુણ્યનો બાંધેલો તીવ્રરસ ઉદયમાં આવીને આત્માની આત્મિક ગુણ પેદા કરવામાં સહાયભૂત થતો થતો અનંતગુણ વિશુધ્ધિને પ્રાપ્ત કરવામાં અને એ પ્રાપ્ત કરતાં કરતાં ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે. જો સારો કાળ હોય અને મિથ્યાત્વ મોહનીય નિકાચીત રૂપે સત્તામાં રહેલું ન હોય તો જીવ પુરુષાર્થ કરતાં કરતાં ક્ષયોપશમ સમકિતમાંથી ક્ષાયિક સમકિત પામવા માટેનો પ્રયત્ન કરે છે અને એ પ્રયત્ન કરવામાં સૌથી પહેલાં અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ ચારે કષાયોના પુદ્ગલોને દરેક આત્મપ્રદેશ ઉપરથી ખેંચી ખેંચીને સંપૂર્ણ નાશ કરે છે. ત્યાર પછી મિથ્યાત્વ મોહનીય કર્મના દરેક પુદ્ગલોને આત્મપ્રદેશો ઉપરથી ખેંચી ખેંચીને સંપૂર્ણ નાશ કરે છે ત્યાર પછી મિશ્ર મોહનીયના પુદ્ગલોનો એજ રીતે સંપૂર્ણ નાશ કરે છે. ત્યાર પછી સમ્યક્ત્વ મોહનીયના બધાજ પુદ્ગલોને દરેક આત્મપ્રદેશ ઉપરથી ઉદયમાં લાવી લાવીને ભોગવીને સંપૂર્ણ નાશ કરે છે. આ રીતે મોહનીય કર્મની આ સાતેય પ્રકૃતિઓનો સંપૂર્ણ નાશ થાય ત્યારે જીવ ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ કરે છે. ક્ષાયિક સમકીત પ્રાપ્ત કરતાં પહેલાં નરકાયુષ્યનો બંધ થઇ ગયેલો હોય અથવા યુગલીક તિર્યંચનું આયુષ્ય બંધાઇ ગયું હોય અથવા યુગલીક મનુષ્યનું આયુષ્ય બંધાયેલું હોય તેમજ વૈમાનિક દેવલોકનું આયુષ્ય બંધાયેલું હોય તો જીવ ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય કરવા માટે ક્ષપક શ્રેણિ પ્રાપ્ત કરી શકતો નથી. કારણ કે બંધાયેલું આયુષ્ય એમાં પ્રતિબંધક થાય છે. એવીજ રીતે જે જીવોએ તીર્થંકર નામકર્મ નિકાચીત કરેલું હોય એટલે કે ક્ષાયિક સમકિત પામતાં પહેલાં તીર્થંકર નામકર્મ નિકાચીત કરેલું હોય તો એ ભવમાં ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓનો ક્ષય કરવા માટે ક્ષપક શ્રેણિ રૂપે પુરુષાર્થ કરી શકતો નથી. આથી જો કોઇ આયુષ્ય બંધાયેલું ન હોય અને તીર્થંકર નામકર્મ નિકાચીત કરેલું ન હોય તો એ જીવ અવશ્ય ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય કરવા માટે ક્ષપક

શ્રેણિની શરૂઆત કરે છે. એમાં આઠમા ગુણસ્થાનકમાં ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિઓને જે ક્રમથી ખપાવવાની હોય તે ક્રમ મુજબ ગોઠવણ કરે છે અને નવમા ગુણસ્થાનકમાં પ્રવેશ કરતાની સાથેજ ક્રમસર અનંત ગુણ વિશુધ્ધીને પ્રાપ્ત કરતો કરતો જીવ જે પ્રમાણે ગોઠવણ કરેલી પ્રકૃતિઓ હોય તે પ્રમાણે ક્ષય કરવાની શરૂઆત કરતાં નવમા ગુણસ્થાનકમાં ચારિત્ર મોહનીયની વીશ પ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય કરે છે. ભૂતકાળમાં અનંતા જીવો નવમા ગુણસ્થાનકમાં જે રીતે વીશ પ્રકૃતિઓનો ક્ષય કરેલો હતો એજ પરિણામથી વર્તમાનમાં નવમા ગુણસ્થાનકમાં રહેલા જીવો વીશ પ્રકૃતિઓનો ક્ષય કરે છે અને ભવિષ્યમાં અનંતા જીવો ક્ષપક શ્રેણિ શરૂ કરીને નવમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરશે એ જીવો પણ એજ પરિણામથી વીશ પ્રકૃતિઓનો સંપૂર્ણ નાશ કરશે ત્યારપછી જીવ દશમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. એ દશમા ગુણસ્થાનકમાં ચારિત્ર મોહનીયની એક પ્રકૃતિ સંજ્વલન લોપ એના હજારો વાર અનંતા અનંતા ટુકડા કરીને સંપૂર્ણ ક્ષય કરે છે અને જીવ બારમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. બારમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરી તેજ વખતે જીવને ક્ષાયિક ચારિત્રની પ્રાપ્તિ થાય છે કે જે ચારિત્ર હવે સાદી અનંત કાળ સુધી જીવની સાથે જ રહે છે. એ બારમા ગુણસ્થાનકના કાળમાં જીવ જ્ઞાનાવરણીયની પાંચ પ્રકૃતિઓ, દર્શનાવરણીયની છ પ્રકૃતિઓને અને અંતરાય કર્મની પાંચ પ્રકૃતિઓ એમ સોળ પ્રકૃતિઓનો સંપૂર્ણ નાશ કરી બારમા ગુણસ્થાનકને પૂર્ણ કરી તેરમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. તેજ વખતે જીવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ તેરમા ગુણસ્થાનકમાં જીવ પુરુષાર્થ કરતો કરતો વેદનીય કર્મની એક પ્રકૃતિને અને નામકર્મની ૨૯ પ્રકૃતિઓને સંપૂર્ણ ક્ષય કરી યોગ નિરોધ કરી ચૌદમા અયોગી ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. એ ચૌદમા ગુણસ્થાનકને વિષે વેદનીયની એક પ્રકૃતિ, આયુષ્યની એક પ્રકૃતિ, નામકર્મની નવ પ્રકૃતિઓ અને ગોત્રકર્મની એક પ્રકૃતિ એમ બાર પ્રકૃતિઓનો સંપૂર્ણ ઉદય ભોગવીને, સંપૂર્ણ ક્ષય કરી જીવ સિધ્ધિ ગતિને પામે છે. મનુષ્યાયુષ્યના કાળમાં આ રીતે પ્રયત્ન કરતાં કરતાં જીવ સિધ્ધિ ગતિ સુધી પહોંચી શકે છે. માટે મનુષ્યાયુષ્યને પામવું જ્ઞાની ભગવંતોએ

દુર્લભ કહેલું છે. મનુષ્યપણું પામ્યા પછી દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં જીવ આત્મિક ગુણની સન્મુખ ન થાય અને આત્મિક ગુણની સન્મુખ થવા માટે વિઘ્ન કરનારા જે જે પદાર્થો છે તે પદાર્થોની ઓળખ કરવાની ઇચ્છા પેદા ન થાય અને એને ઓળખીને પોતાની શક્તિ મુજબ વિઘ્ન કરનારા પદાર્થોને દૂર કરવાનો પ્રયત્ન કરવાની ઇચ્છા ન થાય તો મળેલું મનુષ્યાયુષ્ય અથવા મનુષ્ય ભવ અથવા મનુષ્ય જન્મ નિષ્ફળ ગણાય છે. જ્યારે મનુષ્ય જન્મને પામીને આત્મિક ગુણની સન્મુખ થવામાં જે જે પદાર્થો વિઘ્ન કરતાં હોય તેને દૂર કરવાનો પ્રયત્ન જીવ કરતો જાય તો આંશિક આત્મિક સુખની અનુભૂતી જીવને પેદા થતી જાય છે અને એ આંશિક અનુભૂતિ પેદા થાય તોજ વાસ્તવિક ખ્યાલ આવે કે હું કયા સુખને ઇચ્છી રહ્યો છું. અત્યાર સુધી જે પદાર્થોમાં સુખ માનીને મારો કાળ પસાર કર્યો એ બધું ફોગટ ગયું અને આવી વિચારણા કરતાં કરતાં આંશિક આત્મિક સુખનો અનુભવ કરતો થાય તોજ એ જીવનો મનુષ્ય ભવ અથવા મળેલું મનુષ્યાયુષ્ય સફળ થયેલું ગણાય છે અથવા લેખે ગણાય છે અને જો જીવ પ્રયત્ન કરતાં કરતાં સમકિતની પ્રાપ્તિ કરે એટલે કે સમકિતને પામે તો જ્યાં સુધી એ જીવ મોક્ષે ન જાય ત્યાં સુધી એ જીવની ભવની ગણતરીની શરૂઆત સમકીત પામે તે ભવથી શરૂ થાય છે. આથી જ્ઞાની ભગવંતો કહે છે કે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં જીવ જો આંશિક સુખની અનુભૂતિ ન કરે અથવા સમકિતની પ્રાપ્તિ પણ ન કરે તેને પુણ્યથી મળેલું મનુષ્યાયુષ્ય સંસારની રખડપટ્ટીમાં કારણરૂપ બનતું હોવાથી સંસારની રખડપટ્ટીનો વધારો કરવામાં સહાયભૂત થાય છે. એટલે કે સંસારમાં રખડવા માટે જે પાપનો પૂરવઠો જોઇતો હતો તે ઓછો થઇ ગયેલો તે મનુષ્યાયુષ્યને પ્રાપ્ત કરીને એ પાપનો પૂરવઠો ભેગો કરી સંસારની રખડપટ્ટીમાં સહાયભૂત થાય એ રીતે રખડપટ્ટીમાં જાય છે. આના ઉપરથી એ વિચાર કરવાનો છે કે અનુકૂળ પદાર્થો એ મારા આત્માને માટે ભયંકર શત્રુરૂપે કામ કરી રહેલા છે એવું લગાડવાનો પ્રયત્ન અવશ્ય કરવોજ જોઇએ. બોલો આપણને લાગે છે ? જો ન લાગતું હોય તો મોક્ષમાર્ગમાં દાખલ આપણે થયા છીએ

એવું કઇ રીતે કહેવાય ? મોક્ષમાર્ગમાં દાખલ થયેલા જીવને આંશિક ઇચ્છાનિરોધના સુખને અનુભવે છે. મંદિરે જવાની ક્રિયાથી માંડીને સાધુપણા સુધીની જેટલી જેટલી ક્રિયાઓ છે એ સાધન રૂપે કહેલી છે. એ સાધનથી આત્માનો પરિણામ મોક્ષમાર્ગમાં દાખલ થયો છે કે નહિ એને રોજ જોતા થવું જોઇએ. માટે જો આપણને મોક્ષમાર્ગમાં દાખલ થયેલા ગણતા હોઇએ તો આપણી સાધના સાધના રૂપે ગણાય છે અને જો મોક્ષમાર્ગમાં દાખલ થયેલા ન હોઇએ તો આપણી કરાતી સાધના વિરાધના રૂપે ગણાય છે. જો વિરાધના રૂપે સાધના બનાવવી ન હોય તો સંસારમાં જ્યાં સુધી રહો ત્યાં સુધી બને તેટલા પદાર્થોના સંયોગો અને સાધનોથી અળગા રહેવાનો પ્રયત્ન કરતાં શીખો તેમજ પાપના નિમિત્તોથી આઘા ખસવાનો પ્રયત્ન કરતા શીખો. આત્મિક સુખ સિવાયનું બીજુ કોઇપણ સુખ આપણને ગમવુંજ ન જોઇએ. આથી એ સિવાયની તમામ પ્રવૃત્તિ કરતાં જેમ વિજળીનો કરંટ લાગે અને શરીરમાં ઝણઝણાટી પેદા થાય એમ એ પ્રવૃત્તિઓથી ઝણઝણાટી પેદા થવી જોઇએ.

વૈરાગી જીવ ધર્મને પકડી રાખે છે. વૈરાગી જીવને કદી સુખને પકડવાનું મન થાય નહિ પણ સુખને છોડવાનું જ મન થાય છે. સુખને માટે જે ધર્મ કરે છે તે સુખમાં સળગ્યા વગર રહે નહિ. મતલબ કે સુખની ઇચ્છાનો નાશ કર્યા વગર છુટકો જ નથી. આથી એક નિયમ બહુ ચોક્કસ છે કે જીવોને જે ચીજ ગમે તેની પ્રતિપક્ષી ચીજ ગમતીજ નથી. માટે એ પ્રતિપક્ષી ચીજ પ્રત્યે દ્વેષ પેદા થાય જ. આથી જ્ઞાનીઓ કહે છે કે ઘર, પેઢી, કુટુંબ, પરિવાર, પૈસો ટકો જ્યાં સુધી તુચ્છ જેવું લાગે નહિ ત્યાં સુધી મોક્ષ માટે કરેલો પુરુષાર્થ પણ સફળ થતો નથી અર્થાત્ નિષ્ફળ થાય છે. જ્યાં સુધી આ તુચ્છ લાગે નહિ ત્યાં સુધી જીવને મોક્ષમાર્ગ આદિનું આકર્ષણ ગમે નહિ.

## ૪. દેવાયુષ્ય

જે કર્મના ઉદયથી જીવોને દેવગતિને વિષે પકડી રાખે એટલે કે જ્યાં

સુધી દેવગતિમાં જીવને રહેવાનું હોય એટલા કાળ સુધી જીવને પકડી રાખે તેને દેવાયુષ્ય કહેવાય છે.

## દેવગતિના આયુષ્યના આશ્રવો

દેવગતિના આયુષ્યના આશ્રવોમાં સરાગ સંયમને પહેલા આશ્રવ તરીકે જણાવેલ છે. સરાગ સંયમ, દેશવિરતિ, અકામ નિર્જરા, કલ્યાણ મિત્રોનો સંયોગ, ધર્મશ્રવણમાં રસિકતા, પાત્રદાન, તક, શ્રધ્ધા, રત્નત્રયીની અવિરાધના, પદ્મલેશ્યા, પિતલેશ્યા, બાળતપ, અગ્નિ વગેરેમાં બળી મરવું તે અને અવ્યક્ત સામાયિક. આ બધા દેવગતિના આયુષ્યને બાંધવાના આશ્રવો છે. આ આશ્રવો પણ સમ્યગ્દ્રષ્ટિને જ હોય અને મિથ્યાદ્રષ્ટિને ન જ હોય એવું નથી પણ બેયના સેવનમાં ઘણો તફાવત હોય. સમ્યગ્દ્રષ્ટિ આત્માઓ બાલતપ આદિને પસંદ કરે નહિ અને આજ્ઞા વિહિત તપાદિ દ્વારા સકામ નિર્જરાને સાધનારા બને. અહીં તો જે જે કારણોથી દેવગતિના આયુષ્યને ઉપાર્જવાની શક્યતા છે તે જણાવેલ છે અને મિથ્યાદ્રષ્ટિઓ પણ દેવગતિના આયુષ્યને ઉપાર્જી શકે છે. દેવગતિમાંના પણ અમુક અમુક સ્થાનોના આયુષ્યને તો સમ્યગ્દ્રષ્ટિ આત્માઓજ ઉપાર્જી શકે છે પણ સામાન્ય રીતિએ દેવગતિના આયુષ્યના ઉપાર્જનના કારણો વર્ણવાતા હોય ત્યારે એ બધી બાબતોનું પૃથક્કકરણ કરવાનું હોય નહિ.

## ૧. સરાગ સંયમ

સભા૦ સરાગ સંયમ એટલે બહારથી સંયમ અને અંતઃકરણમાં સંયમના પરિણામોનો અભાવ ?

અંતઃકરણમાં સંયમના પરિણામોનો અભાવ હોય એવા પ્રકારના બાહ્ય સંયમને સરાગ સંયમ કહેવાય એવું નથી. સાધુપણાને પામતી વખતે તેમજ સાધુપણામાં જીવતી વખતે આત્મામાં સંયમના પરિણામો વિદ્યમાન હોય તો પણ જ્યાં સુધી રાગ ઉદયમાં વર્તતો હોય ત્યાં સુધીનું સંયમ એ

સરાગ સંયમ કહેવાય. દશમા ગુણસ્થાનક સુધીના સંયમને સરાગ સંયમ કહેવાય. અગિયારમા ગુણસ્થાનકે રાગ ઉદયમાં હોતો નથી જ્યારે બારમા ગુણસ્થાનકે સર્વથા રાગ રહિત દશા હોય છે. રાગ મૂળમાંથી મર્યા વિના વીતરાગ બનાય નહિ અને રાગ જ્યાં સુધી ઉદયમાં વર્તતો હોય ત્યાં સુધીના સંયમને સરાગ સંયમ કહેવાય. સરાગ સંયમ જો સારી રીતિએ પાળ્યું હોય તો એમાંથી પરિણામોની ચઢતી ધારા આવતા વીતરાગ સંયમને પામી શકાય. આ જન્મમાં સાધુ થઇને જ જીવવું એવો મનોરથ ખરો ? આ જીવનની કિંમત સંયમને આભારી છે, સંયમના પાલનથીજ આ જન્મને સારી રીતિએ સફળ કરી શકાય તેમ છે માટે ક્યારે હું સંયમ જીવનને જીવનારો બનું આવી ભાવના તો તમે વારંવાર ભાવતા હશો ને ? જેવો ઉંમરને વટાવી ગયા છે, અતિ વૃધ્ધાવસ્થાને પામ્યા છે અને જેઓ શરીરે અશક્ત થઇ ગયા છે તેઓને પણ રોજ એવો પશ્ચાતાપ થાય ને કે આવા મનુષ્ય જન્મને અને તેમાં પણ શ્રી વીતરાગ પરમાત્માના શાસનના યોગને પામવા છતાં પણ આપણે સંયમને પામી શક્યા નહિ અને આવાને આવા રહી ગયા !

સભા૦ મનો ભાવ જોઇએ ને ?

અત્યાર સુધી નહોતો પણ હવે એ મનોભાવ પ્રગટ્યો છે ? આ મનુષ્યજન્મને શા માટે જ્ઞાનીઓએ કીમતી કહ્યો છે તે હવે તો સમજી ગયા ને ? એટલે હવે તો જો શક્ય હોય તો આ જીવનમાં અસંયમને નહી સેવવાની અને સંયમમાંજ બાકીની જીંદગી પૂરી કરવાની ઇચ્છા ખરી ? જેઓ સંયમને યોગ્ય ઉંમરને વટાવી ગયા છે અથવા તો જેઓ શરીરને સંયમને માટે અયોગ્ય બની ગયા છે તેમને તો પશ્ચાતાપ કરવાનો, ભાવના ભાવવાની અને સંસારમાં મન, વચન, કાયાથી થાય તેટલો ધર્મ કરવાનો એટલું જ રહ્યું. પણ જેઓ ઉંમરમાં ઓછા છે અને કાયામાં સારા છે તેમને જો મન થઇ જાય તો ઉભા થઇ શકે છે. ચોમાસું ઉઠે સંયમને લઇને સંયમને પાળવા સિવાયની વાત નહિ. આવી પુણ્યભૂમિમાં ચોમાસુ રહ્યા એનો મોટો લાભ એ કે હવે અસંયમી જીવન જોઇએ નહિ. શેષ જીવન સંયમમાં જ પસાર કરવું છે. જેમની વય

વીતી ગઇ નથી, શરીર પણ સારું છે અને પાળવા ધારે તો જેઓ સંયમને પાળી શકે તેમ છે તેવાઓના મનમાં જો આ વાત આવી જાય તો તેમનું કામ થઇ જાય ને ?

## શાની ખામી છે ?

દેવલોકના આયુષ્યને ઉપાર્જવાનો એટલે કે બાંધવાનો પહેલો ઉપાય આ છે અને આ ઉપાયને જો બરાબર સેવાય તો દેવલોકમાં પણ રાગ મૂંઝવે નહિ. દેવલોકમાં પણ જે વીરાગમાં ઝીલે તેની તે પછીની પણ સદ્‌ગતિ નિશ્ચિત. અરે પછી જો કશી ભૂલ ભાલ ન થાય તો મોક્ષ પણ હાથ વેંતમાં. તમે સંયમ લેવાનો નિર્ણય ન કરી શકતા હો તો તેમાં કારણ શું છે ? એ તપાસો. સંયમની ભાવના ઘણી હોય પણ વય વીતી જવાથી બાતલ થઇ ગયા છો ? વય વીતી ગઇ નથી પણ શરીર માંદલું હોય તો એય બાતલ થઇ જાય. કેમકે રોજ દવાના ડોઝ વીના જેનું શરીર ચાલતું ન હોય અને એથી સંયમનું પાલન જે સુંદર પ્રકારે કરી શકે તેમ ન હોય તે સંયમ લઇને કરે શું ? વયમાંય વાંધો ન હોય અને શરીર પણ સારું હોય પણ સંયમ પાલનની શક્તિ ન હોય એમ પણ બને એમાં કેટલા નીકળી જાય છે ? ઉંમરમાં નિષિદ્ધ વયની અંદર હોય, શરીરે સશક્ત હોય અને સંયમના પાલનની શક્તિ હોય પણ હૈયાની તૈયારી ન હોય એવા કેટલા ? વસ્તુતઃ હૈયાની તૈયારી તો બધાની જોઇએ. વય આદિના કારણે સંયમ લઇ શકાય નહિ એ જુદી વસ્તુ છે અને હૈયાની તૈયારી ન હોય એ જુદી વસ્તુ છે.

સભા૦ હૈયાની તૈયારી એટલે ?

આ મનુષ્ય જન્મની પ્રાપ્તિની સફળતા સંયમથીજ છે અને ક્યારે એવી તક આવી લાગે કે હું અસંયમથી મુકાઉ અને સંયમને પામું આવી ભાવના. સંયમને જે પામ્યા તે ફાવી ગયા અને હું સંયમને નથી પામી શક્યો માટે રહી ગયો. જેમ બજારમાં ગયેલો માણસ બજારમાંથી કમાયા વિના અથવા તો ખોઇને આવે એ બની શકે પણ એના હૈયામાં શું હોય ? અમુક

કમાયો અને હું રહી ગયો તે મનુષ્ય જન્મને હું પામ્યો છું પણ આ જન્મમાં રળવાજેવું હજું હું રળી શક્યો નથી એમ થયા જ કરે. તમે કહી શકો કે હૈયાની આવી તૈયારી તો છે પણ ઉંમર વટાઇ ગઇ છે એટલે ઉપાય નથી. જેમની ઉંમર વટાઇ ગઇ ન હોય પણ શરીરે નબળા હોય તે તેમ કહી શકે અથવા ઉંમરમાં અને શરીરમાં વાંધો ન હોય પણ સંયમના પાલન માટેની શક્તિ ન હોય એમ કહો કે હજી ઉંમરની લાયકાત ગુમાવી બેઠો નથી અને શરીર રોગી છે એમ પણ નથી. પણ મન એવું નબળું છે કે સંયમ પળે તેમ નથી. સંયમ લઉં તો વિરાધના થાય તેમ છે બાકી ભાવના તો એ જ છે કે ક્યારે હું શ્રી વીતરાગ પરમાત્માની સાધુતાને પામું. વય હોવા છતાં અને શરીર પણ સારું હોવા છતાં સંયમ પાલનની શક્તિ નઇ હોવાના કારણે તમે સંયમને ગ્રહણ કરવાની તત્પરતા ન બતાવી શકો એ બને એ તો નિરુપાય દશા કહેવાય પણ હૈયાની તૈયારી નથી એટલે કે સંયમની ઇચ્છા જ નથી એ કારણે તમે જો નીકળી જાવ તો તે બહુ ખરાબ કહેવાય.

## સંયમની ઇચ્છા તો અવશ્ય જોઇએ

જૈનકુળમાં જન્મેલાઓ સદા સાધુ થવાની ભાવનાવાળા હોવા જોઇએ. સાધુ થવાની ભાવના ન હોય તો જૈનકુળ મળ્યુ પણ ફળ્યું નહી એમ કહેવું પડે. વયની અને શરીરની અનુકૂળતા હોવા છતાં પણ સંયમ પાલનની શક્તિ ન હોય તો તેવી શક્તિ નથી એમ કહી શકાય. કહી શકાય કે આ લીધા પછી મૂકાય તે મારી જાતમાં નથી આ લઇને હું મૂકુ તો મારું કુળ લાજે. કુળને એમ લજવવું તે કરતાં તો મરવું સારું. માટે હું મારામાં સંયમ પાલનની શક્તિ છે કે નહિ તે તપાસ્યા કરું છું અને એથી સંયમ ગમતું હોવા છતાંય સંયમને લેવાનો ઉત્સાહ જાગતો નથી. સંયમની ભાવના ઘણી હોય અને સંયમપાલનની શક્તિ ન હોય તે એમ પણ કહી શકે કે રોજ સવારે ઉઠુ છું અને હૈયામાં એ વિચાર આવે છે કે હું સાધુ થઇ શકું તેમ છું ? અને સુતા હું

દુ:ખી થઇને સુઇ જાઉં છું કે આજનો દહાડો સાધુપણા વગરનો ગયો. આવું તમે પ્રમાણિક પણે કહી શકો તેમ છો ?

સભા૦ ભાવના જોઇએ ને ?

સાધુપણાને પામવાની ભાવના જ જો ન હોય તો એ જૈનપણાની ખામી ગણાય. જેનામાં જૈનપણું ઝલકતું હોય તે સંયમ લેજ એવો નિયમ નહી પણ એને સંયમની ભાવના જ ન હોય એ બને નહી. શક્તિ ન હોય તો એને વારંવાર અવસરે અવસરે રહી ગયો, રહી ગયો એમ તો થાય. તમને એવું થાય છે ? એવું ન થતું હોય તો તેનું કારણ શોધો. બહુલતયા તૈયારી હૈયાની નથી એમ લાગે છે ? તક આવે અને શક્તિ આવે તો સંસારમાંથી નીકળી જવું છે એવું હૈયામાં ન હોય તોય ઘણુંજ અશોભનીય ગણાય.

સભા૦ મન નબળું હોય તો ?

શરીર જેમ અશક્ત હોઇ શકે તેમ મન પણ અશક્ત હોઇ શકે પણ અનુકૂળતા હોય તો લેવાની ઇચ્છા ખરી કે નહી ? આજે ઘણે ભાગે આ ઇચ્છા નથી. એ મોટી પંચાત છે. ગરીબ જીંદગી ભર ગરીબ રહે એમ બને પણ શ્રીમંત થવાની ઇચ્છા ન હોય એ બને. વર્તમાનકાળમાં ઘણા જૈનોમાં પણ સંયમને પામવાની ઇચ્છા જણાતી નથી. સર્વ સંયમના ભાવ વિના દેશ સંયમનો પણ સાચો ભાવ હોઇ શકે નહિ. દેશવિરતિનો જે પરિણામ તે કેવો હોય ? ઉપકારીઓ ફરમાવે છે કે દેશવિરતિનો પરિણામ સર્વવિરતિની લાલસાથી ભરેલો હોય એટલે જેનામાં સર્વસંયમની ઇચ્છા નહી તેનામાં દેશ સંયમનો પણ સાચો ભાવ નહિ અને સામગ્રીસંપન્ન દશામાં જો સંયમની ઇચ્છા ન પ્રગટે તો સમ્યક્ત્વ ગુણ પણ પ્રગટ્યો નથી એમ કહેવું પડે.

## વિરતિ શા માટે ?

આજે કેટલાકોને એમ થાય છે કે સાધુપણાની ઇચ્છા ન હોય એટલે શું ? અણુવ્રતાદિ લઇએ અને પાળીએ તે નકામાજ જાય ? પણ તેમને

વિચાર કરવા જેવો છે કે થોડીપણ વિરતિ સ્વીકારી શા માટે ? અવિરતિ તજવા લાયક જ છે અને વિરતિ જ આચરવા લાયક છે એવું હૈયામાં ઉગ્યું માટે ને ? જે તજવા લાયક જ લાગે તે બધું તજી ન શકાય એમ બને પણ મનમાં શું હોય ? અવિરતિ જો તજવા જેવી લાગતી ન હોય અને વિરતિ જો આચરવા જેવી ન લાગતી હોય તો થોડીક પણ જે વિરતિ કરી તે શા માટે કરી ? ભવિષ્યમાં અવિરતિના યોગમાં સારી રીતિએ આનંદ લૂંટી શકાય એ માટે ? અહીં વિરતિ કરવાથી ભોગ સુખો મળે અહીં મનને ભાવે તેવા ભોગ સુખો મળ્યા નથી માટે થોડીઘણી વિરતિ કરીએ તો ભાવીમાં ભોગ સુખો મનભાવતા મળે એવી કોઇ ઇચ્છા હૈયામાં બેઠી છે ? જો એવી ઇચ્છા હોય તો દેશવિરતિનો પણ સાચો પરિણામ હૈયામાં પ્રગટ્યો નથી એવું નક્કી થઇ જાય છે. અવિરતિમાં આનંદ લૂંટવાની ઇચ્છાથી કરેલી વિરતિ વિરતિના પરિણામોને પેદા કરનારી બને શી રીતિએ ? એ વિરતિના પરિણામોને પેદા કરે કે અવિરતિના રસને ગાઢ બનાવે ? અવિરતિમાં જેને સુખ ભાસે તેનામાં સમ્યગ્દર્શન ગુણ હોય નહિ. આપણે તો થોડી પણ વિરતિ એક નવકારશીનું પચ્ચક્ખાણ પણ વિરતિના પરિણામોને પેદા કરી શકે એવી રીતિએ કરવું છે ને ? સંસારમાં ભટકવાનું આપણને ગમતું નથી. આપણને આપણો સંસાર પર્યાય ખટકે છે અને ક્યારે આપણો મોક્ષ પર્યાય પ્રગટે એવી આપણી ઇચ્છા છે એ માટેજ આપણે થોડી પણ વિરતિને સેવીયે છીએ ને ? આપણી ઇચ્છા તો એવી જ કે આપણે અવિરતિનો સર્વથા ત્યાગ કરીએ અને સર્વવિરતિને સ્વીકારીને એકાંતે મોક્ષમાર્ગની આરાદના કરીએ પણ આપણે માટે અત્યારે અવિરતિનો સર્વથા ત્યાગ શક્ય નથી માટે જ આપણે દેશથી વિરતિ કરીએ છીએ. આવું તમારા અંતરમાં છે કે નહિ ? આ ભાવ ન હોય તો આ ભાવને પેદા કર્યા વિના છુટકો નથી.

## સંયમીને સાવધ રહેવું પડે

દેવભવના આયુષ્યના આશ્રવોમાં પહેલો આશ્રવ સરાગ સંયમ છે

અને બીજો આશ્રવ દેશવિરતિ છે આ બંન્ને આશ્રવોનો પરસ્પર સંબંધ છે. અવિરતિ તજવા જેવી જ છે એમ સંયમી પણ માને અને દેશવિરતિ પણ માને. સરાગ સંયમ એટલે શ્રી વીતરાગના શાસનની સાધુતા સર્વવિરતિ વિના મળે નહિ તમે હજુ સુધી સાધુ નથી થયા એટલે દેવગતિને પામવાનું એક કારણ અત્યાર સુધી તો ગયું ને ? જેમને દેશવિરતિપણું ન સ્વીકાર્યું હોય તેમના પહેલા બંને કારણો અત્યાર સુધી તો ગયા જ. વાત એ છે કે અવિરતિ તજવા જેવી જ છે અને ક્યારે હું જેટલા પ્રમાણમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં પણ અવિરતિને તજનારો બનું. એવું તમારા મનમાં ખરું કે નહિ ? વિરતિને નથી પામ્યા તેનું તમારા હૈયામાં દુઃખ તો ખરું ને ? સર્વવિરતિને પામેલાને પણ જ્યાં સુધી રાગ મોહનીયનો ઉદય વર્તતો હોય ત્યાં સુધી એના સંયમને જ સરાગ સંયમ કહેવાય. સંયમીને પણ જ્યાં સુધી રાગ મોહનીયનો ઉદય વર્તતો હોય ત્યાં સુધીનું આયુષ્ય બંધાય તો તે દેવગતિનું આયુષ્ય બંધાય. રાગ મોહનીયના ઉદયનું કામ બહુ વિલક્ષણ છે. રાગમોહનીયનો ઉદય વર્તતો હોય છે માટે સંયમીએ પણ બહુ સાવધ રહેવું પડે છે. મિથ્યાત્વ ય ગયું હોય અને અવિરતિ ય ગઇ હોય, મિથ્યાત્વનો કે અવિરતિનો ઉદય વર્તતો ન હોય તેમ છતાં પણ રાગ મોહનીયનો ઉદય વર્તતો હોય એટલે સરાગ સંયમ વાળો પણ જો સાવધ ન રહે તો રાગ મોહનીય જોરદાર બનીને અવિરતિને અને મિથ્યાત્વને ઉદયમાં લાવવામાં સફળ નીવડે એ બહુ જ શક્ય છે. આથી સંયમ લીધું એટલે કામ પતી જ ગયું એમ માનવાનું નથી. સંયમના પરિણામોને જાળવવાને માટે પણ સંયમીએ ઘણી કાળજી રાખવી જોઇએ છે.

## શ્રી વીતરાગને અને નિર્ગ્રન્થોને સેવતા પણ સાધુપણું એજ પામવા જેવું છે -એમ થયું ?

આ તો સંયમને પામેલાની વાત પણ જેઓ સંયમને નથી પામ્યા તેમણે શું કરવાનું ? હજુ પણ હું સંયમને પામ્યો નહી એવું દુઃખ મનમાં થાય

છે ખરું ? એ દુઃખ ક્યારે થાય ? અવિરતિ તજવા જેવી જ છે એમ લાગે તો ને ? તમે અવિરતિમાં બેઠા છો પણ અવિરતિમાં રહેવું એ તમને પસંદ તો નહી ને ? તમને એમ લાગે છે ખરું કે તમને જો અવિરતિ ખટકી જ હોત અને વિરતિ કરવાની ભાવનામાં તમે રમતા હોત તો આવીને આવી દશામાં તમે આટલી વયે પહોંચ્યા હોત નહિ ? અને તમારી ધર્મક્રિયાઓએ તમને અત્યાર સુધીમાં કેટલો બધો લાભ આપ્યો હોત ? તમને અવિરતિનો ગાઢ ઉદય છે એવો જો તમે અનુભવ કર્યો હોય તો તે કહો. અવિરતિએ તમને પકડી રાખ્યા છે કે અવિરતિને તમે પકડી રાખી છે ?

સભા૦ મનની આશક્તિ સંસારમાં છે.

સંસારમાં આશક્તિ એ મનની નબળાઇનો પણ એક પ્રકાર હોઇ શકે પણ મનની નબળાઇ એવી તો નહિને કે અવિરતિમાં જ આનંદ છે. અવિરતિ ખટકતી હોવા છતાં પણ મનની આશક્તિ સંસારમાં હોય એ બને પણ તે કેવી ? જે મન સંસારના સુખ તરફ ખેંચાય, જે મન વીરતીના પરિણામોને આવવા ન દે તેજ મન એમ પણ કહે કે આ ભૂંડુ થાય છે સંસાર તજવા જેવો છે, વિરતિ વિના ઉધ્ધાર નથી ક્યારે મારામાં વીરતીનો ઉલ્લાસ પ્રગટે. સંસારમાં આશક્તિ એવું પણ મન સંસાર પ્રત્યે ઉદાસીન ભાવ અનુભવે જેમ કેટલાક વ્યસનીયો વ્યસનને છોડી શકે નહિ, મન વારંવાર વ્યસનને સેવવા તરફ લલચાય. વ્યસનને સેવે ત્યારે ચેન અનુભવે છતાં પણ એ વાત એમના હૈયામાં બરાબર કોતરાયેલી હોય કે આ વ્યસન સારું નથી અને એથી એમને એ પણ થાય કે ક્યારે આનાથી છુટાય ? અવિરતિ એ બીજી કોઇપણ વસ્તુના વ્યસન કરતાં ખરાબ છે એમ લાગે છે ? અને વિરતિને પામવાના કોડ છે ?

સભા૦ પહેલાં આવા વિચારો થયા નહિ અને હવે વિચારો આવે છે પણ શરીરની અને મનની અશક્તિ અંતરાય કરે છે.

શ્રી વીતરાગના શાસનને આછું આછું પણ સમજીને ક્યારથી ધર્મ કરવા માંડ્યો ? ઘણા વર્ષો સુધી ધર્મ કરવા છતાં પણ સર્વવિરતિ એજ ધર્મ

છે એકલો ધર્મ સર્વવિરતિપણામાંજ છે અને આ બધી ક્રિયાઓ એ ધર્મને પામવાને માટે છે એ ખ્યાલ આવ્યો નહિ ને ? વર્ષો સુધી આ ખ્યાલ આવ્યો નહિ છતાં કરીએ છીએ તે ધર્મ ઘણો છે એમ માનો છો ને ? આવો સંતોષ અનુભવનારા ઘણા છે. વાત વાતમાં એમજ કહે કે આપણે તો ભાઇ ઘણું કરીએ છીએ એનાથી વધારે તો શું થાય ? સાધુઓને જુએ, સાધુઓને માને, સાધુઓને સેવે પણ મારેય કરવા જેવું આ છે આવો વિચાર આવે નહિ. ભગવાન પાસે જાય ભગવાનના ગુણ ગાય પણ હે ભગવાન મારે તારું સાધુપણું જોઇએ છે એવી પ્રાર્થના કરવાનું મન થાય નહિ ને ? શ્રી વીતરાગ દેવની અને નિર્ગ્રંથસાધુઓને સેવતા પણ જીવનમાં આજ પામવા જેવું છે અને બાકીની ધર્મક્રિયાઓ આને પામવાને માટે છે એટલે કે સાધુપણાને પામવામાં મને જે અંતરાય નડે છે તે આ ક્રિયાઓથી તૂટો. આવો ખ્યાલ વર્ષો સુધી કેમ આવ્યો નહિ ? તમે આ વાત સમજી જાવ તો તમારા છોકરાઓને પણ તમે આ વાત સમજાવી શકો. તમારા છોકરાઓને ઉન્માર્ગે જતા બચાવવા અને આ માર્ગમાં યોજવા એ તમારી જવાબદારી છે. તમે જો આ વાતને બરાબર હૈયામાં ઉતારીને છોકરાઓને સમજાવવાની મહેનત કરો તો બે કે પાંચ વર્ષે છોકરાઓ સુધરી જાય. પછી તો તમારા ઘરમાંથી સંયમીઓનો પાક થવા માંડે. આવું કાંઇક કરવું છે કે ખાલી વાતો માં જીંદગી ગુમાવી દેવી છે. આજે પણ જો ધ્યેયને સમજી શક્યા હો તો તમને શું નડતર છે તે વિચારો. આ ધ્યેયમાં તમે મક્કમ બનો તો તમને તમારા છોકરાઓ ઉંમર વટાવી જાય અને શરીરને નબળા પડી જાય તે પહેલાં આ પામે તો સારું એમ થાય.

## અહીં જેમ તમારૂં ઘડતર થયું તેમ તમે ઘરે સંબંધિઓ આદિનું ઘડતર કરી શકો

હવે તો તમે તમારા સ્નેહી સંબંધી આદિને કહેવાના કે આપણે ઘરમાં રહીને જે કંઇ ધર્મક્રિયાઓ કરીએ છીએ તે એ માટે કરીએ છીએ કે

આ ગૃહવાસથી આપણે છુટીએ ? સાધુપણાને પામવાને માટે આપણે આ મહેનત કરવાની છે. એમ હવે તો તમે કહેશો ને ? બધાને સમજાવશો ને કે જ્યાં સુધી સાધુપણાને આપણે પામીએ નહિં ત્યાં સુધી આપણે આ ભવના સારને પામ્યા નથી કેમકે દેશવિરતિપણું તો તિર્યંચગતિમાં પણ પામી શકાય છે અને સમ્યક્ત્વ તો નરકમાં પણ પામી શકાય છે પણ સર્વવિરતિ તો માત્ર આ મનુષ્યભવમાંજ પામી શકાય છે. નરક, તિર્યંચ કે દેવ ભવમાં પામી શકાય નહિ અને એક માત્ર આ ભવમાં જ પામી શકાય તો તે આ સર્વવિરતિ જ છે. એટલે આ ભવમાં તો સર્વવિરતિ પામવાનો પ્રયત્ન કરવો જ જોઇએ. આવી વાતો ઘરમાં છોકરાઓને કહેતા હો તો તમે રહી જાવ અને·એ પામી જાય એવું પણ બને ને ?

સભા૦ સાંભળે તેને કહીએ ને ?

અહીં આવનારાઓમાંના પણ કેટલાકો પુરુ સાંભળતા નથી. છતાં એ માટે ગુસ્સો કરીને અમે વ્યાખ્યાન બંધ કર્યું ? ચાલુ વ્યાખ્યાને કોઇ ઝોકા ખાય, કોઇ નવકારવાળી ગણે એ શું વ્યાખ્યાન સાંભળવાની રીત છે ? વ્યાખ્યાનમાં બરોબર વખતસર આવવું નહિ. વહેલા પણ ચાલ્યા જવું અને સાંભળવામાં લક્ષ્ય નહીં રાખતા બીજે, ત્રીજે ઠેકાણે લક્ષ્ય આપવું એવાઓ પણ છે ને ? કેટલાકો અહીં હા કહીને બહાર જઇને વિરુધ્ધ નથી બોલતા ? ઝોકા ખાવ છો ને ? એ વાતો અમે નહીં સાંભળતા હોઇએ ? છતાં તમે સાંભળવાને માટે નાલાયક છો એમ કહીને અમે વ્યાખ્યાન બંધ કેમ કર્યું નહિ ? ઉલટું અમે તો તમારામાં શ્રી જિનવાણીના શ્રવણને રસ પેદા કરવાનો પ્રયત્ન કરીએ છીએ. ભગવાને કહેલી વાત તમારી પાસે એવી રીતિએ મૂકવી કે જેથી તમને એ ગમી જાય અને કદાચ એના અમલનો પણ ઉત્સાહ પ્રગટી જાય. એ માટે અમે અમારામાં જે કાંઇ આવડત હોય તેને અજમાવીએ છીએ. અમને એમ થાય છે કે આ બધા અથવા આમાંના થોડાને પણ જો એમ થઇ જાય કે ધર્મ તો ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ જ કહેલો અને આ ભવમાં મારે સેવવા યોગ્ય હોય તો તે એ જ છે તો સારું.

તમે અહીં સાંભળવાને આવો અને તમને અવિરતિ તરફ અણગમો થાય નહી, વિરતિ સ્વીકારવાનું મન થાય નહિ, તમારો સંસારનો રસ ઘટે નહિ અને સંયમ એ જ સાધ્ય છે એમ જો તમને લાગે નહિ તો એ તમને ગમે નહિ. છતાં અમે તમારા ઉપર ગુસ્સે થઇએ નહિ. અમે તો દયા ચિંતવીયે કે બીચારાઓનું કર્મ એવા પ્રકારનું હશે અને એથી અમે તમારું એ પ્રકારનું કર્મ કેમ ભેદાય એની જ યોજના વિચારીએ કેમ આમ ? તો કે આના જેવો કલ્યાણનો કોઇ ઉપાય નથી એ વાત જેમ નક્કી છે તેમ ભારેકર્મી આત્માઓને આ ઉપાય રુચે નહિ અને રુચે તોય પ્રમાદાદિને લઇને અનેક પ્રકારની ભૂલો જીવોથી થઇ જાય એમ પણ આ શાસ્ત્ર કહે છે. તમને પણ જો આ ધ્યેય બરાબર લક્ષ્યમાં આવી જાય તો તમે તમારા છોકરાઓ આદિને આ ધ્યેયને સમજાવવાનો પ્રયત્ન કરી શકો. પછી તો તમે યોગ્ય તકોને શોધ્યા જ કરો અને જ્યારે તક લાગે ત્યારે તમને તે ન સાંભળે તોય તે પોતાના લાગતા હોય એટલે કહેવાનું મન થાય. જેમ અહીં તમારું ઘડતર એવું તો થઇ ગયું કે ત્યાગની વાત આવે તો તમને અરુચિ ન થાય અને ન બને તોય તમે નીચું ઘાલો પણ જે કહેવાય તે પ્રેમથી સાંભળો. પહેલાં ત્યાગની વાત આવતા કેવું થતું ? જરા નવાઇ લાગતી ને ? તેમ તમે પણ ક્રમે ક્રમે તમારા સ્નેહી, સંબંધીઓ આદિનું ઘડતર કરી શખો. વાત એ છે કે એ માટે તમે તમારા હૈયાને તૈયાર કરો અને મનમાં એવું સુનિશ્ચિત કરી લોક કે આપણે આ જીવનમાં સર્વવિરતિને પામી શકીએ કે ન પામી શકીએ તો પણ આ જીવનમાં ખરેખર પામવા લાયક કોઇ વસ્તુ હોય તો તે ભગવાને કહેલી સર્વવિરતિ જ છે.

## સર્વવિરતિની ઇચ્છાવાળા દેશવિરતિધર કેટલા ?

અહીં બેઠેલાઓમાં જેમણે દેશવિરતિનો સ્વીકાર કર્યો હોય એવાઓ તો ઠીક ઠીક સંખ્યામાં હશે ને ? કોઇએ પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો એ બારે વ્રતો લીધા હશે તો કેટલાકોએ એકાદિ થોડા પણ

વ્રતો લીધા હશે ને ? જેમણે દેશવિરતિ સ્વીકારી છે તે બધા સર્વવિરતિ સ્વીકારવાને સમર્થ નહિ હતાં એટલે જ દેશવિરતિ ધર બન્યા છે એમ માની લઉં ને ? દેશવિરતિધરનું મન તો એવું જ ને કે મારે અવિરતિથી છુટવું છે. પણ મારું શરીર એવું નબળું છે અથવા મારું મન એવું નબળું છે અથવા તો શરીર અને મન બંન્નેય એવા નબળા છે કે અવિરતિનો સર્વથા ત્યાગ મારાથી બની શકે તેમ નથી. એટલે અવિરતિનો દેશથી ત્યાગ તો હું કરું જ કે જેથી મારી દેશવિરતિ મારા સર્વવિરતિના અંતરાયને તોડનારી બને ? દેશવિરતિને સ્વીકારનારાઓમાં ક્યારે મારી મનની અને શરીરની અશક્તિ ઘટે અને ક્યારે હું સર્વવિરતિને પામું આવો અભિલાષ તો જીવંત હોય ને ? ક્યારે નબળું મન સબળું બને અને ક્યારે શરીર બળવાન બને કે જેથી હું સર્વવિરતિને પામું. આવી ભાવનાવાળા દેશવિરતિધર કેટલા ? આવી સામગ્રીના યોગમાં પણ જો સર્વવિરતિને પામવાનો અભિલાષ માત્રેય ન હોય તો સાવ ઉડી જવા જેવું થાય. કારણ કે એથી એવું નક્કી થાય છે કે એનો પરિણામ પાંચમા ગુણઠાણાનો તો નથી પણ ચોથા ગુણઠાણાનોય નથી. તમે જે દેશવિરતિધર છો તે કેવા છો ? સર્વવિરતિને પામવાની ઇચ્છા ખુબ ખુબ છે. તેમાં અંતરાય કરનારી મનની આશક્તિ ઉપર તિરસ્કાર છે અને જેઓ શરીરે અશક્ત હોય તેઓ કપાળે હાથ દે છે કે શરીર સંબંધી પુણ્ય ઓછું એટલે રહી ગયો આવા દેશવિરતિધર કેટલા ? જેનામાં સમ્યક્ત્વ હોય અને સર્વવિરતિ માર્ગની જેને જાણ હોય તેને સર્વવિરતિને પામવાની ઇચ્છા જ ન હોય એ બને નહિ. પૈસા હોય તો શું શું થઇ શકે એની જેને જાણ હોય તેને પૈસો મેળવવાની ઇચ્છા હોય કે ન હોય ? સંતોષી હોય તો વાત જુદી છે. તમે ધર્મની બાબતમાં સંતોષ કેળવ્યો છે ને ? પૈસા વગેરેની વાતમાં સંતોષ સારો અને ધર્મની વાતમાં અસંતોષ સારો. કારણ કે પૈસા વગેરે હેય છે જ્યારે ધર્મ ઉપાદેય છે. પૈસાની બાબતમાં સંતોષ એ ધર્મ અને ધર્મની વાતમાં સંતોષ એ અધર્મ. આ ધર્મ સેવવા યોગ્ય છે અથવા આરંભાદિ પાપોથી વિરામ પામવાથીજ કલ્યાણ છે આવું જેને સમજાયું હોય તેને વિરતિને પામવાનું જ મન હોય

અને જેમ જેમ વિરતિને પમાય તેમ તેમ વિરતિને પામવાની તેની ઇચ્છા વધતી જાય.

## સમકિતમાં સર્વવિરતિની ઇચ્છા

જેને સમકિત ઉચર્યું હશે દેશવિરતિ ઉચરી હશે તેને આ પામવાનો ખ્યાલ તો ખરો ને ?

સભા૦ સમકિત ઉચર્યું હોય તેમાં આ વાત શી રીતિએ આવે ?

ત્યારે સમકિતમાં ઉચર્યું શું ? સમકિતમાં કુદેવ, કુગુરુ અને કુધર્મનો ત્યાગ તથા સુદેવ, સુગુરૂ અને સુધર્મનો સ્વીકાર ખરો ને ? તમેવ સચ્ચમ્ નિસ્સંકં જં જિણેહિં પવેઇયં એ સમકિતમાં આવે કે નહિ ? ભગવાને જે કંઇ પ્રરૂપ્યું છે તે જ સાચું છે અને તેજ શંકા વિનાનું છે તો પછી ભગવાને મનુષ્યપણાની સફળતા અને મહત્તા શાથી ફરમાવી છે ?

સભા ૦ મનુષ્યપણામાંજ મોક્ષ પમાય છે ને ?

મોક્ષ પામે તે સર્વવિરતિને પામ્યા વિના મોક્ષ પામે ખરા ? સર્વવિરતિપણું આવ્યા વિના મોક્ષને પામી શકાય જ નહિ અને સર્વવિરતિપણું મનુષ્યભવ સિવાયના ભવોમાં પામી શકાય નહિ. ભગવાને આવું ફરમાવ્યું છે એટલે સર્વવિરતિને પામવાની વાત તમેવ સચ્ચં માં આવી કે નહિ ? સમકિતને પામેલો જીવ સર્વવિરતિને લઇ શકે નહિ એ બને સમકીત હોવા છતાં પણ સર્વવિરતિનું પાલન કરવા જોગી શક્તિ ન હોય એ બને પણ સર્વવિરતિના માર્ગને જાણવા છતાં સર્વવિરતિની ઇચ્છા ન હોય એ તો બને જ નહિ. સર્વવિરતિની ઇચ્છા કાં તો અજ્ઞાનને ન હોય, કાંતો જેનામાં સમ્યક્ત્વ ન હોય તેને ન હોય, લક્ષ્મીની ઇચ્છા કોને ન હોય ? કાં તો સાધુને ન હોય અને કાં તો અજ્ઞાનને ન હોય. સંતોષીને પણ જરૂર હોય તો લક્ષ્મીની ઇચ્છા થાય ને ? સાધુ તો એને જરૂર રાખે ને અને નિર્દોષ આહારાદી ન મળે તો કેમ ચલાવી લેવું એવો જ એનો નિર્ણય હોય તેમ સર્વવિરતિની ઇચ્છા કોને ન હોય ? કાંતો એ જરૂરી છે એવું જેને જ્ઞાન ન હોય તેને અને

કાં તો જેના હૈયામાં ધર્મ પરિણમ્યો ન હોય તેને. સમ્યક્ત્વ ઉચ્ચરવું એનો અર્થ એ છે કે સાધવા યોગ્ય મોક્ષ જ છે અને મોક્ષને સાધવાનો સાચો ઉપાય એક માત્ર ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ જ બતાવેલ છે એવી દ્રઢ માન્યતાનો સ્વીકાર. એને અવીરતી તજવા યોગ્ય જ છે એમ લાગે અને એથી એને ક્યારે હું સર્વવિરતિને પામું એવી ઇચ્છા થયા જ કરે. કારણ કે ધર્મ અવિરતિમાં નથી પણ વિરતમાં જ છે એવું સમજાવનારો વિવેક એનામાં પ્રગટ્યો છે.

## ૨. સર્વવિરતિ, દેશવિરતિ અને અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ વૈમાનિકનું જ આયુષ્ય બાંધે

જેમણે સમ્યક્ત્વ ઉચ્ચર્યું છે અથવા તો દેશવિરતિ ઉચ્ચરી છે દેશવિરતિ પણ સમ્યક્ત્વને ઉચ્ચર્યા વિના તો ઉચ્ચર્યાયજ નહિ એટલે એ ઉચ્ચરનારના હૈયામાં સર્વવિરતિને પામવાની ઇચ્છા ખરી કે નહિ ? સમ્યગ્દ્રષ્ટિ જીવનભર અવિરત રહે કે દેશવિરતિ ધર જીવનભરમાં સર્વવિરતિને ન પામે એ કોઇ નહિ જ બનવા જોગ વસ્તુ નથી પણ આપણી વાત હૈયાની છે. બેય પોતપોતાની અવિરતિથી છુટવાની ઇચ્છાવાળા હોય કે નહિ ? એમનું ચાલે, એમનું ઉપજતું હોય તો અવિરતિના અંશમાં પણ રહેવાનું એ પસંદ કરે નહિ એવું એમનું હૈયું ખરું કે નહિ ? ભગવાને કહેલી સર્વવિરતિને પામવાની જેનામાં ઇચ્છા હોય, જેનામાં એ સર્વવિરતિને પામવાની તાલાવેલી હોય તેનામાં દેશવિરતિપણું કે સમ્યક્ત્વ છે એમ જરૂર કહી શકાય. જેને મોક્ષ એજ આત્માનું સાધ્ય છે એમ લાગે અને ભગવાને કહેલો મોક્ષનો ઉપાય એજ એક સાચો ઉપાય છે એમ લાગે આ વિષયમાં જેની બુધ્ધિ સુનિશ્ચિત હોય તે સર્વથા અવિરત હોય તોય સમ્યગ્દ્રષ્ટિ જરૂર છે અને સાથે આંશિક પણ વિરતિ હોય તો દેશવિરતિ પણ જરૂર છે એવા આત્માઓની દેવગતિજ થાય. સર્વવિરતિના પરિણામવાળો દેશવિરતિના પરિણામવાળો અને સમ્યગ્દર્શનના પરિણામવાળો પણ અવશ્ય વૈમાનિકમાં જાય. આયુષ્યનો

બંધ પડતી વખતે જે આત્માઓમાં સર્વવિરતિના પરિણામ હોય અથવા દેશવિરતિના પરિણામ હોય અથવા એકલા સમ્યક્ત્વના પરિણામ હોય તો તે વૈમાનિકથી ઓછે જાય જ નહિ. પણ એટલું વિશેષ છે કે જે સમ્યક્ત્વના પરિણામવાળો અતિચારપૂર્વકના સમ્યક્ત્વવાળો હોય તો ભવનપતિ, વ્યંતર આદિનું પણ આયુષ્ય બાંધી શકે છે. સર્વવિરતિની તીવ્ર ઇચ્છા સમ્યગ્દ્રષ્ટિમાંજ હોય અને માનવીની એવી ખાલી પણ સાચી ઇચ્છામાં પણ એ ગુણ છે કે વૈમાનિકનું આયુષ્ય બંધાય.

સભા૦ પરિણામ સર્વકાળે સરખા હોય નહિ તો શું થાય ?

આયુષ્યનો બંધ પડતી વખતે સમ્યગ્દર્શન ગુણ હોય તો વૈમાનિકનુંજ આયુષ્ય બંધાય એટલે સમ્યગ્દર્શન ગુણની હાજરીમાં આત્મામાં એવા પરિણામો પ્રગટે જ નહિ કે જેથી બીજી કોઇ ગતિનું આયુષ્ય બંધાય. સમ્યક્ત્વની હાજરી હોય તો અવિરતિના પરિણામોમાં એવી તાકાત હોય જ નહિ કે એથી જીવને દુર્ગતિનું આયુષ્ય બંધાય. સમ્યગ્દર્શન ગુણની હાજરી એ કોઇ સાધારણ વસ્તુ નથી. જે વેપારી ખાતો હોય, પીતો હોય, હરતો ફરતો હોય એ વગેરે ક્રિયાઓ કરતો હોય તો એના મનમાં ઇચ્છા શાની હોય ? જેને વેપારનો રસ હોય તે ભોગ-ઉપભોગાદિ કરતો હોય ત્યારેય એના મનમાં વેપારની વાત રમતી હોય છે. જેમ તમે દુઃખ ભોગવો છો કે નહિ ? દુઃખ ભોગવતી વખતેય તમારી ઇચ્છા તો સુખની જ ને ? દુઃખ નહિ સહાવાથી રાડો પાડતો હોય, રડતો હોય પણ મહી ઇચ્છા સુખની જ હોય. સુખના સ્વરૂપને નહિ સમજનારને અજ્ઞાનને પણ ઓઘથીય ઇચ્છા સુખની હોય. તેમ સમ્યગ્દ્રષ્ટિને ઓઘથી પણ ઇચ્છા મોક્ષની જ હોય પણ સંસારની ઇચ્છા ન હોય. સંસારમાં રહેવું એ પાપ છે એમાં એને શંકા ન હોય એટલે એ સંસારમાં રહ્યો રહ્યો પણ સંસારથી છુટવાની ઇચ્છામાંજ રમતો હોય. એને સંસારમાં એ રહ્યો છે માટે સંસારના સુખની ઇચ્છા થાય એને માટે મહેનત કરે એ વગેરે બધું બને પણ મનમાં એમ તો ખરું જ કે ક્યારે આ બધાથી છુટાય ?

## સુદેવાદિને માને અને સંસારમાં લહેર છે એમેય માને ?

સભા૦ આમ લાંબુ જ્ઞાન ન હોય એટલે ભેદજ્ઞાન ન હોય પણ જે આ દેવાદિનેજ માનતો હોય આ દેવાદિની સેવામાંજ તત્પર રહેતો હોય બીજા દેવાદિને માનતો ન હોય તેનામાં સમ્યક્ત્વ ખરું કે નહિ ?

જેને તત્વનું જ્ઞાન વિશેષ ન હોય તેનામાં સમ્યગ્દર્શનગુણ નજ હોઇ શકે એમ કહેવાય નહિ. પણ આ દેવાદિનેજ માનતો હોય અને બીજા દેવાદિને ન માનતો હોય એવું તો કુસંસ્કાર આદિના યોગે પણ બને ને ? તમે સુદેવાદિને સેવનારા છો બીજા દેવાદિને સેવનારા નથી છતાં પણ સુદેવાદિના સ્વરૂપને જાણવાની ઇચ્છા કેટલી ? તક આવી જાય તો કુદેવાદિની માન્યતા કરતા અચકાવ ખરા ? સંસાર તરફ તમારો ભાવ કેવો ? અમે તો એવાઓનો પરિચય પણ કર્યો છે કે ધર્મની વાતમાં પ્રાણ દેવાની પણ તૈયારી ઘણીવાર બતાવી હોય પણ કોઇવાતમાં એને વાંધો પડે એટલે ખલાસ. અણીના અવસરે કહી દે કે તમે આવા ગુરુ છો એમ મેં ધાર્યું નહોતું. મારા સુખમાં તમે જ આડા આવશો એમ જ મને લાગ્યું હોત તો હું તમને ગુરુ તરીકે માનત જ નહી. કોઇના નહિ ને મારા છોકરાને દીક્ષા ? અથવા તો મને સંસારનું સુખ મલે એ આપને ગમે નહિ ? અમે કાંઇ કર્યું ન હોય માત્ર એને ભૂલ બતાવી હોય પણ સંસારનો રાગ એ વખતે એ બીચારાની પાસે શું નુ શું બોલાવી નાંખે. સમ્યગ્દર્શન ગુણને પામેલો સાવ જડ ચેતનના વિવેક વિનાનો હોય ? એની પાસે એકદમ અમલી જ્ઞાન ન મંગાય પણ એને એનો સામાન્ય ખ્યાલેય ન હોય ? શ્રી ધનાકાકંદિ શ્રી ખંધકમુનિશ્વર એ વગેરે મહાત્માઓનું ભેદજ્ઞાન મહાઅમલી હતું પણ સામાન્ય પ્રકારનું ભેદજ્ઞાનેય સમ્યગ્દ્રષ્ટિને ન હોય ? સંસાર ભૂંડો છે, તજવા જેવો છે અને પાપકર્મોનો યોગ જ સંસારમાં રાખનાર છે એવું સમ્યગ્દ્રષ્ટિને સામાન્યપણે પણ ન લાગે ? દેવ, ગુરૂ, ધર્મની શ્રધ્ધાય પુરી છે અને ઘરમાં રહેવું એમાંજ આનદ એ શ્રધ્ધાય પુરી છે તો એ શું સમ્યગ્દ્રષ્ટિ છે ? વાત કરે ત્યારે એમ કહે કે દેવ વીતરાગ જ જોઇએ, ગુરુ

ત્યાગીજ જોઇએ, ધર્મ સારોજ જોઇએ અને જ્યાં એને પોતાની વાત આવે એટલે કહે કે આપણે તો અહીં સંસારમાં લહે છે, તો એ સમ્યગ્દ્રષ્ટિ છે ? એને સમજાવાય કે હજુ સમ્યક્ત્વનો પરિણામ પ્રગટ્યો નથી. સમ્યક્ત્વ ગુણ પ્રગટ્યો હોય તો અવિરતિ માત્ર છોડવા જેવી છે એમાં એને શંકા હોય નહિ. સુદેવાદિને પણ માને અને ગૃહસ્થાવાસમાં જીંદગી સુધી મોજથી રહેવાય તોય વાંધો નહિ એવું પણ માને તો એનામાં સમ્યક્ત્વ નહિ ને ? આ કસોટીમાં કસીને તમે તમારામાં સમ્યક્ત્વ હોવાનું માનો છો ને ? પછી તમારી બધી કરણી ઉંચી કોટિમાં જવાની છે. સમ્યગ્દ્રષ્ટિનો થોડો પણ ધર્મ મહાલાભનું કારણ બને.

## તમારો નિર્ણય તમે કરો

સર્વવિરતિ હોય, દેશવિરતિ હોય કે અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ હોય એ ત્રણે માંથી એકેયને ઘરવાસ છોડવા જેવો છે અને વિરતિ સ્વીકારવા યોગ્ય છે એમાં શંકા જેવું હોય નહિ. તમે સર્વવિરતિથી નથી એ તો તમારું જીવન કે છે અને જેઓએ દેશવિરતિપણું નથી લીધું તેનામાંય એ નથી પણ સમ્યગ્દર્શન છેકે નહિ ? દેશવિરતિધર અને અવિરતિસમ્યગ્દ્રષ્ટિ ઘરવાસવાળા તો છે જ પણ ઘરવાસ છોડવા જેવો છે એમ તેઓ માને છે કે નહિ ? આટલું જાણવા છતાં પણ જેમને ઘરવાસ છોડવા જેવો નથી લાગ્યો તેમનામાં સમ્યક્ત્વ ગુણ નથી પણ તમારામાં તો એ ગુણ છે ને ? તમને તો તમારી દેવગતિ માટે શંકા નથી ને ? તમે કેવા પરિણામમાં વર્તો છો એનો નિર્ણય તમારે કરવો પડે અને તે વિવેક પૂર્વક. બીજા તો કલ્પના કરી શકે તમને લાગતું હોય તો તમે કહી શકો કે અમારામાં સમ્યક્ત્વનો અગર દેશવિરતિનો પરિણામ વર્તે છે. અમને અમારી જાત માટે તો એની શંકા નથી. પછી જ્ઞાની ન સ્વીકારી એટલે કે અમે ભૂલ ખાતા હોઇએ તો એ વાત જૂદી છે. આવો નિર્ણય કરવાને માટે તમારે વિચાર કરવો જોઇએ કે હું સંસારમાં રહ્યો તો છું પણ સંસારમાં રહેવું એ મને પસંદ છે ? હું સાધુ થયો

નથી પણ હું સાધુ નથી થઇ શક્યો તે મારે સાધુ નથી થવું માટે કે હું મારા મનની અને શરીરની નબળાઇથી સાધુ નથી થઇ શક્યો ? આવા આવા પ્રશ્નો તમે પોતે જ તમને પૂછો એ વિશે ઉંડાણથી વિચારો અને એના સાચા જવાબ મેળવો. એમ કરતાં કરતાં પણ ગુણ પ્રગટવાની વકી છે.

## દીક્ષામાં અટકાયત

સભા૦ છોકરો દીક્ષા લેવા તૈયાર થાય તો સમ્યગ્દ્રષ્ટિ માતા પિતા તેને અટકાવવાને મથે ખરા ?

સમ્યગ્દ્રષ્ટિ એવા પણ માતા પિતા મોહવશ દીક્ષામાં અટકાયત કરવાનો પ્રયત્ન કરે એ બનવા જોગ છે કેમકે ચોથે અગર પાંચમે ગુણસ્થાનકે બેઠેલો મોહવાળો નથી હોતો એવું નથી. એનામાં પુત્રાદિક પ્રત્યે રાગાદિક હોય તે સુસંભવિત છે પરંતુ એનો મોહનો ઉછાળો એને પોતાનેજ અણગમતો લાગતો હોય. એ અટકાવવાને મથે તોય અંદરથી રડે. છોકરો મક્કમ રહે તો એ જોઇને સમ્યગ્દ્રષ્ટિ માબાપ છોકરા ઉપર મોહ હોવાછતાં પણ મનમાં રાજી થાય. શ્રી મેઘકુમાર દીક્ષા લેવાને તૈયાર થયા ત્યારે તેમની સમ્યગ્દ્રષ્ટિ એવી પણ ધારિણી નામની માતાએ તેમને સંસારમાં રાખવાનો પ્રયાસ કર્યો છે. મેઘકુમાર દીક્ષા લેવાના વિચારને પડતો મૂકે એ આશયથી ધારિણી દેવીએ મેઘકુમારને ઘણી ઘણી વાતો કરી છે પરંતુ શ્રી મેઘકુમારે તો પોતાની માતાએ જેટલી જેટલી વાતો કહી તેના તેના એવા હૃદયા આપ્યા કે પછી માતા સમજી ગઇ. શ્રી મેઘકુમારની માતાની જેમ તેમના પિતા મહારાજા શ્રી શ્રેણિકે પણ પ્રયત્ન કરી જોયો હતો પણ શ્રી મેઘકુમાર મક્કમ રહ્યા તો એ પણ સમ્મત થયા. સમકિતીથી પણ મોહનું નાટક થઇ જાય એ બનવા જોગ છે. પણ આ સમકિતી છે અગર તો આ મિથ્યાદ્રષ્ટિ છે તેનું અંતર પાડવાનું સાધન શું ? મોહના આવેગમાં આવેલા પણ સમકીતીના કથનોને વિચારીએ તો એમના હૈયામાં ધર્મ છે એમ લાગ્યા વિના રહે નહિ. આજે તો દીક્ષામાં અટકાયત કરનારાઓ શું સમજાવે છે ? પણ પૂર્વે એવાય પ્રસંગો બન્યા છે,

સાધુપણાના આચારની કઠીનતા વર્ણવે કહે કે મેરૂપર્વતનો ભાર ઉપાડવો એ હજુ સહેલુ છે, લોઢાના ચણા ચાવવા એ પણ હજુ સહેલુ છે અને ભુજા માત્રથી મહાસાગરને તરવો એય હજુ સહેલું છે પણ સાધુપણું પાળવુ એ દુષ્કર છે. વાત એવી રીતિએ મૂકે કે કદાચ પેલો ઢીલો પડી જાય પણ જે કહ્યું હોય તેમાં કશુંપણ માર્ગવિરુધ્ધ કહ્યું ન હોય. સાધુપણાને લેતા રોકી લેવાની ઇચ્છાથી પણ માર્ગવિરુધ્ધ બોલે નહિ.

## જૈનકુળમાં જન્મેલાને દેવલોકના આયુષ્યના ઉત્તમ કારણો સુલભ છે

વાત એ છે કે જે વખતે આયુષ્યનો બંધ પડે તે વખતે જે જીવો સર્વવિરતિના પરિણામવાળા હોય, દેશવિરતિના પરિણામવાળા હોય અથવા તો સમ્યક્ત્વના પરિણામવાળા હોય તે જીવો વૈમાનિકથી નીચેના દેવસ્થાનના આયુષ્યને પણ બાંધે નહિ. આ ત્રણ કારણો તમારે માટે તો ઘણા સહેલા ગણાય. કારણ કે તમને તમારા પુણ્યે જૈનકુળ મળી ગયું છે. તમારો જન્મ જૈનકુળમાં થયો એના પ્રતાપે તમને તમે જન્મ્યા ત્યારથી શ્રી વીતરાગ દેવ અને નિર્ગ્રંથ ગુરુ મળી ગયા છે. તમે જે દેવને અને ગુરૂને માનો છો તેમના સ્વરૂપનો જો વિચાર કરો તોય તમને સર્વવિરતિ થવાનું અને સર્વવિરતિ ન થાવ તોય દેશવિરતિ થવાનું મન થાય. જગત માટે સમ્યક્ત્વને પામવું એ ભારે છે પણ તમારે માટે સમ્યક્ત્વને પામવું એ ભારે નથી. કેમકે તમે મોટા માણસના દીકરા જેવા છો. સુખી માણસને ઘેર જન્મેલાને જે કાંઇ ખાવા પીવાનું કે પહેરવા ઓઢવાનું મન થાય તેમાં એને વાંધો આવે ? લહેર કરી શકે ને એ ? તેમ તમે પણ પામવા ધારો તો સમ્યક્ત્વ અને વિરતિ જલ્દી પામી શકો ને ? જૈનકુળમાં જન્મેલાને દેવલોકના આયુષ્યના અને તેય ઉત્તમ પ્રકારના સાધનો મેળવવા બહુ સહેલા છે. તમારા પુણ્યના ઉદયે તમને આટલી સહેલાઇ કરી આપી છે. તમે કેટલું બધું પુણ્ય ખર્ચીને અહીં આવ્યા છો ? કેટલા મહાપુણ્ય તમને આ બધી સામગ્રી મળી છે ? એનો

તમે વિચાર કરો. તમારા પુણ્યે તમને છેક નીકટમાં લાવી મુક્યા છે. હવે તો તમે ખરીદ કરો એટલી જ વાર છે. બોલો ત્રણમાં ક્યું ગમે છે ? સર્વવિરતિ થવું ગમે છે, દેશવિરતિ થવું ગમે છે કે સમ્યગ્દ્રષ્ટિ થવું ગમે છે ? કહો કે ગમે છે તો બધું જ પણ સર્વવિરતિ સ્વીકારવાની અમારામાં શક્તિ નથી. દેશવિરતિને સ્વીકારવા માટેય અમે પાંગળા છીએ પણ સમ્યક્ત્વમાંથી જઇએ એવી અમારી જાત નથી. છેવટે આલટું તો કહી શકો છો ને ? સર્વવિરતિને સ્વીકારવાના પરિણામો આવી જાય તો બહુ ઉત્તમ. તે ન આવે અને દેશવિરતિધર બનવાનો ઉલ્લાસ જાગે તોય સારું પણ જેઓ એ બેમાંથી એકેયને સ્વીકારી શકે તેમ ન હોય તેઓ આટલી બધી સામગ્રીને પામીને સમ્યક્ત્વથી વંચિત રહે એ તો નહિ જ બનવું જોઇએ ને ? દેવગતિના આયુષ્યના જે બીજા કારણો કહ્યા છે તેમાં એવું નિશ્ચિત નહિ જ કે એ કારણોને સેવનાર વૈમાનિકમાંજ જાય, કદાચ ભવનપતિ વ્યંતર જ્યોતિષ્કમાં પણ જાય. પરંતુ આ ત્રણ કારણોમાં ઉપકારી મહાપુરુષો ખાતરી આપે છે કે જે વખતે આયુષ્યનો બંધ પડે તે વખતે સર્વવિરતિના પરિણામ હોય, દેશવિરતિના પરિણામ હોય કે સમ્યક્ત્વના પરિણામ હોય તો તમે વૈમાનિકથી ઓછાનું આયુષ્ય બાંધો જ નહિ. તેમાંય સમ્યક્ત્વને બરાબર સાચવી શકો તો દેવભવનું આયુષ્ય ભોગવીને મનુષ્યગતિમાં આવો અને મનુષ્યગતિમાં સર્વવિરતિને પામો એમેય બને. તમને સમ્યક્ત્વને સાચવવાની પણ અનુકૂળતા ઘણી છે જે જમાનામાં સડદર્શનની ધમાલ ચાલતી તે જમાનામાં સમકીતને સાચવવું એ મુશ્કેલ હતું. આજે માન્યતા ભેદ થવાની, એવી તક નથી. તે વખતે તો વાત વાતમાં સભાઓ ગોઠવાતી હોય, પંડિતો ચર્ચા કરતા હોય જેનામાં જે શક્તિ હોય તે તે શક્તિથી લોકને પોતાની માન્યતામાં ઘસડવાનો પ્રયત્ન કરતા હોય એવા વખતે તમારા જેવાની ટકવું મુશ્કેલ થઇ પડે. આજે તો તમે બહુ સહેલાઇથી પામી શકો અને સાચવી શકો એવું છે. તમારા હૈયામાં મોક્ષ વસી જાય અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલો ઉપાય એજ એક માત્ર મોક્ષનો સાચો ઉપાય છે એવું નક્કી થઇ જાય

તો તમને એથી ઉલટું સમજાવવાનો પ્રયત્ન કોણ કરે તેમ છે ? અને કોઇ કરે તો તેને તમે થોડાજ ફાવવા દો ?

## ઘરમાં રહેવા છતાંય મહેનત વિરતિના પરિણામોને પ્રગટાવવાની કરવી જોઇએ

તમે બધા સુદેવાદિને માનનારા છો ને ? તમને તો આ કુળના પ્રતાપે દેવ પણ સુ મળ્યા, ગુરુ પણ ભાગ્યયોગે સુ મળી ગયા અને ધર્મ પણ સુ મળ્યો છે. તમારે તો હવે એટલું જ નક્કી કરવાનું છે કે આ બધા સુ ની સોબત મને મળી ગઇ છે એટલે હવે મારે કુ રહેવું નથી. તમે જે દેવાદિને માનો છો તેમાં કોઇએ ઘરવાસને સારો કહ્યો છે ? કોઇનું સ્વરૂપ એવું છે કે જે સ્વરૂપના ચિંતનથી તમને એમ લાગે કે ઘરવાસ સેવવા જેવો છે ? તમારે કમથી કમ પરિણામનો પલટો તો લાવવો જ પડશે. ઘરવાસને છોડી શકો ને તોય ઘરવાસ છોડવા જેવો છે એ વાતમાં તો શંકા નહિ જ રહેવી જોઇએ. ઘરમાં રહેવા છતાંય મહેનત તો વિરતિના પરિણામોને પ્રગટાવવાનીજ કરવી જોઇએ. પરિણામ એ તો એવી અગત્યની વસ્તુ છે કે સારા પરિણામ વિના સારુ કામ પણ ધાર્યું ફળ નીપજાવી શકે નહિ અને ખરાબ કામ પણ સારા પરિણામવાળાનું બહુ ભુંડુ કરી શકે નહિ. માટે પરિણામ ઉપર મુસ્તાક રહ્યા વિના નહિ ચાલે. જે ધર્મક્રિયાઓ કરો છો તે વિરતિના પરિણામોનેજ પ્રગટાવવાના લક્ષથી કરો અને સંસારની ક્રિયાઓ કરતી વેળાએ પણ મને આવી ક્રિયાઓને કરાવાના કર્મથી ક્યારે મુક્તિ મળે એ વાતને મગજમાંથી ખસવા દો નહિ. જેનામાં સમ્યક્ત્વ હોય તેને જે ચીજ તજવા લાયક હોય તે ચીજ સેવવા લાયક લાગે ખરી ? ઘરવાસ તજવા લાયક છે એવી તો તમે પાકી ખાતરી થઇ ગઇ છે ને ? ઘરમાં ઘરવાસ તજવા જેવો છે એવું બોર્ડ રાખ્યું છે ? કોઇ દાડો છોકરાને ખોળે બેસાડીને પણ એ વાત કહી છે ? છોકરા છોકરીને પરણાવતા પણ કહ્યું છે કે તમે સાધુ કે સાધ્વી બનવાને તૈયાર નથી એટલે વધારે ખરાબ ન થાવ તે પૂરતું આ લગ્ન છે ? બાકી તો

આ કરવા લાયક ક્રિયા નથી. પાપની ક્રિયા છે. આવી વાતો અમસ્થિય કુટુંબને કહી છે ? છોકરા છોકરીને પરિણાવવા પડે એ બને. સમ્યગ્દ્રષ્ટિનેય પરણાવવા પડે એ શક્ય છે પણ તે વખતે હૈયામાં શું હોય ? સંજોગવશાત છોકરાને પરણાવવાનો વખત આવે, વરઘોડામાં લાલચોળ પાઘડી પહેરીને નીકળ્યાય ખરા પણ તે વખતે મનમાં એ વિચાર આવ્યો કે આવા દીકરાનો બાપ થઇને બેઠો છું માટે જે ક્રિયાને હું તજવા લાયક માનું છું તે ક્રિયાની જોગવાઇ મારે આ છોકરાને કરી આપવી પડે છે ! જે ઘરવાસ છોડવા જેવો છે તે મારે છોકરાને મંડાવવો પડે છે અને તેમાં મારે લાલ પાઘડી પહેરીને વરઘોડામાં નીકળવું પડે છે ! સંસાર તારી પણ બલીહારી છે કે તું મારી પાસેય આવું કામ કરાવે છે. સંસારમાં રહ્યો ન હોત તો મારે આવો વખત આવત નહિ. આવું કાંઇ મનમાંય થાય ખરું ?

## ભગવાનની પાસે લગ્નની વાત મૂકવી એમાંય ઇન્દ્રને જોખમ લાગતું

શ્રી આદિ તીર્થંકર ભગવાનનો લગ્નોત્સવ ઇંદ્ર જેવા સમ્યગ્દ્રષ્ટિને પણ કરવો પડે છે. પણ ઇન્દ્ર સમજે છે શ્રી ૠષભદેવ ભગવાનના ચરિત્રમાં એ વાત આવે છે. અવધિજ્ઞાનથી ભગવાનના લગ્નના સમયને જાણીને ઇંદ્ર પોતાનો આચાર સમજીને ભગવાનનો લગ્નોત્સવ કરવાને આવ્યા હતા પણ ભગવાનની પાસે લગ્નની વાત મૂકવી એ કાંઇ સહેલી વસ્તુ હતી ? ઇંદ્રે આવીને ભગવાનના ચરણોમાં પ્રણામ કર્યા બાદ, હાથ જોડીને ભગવાનને પહેલા તો એમજ કહ્યું કે આપ તો જ્ઞાનના નિધિ છો જ્ઞાનના નિધિ એવા આપને આપ અમુક કાર્યમાં પ્રવર્તો એમ કહેવું એ મૂર્ખ માણસનું કામ છે. એટલે જે કોઇ આપને અમુક કાર્યમાં પ્રવર્તાવવાને ઇચ્છે તેનું એ કાર્ય ઉપહાસને પાત્ર જ ઠરે. પરંતુ સેવકો કોઇક વાર કાંઇક સ્વચ્છંદી વચન પણ બોલે તોય આપ તો અતિ કૃપાળુ છો એટલે એવા પણ સેવકોને આપ કૃપાદ્રષ્ટિથીજ જુવો છો. સેવકોએ સ્વામિના અભિપ્રાયને જાણીનેજ બોલવું જોઇએ. છતાં અજાણપણે જે કાંઇ બોલાય તેથી આપ અવકૃપા કરશો નહિ. આવા ભાવની

ભૂમિકા કર્યા બાદ ઇંદ્ર કહે છે કે આપ જ્યારથી ગર્ભમાં આવ્યા ત્યારથી આપ વીતરાગ છો એમ હું માનું છું અને ચાર પુરુષાર્થોમાંથી બીજા કોઇપણ પુરુષાર્થની આપને અપેક્ષા નથી. પણ આપ મોક્ષપુરુષાર્થને માટેજ સજ્જ છો એમ પણ હું માનું છું. આમ છતાં પણ હે નાથ ! આપના દ્વારા જે મોક્ષમાર્ગ પ્રગટ થવાનો છે તેમ લોકોનો વહેવાર માર્ગ પણ સમ્યગ્પ્રકારે આપના દ્વારાજ પ્રગટ થવાનો છે. એટલે લોકવ્યવહારને માટે આપના પાણીગ્રહણનો મહોત્સવ કરવાની મારી ઇચ્છા છે તો આપ મને તેમ કરવા દેવાની કૃપા કરો. આમ કહીને ઇંદ્ર ભગવાનને કહે છે કે હે સ્વામીન્ ! શું મંગલા દેવી અને સુનંદાદેવી સાથે આપે વિવાહ કરવો એ યોગ્ય છે. એ બંન્ને કન્યાઓ પૃથ્વીના ભૂષણ સમાન છે, રૂપવતી છે અને આપને અનુકૂળ છે. ભગવાન્ શ્રી ઋષભદેવ સ્વામિજીને ઇંદ્ર જેવાએ પણ લગ્નની વાત આવી રીતિએ કહી છે. એ વખતે ભગવાનને રાગમોહનીયનો ઉદય નહોતો ? હતો. છતાંય ઇંદ્રે એ તારકને ગર્ભવાસથી આરંભીને આપ વીતરાગ છો એમ કેમ કહ્યું ? એ માટે કે રાગ મોહનીયનો ઉદય હોવા છતાં પણ એ તારકના પરિણામો વીરાગ પૂર્ણ હતા. શાથી ? નિર્મળ વિવેક અને નિર્મળ એવા ત્રણ જ્ઞાને એ સહીત હતા. સમ્યગ્દર્શન ગુણ જેનામાં પ્રગટે તેનામાં રાગમોહનીયનો ઉદય તો હોય પણ વિવેક આવ્યો એટલે વીરાગભાવ પ્રગટ્યા વિના રહેજ નહિ. ભગવાન હજુ તો અવિરતિમાં બેઠેલા છે. પણ એ તારકનું સમકિત બહુ જ નિર્મળ છે અને એથી સંસારમાં પણ એવા વિરાગભાવથી વર્તે છે કે ઇન્દ્ર જેવાનેય એ તારકની પાસે લગ્નની વાત મૂકવી એ જોખમકારક લાગે છે. ઇંદ્રે લગ્નની વાત કરી એટલે ભગવાને અવધિજ્ઞાનથી જોયું કે મારું ભોગફળ કર્મ એવું દ્રઢ છે કે ત્રેસઠ લાખ પૂર્વ જેટલો કાળ મારે એ ભોગવવાનું જ છે. જ્યારે ભગવાને અવધિજ્ઞાનથી જાણ્યું કે આ ભોગફળ કર્મને ભોગવ્યા વિના છુટકો થવાનો નથી ત્યારે ભગવાનનું માથુ હાલી ગયું છે, મુખ નીચું નમી ગયું છે અને કર્માયેલા કમળ જેવો એ તારકનો ચહેરો થઇ ગયો છે. ભગવાન

આમ મૌન રહ્યા એટલે ઇંદ્રે ભગવાનની સંમતિ સમજી લઇને લગ્નને લગતું કાર્ય શરૂ કરી દીધું. હવે કોઇ પૂછે કે ભગવાન કેમ પરણ્યા ? તો શું કહેશો ? ભગવાન વિષયરાગથી પરણ્યા એમ કહેશો ? ભગવાનને પણ પરણવાનો મોહ થઇ ગયો હતો એમ કહેશો ? એવું બોલવાનું પાપ ભૂલેચૂકે પણ થાય નહિ તેની કાળજી રાખજો. ભગવાન શ્રી અરિહંતદેવોનું અંતિમ ભવનું જીવન જ્ઞાનપ્રધાન હોય છે. અંતિમ ભવમાં એ જે કાંઇ કરે તે કર્મને ખપાવવાને માટે જ કરે. એ તારકોના અંતિમ ભવના જીવન વિષે જરાય ઘસાતું બોલવું એ મહાપાપના ઉદય વિના બને નહિ.

## સમ્યગ્દ્રષ્ટિને કેવા વિચારો આવે ?

તમે પરણ્યા ત્યારે તમને કંઇ વિચાર આવેલો ખરો ? આ પાપમાં મારે પડવું પડે છે એવી શરમ આવેલી ખરી ? પરણેલા તે ઉત્સાહમાં કે શરમીંદા બનીને નીચે મોઢે ? કદાચ તમારા લગ્ન થયા ત્યારે તમે અજાણ હશો એ વખતે તમને ગમ નહિ હોય પણ તમે જ્યારે તમારા દિકરા દીકરીના લગ્ન કર્યા ત્યારે તમને ગમ હતી કે નહિ ? કે એ બધું પતાવ્યા પછી તમે સમ્યક્ત્વને પામ્યા છો ? દીકરા દીકરીના લગ્ન વખતે લાલ પાઘડી પહેરી હશે ત્યારે એમ મનમાં થયેલું કે મારે આવા કામમાં લાલ પાઘડી પહેરીને ફરવાનું ? શું નાટક છે મારું ? કેવા સંજોગોમાં હું ફસાણો છું ? કે મારે આ વેશ ભજવવો પડે છે ? હૈયામાં સમ્યગ્દર્શન ગુણની છાયા હોય તો આત્માને કેવો વિચાર આવે તેની આ વાત છે. તેવા વખતે તમે મહાલ્યા હશો તો તમને એમ લાગે છે કે હું તે વખતે કેવો બેવકુફ બન્યો હતો ? તમારા ઘરમાં બધા સુખી હોય, લહેર કરતા હોય, દીકરાય સુખમાં હોય અને દીકરીને ઘરે પણ સુખ હોય તે વખતે તમને એ વાતનું કદી પણ દુઃખ થાય ખરું કે આ બધાને હું સંસારથી ખસેડી શકતો નથી ? હું કમનસીબ એવો છું કે શરીર ખરાબ મલ્યું છે અને મન પણ નબળું છે એટલે સંસારમાંથી નીકળી શકતો નથી અને આ બધાને હું વીરતી પમાડી શકતો નથી ! આવો વિચાર કોઇ દિ

આવેલો ખરો ? તમારા છોકરાના છોકરાને રમાડવાને માટે કોઇ તમારા હાથમાં આપવાને માટે આવે તો તમે એને લો, રમાડો પણ તે વખતે તમને મનમાં એમેય થાય ખરું કે અરેરે શું મોહ છે ? મારા છોકરાને આ છોકરો વહાલો લાગે છે. પણ આ છોકરો એના પ્રાણે લે તો એમાંય નવાઇ નહિ. આ તો સંસાર છે કર્મનું નાટક છે કેટલાયના છોકરા બાપને હેરાન કરનારા નીવડ્યા છતાં છોકરો સમજતો નથી. આના રાગમાં છોકરો ભાનભૂલો ન બને તો સારું. આવો કોઇ વિચાર આવે ખરો ? સમ્યગ્દ્રષ્ટિ આત્માની મોહનીય ક્રિયા કરતી વખતે પણ મોહની ભયંકરતાનો વિચાર આવે તો એમાં નવાઇ નથી.

## સંતોષી અને અસંતોષીના સુખના અનુભવમાં જેમ ફેર, તેમ સમકિતી ને મિથ્યાદ્રષ્ટિમાં ફેર

બીજાઓ દેવલોકમાં જાય અને આ દેવલોકમાં જાય એમાં બહુ ફેર. ઋધ્ધિ આદિનો ફેર તો ખરો જ પણ સુખનો અનુભવ કરવામાંય ઘણો ફેર. સમકિતી નીચેના દેવલોકમાં પણ જેવો સુખનો અનુભવ કરી શકે તેવો સુખનો અનુભવ મિથ્યાદ્રષ્ટિ ઉચ્ચ દેવલોકમાં પણ કરી શકે નહિ. મિથ્યાદ્રષ્ટિ આત્મા બીજાઓની અધિક ઋધ્ધિ આદિને જુવે એટલે એનામાં એની ઇચ્છા અને પેલાની ઇર્ષા પ્રગટે એથી એ જે મળ્યું છે તેને સુખે ભોગવી શકે નહિ અને જે નથી મળ્યું તેની ઇચ્છાદિકથી મનમાં રીબાયા કરે. સમ્યગ્દ્રષ્ટિ તો વીરાગી હોય એટલે બીજાને વધુ મળ્યું હોય તે જોઇને બળનારો ન હોય. અને જે પોતાને મળ્યું છે તેમાં તેની અતિ લોલુપતા ન હોય. તમે સંતોષના અને અસંતોષના સુખનો અને દુઃખનો અનુભવ કર્યો છે કે નહિ ? જેનામાં સંતોષ હોય છે તે મહિને પચાસ રૂપિયા લાવતો હોય છે તો પણ લહેરથી જીવે છે અને લાખોપતિ પણ જો અસંતોષી હોય છે તો તે સુખે જીવી શકતો નથી. એકના હૈયામાં ખુબ નિરાંત અને બીજાના હૈયામાં ઉપાધિનો પાર નહિ. આ ઉપરથી તમે વિચારો કે એક આત્મામાં સમ્યક્ત્વના પરિણામ

વર્તતા હોય અને બીજા આત્મામાં મિથ્યાત્વના પરિણામ વર્તતા હોય તો એકની એક સ્થિતિ અને એકની એક ક્રિયામાં પણ એ બે વચ્ચે કેટલો ભેદ પડે ? સમ્યક્ત્વના પરિણામ અને મિથ્યાત્વના પરિણામ કેટલો ફેર પાડે ? સંતોષ સામાન્ય ગુણ હોવા છતાં પણ જેનામાં સંતોષ હોય છે અને જેનામાં અસંતોષ હોય છે એ બે વચ્ચે મોટો ફેર પડે છે અને સંતોષી થોડામાંય લહેર કરે છે તો સમ્યક્ત્વ જેનામાં હોય તેને કેવો અનુભવ થાય ? સમ્યક્ત્વ તો સંતોષથી ઘણો મોટો ગુણ છે ને ? સમ્યક્ત્વ ગુણ તો દુઃખમાં રીબામણ થવા દે નહિ અને સુખમાં ઉન્મત્ત બનવા દે નહિ. સમ્યક્ત્વ તો મનને મોક્ષ તરફ અને ભગવાને કહેલા મોક્ષના ઉપાયને આચરવા તરફ ખેંચ્યા કરે. સમ્યક્ત્વની હાજરી આત્માના પરિણામોમાં કેવી જબ્બર અસર ઉપજાવે છે ? અવિરતિ પણ સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય અને તિર્યંચ આયુષ્યના બંધ વખતે જો સમ્યક્ત્વની હાજરી હોય તો વૈમાનિકથી ઓછું આયુષ્ય ઉપાર્જે જ નહિ.

## ૩. અકામ નિર્જરા

અકામ નિર્જરા એ પણ દેવલોકના આયુષ્યના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે. નિર્જરા સકામ અને અકામ એમ બે પ્રકારની ગણાય છે. સકામ નિર્જરા મુખ્યત્વે યતિઓને હોય છે. સકામ નિર્જરા અવિરતિ સમ્યગ્દ્રષ્ટિઓનેજ હોઇ શકે છે. પરંતુ મિથ્યાદ્રષ્ટિ આત્માઓને સકામ નિર્જરા નથી જ હોતી એવું નથી. મિથ્યાત્વની મંદતા આદિના યોગમાં મિથ્યાદ્રષ્ટિ આત્માઓને પણ સકામ નિર્જરા થાય એ સંભવીત છે. કર્મ નિર્જરાના હેતુથી કરેલી પ્રવૃત્તિ આદિના યોગે જે કર્મનિર્જરા થાય તે સકામ નિર્જરા કહેવાય. પાપની ક્રિયા કરતાં પણ થાય કે આ ગયા વિના આત્માનું હિત થવાનું નથી. આત્માને કર્મથી વિખુટો પાડવાની જે ઇચ્છા તે સકામ નિર્જરાનું મૂળ છે. અકામ નિર્જરા એટલે આવી પડેલા દુઃખાદિને વેઠતાં જે કર્મ નિર્જરા થાય તે. દુઃખાદિને વેઠતા પણ ઘણી કર્મ નિર્જરા થાય છે અને એથી તો દેવલોકનું

આયુષ્ય પણ બંધાઇ શકે છે. નારકી મરીને નારકી ન થાય, તેમાં પણ પ્રધાન કારણ અકામ નિર્જરા છે. દુઃખ વેઠતાં વેઠતાં આ અકામ નિર્જરા થાય પણ તેમાંય જીવ જો દુર્ધ્યાનાદિમાં પડી જાય તો નિર્જરા તેનાથી વધારેનોય બંધ પડી જાય એવાની અકામ નિર્જરા થી દેવલોકના આયુષ્યનો બંધ થાય નહિ. કેટલાક નબળા એવા હોય છે કે માર પડે તો એવો વિચાર કરે કે શું કરીએ ? આપણામાં જોર નહિ એટલે સૌ મારે. આપણે નબળા છીએ માટે માર ખાઇ લેવો, મારનારનો વિચાર કરવાને બદલે પોતાની નબળાઇનો વિચાર કરે અને મનને શાંતિમાં રાખે. જો કે આ અકામ નિર્જરા છે છતાં એ વખતે દેવલોકાદિના આયુષ્યનો બંધેય પડી જાય. જ્યારે કેટલાક નબળા એવા હોય છે કે એને મારનારને એ ગાળ દીધામાંથી જાય નહિ. મોઢે ગાળ દેવાય તેમ ન હોય તો પાછળેય ગાળ દે. મનમાં પેલાના ઉપર ગુસ્સો કર્યા જ કરે આવાને ખરાબ ગતિના આયુષ્યનો બંધ પડી જાય એટલે અકામ નિર્જરા એ કંઇ દેવગતિનું આયુષ્ય બાંધવાનું નિશ્ચિત કારણ ન કહેવાય. સર્વવિરતિ આદિ કારણો અવ્યભિચારી કહેવાય અને આવા કારણો વ્યભિચારી કહેવાય. દુઃખાદિને વેઠતાં પરિણામ જળવાઇ જાય તો કારણ બની જાય બાકી નક્કી કહેવાય નહિ.

## ૪. કલ્યાણમિત્રનો સંપર્ક

કલ્યાણમિત્રનો સંપર્ક એ પણ દેવગતિનું કારણ બની શકે છે. મિત્ર કરવા ગમે તો સારા માણસોનેજ મિત્ર કરવા ગમે. એ પણ ભવિષ્યના અભ્યુદયની એટલે કે કલ્યાણના ઉદયની સૂચક વસ્તુ છે. મૈત્રી કરવી તો તે એવા માણસની જ કરવી કે જે આપણને સુખમાં અને દુઃખમાં કલ્યાણકારી સલાહ આપે. કલ્યાણમિત્ર તે કહેવાય કે જેના સહવાસથી, જેના પરિચયથી પાપની બુદ્ધિ જાગે તો નહિ પણ પાપની બુદ્ધિ હોય તોય તે નાશ પામી જાય. તમને કેવા માણસની મૈત્રી કરવી ગમે ? તમે મળો ત્યારે આત્માની, પુણ્યપાપની, પરલોકાદિની વાતો કરે તેવાની મૈત્રી કરવી તમને ગમે ? કે

તમારી પાસે બેસીને ગામ ગપાટા હાંકે એવાની મૈત્રી કરવી તમને ગમે ? મોટે ભાગે દેવલોકગામિ જીવોને ખરાબ મિત્રોનો યોગ ન ગમે એને મિત્રો ગમે તો કલ્યાણ મિત્રો ગમે એવાઓ હોય છેકે જેઓ કોઇ સારી આત્માના હીતની વાતો કરનાર મળી જાય તો તેની સાથે બે કલાક બેસી રહે અને નકામા તથા નુક્શાન કારીવાતો કરનાર પાસેથી ઝટ ઉઠી જાય. એવા સ્થાને હોય કે ઝટ ઉઠી શકાય તેમ ન હોય અને વાતો સાંભળ્યાજ કરવી પડે તેમ હોય તો એમને ઉઠી જવાનું મન થયા કરે. કોઇની નિંદાદીની અનીતિ આદિની અને અર્થ કામની વાતો કરનાર ગમે નહિ. તમને ધંધા ધાપાની વાતો કરનાર બહુ ગમે કે ધર્મની વાત કરનાર બહુ ગમે ? જગતની વાતો કરનાર મળે એ ગમે ? કે આત્માની વાતો કરનાર મળે એ ગમે ? જેને કલ્યાણ મિત્રનો સંપર્ક ગમે તે દેવલોકે જાય કારણ કે આત્માના પરિણામમાં કૂણાશ આવ્યા વિના અને ધર્મ તરફનું આંશિક પણ વલણ આવ્યા વિના કલ્યાણ મિત્રોનો સંપર્ક ગમે નહિ. આ ઉદ્યમસાધ્ય વસ્તુ છે એટલે કે ઉદ્યમથી અથવા પુરૂષાર્થથી પેદા કરી શકાય એવી વસ્તુ છે. આમાં તમે પુરૂષાર્થ કરો તો તે ફળે એવો છે. સારી વાત તરફ સદ્ભાવ હોય અને ખરાબ વાત તરફ અણગમો હોય તો કલ્યાણ મિત્રનો સંપર્ક રુચે. કલ્યાણ મિત્રના સંપર્કમાં રહેનારો પ્રાયઃ દુર્ગતિમાં જાય નહિ. કારણ કે એની માનસિક સ્થિતિ એને દુર્ગતિમાં ઘસડી જાય તેવી હોય નહિ અને કલ્યાણ મિત્રના સંસર્ગના પ્રતાપે એના પરિણામોમાં ઘણો સુધારો થયા જ કરે એટલે એ દેવગતિનું આયુષ્ય બાંધે એમાં નવાઇ પામવા જેવું નથી.

## ૫. ધર્મશ્રવણશીલતા

જેનામાં ધર્મશ્રવણશીલતા રૂપ ગુણ હોય છે તે પણ દેવગતિના આયુષ્યને ઉપાર્જનારો બને છે. સ્વભાવ જ એવો કે ધર્મનું શ્રવણ કરવાનું મન થયા કરે, જ્યાં ધર્મશ્રવણની તક હોય ત્યાં દોડી જવાનું એવા સ્વભાવવાળાને મન થઇ જાય આવું ક્યારે બને ? ધર્મનો અનુરાગ હૈયામાં પ્રગટ્યો હોય

તો. ધર્મનો અનુરાગ પ્રગટ્યા પછી ધર્મશ્રવણનો સ્વભાવ બની જાય તો ધર્મનો અનુરાગ વધી જાય નહિ તો એ અનુરાગનો વિલય એટલે કે નાશ થતા વાર લાગે નહિ. સદ્‌ધર્મ કોને કહેવાય અને અસદ્‌ધર્મ કોને કહેવાય એનો વિવેક ન પ્રગટ્યો હોય તે છતાં પણ ધર્મને સાંભળવાનો સ્વભાવ હોય તો દેવગતિનું આયુષ્ય બંધાય. ધર્મશ્રવણ કરવાની વૃત્તિવાળા આત્માઓમાં પાપનો રસ જોરદાર હોઇ શકતો નથી. બદઇરાદે એટલે કે ખરાબ ઇરાદે ધર્મશ્રવણ કરવાની વાત જુદી છે બાકી ધર્મની અભિરુચિથી ધર્મનું શ્રવણ કરવાનો સ્વભાવ પાપ પ્રત્યે જુગુપ્સા પ્રગટ્યા વિના આવે નહિ એને ધર્મશ્રવણ કરતાં હૈયું હાલે અને એથી પાપ કરતાં પણ એમ થાય કે મારે આ નહિ કરવું જોઇએ. તમારામાં આ ગુણ તો છે ને ? ધર્મનું શ્રવણ કરવાનો યોગ હોય ત્યારે તો તમે ધર્મશ્રવણ કરવાને ચૂકો જ નહિ ? ધર્મશ્રવણ કરવાની સગવડતા હોય તો તમે બગાસા ખાતા બેસી રહો પણ ધર્મશ્રવણ કરવા ન જાવ એવું તો બને નહિ ને ? ધર્મશ્રવણનો સ્વભાવ વિષય અને કષાય ઉપર કાબુ આવ્યા વગર આવે નહિ. રૂઢિ આદિથી ધર્મશ્રવણ કરવાની જનારાઓને પણ જો બરાબર ધર્મશ્રવણ કરે તો જરૂર લાભ થાય પણ ઉંઘ કાઢવાનું કામ એ વખતેજ કરે તો શું થાય ?

સભા ૦ કેટલાક તો શોખથી આવે છે.

શોખથી આવે તોય આંખ મીંચાય નહિ. જેનો જેને શોખ હોય તે તેને માટે ત્યારે જ ઉંઘવા માંડે એવું બનતું સાંભળ્યું છે ? મુદ્દો એ છે કે પાપનો રસ ઘટે અને ધર્મનો રસ પ્રગટે તોજ સાચી ધર્મશ્રવણ શીલતા આવે.

## ૬. પાત્રદાન

પાત્રદાન એ પણ દેવલોકના આયુષ્યના આશ્રવો પૈકીનો એક છે. આમાં દાનરુચિની સાથે પાત્રની પણ રુચિ છે. સારુ પાત્ર દેખાય ત્યાં દાન કરવાની વૃત્તિ અધિક થાય અત્યારે આપણે પાત્ર અપાત્રની ચર્ચામાં ઉતરતા નથી કેમકે તમે સમજો કે એકાંતે મોક્ષમાર્ગની આરાધના કરનાર અને જે

કોઇ મળે તેને મોક્ષમાર્ગમાંજ પ્રવર્તાવવાની વૃત્તિવાળાઓના જેવું ઉત્તમ પાત્ર એક પણ નથી. પાત્રદાનની વૃત્તિવાળામાં સારો ભાવ સહેજે હોય કેમકે એની નજર પાત્રતા તરફ પણ છે. મહાત્માને જોતા એને થાય કે મારું કંઇ પણ આવા મહાત્માના ઉપયોગમાં આવે તો સફળ થાય. પાત્રતા તરફ નજર એ ધર્મ તરફ નજર છે. ધર્મના સાધકોને ધર્મની સાધનામાં સહાયક બનવાની વૃત્તિ એ ધર્મની અભિરુચીની સૂચક છે. સુપાત્રએ કરેલું થોડુપણ દાન મહાલાભનું કારણ બને છે. કારણ કે દાનની વસ્તુનો એના જેવો કોઇ સદ્ઉપયોગ નથી. તીર્થક્ષેત્રમાં તો પાત્રદાનની ભાવનાને ખુબ ખુબ ખીલવવી જોઇએ.

## ૭. તપ તો નિર્જરાનું પરમ કારણ છે

તપમાં પણ એ તાકાત છે કે તપના આચરણરક્ત રહેનારો દેવગતિના આયુષ્યને ઉપાર્જે. કેટલાકો તપમાં બહુ ટેવાઇ ગયેલા હોય છે, વાત વાતમાં ઉપવાસ, છટ્ઠ, અઠ્ઠમ આદિ કરનારાઓ છે. તકની જોડે જેમને એવો મેળ થઇ ગયેલો હોય છે તેઓ ઝટ દેવલોકમાં જાય છે. તપ કાંઇ તકલીફ વેઠ્યા વિના થઇ શકતો નથી. સાચો તપ તો એ છે કે જે શરીરને તપાવવાની સાથે કર્મને પણ તપાવે. તપ એ નિર્જરાનું પરમ કારણ છે. પોતાના મન, વચન, કાયાના યોગોને તપમાં યોજનારને જો તેનામાં વિવેક હોય તો મુક્તિય મુશ્કેલ નથી. તો દેવલોકનું પૂછવું જ શું ? જેઓ તપ કરતા નથી અને સુતેલા તપસ્વીને જોઇને તેની ટીકા કરવામાં આનંદ માને છે તેઓ તપના ભાવને પણ ક્યાંથી પામવાના ? તપ નહિ કરી શકનારના હૈયામાં પણ તપની કિંમત જોઇએ. પોતે તપ નથી કરતો અને પોતાની એ નબળાઇને છુપાવવાને માટે તપસ્વીઓની ટીકા કરે છે એ તો બેવડુ પાપ બાંધે છે. તપસ્વીને શું થતું હશે તે સમજવું હોય તો તપ કરી જુઓ, અનુભવ થાય તો ઝટ સમજાય. અણસમજથી નિંદા કરનારાઓ પણ અનુભવે સુધરી ગયા છે. એક ઠેકાણે ઉપધાન હતા ત્યાં એક ભાઇ એવા હતા કે બહાર બેસીને રોજ

ઉપધાન તપ કરનારાઓની કુથલી કર્યા કરે. જ્યારે તક મળે ત્યારે એ કહે કે બધા માલ મલીદા ઉડાવવાને ભેગા થયા છે. ઉપધાનની રસોઇ તો જુઓ. સત્તર જાતની મીઠાઇ. પછી કહે છે કે અમે તપ કરીએ છીએ એમાં બન્યું એવું કે એમના કોઇ સગાએ શ્રી ઉપધાન તપમાં પ્રવેશ કરેલો અને એથી એમના તરફથી એક ટોળી રખાયેલી. લોક વ્યવહારથી એમને પણ ટોળીમાં ભાગ રાખેલો. એટલે એ પીરસવાને માટે અંદર આવ્યા. એમને જોયું કે આટલી બધી ચીજો છે પણ આ તપસ્વીઓ તો માંડ માંડ થોડું ખાઇ શકે છે. અડતાલીશ કલાકે ખાવાનું મળે તે શું ખવાય ? પછી તો પોતે જાતે આગ્રહ કરી કરીને પીરસવા લાગ્યા. સારામાં સારી મીઠાઇ એમણે પીરસવા માંડી પણ તપસ્વીઓથી ખાઇ શકાય તેમ હોય તો લે ને ? એ વખતે એમને થઇ ગયું કે આટલી પણ ચીજો ઓછી ગણાય કેમકે અડતાલીશ કલાકે એકવાર ખાવાનું તે કાંઇક પણ ભાવે તો થોડુંય ખાઇ શકે ને ? આટલા અનુભવથી એમના વિચારો ફરી ગયા પછી તો એમણે મારી પાસે આવીને પહેલા તપસ્વીઓની જે નિંદા કરેલી તે માટે રડતે રડતે માફી માંગી. તેમ જેને એમ લાગતું હોય કે તપસ્વી સુવે કેમ ? તે એકવાર તપ કરી જુવે તો ખબર પડે. જ્ઞાની તો એમ પણ કહેશે કે આમ તપ ન થાય. તપ કરો પણ તે શક્તિને સમજીને કરો. તપ એવી રીતિએ કરો કે બીજી જરૂરી ક્રિયાઓ સીદાય નહિ. પણ તમારે તપ કરવો નહિ અને ટીકા કર્યા કરવી એ છાજે નહિ. તમે ટીકા કરશો તો દુર્ગતિમાં જશો અને આ સુતે સુતે તપ કરનારો પણ સદ્‌ગતિમાં જશે. તપ કરવાનું મન થયા કરે તપ કરવાના કોડ થયા કરે તો પણ એથી ઘણો લાભ થાય. અજ્ઞાન તપ ન ફળે એ વાત જુદી તેનો અર્થ એ છે કે એ તપથી જે સુંદર ફળ મળવું જોઇએ તે ન મળે પણ દેવલોકાદિ ન મળે એમ નહી. તપસ્વીને ઉલટી થાય આડા પડે પણ ખાય નહિ એ ઓછી વાત નથી. જે પચ્ચક્ખાણ લીધું તે ચેન કેન પણ પુરુ કરવું તે સહેલી વાત નથી. એ વખતે મનના પરિણામ બગડે નહિ અને તપના પરિણામ ટક્યા રહે એની કાળજી જરુર રાખવી જોઇએ. બાકી તપનો અભ્યાસ પુરો પાડવાને માટે

સુઇને તપ પૂરો કરે તોય લાભ થાય. એને ખ્યાલ જોઇએ કે તપ કરવા છતાં પણ મારી સંયમની સર્વક્રિયાઓ નિરાબાધ રહે. એવી શક્તિ મારે પેદા કરવી છે. બહાર પચ્ચક્ખાણ અને અંદર પોલ એવાય નાદાનો હોય છે. એવાને તપનો અભ્યાસ નહિ પડે અને તપની અવગણના આદિનું પાપ લાગશે. તપમાં તો બહુ ગુણ છે. બહુ સમજતો ન હોય પણ ભગવાને કહેલો આ તપ છે માટે મારે આ તપ કરવો જોઇએ, પર્યુષણ આવ્યા માટે અટ્ઠાઇ કરું, અટ્ઠમ કરું એમ થાય અને શરીર નરમ હોય તોય તપ કરવાનું મન થાય એ એક પ્રકારનો આરાધક ભાવ છે. એવાઓ દેવલોકનું આયુષ્ય બાંધે એમાં કંઇ નવાઇ જેવું નથી. દેવલોકના આયુષ્યના આશ્રવોને વર્ણવતા અહિં તો માત્ર તપ એમ કહ્યું છે. જ્યારે કોઇ ઠેકાણે બાળતપ કહેલ છે. બાળતપ કરનાર અજ્ઞાન હોવા છતાંય એના તપના પ્રભાવે એ દેવલોકમાં જાય એ બને. બાળતપસ્વીઓ કષ્ઠો કેટલા વેઠે છે ? ગમે તેટલી તાઢ વેઠે, ગમે તેવો તડકો વેઠે ઠંડીમાં, પાણીમાં ઉઘાડા શરીરે રહે અને ગરમી વખતે આજુબાજુ અગ્નિ સળગાવીને બેસે, તપેલી રેતીમાં પડ્યા રહે આ બધું કષ્ટ છે પણ કષ્ટનું સહન તો છે ને ? ખાવું તે સ્વર્ગનું કારણ છે એમ નથી લખ્યું અને અજ્ઞાન પણ તપ એ સ્વર્ગનું કારણ છે એમ લખ્યું છે. તપ કરનારાઓમાં અજ્ઞાન હોય, અણસમજુ હોય પણ તપના સ્વભાવવાળા અને ઉલ્લાસથી તપનું પચ્ચક્ખાણ કરીને ગમે તેટલું વેઠવું પડે તોય તેનો ભંગ નહી કરનારને હાથ જ જોડવા. અવિવેકની અનુમોદના કરવાને કે એને ઉત્તેજન આપવાની આ વાત નથી પણ તપ પ્રત્યે અનાદરભાવ આવી જવા પામે નહિ તેને અંગે કાળજી રાખવાની આ વાત છે. તપના સાચા ફળને પામવું હોય તો શું કરવું જોઇએ એ વાત જુદી છે પણ તપનો અભ્યાસ કરવાને માટે જ થોડી અવિધિ સેવતા હો અને હૈયામાં વિધિ બહુમાનવાળા હોય તો તે અવગણવાને યોગ્ય નથી એ પૂરતી જ આ વાત છે.

## ૮. શ્રધ્ધા

શ્રધ્ધા એટલે સમ્યગ્દર્શન અથવા ધર્મ કરણનો અભિલાષ એટલે કે

ધર્મ કરવાનો અભિલાષ. મોક્ષની અભિલાષાથી ધર્મને કરવાની અભિલાષા માં દેવલોકનું આયુષ્ય બાંધવાનું સામર્થ્ય છે. કોઇનેય ધર્મ કરતો જોઇને એને હાથ જોડવાનું મન થાય અને ક્યારે હું પણ આવો ધર્મ કરું ? આવો વિચાર જેને આવે તેના પરિણામ સારા હોય ને ? ખરાબ પરિણામવાળાના અંતઃકરણમાં આવો અભિલાષ પ્રગટી શકે નહિ.

## ૯. રત્નત્રયીની અવિરાધના

રત્નત્રયીની અવિરાધના દેવગતિનું આયુષ્ય બાંધવાનું એક કારણ છે. રત્નત્રયી એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણની આરાધનાનું તો સારું ફળ છે જ પણ જેનામા રત્નત્રયીની વિરાધનાથી સદાયને માટે બચવાના પરિણામ હોય તેય દેવલોકના આયુષ્યને ઉપાર્જનારો બની શકે છે. રત્નત્રયીની વિરાધનાથી બચવાની વૃત્તિ એ રત્નત્રયી પ્રત્યેના સદ્ભાવને સુચવે છે. રત્નત્રયી એ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો મોક્ષમાર્ગ છે અને મારાથી એની આરાધના ન થઇ શકે તોય મારે એની વિરાધનાથી તો અવશ્ય બચવું જોઇએ. આવી વૃત્તિ જેના હૈયામાં હોય તે દેવલોકના આયુષ્યને બાંધે એ સહજ છે ને ? કેમકે હૈયામાં રત્નત્રયી પ્રત્યેના સદ્ભાવવાળા પરિણામ છે.

## ૯. પદ્મ અને પિતલેશ્યા

છ લેશ્યાઓના પરિણામની વાત આપણે વિચારી આવ્યા છીએ. અહીં કહે છે કે મૃત્યુ વખતે પદ્મલેશ્યા અથવા પિતલેશ્યાનો પરિણામ હોય તો તે મરીને દેવલોકમાં ઉત્પન્ન થાય. જે જીવ મરીને દેવલોકમાં ઉત્પન્ન થવાનો હોય તેવા જીવનેજ મરણ વખતે પદ્મ અગર પિત લેશ્યાના પરિણામ હોય. દુર્ગતિમાં જનાર જીવને મરણ વખતે આવા પ્રકારના પરિણામો હોય જ નહિ.

## ૧૦. કુમરણે મરવું

તપની વાતમાં આપણે બાળતપની વાત કરી લીધી છે. અહીં બાળતપ

પછી બાળમરણની વાત કરી છે. જાણી જોઇને અગ્નિમાં બળી મરવું, પાણીમાં ડુબી મરવું અથવા તો ગળે ફાંસો ખાઇને મરવું, એવી રીતિએ મરનાર પણ દેવગતિને પામે એ શક્ય છે. આવા પ્રકારના બધા મૃત્યુ ખોટા જ ગણાય. એવી રીતિએ મરનારને ઘણું કષ્ટ વેઠવું પડે છે એટલે અને તે વખતે સારી લેશ્યાનો યોગ થઇ જાય તો દેવલોક મળી જાય પણ એની કિંમત નહિ. એવાઓ પ્રાયઃ વ્યંતરાદિમાં ઉત્પન્ન થાય કોઇકે કહ્યું કે દેવલોકમાં જવાનો આ ઉપાય છે અને એથી દેવલોકમાં જવાનાજ વિચારથી અગ્નિમાં પ્રવેશ કરે, પાણીમાં ડુબી મરે કે ગળે ફાંસો ખાય તો પહેલા આયુષ્ય ન બાંધ્યું હોય તો દેવલોકમાં જાય એ શક્ય છે. વિવેકી માણસ આવા મરણને ઇચ્છે નહિ. કોઇ આવી મુર્ખાઇ કરે અને કષ્ટમાં પરિણામ બગડી જાય તો શું થાય ? મહાપુણ્યે મળેલા મનુષ્ય જન્મને પામીને દેવલોકને માટે આવા કુમરણે મરવું તે કરતાં વિવેકી બનીને ધર્મ ન સાથે કે જેથી દેવલોકેય મળે અને ઝટ મોક્ષ પણ મળે ?

## ૧૧. અવ્યક્ત સામાયિક

અવ્યક્ત સામાયિક એ પણ દેવલોકના આયુષ્યના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે. સામાયિક શું એ વિગેરે કાંઇ જાણે નહિ તે છતાં પણ હૈયામાં સમભાવ પ્રગટે એ બને અને એથી દેવલોકનું આયુષ્ય બંધાય. વિષય કષાયનું જોર હોય તો સમભાવ આવે નહિ. સામાયિક કરનાર પણ સમભાવમાં ન હોય તો દેવલોકે જાય નહિ અને સામાયિકનો અગર તો સામાયિકના સૂત્રો તેના અર્થો આદિનો કશો ખ્યાલ ન હોય પણ સમભાવ પ્રગટે તો દેવલોકે જાય એ શક્ય છે.

દેવગતિના કારણોને સેવવામાં પણ દેવગતિના પૌદ્‌ગલિક સુખનો અભિલાષ રાખવો નહિ. દેવગતિ મળે એમાં એવો ફાયદો થવાનો પણ સંભવ છે કે ઇંદ્રની આજ્ઞા આદિથી ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પરસદા આદિમાં જવાનો યોગ થઇ જાય અને ત્યાં સમ્યગ્‌દર્શન પમાઇ જાય. આપણે હવે

વહેલામાં વહેલી તકે આપણા આત્માના સંસાર પર્યાયનો અંત આણવો છે અને નમો સિધ્ધાણંમમાં જે તારકોને આપણે નમસ્કાર કરીએ છીએ એ તારકોના જેવાજ આપણે બની જવું છે, આવો આપણે નિશ્ચય કરી લીધો છે અને એ માટે જ આપણે સદ્ગતિને ઇચ્છીએ છીએ એમ ખરું ને ? આવા ભાવે સદ્ગતિના કારણોને સેવનાર આત્માઓને સદ્ગતિ સુલભ જ છે અને મોક્ષગતિ તેમની રાહ જુવે છે.

આત્મઘાત એટલે જે વિચારના હેતુથી જીવ પોતાના આત્માનું બલિદાન આપે તેને આત્મઘાત કહેવાય છે. દુઃખથી કંટાળીને અથવા દ્વેષબુધ્ધિથી અથવા અધિક સુખની ઇચ્છાથી જે કોઇ જીવો આપઘાત કરે છે એ આપઘાત કરતાં કરતાં જે વિચારથી આપઘાત કરેલો હોય એ વિચાર દુઃખની વેદનામાં જીવને બરાબર ટક્યો રહે તો જીવો દેવઆયુષ્ય બાંધીને દેવપણે ઉત્પન્ન થાય છે તેને આત્મઘાત કહેવાય છે. જેમકે કુમાર નંદીષોણી હાસા અને પ્રહાસાના ધ્યાનમાં અગ્નિમાં બળી મરી દેવગતિને પામે છે. અગ્નિમાં બળી મરીને મને હાસા પ્રહાસા મળો એ નિયાણુ નથી. નિયાણામાં તપ, વ્રત, નિયમાદિના ફળને વેચી મારે છે તેમાં અને આમાં તફાવત છે.

મોક્ષના અભિલાષથી કોઇ અજ્ઞાન જીવ એને ખબર પડે કે પહાડ ઉપરથી પડતું મૂકવાથી મોક્ષ મળે છે તો મોક્ષના ધ્યાનમાં પહાડ ઉપરથી પડીને આપઘાત કરે તો તે વખતે તેને આયુષ્યનો બંધ પડે તો દેવાયુષ્ય બંધાય છે. એવી રીતે દરિયામાં પડવાથી અથવા અગ્નિમાં પડીને બળી મરવાથી ઇત્યાદિ આપઘાતના અનેક કારણોથી જીવને દેવાયુષ્યનો બંધ પડે છે. પહેલાં ગુણસ્થાનકમાં રહેલા જીવો અનંતાનુબંધી સંજ્વલન કષાયના ઉદયથી એમાં આયુષ્યનો બંધ કરે તો દેવાયુષ્યનો બંધ કરી શકે છે. મિથ્યાત્વ મોહનીયનો ઉદય ગાઢ હોય અને અનંતાનુબંધી સંજ્વલન જેવા કષાય ઉદયમાં વર્તતા હોય તો નિરતિચાર ચારિત્ર પાલન કરતાં કરતાં અને વહેવારથી મોક્ષ પ્રત્યે અદ્વેષભાવ દેખાડતાં દેખાડતાં નવમા ગ્રૈવેયકના દેવલોકનું આયુષ્ય એટલે કે એકત્રીશ સાગરોપમ સુધીનું દેવનું આયુષ્ય

બાંધી શકે છે અને કેટલાક જીવો મિથ્યાત્વ મોહનીયનો ઉદય મંદ કરતાં કરતાં અનંતાનુબંધી સંજ્વલન જેવા કષાયના ઉદયથી અપુર્નબંધક દશાના પરિણામને પામી શુધ્ધ પરિણામની વિશુધ્ધિ કરતો કરતો ચરણયથાપ્રવૃત્ત કરણના પરિણામને પ્રાપ્ત કરે ત્યાં સુધીના પરિણામમાં જો એ આયુષ્યનો બંધ કરે તો દેવાયુષ્યનો બંધ કરી શકે છે. ગ્રંથીભેદ કરેલા જીવો સમકિત પામેલા જીવો, દેશવિરતિપણાને પામેલા જીવો અને છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા જીવો દેવાયુષ્યનો બંધ કરે છે.

જે જીવો અનુત્તર વિમાનનું આયુષ્ય બાંધતા હોય તે જીવો છઠ્ઠા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનકની સન્મુખ થયેલા હોય છે. એટલે કે જે જીવો સાતમા ગુણસ્થાનકના પરિણામને પામવા માટેનો પ્રયત્ન કરતાં હોય અને છઠ્ઠા ગુણસ્થાનકના છેલ્લા પરિણામોમાં રહેલા હોય એ જીવો છઠ્ઠા ગુણસ્થાનકે આયુષ્યનો બંધ કરે તો દેવલોકનું અનુત્તરવાસી દેવોનું આયુષ્ય બાંધે છે.

સામાન્ય રીતે દેવાયુષ્યનો બંધ બે પ્રકારે જીવોને થઇ શકે છે. (૧) સુખની દ્રષ્ટિથી દુનિયાના અનુકૂળ પદાર્થોને અધિક પ્રાપ્ત કરવાની બુધ્ધિથી અને એ સુખોને સારી રીતે ભોગવવાની બુધ્ધિથી જીવો કષ્ટ વેઠીને દેવાયુષ્ય બાંધી દેવલોકમાં ઉત્પન્ન થાય એને સુખની ઇચ્છાવાળું દેવાયુષ્ય કહેવાય છે. (૨) ગુણ મેળવવાની દ્રષ્ટિથી એટલે કે પોતાના આત્મામાં રહેલા જે ગુણો એ ગુણોને પ્રાપ્ત કરવાની બુધ્ધિથી જે કાંઇ કષ્ટ વેઠીને જીવો દેવાયુષ્યનો બંધ કરે અને દેવલોકમાં ઉત્પન્ન થાય તે દેવાયુષ્ય ગુણની ઇચ્છાવાળું કહેવાય છે.

દેવાયુષ્યનો બંધ અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો, સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો અને સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યો કરી શકે છે. સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચ ને મનુષ્યો સંખ્યાત વર્ષના આયુષ્યવાળા અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા એમ બંને પ્રકારના હોય છે. જ્યારે અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો નિયમા સંખ્યાત વર્ષના આયુષ્યવાળા હોય છે. એ અસન્ની તિર્યંચો આયુષ્યનો બંધ કરે તો ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા

ભાગ જેટલું દેવાયુષ્ય બાંધે છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા સન્ની તિર્યંચો અને મનુષ્યો પોતાનું જેટલુ ભોગવાતું આયુષ્ય હોય એટલું જ દેવલોકનું ઉત્કૃષ્ટથી આયુષ્ય બાંધી શકે છે અને જઘન્યથી એનાથી ઓછું પણ બાંધી શકે છે. જેમકે સન્ની તિર્યંચ અને સન્ની મનુષ્યનું અસંખ્યાત વર્ષનું આયુષ્ય ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમનું હોય તો એ ત્રણ પલ્યોપમવાળા તિર્યંચને મનુષ્યો દેવલોકનું આયુષ્ય બાંધે તો ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ જેટલુંજ બાંધી શકે છે. અને જઘન્યથી દશ હજાર વરસનું બાંધી શકે છે. જ્યારે સન્ની પર્યાપ્તા તિર્યંચો ઉત્કૃષ્ટથી દેવલોકનું આયુષ્ય બાંધે તો વૈમાનિકના આઠમા દેવલોકના દેવોનું ઉત્કૃષ્ટ જે આયુષ્ય હોય છે તેટલું આયુષ્ય બાંધી શકે છે. એટલે કે અઢાર સાગરોપમ જેટલું આયુષ્ય બાંધી શકે છે અને જઘન્યથી દશ હજાર વરસનું આયુષ્ય બાંધી શકે છે. જ્યારે સન્ની પર્યાપ્તા મનુષ્યો દેવલોકનું ઉત્કૃષ્ટ આયુષ્ય તેત્રીશ સાગરોપમનું બાંધી શકે છે અને જઘન્યથી દશ હજાર વરસનું બાંધી શકે છે.

અનંતાનુબંધી સંજ્વલન કષાય જે જીવોને પેદા થાય એ જીવોને સંસારમાં મનુષ્યપણામાં ગમે તેટલી સારામાં સારી સામગ્રી પ્રાપ્ત થયેલી હોય તો પણ એને ઘરમાં બેસવા દેતો નથી. કારણ કે અનંતાનુબંધી કષાય ઉદયમાં હોવા છતાં પણ સંજ્વલન જેવો થયેલો છે માટે ઘર છોડીને સંયમ લઇ નિરતિચાર ચારિત્ર પાલન કરાવવામાં સહાયભૂત થાય છે. કારણ કે ગાઢ મિથ્યાત્વના ઉદયકાળમાં સુખની બુધ્ધિથીજ ધર્મ પેદા કરવાનું મન થયા કરે છે. આથી વર્તમાનમાં જે સુખ સાહ્યબી-સંપત્તિ મળેલી છે તેના કરતાં અધિક સુખ સાહ્યબી-સંપત્તિ આવી રીતે ચારિત્ર લઇ અને જો હું કષ્ટ વેઠું તો જરૂર આના કરતાં સારી સામગ્રી સુખની હું પ્રાપ્ત કરી શકું. આવી શ્રધ્ધા અંતરમાં પેદા થયેલી હોવાથી એ જીવ સુખની બુધ્ધિથી સંયમ લઇ નિરતિચાર પણે પાલન કરવાનો અભ્યાસ કરી નિરતિચાર પણે પાલન કરે છે. આ રીતે પૂર્વક્રોડ વરસ સુધી નિરતિચારપણે ચારિત્રનું પાલન કરવા છતાં પણ એ જીવને અકામ નિર્જરા થાય છે અને સાથે સાથે પાપાનુબંધી

પુણ્ય જ બાંધે છે. આવુ ચારિત્ર અભવ્ય જીવો દુર્ભવ્ય જીવો, અને ભારેકર્મીભવ્ય જીવો અનંતીવાર પાલન કરીને અનંતીવાર નવમા ગ્રૈવેયકના સુખને પામીને સંસારમાં ફર્યા કરે છે. આવા ભારેકર્મી જીવો પણ જ્યારે એની લઘુકર્મીતા થવાની યોગ્યતાપેદા થાય પછીજ એ લઘુકર્મી બની શકે છે. જ્યાંસુધી એની ભવસ્થિતિનો કાળ પાકે નહિ ત્યાં સુધી જે કંઇ ધર્મની આરાધના ગુણપ્રાપ્તિ માટે કરવાનું મન થાય નહિ. એટલે કે ત્યાંસુધી એ જીવો જે કંઇ ધર્મની આરાધના કરતો જાય તે બધી ગુણાભાષ રૂપે પોતાના જીવનમાં કરતો થાય છે.

ઇચ્છા નિરોધના લક્ષ વગરનો સુંદરમાં સુંદર ગમે તેટલો તપ કરે તો પણ તે તપ કાયકલેશમાં જાય છે. જિંદગીભર સુધી પૂર્વક્રોડ વરસ સુધી માસખમણને પારણે માસખમણ કરે પણ ઇચ્છાનિરોધ કરવાનું લક્ષ પેદા ન થાય તો જ્ઞાનીઓએ એ તપને કાયકલેશ રૂપે કહેલો હોવાથી એકવાર આટલું કષ્ટ વેઠે છે માટે દેવલોકના સુખોને આપી શકે. એટલે કેદેવલોકનું આયુષ્ય બંધાવી શકે પણ એ દેવલોકમાંથી પાછો ત્યાંથી એકેન્દ્રિયપણામાં, પંચેન્દ્રિયતિર્યંચપણામાં અથવા અનાર્યક્ષેત્રાદિ મનુષ્યપણામાં ઉત્પન્ન કરી અનેક પ્રકારના પાપો કરાવીને દુર્ગતિમાં ભટકવા માટે લઇ જનારો બને છે.

મંદ મિથ્યાદ્રષિટ જીવો ગુણપ્રાપ્તિ કરવાની બુધ્ધિથી અપુર્નબંધક દશાના પરિણામને પ્રાપ્ત કરી કરી અને તે વખતે પ્રશસ્ત અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય કષાયથી દેવની ભક્તિ કરે, સાધુની સેવા કરે અને સાધર્મિકની ભક્તિ કરે તો તેનાથી દેવાયુષ્યનો બંધ કરી દેવલોકમાં ઉત્પન્ન થઇ શકે છે એવી જ રીતે પ્રશસ્ત અનંતાનુબંધી પ્રત્યાખ્યાનીય કષાયથી દેવની ભક્તિ કરે , સાધુની સેવા કરે, સાધર્મિકની ભક્તિ કરે તથા શ્રાવકને યોગ્ય વ્રત, નિયમ, પચ્ચક્ખાણનો અભ્યાસ કરતાં કરતાં બાર વ્રતને ગ્રહણ કરીને નિરતિચારપણે બાર વ્રતનું પાલન કરે અને તપ કરવાનો અભ્યાસ કરી જીવનમાં તપ કરે તો તેનાથી દેવલોકનું આયુષ્ય બાંધીને દેવલોકમાં ઉત્પન્ન થઇ શકે છે. એવી જ રીતે પ્રશસ્ત અનંતાનુબંધી સંજ્વલન કષાયથી સાવધ સઘળી પ્રવૃત્તિઓને છોડીને સંયમનો સ્વીકાર કરી નિરતિચારપણે

સંયમનું પાલન કરે તો એ જીવ એ પાલન કરતાં કરતાં આયુષ્યનો બંધ કરે તો નિયમા દેવલોકનું આયુષ્ય બાંધીને દેવલોકમાં ઉત્પન્ન થઇ શકે છે. આ દરેક પ્રવૃત્તિમાં મંદ મિથ્યાત્વ હોવાથી, શુધ્ધ પરિણામ રહેલો હોવાથી અને ગુણપ્રાપ્તિની બુધ્ધિ રહેલી હોવાથી સકામ નિર્જરા કરતો જાય છે અને સાથે સાથે પુણ્યાનુબંધી પુણ્યનો બંધ પણ કરતો જાય છે. જો સુખની બુધ્ધિથી દેવલોકમાં જીવ ગયો તો સમજી લેવાનું કે ત્યાંથી પડ્યા વગર રહેવાનો નથી. એટલે કે દેવલોકમાંથી એકેન્દ્રિયપણામાં પણ જઇ શકે, તિર્યંચમાં પણ જઇ શકે અને મનુષ્યપણામાં અનાર્ય દેશ, અનાર્ય ક્ષેત્ર, અનાર્ય જાતિ આદિમાં પણ ઉત્પન્ન થઇ અનેક પ્રકારના પાપો કરીને દુર્ગતિમાં ફરવા માટે ગયા વગર રહેતો નથી. એટલે સુખની બુધ્ધિથી કદાચ એકવાર દેવલોક મળે પણ ખરો પણ ત્યાંથી પડીને દુર્ગતિમાં ભટકવા માટે જીવ ગયા વગર રહેતો નથી અને જો ગુણપ્રાપ્તિની બુધ્ધિથી દેવલોકનું આયુષ્ય બાંધીને દેવલોકમાં ઉત્પન્ન જીવ થાય તો ગુણપ્રાપ્તિનો સંસ્કાર સાથે રહેલો હોવાથી ગુણપ્રાપ્તિમાં ક્રમસર આગળ વધતો વધતો દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી આર્ય ક્ષેત્રમાં દેવ, ગુરુ અને ધર્મની આરાધના સારી રીતે કરી શકાય એવી સામગ્રીને પ્રાપ્ત કરી પોતાના આત્માના ગુણોને આરાધના કરતો કરતો આગળ વધીને જો સારો કાળ હોય અને કોઇ નિકાચીત કર્મ રહેલું ન હોય તો અપ્રમત્તભાવને પામી ક્ષપક શ્રેણિ માંડી મોહનીય કર્મનો નાશ કરી, વીતરાગ દશાને પામી, જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય કર્મોનો સંપૂર્ણ નાશ કરી, કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી, મન-વચન-કાયાના યોગના વ્યાપારને સંપૂર્ણ નાશ કરી એટલે યોગનો નિરોધ કરીને અયોગી અવસ્થાને પ્રાપ્ત કરી સિધ્ધિ ગતિને પામે છે. જો આપણએ આત્મિક ગુણોમાં આગળ વધવું હોય તો ગુણપ્રાપ્તિનું લક્ષ આપણા મોઢાનું છે કે અંતરનું છે એનો રોજ વિચાર કરવો જોઇએ. મહાપુરુષો કહે છે કે મોક્ષનું લક્ષ અંતરનું હોય અને એક ટકાના સોમાં ભાગ જેટલો પણ અંતરનો ભાવ હોય તો એને મોક્ષના સુખનો એટલો પણ અનુભવ એને પેદા થયા વગર રહે નહિ. બોલો એટલો અનુભવ થાય છે ? અને જેટલે અંશે એ સુખનો અનુભવ થાય એટલે અંશે અનુકૂળ

પદાર્થોમાં એને દુઃખનો અનુભવ પણ થાય. આથી જેટલે અંશે મોક્ષના સુખની અનુભૂતિ વધતી જાય એટલે અંશે અનુકૂળ પદાર્થોમાં દુઃખના અંશ વધતા જાય એટલે કે દુઃખનો અંશ પણ અંતરમાં વધતો જવો જોઇએ. જો દુઃખનો અનુભવ ન થતો હોય અને મને મોક્ષના સુખની કાંઇક અનુભૂતિ થાય છે એમ આપણે કહેતા હોઇએ તો એ અનુભૂતિ મોહના ઘરની છે પણ વાસ્તવિક રીતે આત્માના ગુણના ઘરની નથી. આથી આત્માના ગુણના ઘરની અનુભૂતિ જો પેદા કરવી હોય તો ઇચ્છિત પદાર્થો પ્રત્યે એટલે કે અનુકૂળ પદાર્થોમાં અનાદિકાળથીજીવને જે સુખની બુધ્ધિ રહેલી છે એમાં દુઃખની બુધ્ધિ પેદા કર્યા વગર ચાલશે નહિ તોજ જીવ દેવગતિના આયુષ્યનો બંધ કરી શકે.

## શુભ આર્તધ્યાન

પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકમાં રહેલા જીવો અનંતાનુબંધી કષાયના ઉદયવાળા હોય છે. આ અનંતાનુબંધી કષાયના ઉદયથી જીવોને રૌદ્રધ્યાન અને આર્તધ્યાનનો પરિણામ મોટેભાગે ચાલતો હોય છે. એમાં જીવોને અનંતાનુબંધી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા લોભ આ ચારમાંથી કોઇપણ કષાયનો ઉદય વર્તતો હોય ત્યારે એ જીવો અતિક્રૂર પરિણામી, હિંસક પરિણામી આદિ પાપ કરવામાં કરવા લાયકજ આ છે એવી બુધ્ધિ રાખીને પોતાની શક્તિ મુજબ તીવ્રભાવે પાપ કરતાં હોય છે. આ જીવોના અંતરમાં અનુકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ રાગ, પ્રતિકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ દ્વેષ સદા માટે બેઠેલો હોય છે. એના પ્રતાપે મારે જે સુખ જોઇએ છે એ સુખ આ પદાર્થો જ મને આપશે એ પદાર્થોને મનુષ્ય જન્મમાં મેળવવા માટે મહેનત કરવી મેળવવા માટે ગમે તેવા પાપ કરવા પડે તો પણ કર્તવ્ય માનીને પાપ કરાય તેમજ અનુકૂળ પદાર્થોને ભોગવવા માટે વધે તો તેને સાચવવા માટે, ટકાવવા માટે અને એ પદાર્થોને અધિક અધિક મેળવીને કેમ વધારે પ્રાપ્ત કરતો થાઉં અને એનો સંગ્રહ કરતો થાઉં આવી વિચારણા અંતરમાં કર્તવ્યરૂપે માનીને ચાલુ ને ચાલુ જ હોય છે. આને જ્ઞાની ભગવંતોએ રૌદ્રધ્યાનનો પરિણામ કીધેલો છે. કારણ કે એ પદાર્થોને મેળવવા માટે ગમે તેવા જીવોની હિંસા

કરવી પડે તો હિંસા કરતાં એમને જરાય આંચકો લાગતો નથી. ગમે તેવું જૂઠ્ઠુ બોલવું પડે તો પણ એ જીવ એનાથી પાછો ફરતો નથી. ગમે તેટલાની ચોરીઓ કરવી પડે તો પણ એ પદાર્થોને માટે ચોરીઓ કરતાં જરાય અચકાતો નથી અને જેમ જેમ પોતાની પાસે પુણ્યના ઉદયથી અનુકૂળ સામગ્રી વધતી જાય તેમ તેમ મૈથુનની ક્રિયામાં એકાગ્રતા અને પોતાની પાસે રહેલી સામગ્રી એના સંગ્રહ માટેની વિચારધારા સતત અંતરમાં ચાલુને ચાલુ જ રહે છે. આને જ જ્ઞાની ભગવંતો રૌદ્રધ્યાન કહે છે. આ રૌદ્રધ્યાનના પરિણામમાં જ્યારે એકાગ્રતા પ્રાપ્ત થાય અને જો તે વખતે આયુષ્યનો બંધ પડે તો જીવોને નરકનું આયુષ્ય બંધાય છે. એ નરકના આયુષ્યને બાંધવાના પરિણામો એટલે અધ્યવસાયો જઘન્ય દશ હજાર વરસના આયુષ્યથી શરૂ કરીને અત્યારે આ કાળમાં જન્મેલા જીવોને માટે બીજી નારકીનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમનું જ્ઞાની ભગવંતોએ કહેલું છે ત્યાં સુધીના જેટલા અધ્યવસાયો થાય એટલા આયુષ્યબંધના અધ્યવસાય સ્થાનો કહેલા છે. જેમ જેમ અધિક અધિક આયુષ્ય બાંધવાના પરિણામ વધતા જાય છે તેમ તેમ રૌદ્રધ્યાનની તીવ્રતા પણ જીવોને વધતી જાય છે. આ રીતે રૌદ્રધ્યાનનો પરિણામ પહેલે ગુણસ્થાનકે રહેલા જીવોને નરકાયુષ્ય નિયમા બંધાય એ રીતના ઉપયોગી બને છે. જ્યારે ચોથા ગુણસ્થાનકમાં રહેલા જીવોને મોટેભાગે આર્તધ્યાનનો પરિણામ પેદા થાય અને ટકી રહે એવું બને છે. કોકવાર રૌદ્રધ્યાનનો પરિણામ ચોથા ગુણસ્થાનકમાં રહેલા સમકીતી જીવોને પણ પ્રાપ્ત થઇ શકે છે. પણ એ રૌદ્રધ્યાનનો પરિણામ સમકીત સાથે રહેલું હોવાથી નરકગતિનો બંધ અને તિર્યંચગતિનો બંધ પાળવા માટે જીવને સમર્થ બની શકતો નથી. એ ચોથા ગુણસ્થાનકમાં રહેલા સમકીતી જીવો તે વખતે જો મનુષ્યને તિર્યંચ હોય તો દેવગતિનો બંધ કરે છે. પણ તે દેવગતિ અલ્પરસવાળી બાંધી શકે છે. જો નારકી અને દેવના જીવો હોય તો મનુષ્યગતિનો બંધ કરે છે અને એ પણ અલ્પરસવાળી મનુષ્યગતિનો બંધ કરી શકે છે. માટે એ રૌદ્રધ્યાનનો પરિણામ જીવોને અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ બંધાવવામાં સહાયભૂત થઇ શકતો નથી. એવીજ રીતે પાંચમા

ગુણસ્થાનકમાં રહેલા જીવોને આર્તધ્યાનનો પરિણામ મોટેભાગે પેદા થઇ શકે છે. પણ કોકવાર ક્વચિત્ રૌદ્રધ્યાનનો પરિણામ પણ પ્રાપ્ત થાય કારણ કે સંસારમાં બેઠેલો જીવ છે, સંસારના પદાર્થોમાં રાગાદિ પરિણામ એના બેઠેલા છે એમાં કોઇવાર કોઇ પદાર્થમાં રાગાદિ પરિણામની તીવ્રતા પેદા થાય અને એકાગ્રતા પ્રાપ્ત થાય તો એ જીવને રૌદ્રધ્યાન પણ પ્રાપ્ત થઇ શકે છે. પણ પાંચમું ગુણસ્થાનક મનુષ્ય અને તિર્યંચોને જ હોય છે. દેવોને કે નારકીને હોતું નથી માટે પાંચમા ગુણસ્થાનકમાં રહેલા મનુષ્ય અને તિર્યંચોને રૌદ્રધ્યાનના પરિણામમાં પણ દેવગતિનોજ બંધ થાય છે. પણ તે અલ્પરસવાળો બંધ થાય જો એમાં જીવ સાવધ થઇ જાય તો તો રૌદ્રધ્યાનનો પરિણામ તરત જ નીકળી જાય. પણ જો જીવ સાવધ ન રહે તો પહેલા ગુણસ્થાનકને પણ પ્રાપ્ત કરાવી શકે છે. છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા જીવોને રૌદ્રધ્યાનનો પરિણામ કોઇકાળે પેદા થઇ શકતો નથી. મોટેભાગે આ જીવો ધર્મધ્યાનના સંકલ્પ અને વિકલ્પ રૂપ વિચારોમાંજ પોતાનો કાળ પસાર કરે છે. એમાં કોકવાર પ્રમાદના કારણે કોઇપણ પદાર્થમાં રાગાદિ પરિણામ પેદા થઇ જાય તો આર્તધ્યાન પેદા થઇ શકે છે. એ આર્તધ્યાનમાં પણ જીવ દેવગતિ સિવાય બીજી ગતિનો બંધ કરી શકતો જ નથી.

પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકમાં રહેલા જીવોને અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભમાંથી કોઇપણ કષાયનો ઉદય વર્તતો હોય ત્યારે ગાઢ મિથ્યાત્વનો ઉદય હોવાછતાં પણ કષાય નબળા પડવાથી એ કષાયના બળે જીવ દેવની ભક્તિ કરતો થાય, સાધુની સેવા-ભક્તિ કરતો થાય અને સાધર્મિકની ભક્તિ પણ કરતો બને છે. પણ આ જીવને અનુકૂળ પદાર્થો પ્રત્યેની આશક્તિ, મમત્વ બુધઅધિ એવી ગાઢ રહેલી હોય છે કે એને પોતાના જીવનમાં કરવાલાયક કર્તવ્ય રૂપે કોઇપણ ચીજ હોય તો કુટુંબને સુખી કેમ રાખવું. કુટુંબ માટે જોઇતી કોઇપણ સામગ્રી ગમે તેવા પાપ કરીને પણ લાવીએ અને મેળવીએ એ આપણું કર્તવ્ય અને ફરજ થઇ પડે છે એમાં આપણને દોષ લાગતો નથી. આ બુધ્ધિ અંતરમાં

રહેલી હોવાથી અઢાર પાપસ્થાનકોમાંથી કોઇપણ પાપ પોતાના જીવનમાં કરવાનો વખત આવે તો એ પાપ કરતાં જરાય આંચકો અનુભવતો નથી. કર્તવ્યને ફરજ માનીને કેમ પાપ કરીને કુટુંબને સુખી રાખવું અને કુટુંબ સુખી રહે તોજ હું સુખી ગણાઉં આવી બુધ્ધિ અંતરમાં સહજ રીતે બેઠેલી હોય છે. આ પરિણામના પ્રતાપે આ જીવોને સુંદરમાં સુંદર રીતે દેવાદિની ભક્તિ કરવા છતાં પણ દેવ જેવા થવાનું મન થતું નથી, સાધુ જેવા થવાની ઇચ્છા પણ થતી નથી અને સાધર્મિકની ભક્તિ કરવા છતાં પણ એને ધર્મની પ્રાપ્તિ પેદા કરવાનું મન થતું નથી. આતો કુટુંબ સુખી રહે અને સુખપૂર્વક સારી રીતે જીવાય એ માટે આપણી પાસે થોડુંઘણું હોય તો આપણે આ રીતે આરાધના કરવી એટલી જ એની બુધ્ધિ રહેલી હોય છે પણ ધર્મનો દ્વેષી હોતો નથી. પણ જ્યારે વ્રત, નિયમ, પચ્ચક્ખાણ કરવાની વાત આવે અને પોતાના ગણાતા કુટુંબમાંથી કોઇપણ વ્રત, નિયમાદિ કરવા માટે વાત કરે કે આગ્રહ કરે તો તે વખતે ઝટ દઇને એ કહી દે કે તમારે કરવું હોય તો કરો અમે તમને અંતરાય કરીએ છીએ ? અમને એ કરવાની વાતચીત કરવાની નહિ. કારણ કે અનંતાનુબંધી કષાય અપ્રત્યાખ્યાનીય રૂપે થયેલો હોવાથી હજી અવિરતિ એટલી ગાઢ રૂપે બેઠેલી છે કે જેના પ્રતાપે એને વ્રત, નિયમ, પચ્ચક્ખાણ કરવાની બીલકુલે ઇચ્છા પેદા થતી નથી. પણ કોઇ કરતું હોય તો એમાં એ અંતરાય કરતો નથી. તમારે કરવું હોય તો ખુશીથી કરો પણ અમારા બધા ટાઇમોને સાચવીને અમારા ટાઇમમાં જરાય ખલેલ ન પડે એ રીતે કાળજી રાખીને બાકીના ટાઇમમાં તમારે જે કાંઇ કરવું હોય તે ખુશીથી કરી શકો છો. આ વિચારણાના પ્રતાપે આ જીવોને સુખની બુધ્ધિ અંતરમાં બેઠેલી, રહેલી હોવાથી આ પદાર્થોજ મારે જે સુખ જોઇએ છે તે સુખને જરૂર આપશે એવી બુધ્ધિ અંતરમાં રહેલી હોવાથી સાચા સુખની ઇચ્છા પેદા થવા દેતું નથી અને એના પ્રતાપે આયુષ્યનો બંધ પડે તો આ જીવોને તિર્યંચનું આયુષ્ય બંધાય છે. એ તિર્યંચાયુષ્યના બંધમાં જઘન્યથી એક અંતર્મુહૂર્તથી શરૂ કરીને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ સુધીનું આયુષ્ય તિર્યંચનું કહેલું છે. ત્યાં

સુધીના જે અસંખ્યાતા પરિણામો પ્રાપ્ત થાય છે એ અસંખ્યાતા પરિણામોમાંથી કોઇપણ પરિણામવાળું આયુષ્ય જીવ બાંધી શકે છે. એટલે કે એકેન્દ્રિયથી શરૂ કરીને પંચેન્દ્રિય તિર્યંચ સુધીમાં રહેલા જીવોમાંથી કોઇપણ જીવનું આયુષ્ય બાંધી શકે છે. આને અશુભ આર્તધ્યાનથી આયુષ્યનો બંધ ગણાય છે. ચોથા ગુણસ્થાનકમાં રહેલા જીવોને અપ્રત્યાખ્યાનીય, અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભનો ઉદય રહેલ હોવાથી અને સાથે સમકિત રહેલું હોવાથી અનુકૂળ પદાર્થોની ઇચ્છા પેદા થાય પણ અંતરમાં છોડવા લાયકની બુધ્ધિ રહેલી હોવાથી એ પદાર્થોને મેળવવાદિની મહેનત કરવા છતાં પણ એમાં તીવ્રતા પ્રાપ્ત થઇ શકતી નથી. માટે એ જીવો અપ્રત્યાખ્યાની અપ્રત્યાખ્યાની કષાયથી સમકીતની હાજરીમાં પણ દેવની ભક્તિ, સાધુની સેવા, સાધર્મિક ભક્તિ કરતો રહેતો હોવા છતાં પણ દેવગતિનો બંધ કરે છે, પણ તે અલ્પરસે બાંધે છે. એટલે કે મનુષ્ય અને તિર્યંચ આ કષાયના ઉદયકાળમાં દેવગતિનો બંધ કરે છે જ્યારે નરક અને દેવના જીવો આ કષાયની હાજરીમાં સમકિત સાથે રાખેલું હોવાથી મનુષ્યગતિનો બંધ કરે છે પણ તે અલ્પરસે બાંધે છે. પાંચમા ગુણસ્થાનકમાં રહેલા જીવને પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની કષાય રહેલો હોવાથી એજીવો દેવગતિનોજ બંધ કરે છે પણ અલ્પરસે દેવગતિ બાંધે છે. છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા જીવોને સંજ્વલન અપ્રત્યાખ્યાનીય કષાય ઉદયમાં રહેતો હોવાથી સંયમ લઇને આરાધના કરવા છતાં પણ એ જીવને વારંવાર સંયમમા અતિચાર લગાડવાનો પ્રયત્ન આ કષાય કરતો જ રહે છે. માટે એમાં પણ દેવગતિનો બંધ કરવા છતાં અલ્પરસવાળી દેવગતિનો બંધ કરે છે.

પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકમાં રહેલા જીવોને અનંતાનુબંધી પ્રત્યાખ્યાનીય કષાય ક્રોધ, માન, માયા, લોભ એમાંથી કોઇપણ ઉદયમાં વર્તતા હોય ત્યારે અને સાથે મિથ્યાત્વ ગાઢ રહેલું હોય તો પણ એ જીવ પુરૂષાર્થ કરતાં કરતાં શ્રાવકપણાની કરણીને યોગ્ય આરાધના કરતો થાય છે અને એ આરાધના કરતાં કરતાં વ્રત, નિયમ, પચ્ચક્ખાણ સામાન્ય રીતે

પોતાના જીવનમાં કરતાં કરતાં અભ્યાસ પાડતો પાડતો શ્રાવકના બાર વ્રત પચ્ચક્ખાણ રૂપે લઇ નિરતિચારપણે એનું પાલન કરી શકે છે. પણ સાથે ગાઢ મિથ્યાત્વ રહેલું હોવાથી અને કષાય નબળો પડેલો હોવાથી અશુભ આર્તધ્યાન એને પેદા થઇ શકતું નથી. માટે આ જીવોને શુભ આર્તધ્યાન રહેલું હોય છે. કારણ કે એને પોતાને પોતાના જીવનમાં જે વ્રત, નિયમ, પચ્ચક્ખાણ ગ્રહણ કરેલા છે એમાં અતિચાર ન લાગી જાય અને નિરતિચાર પણે અખંડ રીતે જીવનમાં કેમ પાલન થાય એનું લક્ષ સતત રહેલું હોય છે. આથી ગાઢ મિથ્યાત્વના ઉદયકાળમાં સુખ મેળવવાની બુધ્ધિ રહેલી હોવાછતાં પણ અનુકૂળ પદાર્થોમાં સર્વસ્વ સુખની બુધ્ધિ રહેલી હોવાછતાં પણ કષાય નબળો પડવાથી અને પોતાના જીવનમાં થતાં વ્રત, નિયમ, પચ્ચક્ખાણ આદિનું લક્ષ રહેતું હોવાથી અશુભ આર્તધ્યાન પેદા થઇ શકતું નથી માટે એને શુભ આર્તધ્યાન કહેવાય છે. આ શુભ આર્તધ્યાનમાં આ કષાયમાં જીવ આયુષ્યનો બંધ કરે તો નિયમા મનુષ્યાયુષ્યનો બંધ કરી શકે છે. એ મનુષ્યાયુષ્ય જઘન્ય એક અંતર્મુહૂર્તથી શરૂ કરીને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ સુધીનું એના જેટલા અધ્યવસાયો થાય એમાંના કોઇપણ અધ્યવસાય રૂપે આયુષ્યનો બંધ કરી શકે છે. માટે શુભ આર્તધ્યાનથી મનુષ્યાયુષ્ય બાંધવાના અસંખ્યાતા અધ્યવસાય સ્થાનો હોય છે અને સાથે સાથે ગાઢ મિથ્યાત્વ રહેલું હોવાથી શુધ્ધ પરિણામનું લક્ષ રહેલું ન હોવાથી આ જીવોને પાપના અનુબંધપૂર્વકનો પુણ્ય બંધાય છે કે જેના કારણે મનુષ્યાયુષ્યનો ઉદય થતાં સાથે પાપનો અનુબંધ પણ ઉદયમાં પેદા થતાં મળેલી અનુકૂળ સામગ્રી એમાં રાગાદિ પરિણામ તીવ્રરૂપે પેદા થતાં જાય છે. પણ રાગાદિ પરિણામને મંદ કરવાની અને એ રાગાદિ પરિણામથી જ હું દુઃખી થઇ રહેલો છું અનંતો કાળ દુઃખ ભોગવીને આવ્યો છું એની કોઇ વિચારણા પેદા થવા દેતી નથી. માટે એ જીવ મનુષ્યાયુષ્યને પ્રાપ્ત કરી અનુકૂળ પદાર્થોમાં રાગાદિની તીવ્રતા પ્રાપ્ત કરીને પરમપરાએ નરકગતિ, તિર્યંચગતિ આદિમાં જન્મ મરણ કરવા માટે ચાલતો થાય છે એટલે કે દુર્ગતિમાં જવા લાયક કર્મોને ઉપાર્જન કરીને

દુર્ગતિમાં ભટકવા માટે ચાલતો થાય છે. આ જીવો શુભઆર્તધ્યાનથી શ્રાવકપણાની કરણીને જીવનમાં નિરતિચારપણે કરવા છતાં પણ અકામ નિર્જરા કરે છે. અશુભ કર્મોનો બંધ તીવ્રરસે કરે છે અને શુભ કર્મોનો બંધ મંદરસે કરે છે. બંધાયેલા અશુભ કર્મો સત્તામાં મંદરસે રહેલા હોય એને તીવ્રરસે કરતો જાય છે અને શુભકર્મો બંધાયેલા સત્તામાં તીવ્રરસે રહેલા હોય તેને મંદરસે કરે છે. આનેજ અકામ નિર્જરા કહેવાય છે કે જેમાં નીકળે થોડું અને પેસે ઘણું. આ રીતે અનંતાનુબંધી પ્રત્યાખ્યાનીય કષાયના ઉદયમાં શુભ આર્તધ્યાનથી આરાધના કરવા છતાં પણ જન્મ મરણની પરંપરા ઘટવાને બદલે વધતી જાય છે. અહિંથી જ સીધો દુર્ગતિમાં ન જાય તો એકવાર મનુષ્ય જન્મને પામીને મનુષ્યપણામાં સુખ, સાહ્યબી, સંપત્તિને પ્રાપ્ત કરીને રાગાદિ પરિણામની તીવ્રતા પ્રાપ્ત કરી દુર્ગતિમાં ભટકવા માટે જીવ જઇ શકે છે પણ દુર્ગતિનો નાશ કરવામાં એ આરાધના સમર્થ થતી નથી.

પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકમાં ગાઢ મિથ્યાત્વના ઉદયમાં રહેલા જીવોને કષાયની મંદતા પેદા થતાં અનંતાનુબંધી સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ રૂપે બનાવીને એ જીવ સાધુપણુ ગ્રહણ કરે અને નિરતિચારપણે સાધુપણાનું પાલન કરે અને સાધુપણાનું પાલન કરતાં કરતાં દેવલોકનું આયુષ્ય પણ બાંધી શકે છે. એ શુભ આર્તધ્યાન અભવ્યજીવોને, દુર્ભવ્યજીવોને, ભારેકર્મીભવ્ય જીવોને તેમજ એકવાર સમકિત પામી વમીને દુર્લભબોધિ થયેલા જીવોને મિથ્યાત્વના ગાઢ ઉદયમાં આ કષાયના ઉદયથી નિરતિચાર ચારિત્રનું પાલન કરતાં કરતાં દેવલોકનું નવમા ગ્રૈવેયક સુધીનું આયુષ્ય બાંધી શકે છે. એટલે કે જઘન્ય દશ હજાર વરસથી શરૂ કરીને ઉત્કૃષ્ટથી એકત્રીશ સાગરોપમ સુધીનું દેવોનું આયુષ્ય બાંધી શકે છે. આ જીવોને મિથ્યાત્વ ગાઢ રહેલું હોવાથી અનુકૂળ પદાર્થોનો રાગ ગાઢ બેઠેલો હોય છે. એવી રીતે પ્રતિકૂળ પદાર્થો પ્રત્યેનો દ્વેષ ગાઢ રહેલો હોય છે કે જેના પ્રતાપે આ જીવો આ લોકના સુખને માટે પરલોકના સુખને માટે સંયમ લઇને જેટલું સારું કષ્ટ વેઠાય એ રીતે કષ્ટ વેઠીને સુંદરમાં સુંદર રીતે આરાધના કરે છે. છતાં પણ એ આરાધના આત્મિક ગુણ પેદા કરવામાં

આત્મિક ગુણને પેદા કરવાની ઇચ્છા પેદા કરવામાં કોઇ કાળે સહાયભૂત થઇ શકતી નથી. માટે આ જીવો આટલી સુંદર આરાધના કરવા છતાં પણ અકામ નિર્જરા જ કરે છે, પાપાનુબંધી પુણ્યજ બાંધે છે અને જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. સંસારમાં કરોડપતિને ત્યાં જન્મેલા હોય, લાખોપતિને ત્યાં જન્મેલા હોય પણ આ કષાય ઉદયમાં વર્તતો હોય તો કરોડપતિની સામગ્રી, લાખોપતિની સામગ્રી એને છોડીનેજ આરાધના કરવાની ઇચ્છા થાય છે. પણ એ આરાધના એ કરોડપતિને લાખોપતિના સુખ કરતાં જરૂર મને આનાથી સારું સુખ આ આરાધનાથી મળશેજ એવી બુધ્ધિ પેદા થયેલી હોવાથી, એવી શ્રધ્ધા અંતરમાં પેદા થયેલી હોવાથી એ સુખને માટે આરાધના કરવાના હેતુથી વર્તમાનમાં મળેલી બધી સાહ્યબી સંપત્તિને છોડીને આરાધના કરતો થાય છે. માટે આ જીવને દેવાયુષ્ય બાંધવામાં જે એને શુભ પરિણામ અંતરમાં બેઠેલા છે એના કારણે શુભ આર્તધ્યાનવાળી ક્રિયા કહેવાય છે. એવી જ રીતે તિર્યંચગતિમાં રહેલા ચક્રવર્તીના મંગળ ઘોડાઓ અનિચ્છાએ આખી જીંદગી બ્રહ્મચર્યનું પાલન કરે છે અને એ બ્રહ્મચર્યનું પાલન કરતાં કરતાં આઠમા દેવલોકનું આયુષ્ય બાંધીને આઠમા દેવલોકે જઇ શકે છે છતાં પણ જ્ઞાનીઓએ એને શુભ આર્તધ્યાનથી આયુષ્યનો બંધ કર્યો એમ કહેવાય છે.

સુખની બુધ્ધિથી દેવાયુષ્ય બાંધીને જીવ દેવલોકમાં ઉત્પન્ન થાય પણ ગુણપ્રાપ્તિનું લક્ષ ન હોવાથી એમનો સંસાર કપાતો નથી. એટલે કે ભવની પરંપરા ઓછી થતી નથી પણ સુખના રાગના કારણે ભવની પરંપરા વધતી જાય છે, આથી જ્ઞાની ભગવંતોએ સુખની બુધ્ધિથી પ્રાપ્ત થતો દેવલોક નુક્શાનકારક કહેલો છે. અત્યાર સુધી અનંતીવાર સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં સુખની બુધ્ધિથી દુઃખ વેઠી વેઠીને અનંતીવાર દેવલોકમાં આપણે જઇ આવ્યા. અસંખ્યાતા વર્ષો સુધી દેવલોકના સુખોને ભોગવ્યા પણ છે છતાં આપણા અંતરમાંથી સુખની બુધ્ધિ નાશ પામતી નથી એનું આપણને દુઃખ છે ? આથી નિશ્ચિત થાય છે કે અનુકૂળ પદાર્થોનું સુખ અગ્નિમાં જેમ ઘી નાંખીએ અને અગ્નિ વધ્યા જ કરે એમ દેવલોકનું સારામાં સારુ સુખ

અસંખ્યાતા વર્ષો સુધી ભોગવવા છતાં પણ સુખની ઇચ્છાના સંસ્કારો અંતરમાં વધતા જ જાય છે. પણ એ સુખના સંસ્કારો સંયમીત કરીને દુર કરવાની બીલકુલે ઇચ્છા પેદા થતી નથી અને એ સુખના સંસ્કારો જેમ જેમ સુખ ભોગવતા જઇએ છીએ તેમ તેમ વધતાં જ જાય છે. એના કારણે જ્ઞાની ભગવંતો કહે છે કે દેવલોકની સુખની સામગ્રીની અપેક્ષાએ મનુષ્યલોકના સુખો તુચ્છ રૂપે હોવા છતાં અનેક પ્રકારની દુર્ગંધથી ભરેલા હોવાછતાં એ દુર્ગંધના સ્થાનોમાં જીવો સુખ શોધવાનો પ્રયત્ન કરતો જાય છે અને તેમાં ક્ષણિક સુખની પ્રાપ્તિ થતા દુર્ગંધવાળા પદાર્થોમાં પણ આનંદ પામતા પામતા પોતાના આત્માનો સંસાર વધારતા જાય છે. સાથે સાથે ધર્મસામગ્રી મળેલી હોવાથી ધર્મની આરાધના કરવા છતાં અંતરમાંથી સુખની બુધ્ધિનો સંસ્કાર નાશ કરવા માટે ઇચ્છા પણ પેદા થતી નથી અને આરાધના કરતાં કરતાં આરાધક ભાવ પેદા કરવાને બદલે સુખની બુધ્ધિનો સંસ્કાર દ્રઢ કરીને જીવો પોતાના આત્માનો સંસાર સંખ્યાતા ભવોનો અસંખ્યાતા ભવોનો અને અનંતાભવોનો વધારતા જાય છે. ચૌદપૂર્વને ભણેલા મહાત્માઓ પણ નિકાચીત કર્મના ઉદયથી પ્રમાદને પરવશ થઇ પ્રમાદને આધીન થઇને દુર્ગંધથી ભરેલા અનુકૂળ પદાર્થોના સુખોને શક્તિ મુજબ ભોગવવાનો પ્રયત્ન કરતાં પોતાના જ્ઞાનને ભૂલીને જ્ઞાનના સુખના આનંદનો નાશ કરીને અનંતી ઉત્સરપિણી અવસરપિણી સુધી નિગોદમાં જન્મ મરણ કરવા માટે અનુબંધ બાંધીને ચાલ્યા જાય છે. આવા ચૌદ પૂર્વીઓ અત્યારે વર્તમાનમાં પણ સૂક્ષ્મ નિગોદમાં અનંતા રહેલા છે.

ભગવાનના ગુણોને ખાલી યાદ કરવાના નથી, ખાલી બોલવાથી કાંઇ ગુણોની પ્રાપ્તિ થઇ શકશે નહિ તો પછી કરવાનું શું ? તો ગુણોને યાદ કરી કરીને સુખનો સંસ્કાર કેટલો નાશ પામે છે એનો વિચાર સતત કર્યા કરવાનો છે અને સુખના સંસ્કારને નાશ કરવા માટે અંતરને બરાબર દ્રઢ કરવાનું છે. માટે ગમતા ગુણો આપણને ઉપયોગી બને છે કે નહિ તે સૌએ પોતપોતાની રીતે અવલોકન કરતાં જવાનું. મનુષ્યના શરીરમાંથી સમયે સમયે દુર્ગંધ નીકળ્યા જ કરે છે તે દુર્ગંધના પુદ્‌ગલો પાંચસો યોજન ઉંચે

જાય છે જેના કારણે દેવતાઓ કદિ અહિં આવવાનો વિચાર કરતા નથી અને આપણી આવી પરિસ્થિતિ જોઇને ત્યાં રહેલા સમકીતી દેવોને આપણી દયા આવે છે કે આવા તુચ્છ સુખમાં ભરમાઇને સુખ માટે દોડાદોડ કરતાં આવા સુખને મેળવવા, ભોગવવાના આપણા પ્રયત્નને જોઇને એ દેવોને આપણી દયા આવે છે. કારણ કે મનુષ્યલોકના સુખો દેવલોકના સુખની અપેક્ષાએ એકદમ ગંધાતા, તુચ્છ છે. ગંધાતી ગટરમાં જેટલા ગંધાતા પુદ્‌ગલો છે તેના કરતાં પણ કઇગુણા દુર્ગંધવાળા ગંધાતા પુદ્‌ગલો મનુષ્યના શરીરમાં રહેલા છે. એ દુર્ગંધવાળા પુદ્‌ગલોને ચામડીના પડથી મઢી દીધેલું છે. જો એ ચામડી ખસેડવામાં આવે તો મનુષ્યનું શરીર જોવું ગમે નહિ અને એ શરીર પાસે ઉભા રહેવાની ઇચ્છા પણ થાય નહિ. આથી દેવો પાંચસો યોજનના ક્ષેત્રની અંદર આવે અને આવી દુર્ગંધવાળા પુદ્‌ગલો અનુભવાય કે તરત જ પાછા ફરી જાય છે. આટલું જાણવા છતાં પણ, સાંભળવા છતાં પણ, સમજવા છતાં પણ સુખનો સંસ્કાર અંતરમાંથી ઘટે છે ખરો ? આપણને આ દુર્ગંધ દુર્ગંધરૂપે લાગતી નથી કારણ કે આપણે વર્ષોથી આજ દુર્ગંધમાં રહીને જીવન જીવી રહેલા છીએ માટે એનાથી આપણે ટેવાઇ ગયેલા છીએ.

મનુષ્યલોકની નીચે રહેલા એટલે કે મનુષ્યલોકને વિષે વ્યંતરજાતિના દેવો, વાનવ્યંતરજાતિના દેવો એ પણ એવીજ દુર્ગંધના પુદ્‌ગલોથી ટેવાયેલા છે. અરિહંત પરમાત્માના આત્માઓ મનુષ્યલોકમાં જ્યારે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે ચાર ઘાતીકર્મોનો નાશ થયેથી શુધ્ધ સ્વરૂપે રહેલા છે, પોતે પોતાના શુધ્ધ સ્વભાવમાં મગ્ન રૂપે રહેલા હોય છે. તેમની આપણે પૂજા, સેવા, ઉપાસના કરીએ છીએ છતાં પણ એમના સ્વરૂપની આંશિક અનુભૂતિ કરીએ છીએ ખરા ? એ આંશિક અનુભૂતી કરવાની ઇચ્છા પણ થાય છે ખરી ? અને એ ઇચ્છા પેદા ન થાય ત્યાં સુધી એ જે સુખને અનુભવી રહેલા છે એ સુખને મેળવવાની તમન્ના પણ પેદા થઇ શકતી નથી. ત્યાંસુધી એટલે કે એ સુખને મેળવવાની ઇચ્છા ન થાય ત્યાંસુધી આરાધના, ઉપાસના, પૂજા-સેવા આદિ જે કંઇ જીવનમાં કરી રહેલા છીએ અને કરાવી રહેલા છીએ તે આરાધના આવા સ્વરૂપને પેદા કરવાની ઇચ્છા પેદા નથી થતી,

માટે જીવને આત્મિક ગુણ પેદા કરવામાં કોઇકાળે સહાયભૂત થઇ શકશે નહિ. એ બધી આરાધના કરતાં કરતાં આરાધક ભાવ પેદા કરવાનું લક્ષ પેદા થાય તોજ એ જીવને કેવળી ભગવંતો જે સુખની અનુભૂતિ કરે છે એ સુખને મેળવવાની ઇચ્છા પેદા થાય. આથી આરાધના કરતાં કરતાં મને આરાધક ભાવ પેદા થાય છે કે નહિ એ રોજ જોયા કરવું પડે. જો એ જોવાનુ, પુરૂષાર્થ કરવાનું ચાલુ ન કરીએ તો આરાધનાથી કોઇકાળે કલ્યાણ થવાનું નથી.

ખુદ શ્રી ગૌતમસ્વામીજી મહારાજા ચાર જ્ઞાનના ધણી હોવા છતાંય, દ્વાદશાંગીના પ્રણેતા હોવા છતાંય, શ્રેણિક મહારાજા મગધ દેશનો માલિક છે છતાં પણ એ શ્રેણિક મહારાજાને કહે છે કે જલ્દીમાં જલ્દી પ્રમાદનો ત્યાગ કરી સદ્‌ધર્મને વિષે ઉધમ કરનારા બનો. ત્યાં ધર્મનો ઉધમ બોલ્યા નથી પણ સદ્‌ધર્મનો ઉધમ કરનારા થાવ એમ કહ્યું છે. બોલો આપણા જીવનમાં ધર્મ ચાલે છે કે સદ્‌ધર્મ ચાલે છે. જે કંઇ આપણે આરાધના કરી રહેલા છીએ એ ધર્મરૂપે બને છે કે સદ્‌ધર્મરૂપે બને છે. જે જીવો મનુષ્યલોકમાં સદ્‌ધર્મ પામતા હોય અથવા પામીને માર્ગમાં આગળ વધતા હોય એવા જીવોને દેવલોકમાં બેઠેલા સમકિતી દેવો સદા માટે ઇર્ષ્યા કરે છે. એ જીવોને થાય છે કે આ પામી ગયો અને હું રહી ગયો. સર્વવિરતિ ગુણ બુધ્ધિથી પ્રાપ્ત થાય તોજ છઠ્ઠા ગુણસ્થાનકનો પરિણામ જીવને પ્રાપ્ત થાય છે. જ્યારે આ રીતે પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકના પરિણામને કોઇને કોઇ જીવને પામતા જુવે એટલે એમનું હૈયું આનંદથી નાચી ઉઠે છે અને ક્યારે હું દેવલોકમાંથી મનુષ્યલોકમાં જઇ પુરૂષાર્થ કરી હું પણ છઠ્ઠા ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરીશ. આથી જ્ઞાની ભગવંતો કહે છે કે અનાદિકાળથી જીવોને સુખની બુધ્ધિનો પરિણામ રહેલો છે એને નાશ કરવા માટે કેટલો બધો પુરૂષાર્થ જોઇએ. આ પુરૂષાર્થ એ આંતરિક પુરૂષાર્થ કહેવાય છે. ધર્મ કરવાથી ધર્મક્રિયા કરવાનો પરિણામ મજબુત થશે પણ ધર્મનો નહિ. મહાપુરુષો લખે છે તે જો બરાબર વિચાર કરીએ તો આપણને થાય કે ક્રિયા કેટલી ઉંચી કોટીની જીવ કરે છે. ઘણી ક્રિયાઓ પણ કરે છે પણ સાથે પરિણામ એવો ઉંચી કોટિનો

જીવ પુરૂષાર્થ કરીને પ્રાપ્ત કરી શકતો નથી માટે એ ક્રિયા કરતાં કરતાં પરિણામની એકાગ્રતા જો પ્રાપ્ત થતી જાય અને એમાંજ બરોબર ઉપયોગ સ્થિર રહે તો અધુરી ક્રિયા રહેલી હોય અને એ પૂર્ણ ન કરે તો પણ એને એ ક્રિયા પૂર્ણ થઇ ગઇ એમ મહાપુરુષો કહે છે. બાકીના જીવો એ ક્રિયા પૂર્ણ કરી દે અને એ જીવને બાકી રહી ગઇ હોય તો એને ફરીથી કરવાની જરૂર રહેતી નથી. આવી એકાગ્રતા કોઇકવાર જીવનમાં આટલા આરાધનાના અનુષ્ઠાનોની ક્રિયાઓ કરી એમાં આવી સ્થિતિ પ્રાપ્ત થઇ છે ખરી ? એ રોજ વિચારવાનું છે. આવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે જ અનેક પ્રકારના અનુષ્ઠાનોનું સેવન શક્તિ મુજબ કર્યા કરીએ છીએ.

આજે આ વૈજ્ઞાનિકનો યુગ છે માટે મોટા મોટા વૈજ્ઞાનિકો પણ કોઇપણ પદાર્થનું ચિંતન કરવા બેસે તો એકાગ્રચિત્તે બહોંતેર કલાક સુધી ચિંતન કર્યા કરે છે. તે વખતે એ પોતે જે સ્થાનમાં જે પદાર્થના ચિંતવન માટે બેઠા હોય એ પદાર્થનું ચિંતન કરતાં કરતાં સવારે નાસ્તાપાણીનો ટાઇમ થાય તો પણ એમને કશી ખબર પડતી નથી કે કોણ આવ્યું અને કોણ ગયું. એવી જ રીતે મધ્યાહ્નકાળે જમવાનો સમય થાય તે વખતે માણસ ભાણુ મૂકી જાય તો પણ એમને કશી ખબર પડતી નથી. આવી રીતે આખા દિવસમાં ગમે તેટલી વાર એ માણસ આવીને નાસ્તો કે જમણ વગેરે મૂકી જાય તો પણ પોતે પોતાના ધ્યાનમાંથી ચલિત થતા નથી અને બ્હોંતેર કલાક સુધી ખાધા પીધા વગર એકાગ્ર ચિત્તે જે પદાર્થનું ચિંતવન કરતા હોય એ પદાર્થના ચિંતનમાં પોતાનો કાળ પસાર કરે છે. આ જીવો પોતાની નામના, ખ્યાતિ, કીર્તિ અને યશ ચારે બાજુ ફેલાય એ માટે પ્રયત્ન કરતા હોય છે. આથી સુખની બુધ્ધિથી એ ચિંતન કરતાં કરતાં ભૂખ, તરસને પણ વેઠી શકે છે અને યશ મેળવવા મહેનત કરે છે. તો પછી ગુણપ્રાપ્તિ માટે ભગવાનના ગુણોનું ચિંતવન આખા દિવસમાં આપણે કેટલી વાર કરીએ છીએ ? જે કંઇ ક્રિયાઓ કરીએ છીએ એ ક્રિયાઓની સાથે જે જે સૂત્ર બોલાય છે એ સૂત્રમાં આવતા અરિહંત પરમાત્માના ગુણો, સાધુભગવંતોના ગુણો અને પોતામાં રહેલા જે દોષો છે એ દોષોનું વર્ણન જ્ઞાની ભગવંતોએ જે રીતે કહેલું છે એનું ચિંતવન આપણે

કરીએ છીએ ખરા ? સુખને માટે વૈજ્ઞાનિકો આટલો પ્રયત્ન કરે તો ગુણ મેળવવા માટે આપણા જીવનમાં પ્રયત્ન કેટલો ? વાસ્તવિક રીતે આપણને ગુણ ગમે છે કે સુખ ગમે છે ? એની પણ વિચારણા રોજ કરવી જોઇએ. તમારા જીવનમાં પણ વિચાર કરો તો જે સુખના પદાર્થને મેળવવા આદિમાં તમને રસ હોય એ પદાર્થને મેળવવા આદિનો પ્રયત્ન કરતાં વિશ્વાસ પેદા થાય કે જરૂર મને મળશે તો તે પ્રયત્ન કરતાં કરતાં પણ ગમે તેટલી ભૂખ લાગે, ગમે તેટલી તરસ લાગે તો પણ તમને ખાવા-પીવાનું કશું યાદ આવતું નથી. આ તો તમારા અનુભવમાં છે ને ? તો સુખના રસમાં પ્રયત્ન કરતાં આવો અનુભવ થતો હોય તો ગુણના રસમાં આવું કોઇવાર બન્યું છે ખરું ? આપણો કોઇ દિવસ આવી રીતે ગુણના રસમાં પસાર થયો હોય એવું જીંદગીમાં બન્યું છે ખરું ? સંસારના બધા પદાર્થોને ભૂલી ગુણના રસમાં તરબોળ થઇને ગુણ મેળવવા માટે બેઠા હોય એવું પણ બન્યું છે ખરું ? અરે આપણે જે ભણીએ છીએ તે યાદ કરવામાં કદી એકાગ્રતા આવી છે એવું પણ લાગે છે ખરું ? વ્યાખ્યાન સાંભળતાં સાંભળતા કોઇ દિ વ્યાખ્યાન ઉઠે તે વખતે જ્યાં જવાનું નક્કી કર્યું હોય એ સ્થાન ભૂલાઇ ગયું હોય એવું પણ બન્યું છે ખરું ? ઉંચી કોટિની વાતો સાંભળતાં એટલે કે ક્રિયા આદિ કરતાં કરતાં એમાં રસ પડી જાય અને વાતો સાંભળવામાં રસ પેદા થઇ જાય તો ઘડિયાળ પણ જોવાનું મન ન થયું હોય એવું પણ બન્યું છે ખરું ? ક્ષમા ગુણ ઇંદ્રિયની સંયમતા ગુણ અને સમતાભાવ આ ત્રણ ગુણો આરાધક ભાવ પેદા કરવા માટે આલંબન રૂપે કહેલા છે. ભગવાન અનંતસુખના સ્વામિ છે એ સુખના સંસ્કારને પેદા કરવા માટે જો ક્ષમાગુણ પેદા થતો જાય, ઇંદ્રિયની સંયમતા ગુણ પેદા થતો જાય અને સમતાભાવ પેદા થતો જાય તો એનામાં તાકાત છે કે સુખની બુધ્ધિનો સંસ્કાર અનાદિકાળથી આપણા આત્મામાં જે રહેલો છે એને મંદ કરીને એ સુખના સંસ્કારને નાશ કરે જ. શ્રીપાળ મહારાજાને નવપદની આરાધના કરતાં કરતાં આ ત્રણ ગુણની પ્રાપ્તિ થયેલી છે જેના પ્રભાવે કોડરોગ નાશ પામ્યો. કંચન જેવા અંગોપાંગ થયા એ આ ત્રણ ગુણથી જ થયેલ છે. આ ત્રણે ગુણો ચરમાવર્તકાળ વગર પેદા થાય નહિ.

ચરમાવર્ત કાળમાં પણ મિથ્યાત્વ મોહનીયની મંદતા પેદા થયા વગર આ ત્રણ ગુણની આંશિક અનુભૂતિ પણ પેદા થઇ શકતી નથી. સંસારમાં વેપારાદિ કરતાં કરતાં નફાની બુધ્ધિ જેમ રહેલી છે એ સુખની બુધ્ધિ કહેવાય છે એવીજ બુધ્ધિ અહીં ગુણ મેળવવામાં પ્રાપ્ત કરવાની છે. આ મૂળને પકડવા માંગે તોજ જીવનું ઠેકાણું પડે.

કુતુહલ સ્વભાવ, મશ્કરીયો સ્વભાવ એ ચારિત્ર મોહનીયનું કારણ છે. આનંદાદિ ભગવાનના દશે શ્રાવકો ઇતર દર્શનમાં જન્મેલા હતા એ જીવો ભગવાનના દર્શન કરવા માટે કુતુહલથી ગયેલા હતા. પણ લઘુકર્મી જીવો હોવાથી કુતુહલથી પણ ગયેલા ભગવાનની દેશના સાંભળતા ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થતાં અને સાથે સાથે દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ ભાવ પેદા થતા સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ અને દેશવિરતિપણાની પણ પ્રાપ્તિ કરી શક્યા અને સુંદર રીતે પોતાના જીવનમાં આરાધના કરતાં કરતાં એ દશે પ્રકારના શ્રાવકો દેવલોકનું આયુષ્ય બાંધી દેવલોકમાં ગયા અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જઇને મોક્ષે જશે. ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓ ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓને વિષેજ સકલન પામી શકે છે પણ ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓ દર્શન મોહનીયની પ્રકૃતિઓમાં સંક્રમિત થઇ શકતી નથી. એવીજ રીતે દર્શન મોહનીય કર્મની પ્રકૃતિઓ દર્શન મોહનીયની પ્રકૃતિઓને વિષે સંક્રમિત થાય છે પણ દર્શન મોહનીયની પ્રકૃતિઓ ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓને વિષે સંક્રમિત થઇ શકતી નથી. જ્ઞાની ભગવંતોએ આ બધા નિયમો મૂકેલા છે. આ બધું બરાબર જો અભ્યાસ કરો તોજ તમને ખ્યાલ આવે. ચૌદ પૂર્વી સંખ્યાતી વાર મનુષ્યપણાને પામીને સંખ્યાતી વાર ચૌદપૂર્વને ભણી શકે છે. એ ચૌદપૂર્વીઓ પણ પ્રમાદને આધીન થઇને ગુણની બુધ્ધિને તોડી નાંખી એટલે કે ગુણની બુધ્ધિની સ્થિરતાનો નાશ કરી સુખની બુધ્ધિને આધીન થાય એટલે પોતાનું જ્ઞાન ભુલાવે, ચારિત્રનો નાશ કરે, સમ્યગ્દર્શનનો પણ નાશ કરે અને જીવને દર્શનમોહનીયનો ઉદય પેદા કરાવીને નિગોદમાં સંખ્યાતા કાળ સુધી અસંખ્યાતાકાળ સુધી અથવા અનંતાકાળ સુધી જન્મ મરણ કરાવવા માટે લઇ જાય છે. માટે આ સુખનો

સંસ્કાર એ સુખની બુધ્ધિનો સંસ્કાર જો ચૌદપૂર્વીને પણ ગુણના સંસ્કારનો નાશ કરાવી નિગોદ સુધી પહોંચાડી શકે છે માટે કેટલો ભયંકર છે એ આના ઉપરથી વિચાર કરો. આથી જ્ઞાનીઓ કહે છે કે સુખની બુધ્ધિવાળા જે જીવો જગતમાં હોય છે એ જીવોના ભગવાન ક્યારેય નાથ રૂપે સગા બનતા નથી. જ્યારે જીવ ગુણની બુધ્ધિ વાળા થાય, ગુણના સંસ્કારને મજબૂત કરવાનો પ્રયત્ન કરતાં જાય ત્યારે જ ભગવાન નાથ તરીકે સગા બને છે. જ્ઞાનીઓ કહે છે કે આરાધક ભાવ વગરની આરાધના વિરાધના રૂપે છે. આરાધક ભાવ પેદા કરીને અથવા પેદા કરવાની ઇચ્છા રાખીને જે આરાધના કરે તેને જ્યાંસુધી પોતાનું સંપૂર્ણ સ્વરૂપ પેદા ન કરે ત્યાંસુધી સંસારના સુખના પદાર્થો પણ એને મળે છે. પણ એ સુખના પદાર્થો રાગ પેદા કરાવવામાં સહાયભૂત થતા ન હોવાથી પોતાનું શુધ્ધ સ્વરૂપ પેદા કરાવવામાં સહાયભૂત પેદા થતા જાય છે એવી જ રીતે આરાધક ભાવથી દુઃખ પણ જાય છે. કદાચ કોઇ નિકાચીત કર્મના ઉદયથી દુઃખ આવે તો દુઃખમાં સમાધિ કેમ પેદા કરવી અને એ દુઃખને સમાધિપૂર્વક કેમ ભોગવવું એની શક્તિ પેદા કરાવે છે અને એ રીતે સુખમાં વૈરાગ્યભાવ અને દુઃખમાં સમાધિભાવ પેદા કરતાં કરતાં જીવને મોક્ષે પહોંચાડે છે. માટે જ્ઞાની ભગવંતોએ આરાધના કરતાં કરતાં આરાધક ભાવ પેદા કરવા ઉપર ખૂબ ભાર મૂકેલો છે.

દેવાયુષ્યનો ઉદય એકથી ચાર ગુણસ્થાનક સુધી હોય છે. આનાથી આગળના ગુણસ્થાનકના પરિણામ દેવોને પ્રાપ્ત થઇ શકતા નથી. ભવનપતિ, વ્યંતર અને જ્યોદિષી દેવોને વિષે રહેલા દેવો પુરૂષાર્થ કરીને ઉપશમ સમકીત અને ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરી શકે છે. તેમજ એ દેવલોકમાં ક્ષયોપશમ સમકિત લઇને મનુષ્ય અને તિર્યંચો ઉત્પન્ન થઇ શકે છે. વૈમાનિક દેવલોકના દેવોને વિષે એ દેવો પુરૂષાર્થ કરીને ઉપશમ સમકિતની પ્રાપ્તિ કરી શકે છે અને ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ પણ કરી શકે છે તેમજ મનુષ્યને તિર્યંચો ક્ષયોપશમ સમકિત લઇને ઉત્પન્ન થઇ શકે છે તથા ક્ષાયિક સમકીતી જીવો પણ ક્ષાયિક સમકિત લઇને વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થઇ શકે છે.

(૧) અતિચાર પૂર્વકના સમકિતની હાજરીમાં જીવ આયુષ્યનો બંધ

કરે તો ભવનપતિ અને વ્યંતરનું આયુષ્ય બાંધે છે પણ વૈમાનિકનું આયુષ્ય બાંધતા નથી.

(૨) નિરતિચાર સમકિતી જીવો એટલે કે મનુષ્ય અને તિર્યંચો આયુષ્યનો બંધ કરે તો નિયમા વૈમાનિક દેવલોકનું આયુષ્ય બાંધે છે.

(૩) અતિચાર પૂર્વક દેશવિરતિવાળા જીવો વૈમાનિકના પહેલા દેવલોકનું આયુષ્ય બાંધે છે.

(૪) નિરતિચાર દેશવિરતિવાળા જીવો વૈમાનિકનું વર્તમાનમાં એકથી ચાર દેવલોક સુધીનું આયુષ્ય બાંધે છે અને સારોકાળ હોય ત્યારે બારમા દેવલોક સુધીનું આયુષ્ય બાંધે છે.

(૫) અતિચાર પૂર્વકના સંયમવાળા જીવો એટલે કે સાતિચાર સર્વવિરતિવાળા જીવો છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા વૈમાનિકના દેવલોકનું આયુષ્ય બાંધે છે. એમાં કિલ્વિશિયા દેવોનું આયુષ્ય વિશેષ રીતે બાંધી શકે છે.

(૬) નિરતિચાર સંયમવાળા જીવો છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા હોય તે વર્તમાનમાં ચાર દેવલોક સુધીનું આયુષ્ય બાંધે છે અને સારોકાળ હોય તો અનુત્તર દેવલોક સુધીનું આયુષ્ય બાંધી શકે છે.

(૭) કિલ્વિશિયા દેવોમાં ગયેલા જીવો સમકિતને દુર્લભ બનાવીને ગયેલા હોવાથી ઘણો પુરૂષાર્થ કરે ત્યારે એ દેવલોકમાં રહેલા દેવો સમકિતની પ્રાપ્તિ કરી શકે છે અથવા ત્યાં સમકીતની પ્રાપ્તિ ન કરે તો ત્યાંથી મનુષ્યપણામાં આવીને સમકિતની પ્રાપ્તિ કરી શકે છે.

(૮) આ કિલ્વિશિયા દેવોને જ્યારે ઇંદ્ર મહારાજા સભા ભરે ત્યારે સભામંડપની બહાર ઝાડુ લઇને ઉભા રહેવાનું હોય છે. એમને સભામાં જવા માટેની એન્ટ્રી મલતી નથી. ત્યાં સાફ સફાઇ કરવાનું કાંઇ હોતું નથી છતાં પણ એ દેવોમાં એ દેવોનો નંબર ઢેડ ભંગી જેવીજ હાલત રૂપે ગણાય છે.

જે જીવો સુખની લાલસાથી મરણ પામે છે તે જીવોને કોઇ દિવસ સમાધિ મરણ પ્રાપ્ત થઇ શકતુ નથી. જે જીવો પ્રમાદને વશ થયેલા હોય છે તે જીવો કદિ સારા સંસ્કાર સાથે લઇ જઇ શકતા નથી.

છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા જીવોને એટલે મનુષ્યોને એકમાત્ર

દેવગતિજ બંધાય છે પણ સાથે પ્રમાદ રહેલો હોવાથી એ પ્રમાદના કારણે પ્રમાદને આધીન થઇને પોતાનું જીવન જીવતાં હોય છે માટે દેવગતિ જે બંધાતી હોય તે કિલ્વિશ્યા દેવમાં ભોગવવા લાયક દેવગતિનો બંધ કરતાં હોય છે. આથી શ્રવણ ભગવાન મહાવીર મહારાજા ગૌતમ મહારાજાને ઉદ્દેશીને રોજ કહેતા હતા કે હે ગૌતમ ! તું ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહીં. પ્રમાદ કરવાથી જે નુક્શાન બતાવેલું છે એમ પ્રમાદ વગર કેટલો લાભ જ્ઞાનીઓએ કહેલો છે એ પણ બતાવેલો છે. શુધ્ધ પરિણામનું લક્ષ રાખીને જીવન જીવે તો થોકના થોક કર્મોનો જીવો ભુક્કો બોલાવી શકે છે અને ત્રીજે ભવે, પાંચમે ભવે અથવા સાતમે ભવે સિધ્ધિ ગતિને પામ્યા વગર રહેતા નથી. એટલે જેમ સજા દેખાય છે તેમ પરિણામની શુધ્ધિથી આત્માને લાભ પણ ઘણો કહેલો છે એ પણ રોજ જોતાં થવું જોઇએ. કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વર્તમાનમાં ચોથા દેવલોકમાં છે, પાંચમા આરામાં જન્મેલા હતા અહીંથી મોક્ષે જવાતું નહોતું માટે દેવલોકમાં ગયેલા છે. એજ રીતે એમના શ્રાવક તરીકે ગણાતા કુમારપાળ મહારાજા વર્તમાનમાં વ્યંતર જાતિના દેવમાં રહેલા છે પણ કુમારપાળ મહારાજાએ એ અવસ્થામાં એકાગ્રચિત્તે જે આરાધના કરી એ આરાધનાના પ્રતાપે ત્રીજે ભવે મોક્ષ નક્કી કરી નાંખ્યો. એટલે કે ત્રીજે ભવે જરૂર મોક્ષે જશે. જ્યારે પોતાના ગુરૂનો આત્મા ચોથા દેવલોકે બેઠેલો હશે તો પણ કુમારપાળનો આત્મા સિધ્ધિ ગતિમાં પહોંચી જશે. એક વખતે કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે કુમારપાળ પાસે કહેલું કે કુમારપાળ તારું મનોબળ જેટલું મજબૂત છે એટલું મનોબળ મારું હજી મજબૂત નથી. તું જલ્દી મોક્ષે જઇશ એવું લાગે છે. જ્યારે મને હજી હું ક્યારે મોક્ષે જઇશ એ ખ્યાલ આવતો નથી.

દેવલોકમાં રહેલા દેવોને અવિરતિનો ઉદય અત્યંત ગાઢ રૂપે હોય છે માટે એ પુરૂષાર્થ કરતાં કરતાં સમકિત પ્રાપ્ત કરી શકે છે પણ દેશવિરતિના પરિણામને પ્રાપ્ત કરી શકતા નથી. અંતરમાં વિરતિની ભાવના તીવ્રરૂપે રહેલી હોવાછતાં પણ અંશમાત્ર પણ અવિરતિથી છૂટી શકતા નથી અને વિરતિને પ્રાપ્ત કરી શકતા નથી. માટે જ્ઞાની ભગવંતો કહે છે કે અનુત્તરમાં

રહેલા દેવો વિરતિની ભાવનામાં પોતાનું તેત્રીશ સાગરોપમ જેટલો કાળ પસાર કરે છે અને પોતાનું અવિરતિનું જીવન દુનિયાની દ્રષ્ટિએ ગમે તેટલી ઉંચી સાહ્યબી-સંપત્તિવાળું હોય છતાં પણ એ જીવન પ્રત્યે સતત અંતરમાં દ્વેષબુધ્ધિ રહેલી હોય છે. એ દ્વેષબુધ્ધિના પ્રતાપે અવિરતિના ઉદયથી જે કાંઇ ક્રિયાઓ કરવી પડે તે અંતરમાં બળતા હૃદયે ક્રિયા કરતાં કરતાં સકામ નિર્જરા કરતાં જાય છે. આટલા આટલા કાળ સુધી સમકિતને સાચવીને દેવાયુષ્યને ભોગવવા છતાં પણ મનુષ્યપણામાં સમકિત સાથે આવે તો પણ એ સંસ્કાર સાથેને સાથે રહે છે. પણ જો સમકિત ગુમાવી દે તો અસંખ્યાતકાળ સુધીનો સંસ્કાર મિથ્યાત્વના ઉદયના પ્રતાપે તરત જ નાશ પામી જાય છે. જીવો છઠ્ઠા, સાતમા અને આઠમા ગુણસ્થાનકમાં રહીને વિરતિનો સંસ્કાર મજબૂત કરી તેનું પાલન કરતાં કરતાં અપ્રમત્તપણે એની અનુભૂતિ કરવા છતાં પણ રતિ મોહનીય અને અરતિ મોહનીયનો ઉદય સતત રહેલો હોવાથી એ જીવોને અવિરતિજન્ય દેવગતિનો બંધ સતત થયા જ કરે છે અને આયુષ્યનો બંધ છઠ્ઠા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનકની સન્મુખ જીવ થતો હોય ત્યારે જીવ છઠ્ઠા ગુણસ્થાનકના અંતે આયુષ્યનો એટલે દેવાયુષ્યનો બંધ કરી શકે છે.

## આયુષ્ય કર્મ સંપૂર્ણ

**પુણ્ય પ્રકૃતિઓના બેતાલીશ ભેદોમાંથી ચાર ભેદ સંપૂર્ણ થયા.**

**(૧) શાતા વેદનીય, (૨) તિર્યંચ આયુષ્ય,**

**(૩) મનુષ્યાયુષ્ય અને (૪) દેવાયુષ્ય**

## પૂજ્ય આચાર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | જીવવિચાર (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૦-૦૦ |
| ૨ | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩ | નવતત્વ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૪ | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫ | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬ | કર્મગ્રંથ-૩ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૬-૦૦ |
| ૭ | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮ | ઉદય સ્વામિત્વ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯ | કર્મગ્રંથ-૪ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૦ | કર્મગ્રંથ-૪ ભાગ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧ | કર્મગ્રંથ-૫ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨ | કર્મગ્રંથ-૫ ભાગ-૨★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩ | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪ | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી ★ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૫ ભાગ-૩ ★ | પ્રશ્નોત્તરી | ૪૫-૦૦ |
| ૧૬ | કર્મગ્રંથ-૫ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭ | કર્મગ્રંથ-૧ તથા ૨ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૧૮ | કર્મગ્રંથ-૬ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૬ ભાગ-૨★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૬ ભાગ-૩★ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૬ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૨ | કર્મગ્રંથ-૬ ભાગ-૫★ | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૨૩ | કર્મગ્રંથ-૬ ભાગ-૬★ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૪ | કર્મગ્રંથ-૬ ભાગ ૭ +૮★ | પ્રશ્નોત્તરી | ૨૪-૦૦ |
| ૨૫ | કર્મગ્રંથ-૪ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૦-૦૦ |

| ક્રમ | પુસ્તક | | રૂાં. પૈસા |
|---|---|---|---|
| ૨૬ | કર્મગ્રંથ-૫ ભાગ ૩+૪ | પ્રશ્નોત્તરી | ૬૫-૦૦ |
| ૨૭ | કર્મગ્રંથ-૫ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૫-૦૦ |
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) ★ | વિવેચન | ૧૬-૦૦ |
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ) ★ | વિવેચન | ૨૦-૦૦ |
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર ★ | | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામિ ચરિત્ર ★ | | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સવરૂપ દર્શન (બીજી આવૃત્તિ) ★ | | ૨૬-૦૦ |
| ૮. | શ્રી જિનપૂજા | | ૪-૦૦ |
| ૯. | શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ | | ૧૦-૦૦ |
| ૧૦. | આંતરશત્રુઓ ★ | | ૧૪-૦૦ |
| ૧૧ | ધર્મને ભજો આશાતના તજો ★ | | ૭-૦૦ |
| ૧૨ | અનુભવવાણી સૂરિરામની ભાગ-૧ ★ | | ૩૮-૦૦ |
| ૧૩ | અનુભવવાણી સૂરિરામની ભાગ-૨ ★ | | ૩૮-૦૦ |
| ૧૪ | કલિકાળના કોહીનુર (જૈનેતરની દ્રષ્ટિએ) ★ | | ૧૪-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૬ વિવેચન ભાગ-૧ | | ૪૮-૦૦ |
| ૧૬ | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૧ | | ૫૦-૦૦ |
| ૧૭ | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૨ | | ૫૦-૦૦ |
| ૧૮ | શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ | | ૧૨-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૨ | વિવેચન | ૨૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૩ | વિવેચન | ૧૮-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૪ | વિવેચન | ૩૨-૦૦ |
| ૨૨ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત ★ | | ૩૮-૦૦ |
| ૨૩ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત પ્રત-૧ | | -- |
| ૨૪ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ પ્રત-૨ | | -- |
| ૨૫ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ ★ | | ૪૫-૦૦ |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
|---|---|---|
| ૨૬ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨-પ્રત-૩ | -- |
| ૨૭ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-પુસ્તક-૩ તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨★ | ૪૨-૦૦ |
| ૨૮ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૧-પ્રત-૪ | -- |
| ૨૯ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૨-પ્રત-૫ | -- |
| ૩૦ | કર્મગ્રંથ-૧ વિવેચન (નવી આવૃત્તિ) | ૫૦-૦૦ |
| ૩૧ | સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૩ પ્રત-૬ | |
| ૩૨ | શ્રી જિનનું દર્શન-વંદન-પૂજન | ૩૦-૦૦ |
| ૩૩ | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો પ્રત-૭ | -- |
| ૩૪ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો પ્રત-૮ -- | |
| ૩૫ | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૯★ | -- |
| ૩૬ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૧૦★ | -- |
| ૩૭ | કર્મગ્રંથ-૫ વિવેચન | ૫૫-૦૦ |
| ૩૮ | જીવવિચાર વિવેચન (નવી આવૃત્તિ)★ | ૪૦-૦૦ |
| ૩૯ | નવતત્વ વિવેચન (નવી આવૃત્તિ) | ૧૫૦-૦૦ |
| ૪૦ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૧ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૧ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૨ (નવી આવૃત્તિ) | ૮૫-૦૦ |
| ૪૨ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૩ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૩ | દંડક વિવેચન | ૭૫-૦૦ |
| ૪૪. | જીવતત્વ-અજીવ તત્વ વિવેચન | ૩૫-૦૦ |
| ૪૫. | નમસ્કાર મહામંત્રનું સ્વરૂપ | ૨૦-૦૦ |
| ૪૬. | જીવવિચાર વિવેચન | ૮૦-૦૦ |
| ૪૭. | શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનો પ્રભાવ | ૨૦-૦૦ |
| ૪૮. | પુણ્યતત્વનું સ્વરૂપ | ૩૦-૦૦ |
| ૪૯. | શ્રી અષ્ટપ્રકારી પૂજાનું વર્ણન★ | ૪૦-૦૦ |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
|---|---|---|
| ૫૦. | છ આવશ્યકના રહસ્યો★ | ૩૦-૦૦ |
| ૫૧. | ૫૬૩ જીવભેદને વિશે જ્ઞાનદ્વારનું વર્ણન | ૨૦-૦૦ |
| ૫૨. | અઢાર દોષોથી રહિત શ્રી અરિહંત પરમાત્મા | ૩૫-૦૦ |
| ૫૩. | આવશ્યક ક્રિયાના સૂત્રોનાં રહસ્યોનું વર્ણન | ૩૫-૦૦ |
| ૫૪. | મુહપત્તિ (મુખવસ્ત્રિકા)ના પચાસ બોલોનું વર્ણન | ૮૦-૦૦ |
| ૫૫. | કર્મબંધ વિવેચન વર્ણન | ૨૦-૦૦ |
| ૫૬. | પાપતત્વ | ૫૫-૦૦ |
| ૫૭. | શાશ્વતગિરિ મહિમા | ૧૨-૦૦ |
| ૫૮. | શ્રાવક દિનચર્યા | ૩૦-૦૦ |
| ૫૯. | અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરિજી | ૪૫-૦૦ |
| ૬૦. | કુમારપાળ પૃચ્છા | ૧૦-૦૦ |
| ૬૧. | કલિકાળ સર્વજ્ઞનો કુમારપાળને ઉપદેશ | ૨૦-૦૦ |
| ૬૨. | કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ-૧ | ૪૫-૦૦ |
| ૬૩. | કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ-૨ | ૪૦-૦૦ |
| ૬૪. | સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી<br>શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૪ પ્રત-૭ | |
| ૬૫. | **પ્રવચન** પ્રશ્નોત્તરી પુસ્તક-૧ | ૮૦-૦૦ |
| ૬૬. | શ્રી અષ્ટપ્રકારીપૂજાનું વર્ણન (બીજી આવૃત્તિ) | ૪૦-૦૦ |
| ૬૭. | દુર્ધ્યાન સ્વરૂપ દર્શન (ત્રીજી આવૃત્તિ) | ૪૦-૦૦ |
| ૬૮. | છ આવશ્યકના રહસ્યો (બીજી આવૃત્તિ) | ૩૦-૦૦ |
| ૬૯. | નવપદ માહાત્મ્યવર્ણન પ્રશ્નોત્તરી ભાગ - ૧ | ૭૫-૦૦ |
| ૭૦. | નવપદ માહાત્મ્યવર્ણન પ્રશ્નોત્તરી ભાગ - ૨ | ૬૫-૦૦ |
| ૭૧. | શ્રી આચારાંગ ધૂતાધ્યયન પ્રશ્નોત્તરી ભાગ-૧ | ૮૦-૦૦ |
| ૭૨. | મિથ્યાત્વ શલ્ય | ૪૫-૦૦ |
| ૭૩. | નવતત્વ ચિંતન ભાગ-૧ (જીવતત્વ-અજીવતત્વ ચિંતન) | ૧૫૦-૦૦ |
| ૭૪. | નવતત્વ ચિંતન ભાગ-૨ (પુણ્યતત્વ ચિંતન ભાગ-૧) | ૮૦-૦૦ |

**★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.**

પદાર્થ દર્શન ટ્રસ્ટ

અમદાવાદ